**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા

## પ્રસ્તાવ-ત્રીજો

**(પ્રવચન ૧૦૧ થી ૧૧૦)**

**= કર્તા =**

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા

**= સંકલન =**

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

વૈશાખ, સંવત ૨૦૭૬

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

શુક્રવાર

# વ્યાખ્યાન - નંબર - ૧૦૧ - પ્રથમ

DATE 18 12 2020

પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, મોહવિલય ઉદ્યાનમાં, પ્રતિબોધક આચાર્યની દેશનાના સ્વરૂપે, અજ્ઞાન ના સ્વરૂપનું વર્ણન કરી રહ્યા છે.

अज्ञानं नरको घोरः

અજ્ઞાન એજ ઘોર નરક છે. સ્વના અને સંતાનના - શરીર સામે જોવું આનું જ નામ અજ્ઞાન, આનું જ નામ નરક. સ્વ અને સંતાનના આત્મા સામે જોવું, આનું નામ જ્ઞાન! આનું નામ સ્વર્ગ! આનું નામ મોક્ષ! સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.

अज्ञानमेव दारिद्र्यम्

વિશ્વમાં ગરીબી જેવી કોઈ વસ્તુ હોય તો હકીકતમાં એ અજ્ઞાન જ છે. અજ્ઞાન જ ખરા અર્થમાં ગરીબી છે.

એક શ્રીમંત હતા તો એમને કોઈ એ પુછ્યું કે તમે જ્યારે ગરીબ હતા તો, ત્યાર ના - તમારા જે મિત્રો હતા, એ તમને અત્યારે મળે છે? તો શ્રીમંતે જવાબ આપ્યો, કે ત્યારે મારા મિત્રો - ના હતા!

અજ્ઞાન પણ એક પ્રકારની ગરીબી છે જેના કોઈ મિત્રો હોતા નથી. જે હોય છે એ દુશ્મન જ હોય છે. એક ગરીબ ને ગરીબી ની સીધી વ્યાખ્યા પુછશો તો તો એ કદાચ જવાબ આપશે, મોત!

ગૌતમકુલક ની અંદર આજ વાત કરી છે,

मुआ दरिद्दा य समं विभत्ता

ગરીબ અને મડદું આ બંને સમાનાર્થી શબ્દો હોય છે, એક અપેક્ષા એ જોઈએ તો બંને સમાન જ હોય છે. ગરીબ એ છે જે કશું પણ કરી શકતા નથી. મડદા હોય એ પણ કશું કરી શકતા નથી. જેમાં કશું પણ કરવાનું સામર્થ્ય જ ના હોય, એનું નામ મડદું, એનું નામ ગરીબ, એનું નામ અજ્ઞાન!!

મડદું શું કરી શકે, જે વધુમાં વધુ બળી શકે, એનું નામ મડદું. જે ફક્ત ધુવ બાળી શકે, એનું નામ ગરીબ. જે જન્મોજનમ બાળી શકે એનું નામ અજ્ઞાન.

એ આજે સમજવાનો પ્રયાસ કરવો છે કે ગરીબી શું છે ને શ્રીમંતાઈ શું છે ? આજે સમજવાનો પ્રયાસ કરવો છે કે, ખરો વૈભવ કયો છે ? અને ભિખારીપણું હકીકતમાં કોને કહેવાય ? આજે સમજવાનો પ્રયાસ કરવો છે કે, આખી દુનિયા જે સમીકરણ લઈને આખી જિંદગી દોડ્યા કરી છે, એ સાચુ છે કે ખોટું છે ?

એક લૌકિક કહેવત છે,

" વસુ વિના નર પશુ. "

જે વસુ નથી, વસુ નો અર્થ છે ધન, વૈભવ, પૈસો. જે વસુ નથી, તો નર પશુ છે. એક પશુ પણ હડધુત થાય, કુતરો આવે ને બધા હડ.. હડ કરે. ગરીબ પણ એરીતે હડધુત થતા હોય છે, અને ગરીબ હડધુત થાય, એનું - બહુ સરસ મજાનું ઉદાહરણ શાસ્ત્રોની અંદર આપ્યું છે કે ગરીબ કઈ રીતે હડધુત થાય ? શાસ્ત્રકાર ભગવંતો એક શ્લોક ની અંદર ગરીબીનું શબ્દચિત્ર રજુ કરે છે,

हे दारिद्र्यं नमस्तुभ्यं सिद्धोऽहं त्वत्प्रसादतः ।

હે દરિદ્રતા, ઓ ગરીબાઈ, હે દારિદ્રય તને નમસ્કાર થાઓ, ભાઈ ગરીબી ને કેમ નમસ્કાર કરવા ? જવાબ આપે છે કે તારા પ્રભાવથી હું સિદ્ધ પુરૂષ થઈ ગયો, મને સિદ્ધિ મળી ગઈ, મને ચમત્કારિક શક્તિ મળી ગઈ, પુછ્યું કઈ ચમત્કારિક શક્તિ મળી ગઈ ?

अहं पश्यामि सर्वान् तु न मां पश्यति कश्चन ॥

શુક્રવાર
DATE 18 12 2020

હું તો બધાને જોઉં છું પણ મને કોઈ જોતું નથી.
ગરીબને બધા હેળાય, બધાને ગરીબ ના હેળાય.
એક કવિએ મજાની વાત કરી છે,

" હવે તો રોકનારા પણ મને રસ્તો કરી આપે છે,
હવે કોઈ જનાજા ની જેમ હું નીકળતો રહું છું "

તમે આવો, તમે ઉભા રહો, તમને
જે શબ્દો કહેવા પ્રેમથી, આવું બધું મારી સાથે નથી
બનતું, મને રસ્તો કરી આપે, ભાઈ જાને જવા દો,
નીકળો ભાઈ તમે અહીંયા થી !

अहं पश्यामि सर्वान् तु न मां पश्यति कश्चन

હું બધાને જોઉં છું, મને કોઈ જોતા નથી. આવું તો
કોઈ સિધ્ધ ગુટીકા, ચમત્કારિક વિદ્યા, ચમત્કારિક શક્તિ
એનો પ્રયોગ કરો ને અદ્રશ્ય થઈ જવ તો જ બની
શકે, એવું મને ગરીબી થી મળી ગયું. એટલે ગરીબીને
ચમત્કારિક શક્તિ દાતા જ માનવી પડે, અને ગરીબીને
નમસ્કાર જ કરવા પડે.
એક કવિએ બહુ મજાની વાત કરી છે.

" એ જ તો ફરક છે, અમીર અને ગરીબમાં,
માને આ જુદામાં, આ બધામાં માને !"

શ્રીમંતો જુદામાં માને છે, અને ગરીબો
બધામાં માને છે. શાસ્ત્રીય એક કથન છે,

" જ્ઞાન વિના પશુ સરીખા "

જેની પાસે જ્ઞાન નથી એ પશુ સમાન છે. શાસ્ત્રકાર
ભગવંતો કહે છે કે, ખરી ગરીબી છે ને, જ્ઞાનની ગરીબી

છે. ખરી પશુતા એ, અજ્ઞાનજનિત પશુતા છે.
ધન વગર પશુતા આવે,
" વસુ વિના નર પશુ "
આ લૌકિક કહેવત છે, આ લોક માન્યતા છે,
" જ્ઞાન વગર માણસ પશુ જેવો છે,
ખરી ગરીબી જ્ઞાનની ગરીબી છે,
ખરી પશુતા જ્ઞાન વગર આવે છે. "
આ બધો શાસ્ત્રોનો અર્થ છે. જે પૈસાનથી તમારી પાસે તો તમે ગરીબ છો, પશુ જેવા છો. આ અશિષ્ટો નો મત છે.
જે તમારી પાસે જ્ઞાન નથી તો તમે પશુ જેવા છો, તો તમે દરિદ્ર છો. આ શિષ્ટો નો મત છે. અશિષ્ટો પ્રમાણ નથી હોતા, શિષ્ટો જ પ્રમાણ હોય છે. માટે ખરી ગરીબી એ જ્ઞાનની ગરીબી છે. જ્ઞાની ઓ તો કહે છે, ખરી સમૃધ્ધિ એ જ્ઞાનની - સમૃધ્ધિ છે. જે જ્ઞાન તમારી પાસે છે, તો પૈસા - કદાચ ઓછા - વત્તા પણ તમારી પાસે હોય, કદાચ બિલકુલ પૈસા ન હોય, તો પણ તમે રાજા કરતા પણ વધારે આગળ છો.
શાસ્ત્રકાર ભગવંતો કહે છે,
विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन
એક વ્યક્તિ વિદ્વાન છે, એક વ્યક્તિ રાજા છે એ વિદ્વાન પણું અને રાજા પણું, એ રાજા પૈસાથી ઊંચો છે, એવુ પણ નથી. રાજા એની સમાન છે, એવું પણ નથી, વિદ્વાન આગળ છે ને રાજા - પાછળ છે! પ્રશ્ન કર્યો, શેના આધારે તમે આ કહો છો? અને ત્યાં જવાબ આપ્યો,
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते
રાજા માત્ર પોતાના દેશમાં જ પૂજાય, વિદ્વાન તો જ્યાં જાય ત્યાં પૂજાય, માટે રાજા કરતા પણ વધારે

મહાન કોઈ હોય તો એ વિદ્વાન છે. હું તમને પુછું, પૈસાની ગરીબી એ ગરીબી નથી જ્ઞાનની ગરીબી એ ગરીબી છે, એ વાત તમારા મગજમાં બેસે છે? તમે કદાચ કરોડપતિ હો, તમારી પાસે MERCEDES ગાડી હોય, નવકાર થી વધારે કાંઈ તમને આવડતું હોય નહિ. તમારા સંઘની એક વ્યક્તિ, તમારી ઓફિસમાં નાનો માણસ છે. સાઈકલ પર બેસીને રોજ નોકરી એ જાય છે, પણ એની પાસે જ્ઞાન ઘણું છે. સમ્યક્ જ્ઞાન, તત્ત્વજ્ઞાન, પંચપ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, ઉપદેશમાલા, શાંતસુધારસ, યોગશાસ્ત્ર, શ્રાદ્ધ ગુણ વિધિ, શ્રાદ્ધ ગુણ વિવરણ, શ્રાદ્ધ-દિન કૃત્ય, વગેરે વગેરે ગ્રંથો એમનો જોતે અભ્યાસ કર્યો છે.

તમે પણ નીકળ્યા છો, એ પણ નીકળ્યા છે. તમારી MERCEDES જઈ રહી છે, સામેથી એ ભાઈ સાઈકલ લઈને આવી રહ્યા છે. તમે એને જુઓ ને એમને ઓળખતાની સાથે, તમને એવી FEELINGS થાય, કે તમે ઘણા ગરીબ છો ને એ માણસ ઘણો શ્રીમંત છે. તો તમે જ્ઞાનને સમજ્યા છો. તો તમે ખરી સમૃદ્ધિ ને સમજ્યા છો!

જ્યારે પૈસા એ તમને જ્ઞાન કરતા વધારે લાગે છે, ત્યારે તમને તમારી મત કલિકાલ-સર્વજ્ઞ કરતા વધારે મહાન લાગે છે. ત્યારે તમને લાગે છે કે હરિભદ્રસૂરી મહારાજ, તમારી તુલનામાં નાના માણસ છે. ત્યારે તમને લાગે છે કે ઉમાસ્વાતી મહારાજ એ તમારી તુલનામાં બહુ જ ટુંકા છે. ત્યારે તમને લાગે છે કે, સુધર્મા સ્વામી ને ગૌતમસ્વામી કરતા પણ તમે વધારે GREAT છો, ત્યારે તમને લાગે છે કે મહાવીર સ્વામી પણ તમારી સામે કશું જ નથી!! એમ કહેવાય છે કે ભગવદ્ગીતા નો આ દેશમાં સૌથી

વધુ ઉપયોગ છે જે, સોગંદ લેવા માટે થાય છે,
વાંચવા માટે નહિ. આપણી માટે કહી શકાય કે -
કલ્પસુત્ર, આગમો જેનો સૌથી વધારે ઉપયોગ -
જ્ઞાન-પૂજા માટે થાય છે, આપણે ઉછામણી બોલીએ,
એ જ્ઞાન-પૂજા કરીએ, અષ્ટપ્રકારી પૂજા કરીએ.
આપણે વાસક્ષેપ પૂજા કરીએ. આપણે કદાચ સોના-
ચાંદીની ગીની પણ મુકીએ, આપણે કદાચ ચાંદીના
ફુલડે પણ વધાવીએ.

આપણા ઘરમાં વધામણા પૈસાને હોય છે,
જ્ઞાનને હોતા નથી. જ્ઞાન આપણી દ્રષ્ટિમાં બહુ
નાની, તુચ્છ અને ક્ષુદ્ર વસ્તુ છે, જે BASE -
ઉપર આપણે મુકી રહ્યા છીએ, હું તમને કહું,
કલ્પસુત્રની પોથી ને લાત મારવાની ઘટના, અને -
પુંજણીની અંદર જ્ઞાનને એકદમ ક્ષુદ્ર માનીને રાખ-
વાની ઘટના, આ બંનેમાં હકીકતમાં કોઈ ફરક છે
ખરો ??

કલ્પસુત્રનું આપણે પૂજન કરવા ગયા, સાપડો
કદાચ નાનો હતો, પોથી મોટી હતી, બરાબર પોથી
ગોઠવાઈ ન હતી, પૂજન કરતા પ્રત પડી ગઈ,
આપણને આમ હૈયામાં આઘાત લાગશે, હાય આશા-
તના થઈ ગઈ, આગમની આશાતના, કલ્પસુત્રની
આશાતના, ભગવાનના વચનની આશાતના, શાસ્ત્રની
આશાતના. હું તમને કહું કે આપણે ડગલે ને
પગલે પુંજણીની અંદર, જે BASE ઉપર મુકીએ
છીએ, એ જ્ઞાનની, આગમની, કલ્પસુત્રની આશા-
તના નહીં તો બીજું શું હોય છે ! ઘરમાં ઘરેણા
વધારે થઈ ગયા, જહાંયા મુકી ભવ છો, જે
BASE ઉપર રૂ. પૈસાની નોટો ઘણી છે રાખવાની
જગ્યા નથી. દહેરાસર આવી ને બાકડે કોઈ ને
ખ્યાલ ન આવે એ રીતે છોડી ને ભાગી જઈએ,


classmate

એવું કદી બને નહિ. ધાર્મિક પુસ્તકો વધી જાય છે, ધાર્મિક માસિકો વધી જાય છે, ભગવાનના ફોટાઓ વધી જાય છે, હું તમને પુછુ છું, કે આપણને નથી ગમતું, જેની આપણને VALUE નથી, એ વધી જાય છે, અને જેની VALUE છે એ ગમે તેટલું વધે, તો ય- આપણને ઓછું જ લાગે છે.

અજ્ઞાન એ જ ગરીબી છે,

જ્ઞાન એ જ સમૃદ્ધિ છે,

જે દિવસે તમને આ સત્ય સમજાઈ જશે, એ દિવસે- સંઘનું કે પાઠશાળાનું મકાન, એ અલગ હશે. જ્યાં ને ત્યાં પાઠશાળા નહી બેસતી હોય. જે દિવસે તમને આ સત્ય સમજાઈ જશે એ દિવસે સંઘની પાઠશાળા નું મકાન સાત માળ નું થઈ જશે, જે દિવસે તમને આ સત્ય સમજાઈ જશે ને, એ દિવસે એ સાત માળના મકાનની અંદર 70 CLASS-ROOMS હશે સવારથી રાત સુધી જુદા જુદા તત્ત્વ જ્ઞાનના વર્ગો એની અંદર ચાલતા હશે, મોટી મોટી FEES આપીને, સંઘની દરેકે દરેક વ્યક્તિ એમાં ભણવા માટે પડાપડી કરતી હશે.

ટ્રસ્ટીઓ ને ફોન આવતા હશે, લાગવગ લગાડવા માટે કે મારા છોકરાનું ADMISSION કરી દો ને, અમારું કરી દો, અને ટ્રસ્ટીઓ કંટાળી ગયા હશે આ ફોનો RECEIVE કરી કરીને, કે ભાઈ બધું HOUSE-FULL થઈ ગયું છે. થોડીક ધીરજ રાખો, નવું મકાન અમે ગોતીએ છીએ, વ્યવસ્થા કરીએ છીએ, અત્યારે જગ્યા જ નથી ભાઈ, હું તમને બેસાડું ક્યાં ? બહાર બેસી ને ભણશો, બોલો કે હા બહાર બેસીને ભણશું, અમને અંદર લઈ લો, જે દિવસે તમને આ સત્ય

સમજાઈ જશે ને, એ દિવસે આખા સંઘનો આખો નકશો બદલાઈ જશે, પાઠશાળાઓ ધમધોકાર ચાલતી હશે, તત્વજ્ઞાન ની પાછળ બધા પાગલ બની ગયા હશે, ખરી સમૃદ્ધિ જ્ઞાનથી જ છે આ વાત - એકદમ અસ્થિ-મજ્જા થઈ ગઈ હશે, અને એ જે ધમધોકાર ચાલતી પાઠશાળા, એને જોઈને સ્કુલવાળા, કોલેજ વાળા, TUTION વાળા, અને CLASS વાળા, બધા મોઢું વકાસી ને જોતા હશે.

[V.V.I.P]

જિનશાસનની એક ગાથા ની કમાણી - તમને સો કરોડની કમાણી કરતા વધારે લાગે ને, તો તમે સત્ય સમજ્યા છો. એક જીવ-વિચાર ગ્રંથ-નું જ્ઞાન મળે ને, તમને લાગે જાણે કે PM ની SEAT મળી ગઈ છે, તો તમે સત્ય સમજ્યા છો. એક પછી એક શાસ્ત્ર તમે ભણતા જાવ ને, તમને એમ લાગે, એક પછી એક દિશાનો તમે - દિગ્વિજય કરી રહ્યા છો, આવી FEELINGS જો તમને થાય તો તમે સત્ય સમજ્યા છો. તમારો ત્રણ માળ નો બંગલો તમને ઝુંપડા જેવો લાગે, અને ૪૫ આગમો ભણવાના જે સપના, એ સપનાના તમે મહેલો ચણ્યા કરતા હો, તો તમે સત્ય સમજ્યા છો.

તમારા ઘરે અમે ગમે ત્યારે આવી ને ઉભા રહીએ ને, બહારથી, હજુ તો અમે ધર્મલાભ બોલીએ, એની પહેલા, અમને સ્વાધ્યાય નો ઘોષ સંભળાય, તો તમે સત્ય સમજ્યા છો. તમારા ઘરના SHOW PIECE અને SHOW CASE એનું સ્થાન ભગવાનના વચનો લઈ લે, તો તમે સત્ય સમજ્યા છો. તમારા ઘરે કોઈ પાંચ મિનિટ માટે આવે ને અવિસ્મરણીય જ્ઞાન લઈને જાય, તો તમે સત્ય સમજ્યા છો.

તમારા સમાજની સ્થિતિ એવી થઈ જાય કે HI-FI તત્વજ્ઞાન વગર સગાઈનું ઠેકાણું જ ના પડે, તો તમે સત્ય સમજ્યા છો. શેતાનની SCHOOL માંથી PRINCIPAL નો ફોન તમારા ઉપર આવે, તમારી છોકરી કેમ આવતી નથી, કેટલા દિવસથી નથી આવ્યો, તમે ધડ દઈને કહી દો જ્યારે પાઠશાળામાં EXAMS ચાલે છે, ત્યાં સુધી મારી છોકરી નહિ આવે, તો તમે સત્ય સમજ્યા છો.

તમારા દીકરાને તમે એવું તત્વજ્ઞાન આપ્યું હોય, કે જે પોતે જ કહી દે, કે હું કાંઈ મુર્ખો નથી કે હું કોલેજમાં જાઉં, તો તમે સત્ય સમજ્યા છો, તમે તમારી દીકરીને કરીયાવરની અંદર, એક સરસ મજાનો જ્ઞાન ભંડાર આપતા થઈ જાવ, તો તમે સત્ય સમજ્યા છો. તમારા ઘરે ઘરે આજે ફરતી જાય એવો જ્ઞાન ભંડાર હોય, તો તમે સત્ય સમજ્યા છો. તમારી OFFICE હોય, દુકાન હોય, એના ટેબલ ઉપર, એકાદ શાસ્ત્ર હંમેશા પડ્યું હોય, ફુરસદ મળી નથી ને ખોલીને વાંચવાનું શરૂ કર્યું નથી. તો તમે સત્ય સમજ્યા છો.

તમારી પાસે જો OPTION (વિકલ્પ) હોય, આજે તમે ભાગીને વહેલા દોડો, અને ધંધાનો મોટો ORDER મળે એમ હોય, અને બીજુ બાજુ તમે પ્રવચન ATTEND કરી શકો એમ હોય, યા પ્રવચન DROP કરો, યા ORDER DROP કરો, બે વિકલ્પ હોય, અને ફટ દઈ ને તમે ORDER ને DROP કરી દો, તો તમે સત્ય સમજ્યા છો. ઘરના એકપણ સભ્ય પાઠશાળામાં કે વ્યાખ્યાનમાં ન આવ્યા હોય, એ મુદ્દે તમને અડધી રાત સુધી ઊંઘ ના આવે, તો તમે સત્ય સમજ્યા છો. છાપા વાળો આવ્યો છે, દરવાજે તમે જોયો છે, અને એને કહી દીધું આ તારો હિસાબ, કાલથી છાપુ બંધ, તો તમે સત્ય

સમજ્યા છો. તમારું DISH TV તમારી અગાસીમાંથી-એંગાર વાળા ની ત્યાં પહોંચી જાય, તો તમે સત્ય સમજ્યા છો.

OFFICE નું કામ પત્યું, ફોનને બંધ કરીને કબાટમાં મુકી દો, અને પુસ્તકને ON કરી દો તો તમે સત્ય સમજ્યા છો. તમારા ઘરે કોઈ-મહેમાન આવ્યા હોય, બેઠા હોય, તમે નવા ઘરેણા બતાડતા હો ને, એવા ઉલ્લાસથી, ઘરના એક એક સભ્યના જ્ઞાનાભ્યાસની, LATEST જ્ઞાનના અભ્યાસની તમે વાતો કરતા હો, એવા ઉલ્લાસથી કરતા હો, તો તમે સત્ય સમજ્યા છો. તમને શાસ્ત્રો ના-પાને-પાને હીરાના પડીકા દેખાય, તો તમે સત્ય સમજ્યા છો.

[EXTREMELY IMPORTANT]

પ્રવચન તમે સાંભળી રહ્યા હો, પ્રવચનના શબ્દો કાનમાં પડતા હોય, અને તમને એવી-FEELINGS થાય જાણે ખીસ્સાની અંદર સોનાના બીસ્કીટ પ્રવેશી રહ્યા છે, તો તમે સત્ય સમજ્યા છો.

अज्ञानमेव दारिद्र्यम्

વિશ્વનું એક માત્ર ને સર્વોત્કૃષ્ટ દારિદ્ર્ય એક જ છે, અજ્ઞાન! ખરી સમૃદ્ધિ ભીતરી સમૃદ્ધિ છે, અંદર ઝળહળતા રત્નો છે, જિનશાસનનું જે જ્ઞાન, આખા વિશ્વની અંદર, જેનો જોટો ના જડે. હું તમને કહું છું, જ્ઞાન એ આધ્યાત્મિક સુખનો છે જ, જ્ઞાન એ ભૌતિક સુખ પણ છે, તમે સાંસારિક સુખની વાત કરો, તમે વિષય સુખની વાત કરો તમને શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ કોઈ વિષય પણ જોઈતો હોય, એ પણ જ્ઞાન જ છે. તમે આખા વિશ્વની વ્યવસ્થાનું દર્શન કરો. સાત નરકોની અંદર નારકો રીબાઈ રહ્યા છે. તિર્યંચો એટલા બધા દુઃખી છે. નિગોદ ના જીવો જન્મ-મરણથી

શુક્રવાર

DATE 18 12 2020

દુ:ખી છે, મનુષ્યભવની વાત કરવા જેવી નથી. દેવતા-ઓને સુખી કહીએ પણ એ દેવતા ને પણ ઘણીઘણી લાચારી, ઉપર ઉપર ના દેવતાઓને વધારે વધારે સુખ હોય, કારણકે એમનો મોહ ઓછો હોય, પરિગ્રહ ઓછો હોય, એમની મૈથુન સંજ્ઞા ઓછી થતી જાય, એમની લુનાવળ ઓછી થતી જાય, એમની લાગણીઓ ઓછી થતી જાય. હજુ ઉંચે.. હજુ ઉંચે.. હજુ ઉંચે ભવ, બારમા દેવ-લોકનો દેવ હોય એ નીચેના બધા દેવલોક કરતા, એની લુનાવળ સૌથી ઓછી હોય. હજુ ઉંચે ભવ, ગ્રૈવેયક-દેવલોકની અંદર, આખી જીંદગીમાં સિંહાસન ઉપરથી ઉભા થવાનું નથી, કોઈ દેવીનો વિચાર સુધ્ધા આખા ભવમાં નથી, હજુ ઉંચે ભવ, પાંચ અનુત્તર વિમાન, શૈયામાંથી બેઠા સુધ્ધા થવાનું નથી, અને પાંચ અનુત્તર ના વિમાનના જે દેવો છે, ક્યાંય જતા નથી, હરતા-નથી, ફરતા નથી, કોઈ ની સાથે ભોગો ભોગવતા નથી. આખી જિંદગી 33 સાગરોપમ નું આયુષ્ય હોય, એવા પણ અનુત્તરવાસી દેવો, આખા આયુષ્ય દરમ્યાન શું કરે? તત્વ ચિંતન કરે, જ્ઞાનમાં ડુબકી મારી દે, અને આખી જિંદગી પસાર કરે.

- ★ જ્ઞાન એ ખરો બંગલો છે !
- ★ જ્ઞાન એ ખરી MERCEDES ગાડી છે !
- ★ જ્ઞાન એ ખરી BANK BALANCE છે !
- ★ જ્ઞાન આખા શરીરે મઢાયેલા ઘરેણા છે !
- ★ જ્ઞાન એ સર્વોત્કૃષ્ટ સમૃદ્ધિ છે !
- ★ જ્ઞાન એ ધીકતી દુકાન છે !
- ★ જ્ઞાન એ ધમધમતી FACTORY છે. !
- ★ જ્ઞાન એ મોટામાં મોટો ઉદ્યોગ છે. !
- ★ જ્ઞાન એ ખરી શ્રીમંતાઈ છે. !
- ★ જ્ઞાન એ ખરો વૈભવ છે. !

અને અજ્ઞાન એજ ખરી ગરીબી છે. સારામાં સારો બંગલો, સારામાં સારું FURNITURE, આ બધાને સંસારી ને જે FEELINGS થતી હોય. એવી - FEELINGS સાધુને જ્ઞાનભંડાર જોઈને થાય ! જે દિવસે તમને સમજાઈ જશે કે અજ્ઞાન એ જ ગરીબી છે, જ્ઞાન એજ સમૃદ્ધિ છે, એ દિવસે તમારા ચેલવો ધુળ ખાતા હશે, અને તમારો જ્ઞાન - ભંડાર, સંઘનો જ્ઞાનભંડાર, એ ચકાચક હશે.

સભાનો પ્રશ્ન :- ભગવંત, આજે જ્ઞાન પ્રાપ્ત કરીએ ને ભુલાઈ જાય, તો પદ્ધતિસર જ્ઞાન પ્રાપ્ત કરવાની ચાવી કઈ ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- મહાત્મા નો સવાલ છે કે, યાદ કઈ રીતે રાખવું, પદ્ધતિ - સર જ્ઞાન પામવું કઈ રીતે, હું તમને કહું છું, ખરો પ્રશ્ન આ નથી. આપણે છેને થોડી આગળની વાત કરતા હોઈએ છીએ. સાહેબ સ્કુલનો વિકલ્પ શું છે ? હું તમને કહું કે તમને સ્કુલના વિકલ્પ ની જરૂર નથી, તમને સ્કુલના વિકલ્પની જરૂરની જરૂર છે. હું આ બધી વાત કરું કે આમ ભણવું ને તેમ ભણવું. ને ફલાણું ભણવું ને ઢીકણું ભણવું ને, બધી જ TRICKS છે, - TECHNIQUES છે, પદ્ધતિ છે, બધું જ છે, પણ તમને જોઈતું જ નથી, તો હું બધુ પુરાણ લઈને કરું શું !

હું તમને પુછુ છું, કોને જોઈએ છે તમને ? ખરેખર કહું, ખોટું ન લાગે તો કહું, કહી દઉં ? સાહેબ તમારે કહેવું હોય એ કહો, અમારે કરવું હશે તે કરશું. સાહેબ, બહુ ચિંતા ના

કરી, અમારે કરવું જ, એવું કશું છે નહિ. આપ-બોધક જે કહેવું હોય તે કહો. ધર્મ સાથે છે ને, વાત જ્ઞાનની હોય, સંઘની સેવાની હોય, શાસનની સેવાની હોય, કે આરાધનાની હોય, તપસ્યાની હોય, આપણું વર્તન ધર્મ સાથે મજાક- મશ્કરી જેવું હોય છે.

આજના દિવસમાં જ્ઞાન માટે મેં ઘણીબધી પ્રેરણા પ્રવચન માં કરી, હું તમે બરોબર કહું, છાતી ઉપર હાથ રાખીને મને જવાબ આપો, કે હું જે તમને કહી રહ્યો છું, એમાં આજના દિવસમાં, આજના દિવસ પુરતી વાત છે, હું તો આખી જિંદગીની વાત કરું છું. આજના દિવસમાં, તમારા ઉપર એની કેટલા ટકા અસર વર્તાય ? કેટલા ટકા ? તમારા વિચારમાં, તમારી વાણીમાં, તમારા વર્તનમાં, તમારી દિનચર્યામાં, કેટલા ટકા ?

તમે ઘરે ગયા, તમારી પાસે અડધો કલાકનો સમય છે, તમે ફોન પર TIME-PASS કરી શકો, તમે T.V. જોઈ શકો, છાપુ વાંચી શકો, અને ધર્મશાસ્ત્ર પણ તમે વાંચી શકો, વિકલ્પ બંને છે. હું જિંદગીની વાત નથી કરતો. હું આજના દિવસની વાત કરું છું, તમે આટલું સાંભળીને પણ ભય, અશક્ય નથી, અઘરું નથી, દુષ્કર નથી, તકલીફ નથી, ખર્ચાનો કોઈ સવાલ નથી, શરીરથી ઘસાવાનું નથી, સમય પણ તમારી પાસે છે. હું તમને બહુ પ્રેમથી પુછુ છું, તમારી ભૂમિકા શું છે ? આવતા ભવની અંદર તમને મહાવિદેહ જોઈતો હોય, સીમંધર સ્વામી ભગવાન જોઈતા હોય, તમે ભગવાનને પ્રાર્થના કરી, કદાચ આયુષ્યના બંધના સમયે પણ તમે આ પ્રાર્થના કરતા હતા, એન સમયે પણ સીમંધર સ્વામી કરતા તમે ગયા, ધારોકે પુષ્કલાવતી વિજયની અંદર, ને પુંડરિકિણી નગરીની અંદર, તમને જન્મ પણ મળી ગયો. આઠ- દસ- બાર

ચૌદ વર્ષની તમારી ઉંમર થઈને, સીમંધર સ્વામી વીચરતા- વીચરતા એ જ નગરીમાં પધાર્યા, સમવસરણના મંડાણ થયા, તમે સમવસરણ ની અંદર પહોંચી પણ ગયા. તમે દેશના પણ સાંભળી, તમારી આજુ-બાજુ વાળા બધા ઉભા થઈ જશે, દીક્ષા લેશે ઓઘો લઈને નાચતા હશે, સંયમની સારામાં સારી સાધના કરી ને એ જ ભવની અંદર કદાચ કેવળજ્ઞાન ને મોક્ષ એ લોકો પામી જશે, તમે ત્યાંથી સાંભળી ને ઘરે પાછા આવી જશો.

ગુરુદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ એમનો એક નિયમ હતો, જે શાસ્ત્રથી ભણ્યું, એનો અમલ ચાલુ! પૂર્વના કાળમાં યતિઓ થયા હતા, એ કાળમાં સામાચારી ઓની શિથિલતા થઈ હતી, ગુરુદેવ ના ગુરુદેવો એ શિથિલતા ને દૂર કરવાના ઘણા પ્રયાસો કર્યા, ઘણી બધી શિથિલતા દુર કરી, ઘણી બધી સામાચારીઓ, ફરી પ્રવર્તાવી। અને ગુરુદેવને ખ્યાલ આવ્યો કે હજુ આટલી-આટલી સામાચારીઓનું - પાલન થતું નથી, આજે ને હમણા ભણ્યું શાસ્ત્રથી, આજે ને હમણા એનો અમલ ચાલુ!

બહુ ભણવાથી મોક્ષ થઈ જશે, એવું નથી. તમે કેટલું ભણ્યું એની VALUE શું છે, એને - VALUE નો અર્થ એ નથી, કે આપણો સાંભળી લીધું ને આપણને ગમ્યું, VALUE નો ACTUAL MEANING એ છે, કે તમે એની યથાશક્તિ અમલ કરી લીધો ક્યાં યથાશક્તિ પાલન પણ નથી, એનો અર્થ જ છે કે આપણને કાંઈ કરવું જ નથી.

★ તમે દીક્ષા ન લઈ શકો કબુલ છે,

★ તમે જપ જાગરી ન લગી શકો કબુલ છે,

★ તમે સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી એ ભાષાના મુળ ગ્રંથો ના વાંચી શકો, હજુ કદાચ કબુલ છે.

એના અનુવાદો કદાચ અઘરા પડે, એ ય કદાચ કબુલ છે.
હું તમને સમજાય એવું છે, મહાત્માઓ એ મહેનત કરી
અનુવાદો કર્યા, શાસ્ત્રો નો સાર લખ્યો, એ પુસ્તક બહાર
પાડ્યું, ને એ પુસ્તક તમને કોઈ ચિત્ર આપી રહ્યા છે,
ને તમે હાથ ના માંડો ને કહો કે ઘરે ઘણા પુસ્તક છે,
હું તમને કહું કે ભવાંતરમાં જ્ઞાન પ્રાપ્તિ નો અંતરાય -
આવી વૃત્તિ અને પ્રવૃત્તિ દ્વારા બાંધી રહ્યા છો.

મહાત્માઓ એ આગમો નું વલોણું કરીને,
એનો JUICE બનાવી ને, અમૃત ની પ્યાલી તૈયાર કરીને,
તમારા હોઠ સુધી લાય આપી દીધી, અને તમારે એને
પીવું નથી, પીવાની ફુરસદ નથી, પીવાની કોઈ જરૂર લાગતી
નથી, પીવાનું વધારાનું લાગે છે, મને તરસ જ નથી,
આવો આપણો સ્વભાવ છે, હું તમને કહું કે ભવાંતરમાં
તમને જ્ઞાન મળશે ખરું ?

ભવોભવ સુધી દુર્લભ બોધિ થવું પડે,
અનંત કાળ સુધી ફરી જિનશાસન મળે નહિ, દેવ-ગુરુ ના
મળે, જિનવાણી ના મળે, સમવસરણ ના મળે, તીર્થંકર
ભગવાનનું દર્શન ના મળે, દેશના ન મળે, એવા
અંતરાય, આપણે સમ્યક્જ્ઞાન ની ઉપેક્ષા દ્વારા બાંધી રહ્યા
છીએ.

સભાનો પ્રશ્ન :- ભગવંત, ઘરનું વાતાવરણ જ એવું -
હોય કે સ્વાધ્યાય કરવાનું મન ના
થાય, અહીં ઉપાશ્રયે આવી એ તો
મન થાય કરવાનું, તો શું કરવું ?

પૂજ્ય શ્રી નો ઉત્તર :- સૂત્ર કૃતાંગ આગમની અંદર,
આ સવાલ નો જવાબ આપ્યો છે,
गिहे दीवं अपासंता
સંયમ શા માટે લેવું ? કયા BASE ઉપર સંયમીઓએ

સૈયત્ર લીધું હોય છે એનો ખુલાસો બીજા નંબરના -
આગમની અંદર કર્યો, કે ગૃહની અંદર, ઘરની
અંદર, ઘરવાસની અંદર, સંસારની અંદર, ગૃહસ્થપણાની
અંદર, દીવો નથી ને માટે તેઓ દીક્ષા લે છે. બહુ
સરસ મજાની જ્ઞાનની વ્યાખ્યા, ચૌદસો ચુમ્માલીસ -
ગ્રંથ કર્તા, હરિભદ્રસૂરી મહારાજ, પંચાશક ગ્રંથની
અંદર કરી છે,

ગુરુ પારતંતં નાણં

તમે તમારી સ્વચ્છંદતા છોડી, આપમતિ છોડી,
મનમાની છોડી, તમે સદ્ગુરુ ને સંપૂર્ણ પણે સમર્પિત
થઈ ગયા, આનું જ નામ જ્ઞાન !

ગઈકાલે ગુરુદેવ પાસે બેઠો હતો,
૮૯ વર્ષ ની ઉંમરે પણ ગુરુદેવ નું શાસ્ત્ર પારાયણ,
મનન, ચિંતન, ભજન, ચાલુ ને ચાલુ હોય. એક
પુસ્તક ગુરુદેવના હાથમાં હતું ને એ પુસ્તક મને
બતાડ્યું, પુસ્તક નું પાનું બતાડ્યું, એની અમુક
લાઈન બતાડી, બહુ અદ્ભુત પંક્તિઓ, એમાં સમાધિ
હતી, કે જ્ઞાન આવવાનો મુખ્ય માર્ગ આ જ છે,
ગુરુ અને શિષ્ય નો સંબંધ ! આજે આ સંબંધ
ગુમાવી ને, આપણે ઘણું બધું ગુમાવ્યું છે. હું તમને
કહું, આપણી પાસે આ સંબંધ જરી ? સાહેબ
ઘરનું વાતાવરણ એવું છે, ઉલ્લાસ પતો નથી
સાહેબ T.V. હોય છે, છાપા હોય છે, સમય હોય છે
એ વેડફાઈ જાય છે, વાતોમાં ને આમ ને તેમ !
એક બાજુ સંસાર ની હાડમારીઓ છે, જવાબદારી ઓ છે,
મોંઘવારી છે, ઘરનું BUDGET છે, બે છેડા ભેગા
કરવાના છે એ પણ કારણ છે, બીજુ બાજુ અમારી
આળસ, પ્રમાદ છે, અમને એવી રૂચિ નથી અમને
એવી VALUE નથી, એ પણ કારણ છે. હું તમને
કહું કે આવી તમારી એક સમસ્યા નહિ, હજાર

સમસ્યા એ બધી જ સમસ્યાઓનું નીરાકરણ આ છે, સદ્‌ગુરુની સંપૂર્ણ શરણાગતિ ! બીજા બધા માટે હાની નથી. તમે આવી ને શરણ સ્વીકારો ને સમર્પિત થાઓ ને એમ તમને બીજા જ આપી દેશું તમે મગજ માંથી-કાઢી નાખજો, એમ આપીએ છીએ ને, એના કરતા દસ-ગણાને તો આપવાની ના પાડીએ છીએ.

તમારે લેવી જો હશે ને ત્યારે એમને-મનાવવા પડશે, પગે પડવું પડશે, તમારે આગ્રહ-કરવો પડશે, પછી એ તમને મળશે કે નહિ મળે, એ નક્કી નથી. સમર્પણ નો અર્થ, કે એમ આગ્ર-પકડાવવા જ બેઠા છીએ, તમે તૈયાર થાવ ને એમ ઓઘો પકડાવી દઈએ, એવા એમ નથી. ઈશ્વર સમસ્યા નું એક નીરાકરણ છે, સદ્‌ગુરુની સંપૂર્ણ શરણાગતિ !

હવે આપણે આપણો દોર આપણા-હાથમાં રાખવો છે, આપણું ધાર્યું કરવું છે, ગુરુ-પાસે આવીએ પણ જરા તો આપણું લાંબુ - લાંબુ કહેવું છે. આ બધા લંબાણમાં તમારો ઉદ્ધાર નથી થવાનો, જો શબ્દ ને પકડી લો ને આખી જિંદગી એને કસી ને પકડી જ રાખો, તમારો મોક્ષ નક્કી છે. આપણે તો ગુરુ ને પણ કંઈક પકડાવવા માંગતા હોઈએ છીએ, આમા આપણું ઠેકાણું ક્યાંથી પડે ?

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

अज्ञानं परमो रिपुः

* અજ્ઞાન એ જ પરમ દુશ્મન છે,
* અજ્ઞાન એ જ પરમ રિપુ છે,
* અજ્ઞાન એ જ પરમ શત્રુ છે.

શત્રુની સીધી- સીધી વ્યાખ્યા એ છે કે તમારું નુકશાન કરે એ તમારો શત્રુ !

અને આ વ્યાખ્યાની અપેક્ષા એ જોઈએ, આપણું નુકશાન કોણ કરી શકે, અજ્ઞાન જ આપણું નુકશાન કરી શકે. અજ્ઞાન એટલા માટે આપણું નુકશાન કરે છે, કારણકે અજ્ઞાન આપણને કામનાઓ જગાડે છે, ઋષિભાષિત આગમ સૂત્રની અંદર, એક વાત કરી,

अण्णाणमूलयं खलु मम कामेहिं किच्चं करणिज्जं।

અને ત્યાં સુધી જ કામ ભોગોની જરૂર હતી, જ્યાં સુધી અજ્ઞાન હતું. અજ્ઞાનના કારણે જ મને કામ-ભોગો જોઈતા હતા.

★ ભૂંડને ખાવા માટે વિષ્ટાની જરૂર હોય છે.
★ છ મહિનાના બાળકને રમવા માટે વિષ્ટાની જરૂર હોય છે.
★ એક પાગલ હોય એને ખાવા માટે TUBE LIGHTના ટુકડાઓની જરૂર હોય છે.

કામી ને વિજાતીય પાત્રની જરૂર હોય છે, રસલોલુપ ને દર રવિવારે હોટલની જરૂર હોય છે, VACATION માં HILL STATIONની જરૂર હોય છે, અને આવી ભાતભાતની ભાતભાતની જરૂર, કેટકેટલી જરૂર, આ બધી જરૂર એનું કારણ અજ્ઞાન હોય છે. અજ્ઞાન એ જરૂરનું મૂળ છે. જરૂર એ ભાગદોડ, હૈયાહોળી, ને ઝઘડા-ઝઘડી નું મૂળ છે.

શાંતિથી સ્વમાં લીન થઈને, સ્વમાં-ડુબકી મારીને, સુખી થઈ જવાની બધીજ લાયકાત ધરાવનાર જીવ, એને અજ્ઞાન હેરાન-પરેશાન કરે છે. તો પછી અજ્ઞાન એ પરમ દુશ્મન શા માટે નહિ ? ઋષિભાષિત આગમ સૂત્ર કહે છે,

णाणमूलयं खलु मम कामेहिं अकिच्चं अकरणिज्जं।।

અજ્ઞાન હતું ત્યાં સુધી મને કામભોગોની જરૂર હતી, મને જ્ઞાન મળી ગયું, પછી મને પચ્ચીસ

એક કપડા હોવા છતાં નવા કપડાની, આટલા ઘરેણા હોવા-છતા, નવા ઘરેણાની, મને કામભોગોની, વિધનીય પાત્રની હોટલની, થિયેટરની, વિડિયા વગેરેની, નવા નવા યાંત્રિક-સાધનોની, મને કોઈ જ જરૂર ન પડી. આ બધું જ જ્ઞાન મળ્યું, અને એ બધું મારા માટે બિનજરૂરી બની ગયું !

સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,
अज्ञानं परमो रिपुः ।

અજ્ઞાન એ પરમ દુશ્મન છે, કારણકે અજ્ઞાનએ મને ભુલાવામાં પાડે છે, એ મને ભવભ્રમણ કરાવે છે.
ચોર્યાસી લાખ યોનિઓનું આત્માનું જે ભવભ્રમણ-એના મુળમાં કારણ એક જ છે, "અજ્ઞાન" !
ઋષિભાષિત આગમ સુત્ર કહે છે,

अण्णाणमूलयं जीवा चाउरंतं संसार जाव परियट्टंति ।

આ ચાતુરંત સંસાર કંતાર, આ ભવજંગલ, આ સંસાર-અટવી, એની અંદર જે જીવો, ભ્રમણ કર્યા કરે છે, એનું કારણ અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી.

સભાનો પ્રશ્ન :- શાસ્ત્રોમાં સિંહગુફા જેવા ઘણા બધા દ્રષ્ટાંતો આવે છે, ઘણું બધું ભણીને પણ ગુરૂની સામે પડયા, સિંહ ગુફા વાસી મુનિ આવા બધા દ્રષ્ટાંતો આવે છે. ભણીને પણ ત્યાં અટકી જઈએ છીએ, તો અજ્ઞાન દુર કરવાનું કે મોહનીય કર્મને દુર કરવાનું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- વિશેષ આવશ્યક ભાષ્ય આગમ, એની અંદર આ સવાલ નો જવાબ આવ્યો છે,

सदसदविसेसणाओ भवहेऊ जहिच्छिओवलंभाओ ।
णाणफलाभावाओ मिच्छद्दिट्ठिस्स अण्णाणं ॥

અજ્ઞાની છે, મિથ્યાત્વી છે, સમ્યક્ત્વ ની સ્પર્શના નથી થઈ,

કદાચ સમ્યક્ત્વ પણ છે પણ નિશ્ચય થી નથી, કારણકે ગુરુની મર્યાદા ની બહાર નીકળ્યા, ગુરુની આજ્ઞા ને ફગાવી, સ્વચ્છંદ થયા, નિશ્ચય નય કહે છે કે એ મિથ્યાત્વી જ હોય, એ નિયમા મિથ્યાત્વી, એની વિશેષ આવશ્યક ભાષ્ય ગ્રંથ કહે છે, કે મિથ્યાત્વી ગમે તેટનું ભણે, છતા પણ નાસ્તિક પ્રોફિટએ તો એ અજ્ઞાની જ હોય !

રોહગુપ્ત ઘણું ભણ્યા આ વ્યવહાર નય કહેશે, નિશ્ચય નય ના પાડશે. સિંહગુફાવાસી મુનિ ઘણું ભણ્યા, નિશ્ચય નય સાફ ના પાડે છે, નિશ્ચયનય કહે છે, હજુ ના હ હતા, ભલે કદાચ સાડા નવ પૂર્વ સુધી અભવ્ય ભણી ગયો હોય, શાસ્ત્રકાર ભગવંતો ને પુછવામાં આવે, એ જ્ઞાની કે અજ્ઞાની ? શાસ્ત્રકાર ભગવંતો બેધડક કહી દે કે એ ઘોર અજ્ઞાની છે. શાસ્ત્રકાર ભગવંતો ને પુછવામાં આવે કે માસતુષ મુનિ છે, ચાર શબ્દ પણ યાદ રાખી શકતા નથી ને, મા રુષ, મા તુષ નું માસતુષ થઈ જાય છે, જ્ઞાની કે અજ્ઞાની ? શાસ્ત્રકાર ભગવંતો જવાબ આપે છે કે એ પરમજ્ઞાની છે.

ગુરુ પારતંતે નાણં ।

જે ગુરુ પ્રત્યેનું સંપૂર્ણ સમર્પણ એનું નામ જ્ઞાન, રોહગુપ્ત સમર્પણ ની બહાર ગયા છે, સિંહગુફાવાસી મુનિ સમર્પણ ની બહાર ગયા છે, અષાઢાભુતિ મુનિ સમર્પણ ની બહાર ગયા છે, કંડરિક મુનિ, રહનેમિ મુનિ સમર્પણ ની બહાર ગયા છે, એમને શાસ્ત્રકાર ભગવંતો જ્ઞાની કહેવા માટે તૈયાર જ નથી. જ્ઞાન છે ને ભુલ કરી બેઠા, જ્ઞાની નું પતન થઈ ગયું, જ્ઞાનીએ અજુગતુ કર્યું, આ વાત જ ખોટી છે, જે અજુગતું કરે, જે પાપ કરે,

શુક્રવાર

DATE 18 12 2020

જે મર્યાદા છોડે, જે સમર્પણ છોડે, એ જ્ઞાની હોય જ ના શકે. વિશેષ આવશ્યક ભાષ્ય કહે છે, ચાર કારણ છે, જેના કારણે જ્ઞાની વ્યવહાર દ્રષ્ટિએ હોવા છતાં, નાસ્તિક-દ્રષ્ટિએ એ અજ્ઞાની હોય છે, મિથ્યાત્વી હોય છે, અસમર્પિત હોય છે, સ્વછંદી હોય છે, એમનું જ્ઞાન પણ અજ્ઞાન હોય છે. શા માટે ? પહેલું કારણ,

सदसदविसेसणाओ

શાસ્ત્રકાર ભગવંતો એ એક અદ્ભુત પદાર્થ કહ્યો,

सर्वमस्ति स्वरूपेण पररूपेण नास्ति च ।

જ્યાં સ્યાદ્વાદ દર્શન નથી, જ્યાં અનેકાંતવાદ નથી, સદ્ અસદ્ ની વિશેષણા નથી, હું છું કે નથી ? હું તમને પુછુ છું ? હું છું કે નથી ? શાસ્ત્રકાર-ભગવંતો કહે છે કે આમાં પણ સ્યાદ્વાદ છે, હું સ્વ-રૂપથી છું, ને પર રૂપ થી નથી. હું માણસ રૂપે છું, ગધેડા રૂપે નથી. હું સાધુ રૂપે છું, હું ગ્રહસ્થ રૂપે નથી. તો હું છું જ આવો એકાંત ખોટો, મિથ્યાત્વી આ રીતે સમજે કે, છે જ. એ જુદી જુદી અપેક્ષાઓ ને સમજી ના શકે, માટે એ સમજ્યો છે એ પણ નથી સમજ્યો. મેં હું છું જ તો હું માણસ રૂપે પણ છું, ગધેડા રૂપે પણ છું, કુતરા રૂપે પણ છું, ગ્રહસ્થ રૂપે પણ છું, સંસારી રૂપે પણ છું, કીડા-મકોડા રૂપેપણ છું, તો આટલી બધી રૂપે છું, એનો અર્થ એ છે કે હું ક્યા રૂપે છું એ જ નક્કી નથી થતું, એટલે હું છું એય નક્કી નથી થતું, એટલે જે નથી એ નથી માન્યું, તો છે પણ નથી માન્યું, મેં સ્વરૂપથી અસ્તિત્વ, રૂપની નાસ્તિત્વ, આ નથી માન્યું, તો આપણે એ વસ્તુને બરાબર સમજ્યા જ નથી.

મિથ્યાત્વી પાસે આ અનેકાંતવાદની પરિણતિ નથી, તમારી પાસે એકાંત હોય, બસ સાહેબે કહ્યું જ્ઞાન ભણવાનું.. જ્ઞાન ભણવાનું ... આજથી પુસ્ત બંધ, ઉ આજથી

classmate

સામાયિક બંધ, આજથી સંઘની સેવા બંધ, આજથી બીજું બધું જ બંધ, બસ આજથી હું સ્વાધ્યાય કરવા બેસી જઈશ, તો તમે ભણવા બેસી ગયા તો એ તમે મારું વ્યાખ્યાન સમજ્યા નથી.

સાપેક્ષિક વાત છે, કે કોઈ જ ઉચિત યોગી, તમારે સંસાર ચલાવવો હોય તો ધંધાકીય પ્રવૃત્તિ કરવી પડે, સંસારમાં બેઠા છો. ભગવાનની પૂજા એ શ્રાવકનો એક મહાન આચાર છે, સંઘની સેવા, ગુરૂની સેવા, વગેરે વગેરે જે પ્રવૃત્તિ, એને છોડીને તમે ભણવા બેસી ગયા તો એ ભણવું એ સાચું નથી, એ પણ એક અજ્ઞાન નો પ્રકાર છે.

**સભાનો પ્રશ્ન :-** તો સાહેબ, સમજણ અને આચરણ, એ અમારા માટે પર્યાયવાચી શબ્દ કહેવાય કે, વિરોધાભાસી ?

**પૂજ્ય શ્રીનો ઉત્તર :-** વ્યવહાર નય કહે છે કે સમજણ અને આચરણ જુદા છે. નિશ્ચય નય કહે છે કે જે સમજણ છે એ જ આચરણ છે. આચારાંગ સુત્ર ના શબ્દો છે,

જં સમ્મં તિ પાસહા તં મોણં તિ પાસહા।

તમે જે સમજ્યા એ કરવાના. જો તમે ખરેખર સમજી ગયા હો છો એ તમે કરો છો. તમે સમજઈ ગયું કે ઘર મારું તમે ઘરની પાછળ ભિંચોવાઈ ગયા છો, તમને સમજઈ ગયું પરિવાર મારો, પરિવાર પાછળ મન ઘસી નાખો છો, તમને સમજઈ ગયું પૈસો બહુ સારો, તમે પૈસાની પાછળ આડુ જોઈને પડ્યા હો છો. હજુ તમને સમજાયું જ નથી,

☆ શાસન સારું,
☆ જિનાલય મારું,

★ હજુ તમને સમજ્યું જ નથી કે સંઘ મારો,
★ હજુ તમને સમજ્યું જ નથી કે સ્યાદ્વાદ એ કમાણી,
★ હજુ તમને સમજ્યું જ નથી કે જ્ઞાન એ સમૃદ્ધિ,

માટે તમે નથી કરતા. વ્યવહાર નય કહેશે કે વ્યાખ્યાનમાં ગયો હતો, બધું જ સમજ્યો, પણ હું કરતો નથી, નિશ્ચય નય કહેશે કે તમે કશું સમજ્યા જ ન હતા, માટે તમે કરતા નથી. મિથ્યાત્વી નું જ્ઞાન પણ અજ્ઞાન પહેલું કારણ, સદ્-અસદ્ નો વિવેક એની પાસે હોતો નથી, બીજું કારણ, એ જે પણ ભણે એ એને વિપરીત પરીણમે ને એની સંસાર વૃદ્ધિ નું જ કારણ થાય, માટે એનું જ્ઞાન એ અજ્ઞાન છે.

जहिच्छलंभाओ।

જે ગુરુનું વાક્ય, ગુરુનો મર્મ, ગુરુની અપેક્ષા, ગુરુનો આશય, શાસ્ત્રનું જે હાર્દ, એને સમજી શકતો નથી. મન ફાવે એમ શાસ્ત્રોના શબ્દોને ઉપાડે છે, મન-ફાવે એમ અર્થ કરે છે, અને મન ફાવે એમ વર્તે છે, આજે શાસનની અંદરની જે મોટા ભાગની સમસ્યાઓ છે, એનું કારણ શાસ્ત્રોના ખોટા અર્થ કરવા, મન ફાવે એ અર્થ પકડવા, એનો આગ્રહ રાખવો, હું જ સાચો આવું ઠરાવવું, અને એના નામે ઝઘડાઓ-ઉભા કરવા, એના કારણે શાસનની સમસ્યાઓ ઉભી થઈ છે. એક વ્યક્તિ "ઢ" છે, કશું જ સમજુ નથી, એ શાસનને એટલું નુકશાન ના કરી શકે, પણ જેની અંદર પુરુ સમર્પણ નથી, જેની અંદર-શાસન ભક્તિ નથી, જેની અંદર મધ્યસ્થતા નથી, જેની અંદર નિશ્ચય દ્રષ્ટિ એ સમ્યક્ત્વ ની ઉત્પત્તિ-સુદ્ધા નથી, એ શાસ્ત્રોના મન ફાવે એવા અર્થ કરે ને શાસ્ત્રો નો ઉપયોગ પોતાનો અહમ પોષવા, પોતાની સર્વોપરિતા, પોતાની મહત્તા, સત્યવાદિતા, મહાનતા ને પ્રસ્થાપિત કરવા

માટે કરે, પછી બધી શાસનની તકલીફો ઉભી થાય છે.
અજ્ઞાની નું જ્ઞાન એ પણ અજ્ઞાન, એનું ત્રીજું કારણ,

जहिच्छलंभाओ ।

સ્વચ્છંદ રીતે એના અર્થ કરે, માટે એનું જ્ઞાન અજ્ઞાન છે.
ચોથા નંબરનું કારણ કહ્યું,

णाणफलाभावाओ

મિથ્યાત્વી ગમે તેટલું ભણે, પણ,

ज्ञानस्य फलं विरतिः ।

नाणेण जाणइ भावे दंसणेण य सद्दहे

ભણીને પછી એની શ્રદ્ધા થવી જોઈએ, સમ્યક્ત્વ ઉત્પન્ન થવું જોઈએ, અને એની પછી આચરણમાં આવવું જોઈએ. ચારિત્રની એને સ્પર્શના થવી જોઈએ, જે એને થતું નથી, માટે મિથ્યાત્વી જે ભણે, એ ભણેલું પણ ભણેલું નથી, એ જ્ઞાન નથી પણ એ અજ્ઞાન છે.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, અજ્ઞાનના સંદર્ભમાં ઘણી બધી વાતો કહેવા જઈ રહ્યા છે, આજે સમય થયો છે, આગે આગળનું રાખીએ.

x x x x

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો

શનિવાર

## વ્યાખ્યાન નંબર- 102

DATE 19 12 2020

પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, અજ્ઞાનનો ચિતાર રજુ કરે છે.

અજ્ઞાનં પરમો રિપુ: ।

વિશ્વમાં મોટામાં મોટો કોઈ દુશ્મન હોય તો એનું નામ છે, અજ્ઞાન. જે દુ:ખી કરે એને દુશ્મન કહેવાય, તો અજ્ઞાન જ જીવ ને દુ:ખી કરે છે. જે જીવને ઉંધા-રવાડે ચડાવે, જે જીવને ખોટો રસ્તો ચીંધે, જે જીવ ને સાચા રસ્તેથી પાછો વાળે, એનું નામ દુશ્મન, એનું નામ "અજ્ઞાન"!

તમે ક્યારેક દુશ્મનને સાચો રસ્તો પુછો તો એ તમને સાચો રસ્તો નહી બતાડે, તમને હાથે કરીને ખોટો રસ્તો બતાડશે, ખોટા રવાડે ચડાવશે. એ એ જ ઈચ્છે છે કે તમે દુ:ખી થાવ. તમને દુ:ખી કરવા એજ એનો ઉદ્દેશ્ય છે, એનું નામ દુશ્મન! એજ એનું દુશ્મનપણું છે, એજ એનું અસ્તિત્વ છે.

અજ્ઞાનં પરમો રિપુ:

અજ્ઞાન એજ પરમ દુશ્મન છે. વિહાર અમે કરતા હોઈએ ને ક્યારેક એવું બને, રસ્તો અમારે પુછવો હોય, બે રીક્ષાવાળા હોય ને તો રીક્ષાવાળા ને રસ્તો પુછીએ. ક્યાંક ચોતરે ત્રણ-ચાર રીક્ષાવાળા ભેગા થયા હોય, વાતો કરતા હોય. અમે એમને રસ્તા પુછીએ - કારણકે એમને બધા રસ્તા ખબર હોય. તમારા જેવાને પુછીએ તો તમને તમારો જ રસ્તો ખબર હોય. રીક્ષા-વાળાને રસ્તો પુછ્યો હોય ને એ અમને રસ્તો બતાવે ને ઘણી વાર એવું બને કે બીજો રીક્ષા વાળો જેણે આ - સાંભળ્યું હોય, એ પેલા પર ગુસ્સે થઈ જાય કે તુ મહારાજ સાહેબને ઉંધો રસ્તો કયાં બતાડે છે. મહારાજ-સાહેબને ફરી ને જવું પડશે, આ સીધો રસ્તો છે, એનો આશય એમ છે કે મહારાજ સાહેબને કેમ હેરાન

શનિવાર

DATE 19 12 2020

કરે છે. કેમ દુઃખી કરે છે. જેનો ભાવ એવો છે કે તુ શા માટે એમનો દુશ્મન થાય છે. દુશ્મનાવટનો શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ પ્રકાર આ છે કે માણસની ઉંધા રસ્તે ચડાવી દેવો, એને ઉંધા રવાડે ચડાવી દેવો. પછી તો એ રવાડો જ એને દુઃખી કરી નાખશે. અને અજ્ઞાન આ શ્રેષ્ઠ પ્રકારને પસંદ કરતુ હોય છે. ઋષિભાષિત આગમ કહે છે,

અણ્ણાણં પરમં દુક્ખં

અજ્ઞાન એ જ પરમ દુઃખ છે. અજ્ઞાન આવે એની સાથે દુઃખોની વણઝાર આવી જાય છે. અજ્ઞાનનો પ્રવેશ એ જ દુઃખનો પ્રવેશ બની જાય છે. એક અપેક્ષાએ કહી શકાય કે અજ્ઞાન એ પોતે જ દુઃખ છે. દુઃખના ઘણા પ્રકારો હોય છે, ઈષ્ટ નો વિયોગ એ પણ દુઃખ હોય છે. અનિષ્ટ નો સંયોગ એ પણ દુઃખ હોય છે. અજ્ઞાન ના અઢળક પ્રકારો, અને એ પ્રકારો એની અંદર ઈષ્ટ વિયોગ આવે, અનિષ્ટ સંયોગ આવે, એના પણ મુળમાં જોઈએ તો ઈષ્ટ ને અનિષ્ટ આવે એના પણ મુળમાં જોઈએ તો, રાગ અને દ્વેષ આવે એના મુળમાં જોઈએ તો અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી.

અણ્ણાણં પરમં દુક્ખં

અજ્ઞાન એ જ પરમ દુઃખ છે, શાંત ચિત્તે અજ્ઞાનને સમજવાનો પ્રયાસ કરવો છે કે અજ્ઞાન છે શું ?, ઋષિભાષિત આગમ સુત્ર કહે છે,

અણ્ણાણા જાયતે ભયં

અજ્ઞાન એટલા માટે દુઃખકારક છે, કારણકે એ ભયાનક છે, ભયંકર છે ભય ઉપજાવનાર છે. અજ્ઞાન એ ઉત્પાદક છે, ભય એ ઉત્પાદક છે. જે અજ્ઞાની છે એ કેક કેટકેટલા ભયોથી ઘેરાઈ જશે, અજ્ઞાન પોતાની સાથે ભયો ની વણઝાર લઈને

આવે છે. આઠ પ્રકારના પ્રમાદ કહ્યા, જેમાંથી એક પ્રકાર છે, અજ્ઞાન. અજ્ઞાન એ ભયની વણઝાર લઈ આવે, જ્ઞાન એ નિર્ભયતાની જાગીર હોય છે. અજ્ઞાની હંમેશા ભયલીન રહે છે. કારણકે અજ્ઞાન પ્રમાદ છે ને પ્રમાદમાં ભય હોય છે. પરમ પાવન શ્રી આચારાંગ સૂત્રમાં, સુધર્મા-સ્વામી ભગવાન કહે છે,

सव्वओ पमत्तस्स भयं सव्वओ अपमत्तस्स नत्थि भयं ।

જે પ્રમાદી છે એને ચારે બાજુથી ભય છે. જે અપ્રમાદી છે, જે અપ્રમત્ત છે, એને ક્યાંયથી ભય નથી. અજ્ઞાન એ ઈહલોક ભય છે. સાત પ્રકારના ભયમાં પહેલો ભય, ઈહલોક ભય ! એટલે કે આ લોકનો ભય, એટલે કે આપણે જે ભવમાં છીએ, એ ભવમાં જે જીવો હોય, એમના તરફથી ભય, મનુષ્યને કોઈ-જનાવર તરફથી ભય હોય, તો એ એના માટે ઈહલોક-ભય કહેવાય. માણસને માણસ તરફથી ભય હોય એને ઈહલોક ભય કહેવાય. દેવ ને દેવ તરફથી ભય હોય, નારક ને નારક તરફથી ભય હોય, એને ઈહલોક ભય કહેવાય.

अण्णाणा जायते भयं ।

અજ્ઞાન શું કરે છે ? તો ભયનું કારણ બને છે. અજ્ઞાન છે તો ભય કોઈ ને કોઈ રીતે આવવાનો જ છે, અજ્ઞાન છે એ તમે ગભરાટ આપવાનો છે, ફફડાવાનો છે, ધ્રુજવા નો છે. અજ્ઞાન તમને હેરાન કરવાનો છે. કારણકે અજ્ઞાનથી ઈહલોક ભય આવે છે.

ખંધકમુનિ વિચરતા-વિચરતા એક નગરની અંદર આવે છે. પોતાની સાધનાની અંદર મસ્ત છે. રાજાના માણસો એમની પાસે આવે છે ને કહે છે. તમારી સાથે અમારી કોઈ દુશ્મનાવટ નથી, તમે અમારું કંઈ બગાડ્યું નથી, પણ અમારા રાજાનો આદેશ છે, જીવતે જીવતા તમારી ચામડી અમારે ઉતારી

દેવાની છે. ધારોકે, રાજાએ ઇશારો કરીને, માણસોને કહ્યું કે એમની જીવતા ખાલ ઉતારી દો. વચ્ચે કોઈ બીજો પણ માણસ હતો ને, સેવકો એ જોયું ને રાજાની આંગળી એ તરફ લાંબી, ને સેવકો ને ભ્રમણા થઈ ગઈ, કે આ માણસ માટે જીવતા ચામડી ઉતારવાનું રાજાએ કહ્યું છે.

સેવકો એ માણસ પાસે જઈને વાત કરે કે અમારા રાજાનો આદેશ છે, તમારી જીવતા ચામડી ઉતારવાની છે. હું તમને પુછુ સાચુ બોલો, એ માણસની શું દશા થાય ? કદાચ એવું બને કે સેવકોએ મડદાની ચામડી ઉતારવી પડે, એ માણસ આ સાંભળીને કદાચ જીવતો જ ન રહે, એ ઉછળી પડે, એ ફાટી પડે, એનું HEART FAIL થઈ જાય, એ એટલો ગભરાય જાય, હકીકતમાં એની વાત હતી જ નહિ, એની વાત નહતી, છતાં એ ગભરાય જાય, કારણકે એની ગેરસમજ !

अण्णाणा जायते भयं

BYOPSY નો POSITIVE REPORT હોય, અને જે દર્દી નો હોય એની જગ્યાએ કોઈ સાજા માણસ ને આપી દેવામાં આવે એની દશા શું થાય ? એ દર્દી ના હોય તો એ દર્દી થઈ જાય. દર્દીના જરા કેન્સર ની શરૂઆત ત્યારે થતી હોય છે, જ્યારે એને ભાન થાય છે કે મને કેન્સર થયું છે. હસતો, રમતો, બોલતો, દોડતો, દર્દી બસ આટલી ભાન થાય, અને એ ખલાસ થઈ જાય.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને - કહેવા માંગે છે, એ દર્દીને ભાન થઈ એ જેમ ખોટી હતી, એનો ભય ખોટો હતો. એ એના અજ્ઞાન થી આટલો નાસીપાસ થઈ ગયો, અજ્ઞાનથી ખલાસ થઈ ગયો. સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને એની આગળની વાત કરે છે, કે દુનીયાભરના

classmate

શનિવાર

DATE 19 12 2020

કેન્સર નિષ્ણાતોએ, દુનિયાભરના પ્રચલિત REPORTS દ્વારા, તમને જાણ કરી હોય કે તમને કેન્સર થયું છે, એ જાણ પણ ખોટી હોય છે. કારણકે તમને કેન્સર થવું શક્ય જ નથી.

अज्ञाना जायते भयं।

છગન ઘરે છાપું વાંચતો હતો ને પત્ની નીચે શાક લેવા ગઈ હતી. ને શાક લઈને પત્ની આવી ને છગને બુમાબુમ કરી દીધી. જલ્દી બારણું બંધ કર... જલ્દી બારણું બંધ કર, પત્ની કહે છે શું થયું... કહું છું પહેલા જલ્દી બારણું બંધ કર, શું થયું એ તો કહો ? કહું છું બારણું જલ્દી બંધ કર.... અને પત્નીએ બારણું બંધ કર્યું ! શું છે, હવે બોલો શું થયું ? શું વાત હતી ? અને છગને કહ્યું કે ઈરાન અને ઈરાક વચ્ચે ભયંકર યુદ્ધ થયું છે, એ વાંચ જો ! ઈરાક અને ઈરાન વચ્ચેનું યુદ્ધ આસમાનને આંબે તો એ છગનના ઘરને કોઈજ ફરક પડતો નથી. કારણકે ઈરાક અને ઈરાનનું યુદ્ધ છે અને છગનનું ઘર એ છગનનું ઘર જ છે. છગનની બધી જ બુમાબુમ વ્યર્થ છે, કારણકે છગનને કોઈ જ ફરક પડે એમ નથી.

શરીર માટેની આપણી બધી જ બુમાબુમ, ઘર માટેની બુમાબુમ, ધંધાની ચિંતા, ખીસ્સાની ચિંતા, મોંઘવારીની ચિંતા, પૈસાની ચિંતા, સમાજની ચિંતા, વ્યવહારોની ચિંતા, હું તમને કહું છું કે બધી જ બુમાબુમ, છગનની બુમાબુમ જેવી છે, કારણકે આપણને એ બધાથી કોઈ ફરક જ પડતો નથી. કારણકે એ બધા PROBLEMS આપણા PROBLEMS છે જ નહિ !!

રાજાના માણસો ખંધક મુનિની બદલે બીજા કોઈને કહી દે કે, તમારી ચામડી અત્યારે ઉતારવાની છે ને એ માણસ ગભરાય જાય, બુમાબુમ કરે ચીસાચીસ કરે, નાસીપાસ થઈ જાય, એ બધું જ કેમ વ્યર્થ હોય,

એ ભય જેમ ખોટો હોય, બરાબર એ રીતે સ્કંધક મુનિ પાસે, એ માણસો પહોંચી જાય ને કહે તમારી ચામડી અમારે ઉતારવાની છે, અને ધારોકે મુનિ ગભરાય જાય તો એ ગભરાટ પણ વ્યર્થ જ હોય, કારણકે એ ભય પણ ખોટો જ છે. જેમ ચામડીએ પહેલા માણસની નથી, એમ ચામડી મહાત્માની પણ નથી.

अण्णाणा जायते भयं

આપણા બધા ગભરાટ, બધા ડરનું મુળ અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી. એ સેવકો બીજા માણસ પાસે જઈને કહી દે કે તમારી ચામડી અમારે ઉતારવી છે, આ વાત સેવકો કરે એ સેવકોની જેમ એક ભુલ હોય, બરાબર એ જ રીતે, એ સેવકો સ્કંધકમુનિની પાસે જાય, અને મુનિને કહે કે તમારી ચામડી અમારે ઉતારવી છે એ પણ સેવકોની ભુલ જ હોત. કારણકે મુનિનું કોઈ શરીર જ નથી. મુનિની કોઈ ચામડી જ નથી, તો એને ઉતારવાની વાત જ ક્યાં આવી.

સમાધિતંત્રની અંદર પુજ્યપાદ સ્વામી કહે છે,

यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा

જે મને વસ્તુ દેખાય છે, વ્યક્તિ દેખાય છે, ઘર દેખાય છે, કપડા દેખાય છે, શરીર દેખાય છે, આ બધું જ પુદ્ગલ હોય છે, આ બધું જ જડ હોય છે, આ બધું અચેતન હોય છે, આ બધુ નિસંવેદન હોય છે,

यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा ।

જેને હું જોઉં એ કશું જ જાણતું નથી. એક પત્થર સાથે વાત કરું, એક દિવાલ સાથે વાત કરું, એક થાંભલા સાથે વાત કરું, એક ખુરશી કે

ટેબલ સાથે વાત કરું, કે કોઈ દેહના પુદ્ગલ સાથે વાત કરું, એમાં કોઈ જ ફરક નથી.

तन्न जानाति सर्वथा।

જે કશું જ જાણતું નથી.

जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम्।

અને જે હકીકતમાં જાણે છે, સમજે છે, અનુભવે છે, સંવેદે છે, એ તો મને દેખાતું જ નથી, એ તો માત્ર ને માત્ર આત્મસ્વરૂપ છે, અરૂપી છે એ તો દેખાતો જ નથી. તો પછી હું કોની સાથે વાત કરું ? દેહાશ્રિત ક્રિયાઓનો આત્મામાં ઉપચાર કરવો અને દેહાશ્રિત ક્રિયા તરીકે દેહને ઉદ્દેશીને એની વાત કરવી, આ બધી જ વસ્તુ જ્ઞાનીઓની દ્રષ્ટિમાં પાગલના લવારાથી વધુ કશું જ નથી!

પાગલના લવારામાં શું CONTENT છે, શું વાત છે, શું ક્રમ છે એનાથી સમજુ ને કોઈ જ ફરક પડતો નથી. સમજુની આટલી જ સમજણ પુરતી છે કે એ પાગલનો લવારો છે, વાત બધી જ ત્યાં પુરી થઈ જાય છે.

સમાધીતંત્રમાં પૂજ્યપાદ સ્વામી કહે છે,

यत्परैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये।

કોઈ મારી સાથે વાત કરે ને હું કોઈની સાથે વાત કરું, કોઈ મને ઉદ્દેશીને કાંઈ કહે, હું કોઈને ઉદ્દેશીને કાંઈ કહું,

उन्मत्तचेष्टितं तन्मे।

એ બધી જ મારી પાગલ ચેષ્ટા છે, પાગલના લવારા જેવી બધી વાત છે,

यदहं निर्विकल्पकः॥

કારણકે બોલવું, કોઈને કહેવું, કાંઈ લેવું, કોઈની સાથે વાત કરવી, એ બધું તો નિશ્ચય દ્રષ્ટિએ ઘટે એમ જ નથી, કારણકે આત્મામાં વાણી તો નથી, આત્મામાં વિકલ્પ સુધ્ધા નથી, આત્મ સ્વરૂપ પોતાના શુદ્ધ સ્વરૂપે તદ્દન

નિર્વિકલ્પ છે.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! તો શિષ્ય ગુરુના શરીરનો સંઘટ્ટો કરે, તો એને દોષ શા માટે લાગે છે. ગુરુનું શરીર એ ગુરુનુ શરીર નથી. તો સંઘટ્ટા નો દોષ શા માટે છે

પૂજ્ય શ્રીનો ઉત્તર :- અષ્ટાવક્રગીતા ની અંદર આ સવાલ નો જવાબ આપ્યો છે,

को गुरु: कश्च शिष्य:

ગુરુ, શિષ્ય, મા, બાપ, વ્યહવાર, સમાજ, ધંધો, ઘર, આ બધું છે એ વ્યહવાર નયથી છે નિશ્ચયનયમાં કોઈ ગુરુ પણ નથી, કોઈ શિષ્ય પણ નથી. અમૃતવેલની સજ્ઝાય ની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, મોક્ષ માર્ગનું તાદ્દશ નિરૂપણ કરતા-કરતા, ચાર-શરણા, દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના, અઢાર [illegible] પાપસ્થાનક નો ત્યાગ, વગેરે વગેરે ની વાત કરીને પછી કહે છે,

"ઉચિત વ્યહવાર અવલંબને
એમ કરી સ્થિર પરીણામ"

તમે કહો કે સાહેબ નિશ્ચયનયથી કંઈ ઘરનું જ નથી, તો અમારે અહીંયા આવવાની જરૂર નથી, પૂજા કરવાની જરૂર નથી, તપ, ત્યાગ, વ્યાખ્યાન કશી જ જરૂર નથી. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે, પહેલા-ઉચિત વ્યહવારને ખુબ જ ઘૂંટવો પડશે, એના આલંબન-થી તમારા પરિણામ ને, આત્મ દળ ને સ્થિર કરવું પડશે, અને પછી તમારે આગળ નિશ્ચયનયમાં જવું પડશે. આખી જિંદગી મહાત્મા ઉચિત વ્યહવારને,

શનિવાર

DATE 19 12 2020

ઘુંટે.. ઘુંટે.. ઘુંટે.. ઘુંટે.. ઘુંટે... અને ભગવાનના - કાળની અંદર, જેવા યોગ્ય મહાત્મા, સાડા નવ પૂર્વનું - જ્ઞાન હોય, પહેલું સંઘયણ હોય, અત્યંત યોગ્યતા હોય, અને ગુરુની અનુજ્ઞા હોય, જિનકલ્પનો સ્વીકાર કરે. જેમાં ગચ્છનો ત્યાગ કરવાનો છે. એકાકીપણે જેની અંદર - વિચરવાનું છે. બૃહત્કલ્પ આગમની અંદર, આ ઘરનાનું વર્ણન કર્યું છે કે, બે પ્રકારનો યતિ ધર્મ!

પ્રશ્નના સંદર્ભમાં આગળ વધુ, પહેલો યતિ ધર્મ સાપેક્ષ યતિ ધર્મ, બીજો નિરપેક્ષ યતિ ધર્મ! સાપેક્ષ યતિ ધર્મ, એટલે જેની અંદર ગુરુ છે, શિષ્ય છે, ચોરવારી છે, પ્રવચન છે, પ્રતિક્રમણ છે, પ્રતિબોધ છે, દીક્ષા આપવાની છે, યોગક્ષેમ કરવાનું છે, ગ્રહણ શીક્ષા, આસેવન શિક્ષા આપવાની છે, વાચન, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા, સ્વાધ્યાય કરવાની છે. પરસ્પરની વૈયાવચ્ચ છે, પરસ્પરનો વિનય છે, પરસ્પરનો વિવેક છે, પ્રશસ્ત રાગ છે, પ્રશસ્ત લાગણી છે, પરસ્પરનો ગુરુકુલ વાસમાં મહાત્માઓનો પ્રેમ છે, ગુરુનો શિષ્ય પ્રત્યે - વાત્સલ્ય ભાવ છે, શિષ્યનો ગુરુ પ્રત્યેનો બહુમાન ભાવ છે, આ બધું જ શું છે? આ સાપેક્ષ યતિ ધર્મ છે.

પહોંચવાનું વિતરાગ દશામાં છે, પહોંચવાનું અસંગ દશામાં છે, પહોંચવાનું એકત્વ દશામાં છે, પહોંચવાનું ત્યાં છે, જ્યાં બીજાનો કોઈ અવકાશ જ નથી, બીજા જેવી કોઈ વસ્તુ જ નથી, ત્યાં સુધી પહોંચવાનું છે પણ, જીવ સીધો ત્યાં પહોંચી શકતો નથી, જીવ સીધો પહોંચવા જાય છે ને ગોથુ ખાઈને પડે છે ને, હાડકા ભાંગે છે. સાપેક્ષ યતિ ધર્મનો વર્ષોના વર્ષો સુધી, દીર્ઘ અભ્યાસ થાય, જીવની એ યોગ્યતા ઘડાય, સંસારના અપ્રશસ્ત રાગો તો સાવ ધોવાઈને સાફ થઈ ગયા. હવે પ્રશસ્ત રાગ છે, એ

પણ છોડવાની છે, અને જે સમયે મહાત્મા જિનકલ્પ-
નો સ્વીકાર કરે, એ સમયે મહાત્મા એકાકી વિહાર
પ્રતિમા, પ્રતિમા નો અર્થ છે વિશિષ્ટ અભિગ્રહ !
સાપેક્ષ યતિ ધર્મમાંથી, નિરપેક્ષ યતિ ધર્મનો સ્વીકાર
કરે, બૃહત્ કલ્પ આગમની અંદર એક જગ્યાએ પ્રશ્ન
કર્યો કે, આ બધું, એક બાજુ આદર્શ ઊંચો છે,
નિશ્ચય નય ઊંચો છે, શુદ્ધ નય ઊંચો છે, મોક્ષમાર્ગ
એ વિતરાગ પણાનો માર્ગ જ હોય શકે, એની અંદર
કોઈ રાગ, પ્રશસ્ત રાગની પણ વાત ન હોવી જોઈએ,
એનો કોઈ અવકાશ ન હોવો જોઈએ. આ બધા
વ્યવહાર કરવાને, દીક્ષા આપવી ને, શિષ્યનું યોગક્ષેમ-
કરવું ને, ને વળી એને વાત્સલ્ય આપવું ને, વળી
એને પ્રેમ આપવો ને, હુંફ આપવી ને, શિષ્યને પણ
ગુરુ પ્રત્યેનો રાગ થઈ જાયને, જે દિવસ ગુરુ ક્યાંક
ગયા ને શિષ્ય જાણે રોયા કરે, આ બધું શું છે ?
આ કોઈના માટે ધ્યાનમાંથી બહાર આવવાનું, -
કોઈના માટે સ્વાધ્યાયમાંથી બહાર આવવાનું, એ વળી
પ્રશ્ન પુછવા આવ્યા ને એનો જવાબ આપો ને, એનું
વળી આ કરો ને એનું વળી તે કરો ને, એનું
ફલાણું કરો, એનું ઢીકણું કરો, આ બધું શું છે ?

અને બૃહત્કલ્પ આગમની અંદર જવાબ-
આપ્યો, કે બે પ્રકારની સ્ત્રીઓ હોય છે, પહેલી-
સ્ત્રી, જે "મા" બની છે, ને બીજી સ્ત્રી જેનો
દીકરો મોટો થઈ ગયો છે. બંને સ્ત્રીને MAKE UP
ગમે છે, અરીસા સામે ઊભુ રહેવું ગમે છે,
પોતાને શણગારવું ગમે છે, HAIR STYLE કરવી
ગમે છે. પણ પહેલી સ્ત્રી છે, જે તાજેતરમાં મા
બની છે, હજુ એનું બાળક નાનું છે, એના
લાલન, પાલન, પોષણ ની જરૂર છે, એને ય મન તો

શનિવાર

DATE 19 12 2020

છો જ કે હું MAKE UP વગેરે કરું પણ એ બાળક બિચારું એને નવડાવવું, ધોવડાવવું, રડાવવું, ધવડાવવું, એણે એની કેટલી બધી કાળજી કરવાની છે, એના કારણે એ MAKE UP ના કરી શકે !

બીજું સ્ત્રી છે, જેનું બાળક મોટું થઈ ગયું, સમજ થઈ ગયું, હવે એની કાળજી ની જરૂર નથી, એ સ્ત્રી પછી MAKE-UP (શણગાર) કરી શકે. બૃહત્કલ્પ આગમ બીજું ઉદાહરણ આપે છે.

NUMBER 1 :- ગાય છે, ગાયો નું ધણ છે, જંગલ ની અંદર ચરવા ગયું છે, વાઘ આવ્યો છે, ગર્જના કરી છે, ભાગે છે બધી ગાયો, બધું મોરે લગાડી ને ભાગે છે, ગામ તરફ દોડી રહી છે બધી ગાયો, ગામે ત્યારે વાઘ ત્રાટકી શકે, બેફામ ગાયો દોડી રહી છે, પણ એમાં જે જે ગાય સાથે એનું વાછરડું છે ને, તે-તે ગાય દોડે છે તો ખરી પણ એની નજર ક્યાં છે, વાછરડા પર છે, અને વાછરડું દૂર રહી જાય એવું લાગે ત્યાં એ ગાય ધીમી થઈ જાય છે, ત્યાં પ્રશ્ન ઉઠાવવામાં આવે, અરે ત્યાં તો વાઘ ફાડી જાશે, પણ એ ગાય એ સાપેક્ષ ભાવ રાખવાનો છે, નિરપેક્ષ બનીને દોડી નથી જવાનું, અને જે ગાય, જેની સાથે આવું વાછરડાનું કોઈ કારણ નથી, એ ગાય નિરપેક્ષ પણે દોડે ! બરાબર એ જ રીતે, સંયમની શરૂઆતમાં, જેને સરાગ સંયમ કહેવાય, જેને સ્થવિર કલ્પ કહેવાય, જેને ગુરુકુલવાસ કહેવાય, એની અંદર ગુરુ-શિષ્ય, ગુરુ ભાઈઓ, વગેરે વગેરે વ્યવહારો, સાપેક્ષ યતિ ધર્મ ! એકાકી વિહાર પ્રતિમા, જિનકલ્પ નો સ્વીકાર, તીર્થંકરોનું જે છદ્મસ્થ અવસ્થાનું જે સંયમ,

એને નિરપેક્ષ યતિ ધર્મ કહેવાય. સમાધિતંત્ર માં -
પૂજ્યપાદ સ્વામી કહે છે,

उन्मत्तचेष्टितं तन्मे

આ વ્યવહારો, આ બોલવું, આ ચાલવું, આ દેવું,
આ લેવું, જ્યાં પ્રતિપાદ્ય - પ્રતિપાદક વ્યવહાર પણ
શક્ય નથી, ત્યાં તો વધ્યઘાતક ભાવનો વ્યવહાર
ક્યાંથી શક્ય બને !

એક કલ્પના કરીએ કે કુતરો છે, અને
કુતરો સુરજ ની સામે કુદી કુદીને ભસી રહ્યો છે ને
પોતાના શબ્દોમાં, પોતાની ભાષામાં સુરજને કહી
રહ્યો છે, "કે હું તને પાડી દઈશ"!

એનાથી સુરજ ને શું ફરક પડે, કુતરો કેવો -
ખેરાવર છે, કેવું એનું ઝુન્નસ છે, કેવો એ
ભયંકર છે, કેવો એનો ભસવાનો ભેરદાર આવજ છે,
એના દાંત કેટલા ધારદાર છે, એ કેટલા ફુટ ના
કુદકા મારી રહ્યો છે, આ બધી જ વાતો વ્યર્થ છે,
સુરજ ને એનાથી કોઈ જ ફરક નથી પડતો, કારણકે
સુરજ એ કુતરા માટે અસ્પૃશ્ય છે, અપ્રાપ્ય છે.
બરાબર એ જ રીતે, જ્ઞાની એ સુરજ છે, અને
એમના ઉપર આવતા દરેક કષ્ટો, દરેક આક્રમણો,
દરેક પરિષહો કે ઉપસર્ગો, એ કુતરા જેવા હોય છે,
જેનાથી જ્ઞાની ને કોઈ જ ફરક પડતો નથી.

રાજાના સેવકો બંધકમુનિ પાસે આવ્યા
ને વાત કરી કે, તમારી ચામડી અમારે ઉતારવી
છે, અને બંધકમુનિના મોઢા ઉપર એક મલકાટ
ફરી વળ્યો, બહુ મઝાની વાત છે, આપણે એટલા
માટે દુઃખી થઈએ છીએ કારણકે આપણે,

અજ્ઞાની છીએ, ભ્રમણામાં છીએ, ફોગટ ડર છે, આપણે જેને સાચો ડર માનીએ એ પણ ફોગટ હોય છે, કારણકે આપણે અજ્ઞાની છીએ. ખંધક મુનિ જ્ઞાની હતા, જ્ઞાન દશાને પામેલા હતા, જીવતા ચામડી ઉતારવાની વાત આવી છે, તો મોઢા ઉપર મલકાટ ફરી વળ્યો છે. ભલે - કોઈએ સસલાને કહ્યું કે, હું તારા શિંગડા તોડી નાખીશ. ભલે કોઈએ ગાયને કહ્યું કે, હું તારી સુંઢ કાપી નાખીશ. ભલે કોઈએ દિગમ્બરને કહ્યું કે હું તારા કપડા ચોરી લઈશ. ભલે કોઈએ આકાશને ધમકી આપી, બાળી નાખીશ તને, શું કરે બધા ? મલકે !!

" ભય એ મારું નહિ, મારું એ નવિ ભય,
ઝંઝાવાતો ની પરવે, જ્ઞાની મન મલકાય "

જે ભય છે એ મારું નથી, જે મારું છે એ જતું નથી, ગમે તેટલા ઝંઝાવાતો આવે, જ્ઞાની શું કરે ? એ માત્ર મનમાં મલકાયા કરે ! ખંધક મુનિને કહેવામાં આવ્યું કે તમારી ચામડી ઉતારી દેવાની છે, અમે ઉતારવા આવ્યા છીએ, અને ખંધક મુનિ મલકે છે, મલકાટના બે કારણ હતા, પહેલા નંબર નું કારણ :- જે ચામડી ઉતારી દેવાની વાત સેવકો એ કરી, એ ચામડી એમની હતી નહિ, બીજા નંબર નું કારણ :- ચામડી શરીરની હતી, આત્માની હતી નહિ પણ આત્મા એમાં ભળે નહિ, જ્ઞાતા-દ્રષ્ટા ભાવે, સાક્ષી ભાવે, એ ઘટનાને જોયા કરે, તો આત્માને એકદમ લાભ થયા વગર રહેવાનો નથી !

સભાનો પ્રશ્ન :- સાહેબ, આપે જે આગળ વાત કરી, જિનકલ્પ ની, તો જ્યારે એ જિનકલ્પ સ્વીકારે ત્યારે પોતાના શિષ્યોનું શું કરે ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- આ ચોથા આરાની વાત છે, પાંચમા આરાની અંદર જિન-કલ્પ હોતો નથી. સાડા નવ પૂર્વનું જ્ઞાન, પહેલું સંઘયણ જોઈએ અને ચોથા આરાની અપેક્ષા એ જોઈએ, તો ચોથા આરાની અંદર MAXIMUM TIME, અથવા મહાવિદેહ ની અંદર ALWAYS ચોથો આરો હોય, એની અપેક્ષા એ જોઈએ તો, ગુરુનું આયુષ્ય કેટલું ? મહાવિદેહની અંદર ઉત્કૃષ્ટ આયુષ્ય અત્યારે માણસોનું, એક કરોડ પૂર્વ જેટલું છે. એક પૂર્વ બરાબર ૭૦,૫૬૦ અબજ વર્ષ.

સીમંધર સ્વામી ભગવાનનું આયુષ્ય, ૮૪ લાખ પૂર્વ. સીમંધર સ્વામી ભગવાનના ઘણા શિષ્યો એવા હોય, જેમનું ૮૫ લાખ પૂર્વ આયુષ્ય હોય, ૯૦ લાખ પૂર્વ આયુષ્ય હોય, ૯૨ લાખ પૂર્વ આયુષ્ય હોય, ૯૫ લાખ પૂર્વ આયુષ્ય હોય, અને એક કરોડ પૂર્વ આયુષ્ય વાળા પણ ત્યાં, મહાત્મા ઓ હોય, ઓછી પણ હોય !

જેમણે આઠ વર્ષે દીક્ષા લઈ લીધી - એમનું આઠ વર્ષ ઓછા, એટલું પૂર્વ કોટી, એટલા વર્ષનું સંયમ હોય, હવે આમા ગુરુની કેટલી ઉંમર થઈ ને આ બધું ગણવા જોઈએ ને તો કંઈ મેળ જ પડે નહીં. લાખો, ને કરોડો ને અબજો વર્ષો ના પર્યાયો હોય, NUBER ONE !!

NUMBER - 2 - આ સવાલ ના જવાબ ના સંદર્ભ માં કહું, કે શાસ્ત્રીય વ્યવસ્થા એવી છે કે જે મહાત્મા સાડા નવ પૂર્વથી આગળ વધી ગયા, દસમું પૂર્વ જેમણે પુરું કરી દીધું, એ મહાત્મા ની જિનકલ્પના સ્વીકારનો અધીકાર નથી. એ મહાત્મા ની જિનકલ્પના સ્વીકારની

શનિવાર

DATE 19 12 2020

PERMISSION મળે નહિ, એ મહાત્મા પોતે પણ વિવેકથી જિનકલ્પ નો સ્વીકાર કરે નહિ. અતિશય વિદ્યાઓ, ચમત્કારિક શક્તિઓ, આ પૂર્વની અંદર રહેલી છે, અને જેમની પાસે આ જ્ઞાન સંપૂર્ણ આવી ગયું, એ મહાત્મા, શાસન ની વિશિષ્ટ પ્રભાવના કરે, ગચ્છનું વિશિષ્ટ સંચાલન કરે, અને આવી બધી શક્તિઓ એમની હોય, અને એ કહે ના હું તો મારા આત્માનું કરું, હું તો આ ચાલ્યો જંગલમાં, તો એ મહાત્માને પ્રાયશ્ચિત આવે.

પોતાની ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ સાધનાને-આરાધના કરતા પણ, શાસનની સેવા, સંઘની-સેવા, ગચ્છ નું સંચાલન, એનાથી થતી નિર્જરા-વધારે છે. જિનકલ્પ થી મળતી નિર્જરા, એ હજાર-કરોડની નિર્જરા, સ્થુલઅપેક્ષા એ કહી શકાય, અને શાસન ની સેવા, સંઘની સેવા, એનાથી મળતી નિર્જરા એ લાખ કરોડની નિર્જરા, સ્થુલદ્રષ્ટિ એ કહી શકાય! અને એના માટે ગુરુ પાસે એ જેટલું જ્ઞાન છે, તો ગુરુ જિનકલ્પ ના લે, શિષ્ય જિનકલ્પ લે, ગુરુને યોગ્યતા લાગે તો અનુજ્ઞા આપે. NUMBER 2.
ગુરુ પાસે ધારો કે દસમું પૂર્વ નથી, સાડા નવ પૂર્વ જ છે, પણ એ બધાએ જિનકલ્પ લઈ લેવો, એવો નિયમ નથી. ખુબ જ સત્વ જોઈએ, ખુબ જ શારીરિક શક્તિ જોઈએ, ગમે તેવા ઉપસર્ગો આવે, અને એની સામે સમાધિ ટકે, એવી જેમની ધૃતિ, શક્તિ હોય! એવી જેમની સંઘયણ શક્તિ હોય, PRACTICE માં જે બધે પાર પડ્યા, એ છે.

**ANSWER NUMBER THREE :-** જે શિષ્ય હોય એમના સાડા નવ પૂર્વ થઈ ગયા હોય, ગુરુના ના થયા હોય, આવુ

શનિવાર

DATE 19 12 2020

પણ બને, વજ્રસ્વામી જેમણે પોતાના ગુરૂ પાસે જેટલું જ્ઞાન હતું, એટલું જ્ઞાન લીધું, આગળના પૂર્વ ભણવા માટે, બીજા આચાર્ય ભગવંત ભદ્રગુપ્ત સૂરી-મહારાજ, એમની પાસે ભણવા ગયા, અને ત્યાં પોતે દસપૂર્વ સુધી ભણીને આવ્યા, એટલે એમના ગુરૂ પાસે એમના જેટલું જ્ઞાન ન હતું, તો કોઈ સમર્થ એવું બને, પહેલું સંઘયણ છે, ચોથો આરો છે, શિષ્યના સાડા નવપૂર્વ થયા, જિનકલ્પની PRACTICE કરી, યોગ્યતા એમની છે. ગુરૂના બે પૂર્વ-ચારપૂર્વ થયા હોય, શિષ્ય આગળ વધ્યા હોય, શિષ્ય જેટલી જ્ઞાન વગેરે ની યોગ્યતા ગુરૂમાં ન આવી હોય, માટે ગુરૂ જિનકલ્પ ના લે, અને શિષ્ય જિનકલ્પ લે, એવું પણ બની શકે.

ANSER NUMBER 4 :- શિષ્યોનું શું થાય? તો ક્યાં એ પ્રશ્ન ઉભો છે કે ભાઈ શિષ્યોનું શું થશે? શું થાય? ત્યાં કોઈને જિનકલ્પ લેવાનો અધિકાર નથી. બધી જ વ્યવસ્થા બરાબર કરવી પડે. બહુ સરસ મજાની વાત હરીભદ્રસૂરી મહારાજ, પંચ વસ્તુક ગ્રંથની અંદર કરે છે.

નિપ્ફાઇઉણ સીસે

અભ્યુદ્યત વિહાર કે અભ્યુદ્યત મરણ કે જિનકલ્પ નો સ્વીકાર, યા અંતિમ આરાધના, સંલેખના અનશન ની શરૂઆત કોણ કરે? જેમણે શિષ્યો ને દીક્ષા આપી, ગ્રહણ-આસેવન શિક્ષા આપી, ભણાવી ગણાવી ને ગીતાર્થ બનાવ્યા, સમર્થ બનાવ્યા. કહાય ત્યાં સુધી શક્ય ના બન્યું, તો સમર્થ ને સોંપી દીધા, જે આ આરાધનાના માર્ગે જઈ શકે. શિષ્યો ને ગચ્છ ની રખડતા મુકીને, જે પોતાની

આરાધના ના માર્ગે આગળ વધો, એને પ્રાયશ્ચિત આવે એને આરાધના ન કહેવાય, એને વિરાધના કહેવાય. આનાં ઉપરથી તમે પણ સમજો, તમારામાં એક વર્ગ છે જેને આરાધના સાથે કંઈ લેવા દેવા નથી. તમારામાં એક વર્ગ છે, જેને પોતાની આરાધના કરી લેવી છે. સંઘ અને શાસનના કોઈ પણ પ્રશ્નો આવે, ત્યારે જે વિરાધનામાં બેઠા છે, એમને ય કંઈ પડી હોતી નથી, જે આરાધનામાં જ બેઠા છે, એમને ય કંઈ પડી હોતી નથી, તો એ લોકો નું આ બહુ મોટું અજ્ઞાન હોય છે, કે તેઓ આરાધનામાં છે !

જ્યાં સુધી સંઘ સીદાય, શાસન સીદાય એવી એ વાત નથી કે તમે પુજા એ છોડો ને સામાયિક એ છોડો ને, વ્યાખ્યાન એ છોડો, ને બસ કંઈને કંઈ કામ-માં લાગી મજો, એવી એ વાત નથી. પણ તમને શાસન સાથે કંઈ આત્મીય ભાવ જ ના હોય, સંઘ પ્રત્યે ની-લાગણી જ ના હોય, તમારો સ્થાનિક સંઘ, એનું દેરાસર, એનો ઉપાશ્રય, એનું આયંબિલ ખાતુ, એની પાઠશાળા, એની સુચારુ વ્યવસ્થા, શાસન ઉપર આવતા આક્રમણો, એનો વિચાર, તીર્થો ઉપર આવતા આક્રમણો એનો વિચાર, આના પ્રત્યે તમારા મનમાં, કોઈ જ લાગણી ના હોય, કોઈ વિચાર ન હોય, એના માટેની કોઈ બળતરા ના હોય, તમારો જીવ કપાઈ ન જતો હોય, તમે ઠંડે કલેજે તમારી આરાધના કરી શકતા હો, સંઘ-અને શાસનની ઉપેક્ષા સાથે, તો સમજી લો કે એ આરાધના નું તમને કદાચ કંઈક દ્રવ્ય ફળ મળશે, એ આરાધના થી કદી પણ તમારો મોક્ષ ના થઈ શકે. જે આરાધના થી કદી તમારો આત્મવિકાસ ન થઈ શકે, અને તાત્વિક દ્રષ્ટિ એ એને આરાધના જ ન કહેવાય. જે સમ્યક્ત્વ વગરની આરાધના કહેવાય, અને સમ્યક્ત્વ વગરની આરાધના, એનું

શાસ્ત્રીય દ્રષ્ટિએ કોઈ જ મુલ્ય નથી. બધી જ આરાધના એ મીંડા છે "સમ્યક્ત્વ" એ એકડો છે, સમ્યક્ત્વ વગરની આરાધના, એકડા વગરના મીંડા જેવી છે. તમારામાં BASE જ નથી, પાયો જ નથી, લાગણી જ નથી, સંઘ-શાસન મારું આ સંવેદના જ નથી. શાસનના કોઈ પણ પ્રશ્નમાં કુદી જ પડીએ, તમારી પાસે આ સંવેદના નથી, હું તમને કહું કે તમારી આરાધના એ પણ તમારી ભ્રમણા છે. તમારો એક સ્વાર્થ છે, તમારી એક જીદ છે, તમે તમારી ધુનમાં જે પકડ્યું, તે પકડ્યું, હવે તેને છોડું નહિ, કોઈ ગીતાર્થ મહાત્મા આવે તો પણ ના છોડું, કોઈ ગણધર ભગવંત આવે તો પણ ના છોડું, કોઈ તીર્થંકર સમભવે તો એ ના છોડું મેં પકડ્યું એ પકડ્યું, આરાધના છોડવાની વાત નથી, પણ લાગણીપૂર્વક આરાધના કરવાની વાત છે.

તમે દેરાસર જઈ રહ્યા છો, રસ્તામાં કચરો દેરાસરના COMPOUND માં પડ્યો છે, તમે એ કચરો ના હટાવો, તમે સીધા દેરાસરમાં પહોંચી જાઓ, લાઇનમાં જઈને ઉભા રહી જાઓ, લાગ મળે તો ઘુસી જાઓ, ગભારામાં પહોંચી જાઓ, ને પૂજા તમે 3 વાર બધું જ બરાબર કરી દો,
એ પૂજા અધુરી છે
એ પૂજા વાસ્તવીક નથી
એ પૂજા તમારી એક જીદ/ધુન TYPE છે.

જેથી તમને ભગવાન સાથે સાચો આત્મીય ભાવ જ નથી, જ્યાં ભગવાનના આંગણામાં પડેલો કચરો તમને નડતો નથી, દુર કરવા જેવું લાગતું નથી, તમારી DUTY નથી લાગતી,

તમારે એમાં કંઈ જ લાગતું - વળગતું નથી. આવી એ તમારી ભૂમિકા છે, ત્યાં તમારી પૂજા સાચી કઈ રીતે કહી શકાય ? હવે આ જ તમને ઘટના કહું. પૂજા કરીને તમે જઈ રહ્યા છો, તમારા ઘરના આંગણામાં આગળ જ કચરો પડ્યો છે. તમને ચેન પડતું નથી. તમે બુમાબુમ કરો, યા ઘરના સભ્યો ને કે નોકરને ધમકાવો. નોકર ના હોય અને તમારું જ કામ એને સમજો, અને તમે એ લઈને કચરો દૂર કરો. હું કહું છું બસ આટલામાં તમારો આખો GRAPH નીકળી ગયો, કે તમે ક્યાં છો !

જિનકલ્પ એટલે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સંયમ. ક્યાંય એક પણ અપવાદ લેવાનો નથી. સૂર્યાસ્ત થઈ ગયો, એક પગલું પણ ચલાય નહિ, જંગલ છે તો જંગલમાં - ઉભા રહી જવાનું, અને સિંહ આવ્યો ને તરાપ મારે - કૂદી પડતો હોય સિંહ, હમણાં ફાડી નાખે, બે જ સેકન્ડની વાર છે, હલવાનું સુદ્ધા નહિ, બચતો, સિંહ ફાડી જાય, સહન કરી લેવાનું, એક પણ અપવાદ સંયમ જીવનમાં લેવાનો નહિ, એનું નામ જિનકલ્પ !

अच्छिमलं पि णावणेइ।

આંખનો મેલ પણ કાઢવાનો નહિ, એનું નામ જિનકલ્પ! જે સ્થવીર કલ્પ છે, ક્યાં અપવાદ છે, ક્યાં અપેક્ષાએ નીચું સંયમ છે, એમાં પણ રહીને સંઘ અને શાસનના કામ કરવાના હોય, હું મારું કરી લઉં આવું ના વિચારવાનું હોય, ને આવું વિચારે તો, એ મહાત્મા કશું સમજ્યા જ નથી, એમ કહેવાય ! હું તમને કહું તમારી - આરાધના માટે પણ નહિ, તમારા સંસાર માટે, તમારા મોજશોખ માટે, તમારા પૈસાની મુનાફા માટે, તમારા પરિવાર ના મોહ માટે, તમે સંઘ અને શાસનને ગૌણ કરો, એનું કેટલું પાપ લાગતું હશે ?

[ વચ્ચે આવવું ]

ભાવિકનો પ્રશ્ન :- સાહેબ બધે તો INTERFEAR કઈ રીતે કરીએ ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- આપણી છે ને અમુક સજ્જનતા હોય છે. કે INTERFEAR આપણે ના કરવું અને એ સજ્જનતા છે ને બધી ધર્મ સ્થાનોમાં પ્રગટતી હોય છે. આપણે ભાઈ વિવાદમાં માનતા નથી. ભાઈ જે થયું એ, દહેરાસરનો ભંડાર ચોરાયો તો ભલે ચોરાયો, અહીંયા ઉપાશ્રયમાં વંદન કરવા આવે એના બુટ જતા રહેતા હોય તો એ જતા રહેતા, આપણે વિવાદ કરતા નથી. ભગવાને રાગ-દ્વેષ કરવાની ના પાડી ! ભગવાને સમ ભાવમાં રહેવાનું કહ્યું. !

પૈસા તો ભગવાને જ કહ્યું કે ખોટા છે, પૈસા કચરો છે. પૈસા પાપ છે, ગયા તો ગયા. આપણે કોઈ વિવાદ કરતા નથી. અને આ બધી સજ્જનતા અહીંયા પ્રગટે ને ઘરની વાત આવે ત્યાં આપણે પરમ દુર્જન થઈ જઈએ, હું તમને કહું છું કે આને INTERFEAR ના કરવું કહેવાય કે આને ધર્મ ની, શાસનની ઘોર ઉપેક્ષા કહેવાય ? વહીવટમાં આવો, ટ્રસ્ટી બનો, COMMITEE માં આવો તો જ સંઘની સેવા કરી કહેવાય ?

તમારા પ્રશ્નો આ છે, સાહેબ અમારે સંઘની ઘણી સેવા કરવી છે. અમારે ઘણા કામો કરવા છે, આ લોકો અમને આગળ આવવા દેતા નથી. હું તમને કહું આનો સીધો અર્થ એ છે કે અમને આગળ આવવા દે તો અમે સેવા કરશું. જેનો અર્થ એ છે કે અમારે આગળ આવવા માટે જ સેવા કરવી છે. એનો

શનિવાર

DATE 19 12 2020

અર્થ એ છે કે એમને આગળ આવવા ન મળે તો અમારે હરગીઝ સેવા નથી કરવી. એનો અર્થ એ છે કે સેવા નો કોઈ MEANING (મતલબ) જ નથી, આગળ આવવું એ જ સાર છે! એનો અર્થ એ છે કે એ અમને આગળ ના કરો તો અમને ધર્મમાં, શાસનમાં, આત્મામાં, પરલોકમાં, ભગવાનમાં, અમને કોઈ જ રસ નથી. હું તમને પુછુ કે આ ભુમિકા એ કઈ ભુમિકા કહેવાય ?

EXTREMELY IMPORTANT

હું તમને કહું, દાસ બનીને, સેવક બનીને, સેવા કરવી, આમાં તમને શું INTERFEARANCE લાગે છે ? તમારે શેઠ બનવું હોય તો બધી તકલીફ છે, આપણી અત્યારની શાસન ની સૌથી મોટી તકલીફ આ છે, બધાને શેઠ બનવું છે! તમારી પાસે SEAT હોય તો તમે સેવા કરી શકો, કે SEAT ન હોય તો તમે સેવા કરી શકો ?

છગને સમાજસેવા કરવા માંડી, એને લોકો આવ્યા ને વખાણ કર્યા ને, અનુમોદના કરી છગનની કે આજકાલ તમે સમાજસેવા કરવા માંડી છે, બહુ કહેવાય. છગને કહ્યું કે હમણાં થોડી કરી લઈએ, પછી રાજકારણમાં પડ્યા પછી છે ને, સેવા માટે નો વખત રહેવાનો નથી! લાખ બહાના આપણી પાસે છે, લાખ બહાનાના જવાબો પણ છે, છાતી ઉપર હાથ રાખીને આપણો, આપણને - પુછીએ, ઘરમાં પણ તકલીફ છે, ઘરમાં પણ મનમનના સ્વભાવો છે, ઘરમાં પણ તમારું માન રહેતું નથી, ઘરમાં પણ તમારા અપમાનો થાય છે, ઘરમાં ય ઘણી આંટીઘુંટી છે, ઘરમાં ય ઘણી તકલીફ છે, છતાં ય ઘરની દરેક બાબતમાં તમે ઉંડા ઉતરો છો. તમને ચુપ કરી દેવામાં આવે તો એ તમે બોલો છો, અને છેક સુધી, જે જે તકલીફ હોય એ દુર કરવા માટે

તમારો મન પરફી ફો છો, અને અહીંની તકલીફ તમને તમારી તકલીફ જ ન લાગતી હોય, આનો અર્થ શું છે ?

આપણે કેવા જૈન ?

આપણે કેટલા જૈન ?

આપણે ભગવાનના ભક્ત ખરા કે નહિ ?

આપણે ભક્ત કેટલા ? આપણી ભક્તિ કેટલી - આપણી શાસન સાથેની લાગણી કેટલી ? કેટલી સંઘ સાથેની આત્મીયતા ? આ પ્રશ્નો આપણે, આપણને પુછવા જેવા છે !

તીર્થોગાલી પયન્ના ની અંદર, બહુ સ્પષ્ટ કહ્યું છે કે, જે શ્રાવક છે, એક રાતે જાય છે, કંદમુળ જાય છે, હોટલમાં જાય છે, નવકારશી નું પચ્ચક્ખાણ સુધ્ધા કરતો નથી, અડધો કલાક પહેલા એનો નાસ્તો થઈ જાય છે, જેને બારવ્રતના નામ સુધ્ધા આવડતા નથી, જેને કશો ગતાગમ નથી, એને ખબર પડી છે પણ આ બધી બાધા/નિયમ કરવાનો ઉલ્લાસ નથી !

બીજો શ્રાવક છે, ઉકાળેલું પાણી પીવે છે, બેસણા કરે છે, બે ટાઈમ પ્રતિક્રમણ કરે છે, અષ્ટપ્રકારી પૂજા કરે છે, ગુરુવંદન કરે છે, સામાયિક કરે છે, પ્રવચન સાંભળે છે, પૌષધ કરે છે, ઉપધાન કરે છે. પહેલા નંબરના શ્રાવક કોઈજ વ્રત નિયમ, આચારનું પાલન નથી, પણ શાસનની ભક્તિ અવિહડ છે, એને ખબર પડી ભંડાર - ભગવાનની ચુરાયો છે. દોડી આવે દેરાસરમાં,

પોલીસ પાસે ફરીયાદ નોંધાવે, CORPORATION માં જાય, ફલાણે જાય, ઢીંકણે જાય, હરગીઝ નહીં ચાલે, મારા ભગવાનનો ભંડાર તૂટે જો! કેસો કરી જાય, જ્યાં સુધી ચોર નહીં પકડાય ત્યાં સુધી હું ખાવાપીવાનો નથી, મારા ભગવાનનો ભંડાર આ રીતે ચોરી જાય, ઓડીજામણી નું જીનર નથી, આ મારા ભગવાનનું દહેરાસર છે, મારા ભગવાનનો ભંડાર છે, તાકાત છે કોઈની એની સામે નજર સુધ્ધા કરે, એ શ્રાવક ની ભૂમિકા આ છે.

બીજ તમારી ભાષામાં, તમારી પરિભાષામાં, સાધક શ્રાવક, ભંડાર તુટ્યો છે, હા ભાઈ ઠીક છે, આ ટ્રસ્ટીઓનું બધું નથી બરાબર, આવું જ બધું છે, હવે શું કરીએ, આપણાથી શું થાય? ઘરે જઈને, ઠંડક થી પોતાના ચા-પાણીમાં, કામમાં પરોવાઈ જાય છે. ધારોકે બંને શ્રાવક આવા TYPE ના છે, બંનેની આવી સ્થિતિ છે, ભગવાનને પ્રશ્ન કરવામાં આવ્યો કે આમાં કયા શ્રાવક ઉંચા કહેવાય, કયા શ્રાવક નીચા કહેવાય? કયા સારા કહેવાય? કયા ખરાબ કહેવાય?

આ બેમાં અમારે શું સમજવું?

એને તીર્થોગાલી પયન્નાની અંદર જવાબ આપ્યો છે.

જિણસાસણભત્તીઓ વરમિહ ણિયમસીલવિહૂણો વિ।

જિનશાસન એના પ્રત્યેની ભક્તિ, જે જૈના હૃદયમાં છે, એને કોઈ નિયમ વ્રત વગેરે ના હોય, તો એ સારો છે.

ણ ય ણિયમપરો વિ જઓ જિણસાસણબાહિરમઇઓ।

ગમે તેટલા નિયમો, વ્રતો, તપો, સાધનાઓ એની અંદર હોય, પણ શાસનની અવિહડ ભક્તિ નથી, શાસનની અવિહડ અનુરાગ નથી, શાસન માટે કરી છુટવાની તમન્ના

નથી, સંઘપ્રત્યે લાગણી ભાવ નથી, આત્મીય ભાવ નથી. આરાધના પતાકા ગ્રંથ કહે છે,

किं मज्झ त्ति निरुच्छाहा हवंति जे सव्व संघकज्जेसु।

આમાં મારું શું ? એમ જે સંઘના બધા જ કાર્યોમાં નીરઉત્સાહ રહે, ઉદાસીન રહે, દૂર રહે, આંખ - આડા કાન કરે, ગુટલી મારે, પડે જ નહીં કાંઈ,

ते देवसमिइबज्झा दुप्पिच्छा हुंति सुरमिच्छा ॥

એમણે કરેલો વરસીતપ, એમણે કરેલું ઉપધાન, એમણે કરેલી સામાયિકો, એમણે કરેલી આરાધનાઓ, એના ફળ સ્વરૂપે એ એમને દેવલોક મળી પણ જાય, ત્યાં પણ એમને હલકા દેવ બનવું પડે, હલકી ભક્તિના બનવું પડે, દેવોના ઉત્સવોમાં, સભાઓમાં, એમની ENTRY સુધ્ધા ના હોય, કોઈ દેવ એમનું મોઢું સુધ્ધા ના જુએ, એવા હલકામાં હલકા દેવ એમને બનવું પડે.

ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ આરાધના છે,

શાસન રાગ ! ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ આરાધના છે, સંઘ પ્રત્યેનો આત્મીય ભાવ ! જેના વગર બધી જ આરાધના FAIL થઈ જાય, અને જે આરાધના હોય એ બીજુ આરાધના ન હોય તો એ તમે આરાધક કહેવાઓ, એ જ ઉત્કૃષ્ટ આરાધના હોય શકે. જેને આ એ કહી શકાય, સમ્યગ્ દર્શન એ જ ઉત્કૃષ્ટ - આરાધના ! કારણકે એ હોય તો બધી આરાધના સફળ છે. સમ્યગ્દર્શનનો અર્થ છે સંઘ સાથેનો આત્મીય ભાવ, સમ્યગ્ દર્શનનો અર્થ છે, શાસન પ્રત્યેનો અવિહડ અનુરાગ, સમ્યગ્ દર્શનનો અર્થ છે, દેવ-ગુરુ પ્રત્યે ઉછળતો ભક્તિ ભાવ ! જો એ નથી, તો આપણે,

આંધળી દળે, અને કુતરી ચાટે !

એવી કહેવતના EXAMPLE (ઉદાહરણ) બની રહ્યા છીએ. ગોલીરના થી વિચારજો. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ.

રવિવાર

# વ્યાખ્યાન નંબર - 103

DATE 20 12 2020

પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા,

* સમગ્ર વિશ્વના અંતરંગ સૂત્રધાર,
* સમગ્ર વિશ્વની હોનારતો ના સર્જનહાર,
* સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર,

એવા અજ્ઞાનનો પર્દાફાશ કરી રહ્યા છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને સમજાવવા માંગે છે કે તમારા બધા દુઃખોનું મૂળ એ અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી. તમારી દોટ એના માટે છે કે તમારું ગમતું મળી જાય, તમારી દોટ એના માટે છે કે તમારું ફાવતું મળી જાય, ભાવતું મળી જાય, તમને જે ગમે એની પાછળ દોડો એમાં આખી જિંદગી તમે વીતાવી દો છો. તમને ખબર નથી કે ગમતું તમને મળશે માટે તમે સુખી થશો, એવા તમારા સમીકરણ અને ગણિત જ ખોટું છે.

ગમતું અને અણગમતું તમારું જ્યારે જતું રહેશે ને, ત્યારે તમારા દુઃખોનો અંત આવવાનો છે. ને આ ગમતું અને અણગમતુંનું કોઈ મૂળ હોય તો એ અજ્ઞાન છે. તમારી અને તમારા સુખોની વચ્ચે એક જ દિવાલ છે, જેનું નામ છે અજ્ઞાન. આખી જિંદગી એ અજ્ઞાનની દિવાલને ચણવામાં, વધુ લાંબી ને પહોળી કરવામાં, ઊંચી કરવામાં, ઊંડી કરવામાં, તમે તમારી જિંદગીને વેડફી નાખી છે. હકીકતમાં એ અજ્ઞાનની દિવાલને તોડી પાડવાની હતી, તો તમને સુખો મળે.

OFFICE દ્વારા, ઘર દ્વારા, પરિવાર દ્વારા, હોટલ દ્વારા, થિયેટર દ્વારા, વિજાતીય પાત્ર દ્વારા, પાંચે ઇન્દ્રિયોના વિષયો ના સંપર્કો દ્વારા, આપણે આપણા અજ્ઞાનને વધારે ને વધારે ચણવાનો પ્રયાસ કરીએ છીએ, જેને ચૂર-ચૂર કરી નાખવાનું

હતું, જેને તોડી નાખવાનું હતું, જેનું નામો-નિશાન-મીટાવી દેવાનું હતું, એમને જ તગડું કરવાનું કામ કરીને મનને વધુ દુઃખી કરવાનું કામ આપણે કરીએ છીએ, એ જ આપણી બહુ મોટી કમનસીબી છે.

વૈદિક પરંપરાની અંદર, એક અદ્ભુત શ્લોક આવે છે, એક કર્મયોગ છે ને બીજો જ્ઞાનયોગ છે. એક દોડવાનું છે, આ જોઈએ, તે જોઈએ, સંસારની દોટ છે, પૈસાની દોટ છે, વ્યવહારોની દોટ છે, એક આ દોટ છે, જેને કર્મવિધિ કહી શકાય, જેમાં કંઈ ને કંઈ કરવાનું છે.

એક બીજી દોટ છે જેનું નામ છે જ્ઞાનવિધિ જેને જ્ઞાનયોગ કહી શકાય, જેમાં સમજવાનું છે.

इष्टं च मे स्यादितरच्च न स्यात् एतत्कृते कर्मविधिः प्रवृत्तः।

બધી જ કર્મવિધિનું હાર્દ આટલું જ છે કે, મારું ઈષ્ટ થાય, અને મારું અનિષ્ટ ન થાય. હું તમને પુછું આપણી આખી જિંદગી, આનો ઉદ્દેશ શું?

## ગમતું મળે, અણગમતું ટળે!

મને જે ગમે છે એ મને મળી જાય, મને જે નથી ગમતું એ બધું ટળી જાય, એના માટે કર્મવિધિ, આના માટે જીવન, એના માટે સંસાર, આના માટે બધી ભાગદોડ,

"જે નથી એ જ પામવાના કોડ છે,
માટે જ આ બધી ભાગદોડ છે!"

इष्टं च मे स्यादितरच्च न स्यात्।
ઈષ્ટ થાઓ, અનિષ્ટ ન થાઓ,
एतत्कृते कर्मविधिः प्रवृत्तः।

આના માટે જ કર્મવિધિની પ્રવૃત્તિ થાય છે.
इष्टं चानिष्टं च न मां भजेतेत्यर्थं तत्कृते ज्ञानविधिः प्रवृत्तः ।
પણ મને ઈષ્ટ જેવું જ કંઈ ના રહો, મને અનિષ્ટ જેવું જ કંઈ ના રહો, આના માટે જ્ઞાનવિધિ ની પ્રવૃત્તિ થતી હોય છે.

બાળક હોય ને, બાળક સાથે કામ-લેતા-લેતા ભલભલા મા-બાપ થાકી જતા હોય છે. જે બિલકુલ જરૂરી ના હોય એ એના માટે બહુ જ જરૂરી હોય, જેની જરૂર જ ના હોય, એ એના માટે જરૂરી હોય. જે બોજ બની જાય એવું હોય, એ ય એના માટે જરૂરી હોય. જે DAMAG બની જાય એવું હોય, એ ય એના માટે જરૂરી હોય, અને જે ખરેખર જરૂરી હોય, એને એની કંઈ પડી જ ના હોય. બાળક સમજતો જ નથી. એને સમજાવતા... સમજાવતા થાકી જવાય છે. અને ઘર છેવટે, કકળાટનું ઘર બની જાય છે.

આપણી સાથે, આપણી ભીતર, આપણી અંદર પણ એક પ્રકારનું બાળક છે, જેનું નામ છે "અજ્ઞાન"! જેની જરૂર હાસ્યાસ્પદ છે. જરૂરી નું જેને કશું જ મુલ્ય નથી, અને જીવન-છેવટે કકળાટનું જીવન બની જાય છે. સિદ્ધર્ષિ-ગણિ મહારાજ આપણને પ્રેમથી સમજાવી રહ્યા છે,
अज्ञानं परमो रिपुः ।
તારો કોઈ પરમ દુશ્મન, પરમ શત્રુ, હોય તો એનું નામ છે "અજ્ઞાન"!

માળવા દેશ, ધારા નગરી, અને રાજા ભર્તૃહરી હતો. એકાએક એમને વૈરાગ્ય થયો, રાજ-પાટ છોડીને સંન્યાસ એમણે લઈ લીધો. ભર્તૃહરી ચાલી નીકળ્યા. રાજ સિંહાસન સુનુ પડ્યું અને ભર્તૃહરી ની વિદાય બાદ, નવા રાજા નિમવાની જરૂર

હતી, નવા રાજા નિગ્રાય ને એની પહેલા, એ રુના પહેલા રાજ સિંહાસનમાં, વૈતાળે અધિષ્ઠાન કર્યું. શાસ્ત્રમાં એક પદાર્થ આવે છે,

सव्वं च लक्खणोवेयं समहिट्ठन्ति देवया ।

જે વિશિષ્ટ વસ્તુ હોય, લક્ષણ સંપન્ન વસ્તુ હોય, એમાં દેવતા અધિષ્ઠિત થાય. ષોડશક પ્રકરણની અંદર હરીભદ્ર-સૂરી મહારાજએ કહ્યું છે કે, કોઈ પણ મુર્તિ બને, પછી-વહેલામાં વહેલી તકે એની અંજનશલાકા કરી દેવી જોઈએ.

निष्पन्नस्यैवं जिनबिम्बस्य प्रतिष्ठा आशु ।

જો જલ્દીમાં જલ્દી અંજનશલાકા/પ્રાણ પ્રતિષ્ઠા ન કરી દેવામાં આવે, સંભવિત છે કે એની અંદર બીજા કોઈ દેવનું-અધિષ્ઠાન થઈ જાય. એને આપણે જે ભગવાનની-પ્રાણ પ્રતિષ્ઠા કરવી છે, એ કદાચ પુરે પુરી ના પણ થઈ શકે. જેટલી લક્ષણ સંપન્ન વસ્તુ, લક્ષણ સંપન્ન મુર્તિ હોય-શકે, લક્ષણ સંપન્ન વૃક્ષ હોય શકે, લક્ષણ સંપન્ન નદી હોય શકે, લક્ષણ સંપન્ન તળાવ હોય શકે. દેવ નમે કુઓ નો ગામડામાં ક્યાંક ક્યાંક દેવી અનુભવો થતા હોય છે. શહેરની અંદર દેવોનો લગભગ અનુભવ નહીં થાય કારણ કે, શહેર આખું નમારું અપલક્ષણિયું થઈ ગયું છે. જેની અંદર કોઈ ઠેકાણા નથી, જેની અંદર કોઈપણ પદ્ધતિ નથી, SYSTEM નથી, ધુમાડા છે, ગંદકી છે, વાયરસો છે.

જ્યાં પ્રાકૃતિક વાતાવરણ નથી, જ્યાં લક્ષણ નથી. બત્રીસ લક્ષણો પુરુષ હોય ને દેવતાઓ પણ એનું સાંનિધ્ય કરે

सव्वं च लक्खणोवेयं समहिट्ठन्ति देवया ।

અભય કુમાર ને આદેશ થાય છે કે, ચેલ્લણા માટે-એક દંડિયો પ્રાસાદ બનાવવો છે મહેલ બનાવવો છે, અભય કુમાર આદેશ કરે છે, શિલ્પીઓને અને શિલ્પીઓ જંગલની અંદર એવું લાકડું ગોતવા જાય છે ને, જબરદસ્ત

એક ઝાડ હોય છે, એનું થડ બેનમુન હોય છે. એ ઝાડ ને કાપવા જાય છે ને ઝાડની અધિષ્ઠાયક દેવ હોય છે, એ કહી દે છે કે આખો મહેલ હું બનાવી દઈશ. આ મારું ઘર છે આને તમે કાપો નહિ.

सव्वं च लक्खणोवेयं समहिट्ठंति देवया ।

ધારા નગરી નો રાજ દરબાર છે, રાજ સિંહાસન છે, ભર્તૃહરિ ની વિદાય થઈ છે. નવા રાજા નિમાયા નથી. સિંહાસન વૈતાલ થી અધિષ્ઠિત થયું છે. મંત્રીઓ નવા રાજા ને નીમે છે, એ રાજા એ સિંહાસન પર બેસે છે, એ વૈતાલ વિફરે છે. રાજા અંતઃપુરમાં જાય છે, શયનખંડમાં સુવે છે, વૈતાલ લોહી ચુસીને એનો પ્રાણ લઈ લે છે. રાજા મરી જાય છે રાજાની નનામી નીકળે છે, આખી ધારા નગરી આંખો ફાડીને જોયા કરે છે. ભતભતની લોકોમાં વાતો થાય છે. બે દિવસ સુધી મંત્રીઓ નવા રાજા ને શોધ્યા કરે છે પણ, કોઈ નવો રાજા થવા તૈયાર થતું નથી.

ત્રીજા દિવસે કોઈ વ્યક્તિ મળી જાય છે, નવા રાજા તરીકે એને નીમવામાં આવે છે, પછી ના દિવસે એની નનામી નીકળે છે, ને હવે ધારા નગરી જ નહિ, આજુબાજુના ગામોની અંદર પણ ચર્ચા થઈ રહી છે. મંત્રીઓ સખત મહેનત કરે છે, રાજા થઈ જાવ.. રાજા થઈ જાવ.. કંઈ નહિ થાય, અમે SECURITY આપશું, અમે ધ્યાન રાખશું પણ કોઈ રાજા થવા તૈયાર નથી. એક અઠવાડિયા ની સખત મહેનત પછી માંડ એક વ્યક્તિ મળી ને એનો રાજ્યાભિષેક થયો. ખુશખુશાલ- એ વ્યક્તિ, એનો પરિવાર ખુશખુશાલ, આખી- નગરી એને દુવાઓ આપે છે, આશિર્વાદો આપે છે, શુભેચ્છાઓ આપે છે. એનો રાજ્યાભિષેક થયો એના બીજા દિવસે એની નનામી પણ નીકળે છે.

ધારા નગરી અને આજુબાજુના હજારો ગામડાઓની અંદર, આ વાત ફેલાઈ જાય છે. લોકો ખુબ જ ચર્ચા કરવા લાગે છે. મંત્રીઓ હવે આકાશ-પાતાળ એક કરે છે, લોહીપાણી એક કરે છે. સખત મહેનત કરે છે, પણ હવે કોઈ રાજા થવા ઈચ્છે એવું કોઈ મળતું જ નથી. ધારા નગરીને આજુબાજુ ના હજારો ગામડાઓની અંદર, એક લોકવાયકા ધીમે-ધીમે આકાર લઈ રહી છે,

" મરી ને માળવો કોણ લે "

આજે પણ એ કહેવતનું અસ્તિત્વ છે, કે ભાઈ મરીને માળવો કોણ લે!

જ્ઞાની આ અજ્ઞાની ને આજ વાત કહેવા માંગે છે, તને જે વસ્તુ જોઈએ તે લે, તમે વિષય જોઈએ છે તને વિજાતીય જોઈએ છે, તને સંપત્તિ જોઈએ, તને ગલગલીયા કરાવતા સુખો જોઈએ, તને સંસાર જોઈએ, તને સંસારમાં માન-પાન જોઈએ, તને સંસારમાં સત્કાર જોઈએ, તને સંસારમાં નામના જોઈએ, તને સંસારમાં સુખો જોઈએ પણ સમજુ લે, એ જે જોઈએ છે એનું મુલ્ય છે મૃત્યુ! જે જોઈએ છે એનું મુલ્ય છે અનંત-મૃત્યુ! તુ જ વિચાર કરી લે, મરીને વિષયો કોણ લે, મરીને વિજાતીય કોણ લે?
મરીને સંપત્તિ કોણ લે?

હજુ કદાચ માળવાની અંદર, ધારા નગરીની-અંદર, હજુ કોઈ એવો મુરખનો સરદાર મળી આવે, નનામી-ઓ ગમે તેટલી નીકળે, એની એને પરવાહ નથી, કાલે શું થશે એની એને પરવાહ નથી. વૈતાલ મારું લોહી ચુસી-લેશે, મારી નાખશે, કોઈ જ પરવાહ નથી. અને ધારા-નગરીનો રાજા બનવા માટે તૈયાર થઈ જાય એવો હજુ કોઈ મુરખ નો સરદાર મળી જાય. પણ એ મુરખનો સરદાર એ જોઈ લે, અજ્ઞાન જીવની કેવી દુર્ગતિ કરે છે,

કેવો હેરાન કરે, કેવો પરેશાન કરે, અજ્ઞાન જીવનું કેવું સત્યાનાશ વાળી દે, જે બધું જો જોઈ લે તો એ મુરજ નો સરદાર પણ, અજ્ઞાનના શ્વાડે ચડવા માટે તૈયાર ન થાય. સિદ્ધર્ષિગણિ મહારાજ કહે છે, તમારો પરમ કોઈ દુશ્મન હોય, ઉત્કૃષ્ટ કોઈ દુશ્મન હોય, પરમ કોઈ શત્રુ હોય તો એ અજ્ઞાન સિવાય બીજું કોઈ જ નથી.

તમે તમારા શત્રુને સમજો, જ્યાં સુધી તમે તમારા શત્રુને સમજ્યા નથી ત્યાં સુધી તમે એની સાથે લડશો કઈ રીતે ?, જીતશો કઈ રીતે ?.

अज्ञानं परमो रिपुः

મરી ને "મારવો" મળે ને, આ પણ ખોટી વાત છે. કહેવત હજુ અધુરી છે, કે મરી ને માળવો કોણ લે ?, હકીકતની અંદર મરીને પણ માળવો ક્યાં મળે છે ! ચોવીસ કલાક ની અંદર જ જેનાથી તમે જનમ પછી જવાના હો ત્યાં, "માળવો" નથી મળતો હોતો "મોત" મળતું હોય છે.

☆ તિર્યંચ મળવું એટલે મોત મળવું !
☆ પૈસા મળવા એટલે મોત મળવું !
☆ સંસાર મળવો એટલે મોત મળવું !
☆ નરક મળવી, નિગોદ મળવી, કતલખાના માં ક્યાંઈ જવાનું મળવું, POULTARY FARM ની અંદર રીબાવાનું મળવું, માછીમારની જાળની અંદર તરફડવાનું મળવું, મરીને ય "માળવો" ક્યાં મળે છે !

આ વાસ્તવિકતા ઉપર "અજ્ઞાન" આખી જિંદગી પડદો પાડી ને રાખે છે, અને જીવનું ધનોત પનોત નીકળી જાય છે. રામના સેવકો ચામડી ઉતારવા આવ્યા છે ને, ખંધક મુનિ મલકે છે,

અલકાર ના બે કારણ છે, એક તો ચામડી એમની - ઉતરવાની જ નથી, કારણકે એમની ચામડી નથી. કારણકે એમનું શરીર નથી, કારણકે એ આત્મા છે. બહુ સરસ મઝાનું સૂત્ર, શ્રીઆચારાંગ આગમ આપણને આપે છે.

वोसिरे सव्वसो कायं न मे देहे परिस्सहा।

તુ બધી જ રીતે તારા શરીરને વોસિરાવી દે, છોડી દે, તારા મનમાંથી કાઢી નાખ કે તારું શરીર છે. અને જ્યારે શરીર જ જતું રહ્યું, ત્યારે પરિષહો ને ઉપસર્ગો કશું, રહેવું જ નથી, મારા શરીરમાં પરિષહો જ નથી,

न मे देहे परिस्सहा

ખંધક મુનિ મલકે છે એનુ બીજું કારણ છે, શરીર સાથે-ની વેરની લડાઈઓ લડાની હોય, એના દ્વારા જ્ઞાનીને આત્માની મલાઈ મળતી રહે ! ખંધક મુનિ સમજે છે, ઘટના ચાહે ગમે તેવી બને, ગમે તેવા પરિષહ, ગમે-તેવા ઉપસર્ગ, ગમે તેવા કષ્ટ, ગમે તેવી યાતના, ગમે તેવો ત્રાસ મારા શરીર ઉપર ગુજારવામાં આવે, તો હું એ ઘટનામાં ભળુ નહિ, મેં હું સાક્ષી ભાવે એ ઘટનાને જોય જ કરું, જો હું જ્ઞાતા-દ્રષ્ટા ભાવમાં સ્થિર રહું, તો મારું કશું જ બગડતું નથી. ઉપરથી મને ભરપુર કમાણી થાય છે. બહુ સરસ મઝાની વાત જ્ઞાનસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.

पश्यन्नेव परद्रव्यनाटकं प्रतिपाटकं।

જ્ઞાની શું કરે છે ? પરદ્રવ્ય નું જે નાટક છે, એ આ ભવચક્ર ની પોળે-પોળે, સોસાયટી-સોસાયટીએ, ગલી-ગલીએ, શેરીએ-શેરીએ, નગરે-નગરે, ગામે-ગામે, પરદ્રવ્ય નું નાટક ચાલી રહ્યું છે. માત્ર એને જોયા કરે છે.

भवचक्रपुरस्थोऽपि नामूढः परिखिद्यते।

હજુ એનો મોક્ષ નથી થયો, હજુ એ સંસારમાં જ છે, પણ એ મુઢ નથી અમુઢ છે, અજ્ઞાની નથી, જ્ઞાની છે,

એ નાસમજદાર નથી, સમજદાર છે. એ નાદાન નથી એ પ્રાજ્ઞ છે. એને કદી પણ ખેદ થાય, દુઃખ થાય, કંટાળો આવે, થાકી જાય, એ થીસ પાડી ઉઠે. આ શક્ય જ નથી.

ઈરાક અને ઈરાન ઝઘડે, અને અમેરિકા મલકે, એના જેવી આ ઘટના છે. સંસારના સુખો લેવા જવામાં, મરીને માળવા લેવા જેવી ઘટના છે એક કહેવત છે, મરી ને માળવો કોણ લે, એની સામે બીજુ કહેવત ઉભી કરી શકાય, કે મન જેવું કશું જ ના હોય તો માળવાના રાજા થઈ શકાય. અને એની સામે ત્રીજુ કહેવત પણ બની શકે, મન સાવ જ ભ્રષ્ટ થઈ ગયું હોય તો અજ્ઞાનના રવાડે ચડીને, સંસારની પાછળ પડી શકાય. અજ્ઞાની બધી જ રીતે દુઃખી થાય છે, જ્ઞાની બધી જ રીતે સુખી થાય છે.

અમેરિકાને તકલીફ તો જ થઈ શકે, જો એને ભ્રમણા થઈ જાય, કે એ ઈરાક છે. પણ અમેરિકાને એવી કોઈ જ ભ્રમણા નથી, ભલે ઈરાક તુટે, ઈરાક ફુટે, ઈરાક ભાંગે, ઈરાક ભડકે બળે, અમેરિકાને કોઈ જ ફરક પડતો નથી. અમેરિકા તો ઈરાક અને ઈરાનની લડાઈમાં પોતાની ભલાઈ શોધી ને, તગડું બનતું રહે છે. બહુ સરસ મજાની વાત આગમો કહે છે,

जेण केण उवाएण पंडिओ मोइज्ज अप्पयं

તમે બુધ્ધિશાળી ત્યારે સાચા, તમે સમજદાર ત્યારે સાચા, તમે પ્રાજ્ઞ ત્યારે સાચા, તમે પંડિત ત્યારે સાચા, જ્યારે કોઈ પણ ઉપાયથી કોઈ પણ પરિસ્થિતિમાં, તમે છુટતા જ રહો, તમે મોક્ષની તરફ આગળ વધતા જ રહો.

बालेणुइरिया दोसा ते पि तस्स हिया भवे

જે બાળ છે એણે આરોપબાજી કરી, અજ્ઞાની જીવે, જ્ઞાનીને ગાળો આપી, આરોપો કર્યા, નિંદા કરી, હેરાન કર્યા, પરેશાન કર્યા, બાહ્ય પ્રકારે એ એને દુઃખી કરવાના બધા જ પ્રયાસો અજ્ઞાની કરી દે. જ્ઞાની ના પક્ષે શું થાય?

तं पि तस्स हिया भवे

એ બધા જ ઉપાયો એ જ્ઞાનીના હિતમાં જ ઉપયોગી થાય. જેની સામે ગમે તેટલી આરોપબાજી થાય, છતાં જે આત્માની બાજુ ઝુકતો જ રહે, એનું નામ જ્ઞાની! અજ્ઞાની અને જ્ઞાની એ બે વચ્ચે બહુ મોટો તફાવત આ છે. જે છૂટતો જ રહે એનું નામ જ્ઞાની! જે બંધાતો જ રહે એનું નામ અજ્ઞાની! શરીર સાથેની જેટલી લડાઈઓ હોય, એમાં આત્માને ભલાઈ જવડાવતો રહે, એનું નામ જ્ઞાની. શરીર સાથેની જેટલી લડાઈઓ હોય, એમાં કર્મો ને ભલાઈ જવડાવતો રહે એનું નામ અજ્ઞાની.

અજ્ઞાન એ આત્માનો સૌથી મોટો દુશ્મન છે!

કારણકે આત્માના કટ્ટર શત્રુ જેનું નામ છે કર્મ, એ કર્મ ને અજ્ઞાન લાડકા કરતો રહે છે. આત્મા ને આ લોક ભય નથી, ઇહલોક ભય નથી, કારણકે કોઈ પણ મનુષ્યથી બંધકમુનિની જેમ, આત્માને કોઈ ભય નથી. આત્માને પરલોક ભય પણ નથી, પરલોક ભય એટલે આપણે જે ભવમાં છીએ, જે ગતિમાં છીએ, એનાથી જુદી ગતિના જે જીવો હોય, એમના થી ભય. સાત ભયમાં બીજા નંબર નો ભય, પરલોક ભય! એ પણ જ્ઞાનીને હોતો જ નથી. ઋષિભાષિત આગમ સૂત્ર કહે છે,

अण्णाणा जायते भयं

તમે અજ્ઞાની છો, અજ્ઞાનમાં છો, ત્યાં સુધી ભય છે. તમે અજ્ઞાન છોડી દો તો પછી કોઈ જ ભય નથી, મને કોઈ દેવ હેરાન કરી જાય, મને કોઈ તિર્યંચ હેરાન

કરી જાય, મને કોઈ નારક હેરાન કરી જાય, આવો કોઈ પણ પ્રકારનો ભય ત્યારે જ આવે છે, જ્યારે અજ્ઞાન છે. તમે અજ્ઞાન છોડી દીધું, તમે જ્ઞાનમાં આવી ગયા, પછી પરલોક ભયની કોઈ જ સંભાવના નથી. જ્ઞાનીની દૃષ્ટિમાં પરલોક ભય શું છે ?
મને કંઈ થઈ જશે, મને આમ થઈ ગયું તો, મને તેમ થઈ ગયું તો, આવું જે કંઈ પણ છે, આ બધી વસ્તુ શું છે, આનું નામ ભય છે, આનું નામ ડર છે.

## પરલોક ભય એ જ્ઞાનીની દ્રષ્ટિમાં એક JOKES છે.

ધરતી આકાશ ને જોઈ રહી છે ને આકાશ ને જોઈને ધ્રુજી રહી છે, ગભરાય રહી છે. આકાશ જો નીચે પડ્યું, ને હું કચડાઈ ગઈ તો ? દરીયાના કિનારે કોઈએ ચુલો પેટાવ્યો છે, રેતીની અંદર અને એના ઉપર રસોઈ કરવા માટે, કોઈ તપેલી એના ઉપર મુકી છે, દરિયો દુર થી એ આગને જોઈ રહ્યો છે, ને દરિયો ગભરાઈ રહ્યો છે, આ આગથી હું સુકાઈ ગયો તો ? પર્વત જોઈ રહ્યો છે એની ઉપર પંખી નું ટોળુ જઈ રહ્યું છે.. જઈ રહ્યું છે.. જઈ રહ્યું છે, પર્વત ગભરાય છે હમણાં એ પંખીઓનું ટોળુ નીચે આવશે, હમણાં મારા માથે બેસશે, અને હું કચડાઈ ગયો તો ? એક માણસ દોરડું લઈને આવી રહ્યો છે.. આવી રહ્યો છે ને સામેથી આવી રહેલો પવન, એ ગભરાય રહ્યો છે કે એ મને દોરડાથી બાંધી દેશે તો ? દાવાનળ ફાટી નીકળ્યો છે, જંગલની અંદર ગગનચુંબી એની જ્વાળાઓ છે, ઓર વધી રહ્યો છે --- ઓર વધી રહ્યો છે ---
ઓર વધી રહ્યો છે દાવાનળ, જંગલની કોઈ -
[દાવાનળ] [જંગલ]

ખિસકોલી ડર ભાગી ગઈ છે, ઊંચી ઊંચી કુદે છે.
ખિસકોલી બગાસું ખાઈ રહી છે, અને દાવાનળ ડરી ભય
છે કે આ બગાસાની કૃપાથી હું બુઝાઈ ગયો તો ?
અજ્ઞાની ના બધા જ ડર, આના જેવા છે. અજ્ઞાની સતત
ડરે છે, દરેક ઘટનામાં ડરે છે. અને જ્ઞાનીને ડર જેવું
કંઈ હોતું જ નથી.

જ્ઞાનસારમાં મહોપાધ્યાય યશોવિજયજી
મહારાજ કહે છે,

तूलवल्लघवो मूढा भ्रमन्त्यभ्रे भयानिलैः ।

જેમ પવન ફૂંકાય, અને વાદળાઓ પવન જેમ લઈ જાય એમ
ભ્રમણ કર્યા કરે, કર્યા કરે, કર્યા કરે, બરાબર એ જ રીતે
જે અજ્ઞાની હોય છે, મૂઢ હોય છે, એ ભયના પવનથી
આમ થી આમ .. આમ થી આમ ભાગે રૂનું પુમડું હોય
ને, એ રીતે આમ થી આમ, એ ભમ્યા કરે છે.

नैकं रोमापि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ।

પણ જે જ્ઞાનથી ગરિષ્ઠ છે, જે વિશિષ્ટ જ્ઞાન સંપન્ન છે,
એમનું એકાદ રુંવાડું પણ એવા કોઈ ભયથી કંપતું નથી.
જ્ઞાનસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

न गोप्यं क्वापि नारोप्यं हेयं देयं च न क्वचित् ।

જ્ઞાની એ નથી કાંઈ છુપાડવાનું, નથી કંઈ સાબિત કરી
દેવાનું, નથી કંઈ છોડવાનું, નથી કંઈ આપવાનું, નથી
કંઈ લેવાનું,

क्व भयेन मुनेः स्थेयं ज्ञेयं ज्ञानेन पश्यतः ।

જ્ઞાની તો માત્ર પોતાના જ્ઞાનથી જ્ઞેયને જ્ઞાતા- દ્રષ્ટા-
ભાવે જોયા કરે છે. તો પછી એ જ્ઞાનને ક્યાંથી ડર હોય ?
ઋષિભાષિત આગમ સૂત્ર કહે છે,

अण्णाणा जायते भयं

તમારા બધા જ ભયનું મૂળ તમારું અજ્ઞાન છે.
ત્રીજા નંબરનો ભય છે આદાન ભય, જ્ઞાનને આદાન
ભય હોતો નથી કારણકે, જ્ઞાનીને કશું જોઈતું જ નથી.

કંઈ જોઈએ છે ત્યાં સુધી તમે લાચાર છો. કંઈ જોઈએ છે ત્યાં સુધી તમે બિચારા છો. કંઈ જોઈએ છે ત્યાં સુધી ભિખારી છો. જોઈતું જ નથી તો તમારા જેવો "સમ્રાટ" બીજો કોઈ જ નથી.

ચાહ ગઈ ચિંતા ગઈ, મનવા બેપરવાહ !

જ્યાં સુધી ચાહ છે, ઈચ્છા છે, ઈષ્ટ છે, ગમો છે, પસંદ છે, ત્યાં સુધી ચિંતા છે. ચાહ જ જતી રહી, એની સાથે સાથે ચિંતા પણ જતી રહી. મન બેપરવાહ થઈ ગયું, કોઈ પરવાહ જ ન રહી.

જિસકો કુછ ન ચાહીએ, વો શાહન કા શાહ

દુનિયાના ખરા શહેનશાહ એ જ છે જેને કશું જોઈતું નથી.

★ જ્ઞાની જેવા શહેનશાહ,
★ જ્ઞાની જેવા બાદશાહ,
★ જ્ઞાની જેવા સમ્રાટ,
★ જ્ઞાની જેવા ચક્રવર્તી,
★ જ્ઞાની જેવા દેવ,
★ જ્ઞાની જેવા દેવેન્દ્ર,

દુનિયામાં બીજા કોઈ જ નથી, ખરા સમ્રાટ હોય તો એ જ્ઞાની જ છે.

ચોથા નંબરનો ભય છે, અકસ્માત ભય ! સંસ્કૃતમાં અકસ્માત શબ્દ છે ને, એનો જુદો અર્થ છે, ગુજરાતીમાં જુદો અર્થ થાય છે. આપણે ACCIDENT ને ગુજરાતીમાં અકસ્માત કહીએ. સંસ્કૃત માં અકસ્માત શબ્દ બે શબ્દથી બન્યો છે, અ અને કસ્માત્ ! અ નો અર્થ છે નિષેધ,

અ નો અર્થ છે નહિ, કસ્માત નો અર્થ છે કોઈથી, જેનું કોઈ જ કારણ [REASON] ન હોય, અકસ્માત ઈતિ અકસ્માત. જે નિષ્કારણ હોય. ઘણાને એમને એમ ડર લાગ્યા કરતો હોય, કેટલી કેટલી ગેરસમજો હોય, અને એના કારણે માણસ એમ ને એમ ડર્યા કરે. કાંઈ થઈ જશે, ફલાણું થઈ જશે.. ઢીકણું થઈ જશે!

છગન સૂતો હતો ને એના પેટ પરથી એક કીડી ગઈ અને છગને ચીસાચીસ કરી મૂકી. મગને કહ્યું આમાં શું ચીસાચીસ કરે છે. છગન કહે કે મારા પેટ ઉપરથી કીડી ગઈ, મગન કહે એમાં શામાટે આટલી ચીસાચીસ! છગન કહે આજે કીડી ગઈ, પછી મકોડો જશે, પછી વાંદો જશે, પછી ગરોળી જશે, પછી ઉંદર જશે, પછી બિલાડી જશે, પછી કુતરો જશે, પછી મોટા-મોટા જનાવર જશે, પછી હાથી એ જશે, હું કચડાઈ જઈશ, હું મરી જઈશ, માટે હું ચીસાચીસ કરું છું!

આપણામાં ઘણા છગન જેવા બુદ્ધિશાળી હોય, જેમની પાસે ઘણા બધા PRE-PLAN હોય, બીચારા ગભરાય જ કરે, રાતે ય ઉંઘ ના આવે! કેટલાક કોરોના ના DOUBT (શંકા) માં આપઘાત કરી લીધા. કેટલાક હજુ DOUBT ન હતો, પણ કદાચ થઈ ગયો તો શું એ મુદ્દે આપઘાત કરી લીધા. કેટલાક માપ્યા જ કરે છે કેટલું TEMPRATURE... કેટલું TEMPRATURE... એ પચાસ વાર માપે, એ બીચારા ખુવશે ને ત્યાં સુધી મરતા રહેશે. મર્યા પહેલા પણ ખુવવું હોય તો જ્ઞાની બનવું જરૂરી છે. મોત પણ આપણા માટે મોત ન રહે એ શક્ય છે જો આપણામાં જ્ઞાન આવે. જ્ઞાનીને અકસ્માત ભય હોતો જ નથી. કારણકે જ્ઞાની ને કોઈ ગેરસમજ છે જ નહિ!!

પાંચમા નંબર નો ભય છે મરણ ભય ! મોતનો ભય, મૈ હું મરી ગયો તો ! જ્ઞાનીને એનો પણ ડર નથી. કારણકે જ્ઞાની ને આત્માના અમરત્વ ની સ્પષ્ટ પ્રતીતી છે. આનંદઘનજી મહારાજ ના શબ્દો છે,

અબ હમ અમર ભયે... ના મરેંગે !

છઠ્ઠા નંબરનો ભય છે અપલોક ભય ! શ્લોક નો અર્થ છે યશ ! અપલોક નો અર્થ છે અપયશ. જ્ઞાનીને અપલોક ભય પણ હોતો નથી, કારણકે યશ કે અપયશ, એ બંને પૌદ્ગલિક સ્વરૂપે તો જ્ઞાનીને સમાન જ લાગે છે. યશ પણ ભાષા વર્ગણા ના પુદ્ગલો, અપયશ પણ ભાષા વર્ગણાના પુદ્ગલો, યશ પણ નામકર્મ નો ઉદય, અપયશ પણ નામ કર્મ નો ઉદય. કોઈ પ્રશંસા કરે એ એક ભતની ભાષા જ છે, શબ્દો જ છે. કોઈ નિંદા કરે, કોઈ ગાળી આપે, તો એય એક પ્રકારની ભાષા જ છે, જ્ઞાની ને માટે બંને સમાન છે. જ્ઞાનીને યશ માં હર્ષ પણ નથી ને અપયશ માં શોક પણ નથી.

.....આ મારા માટે આવું બોલ્યો એ મુદ્દે આપણો આખો દિવસ ખરાબ થઈ જાય. એનું કારણ એ બોલ્યો કે નથી, નિંદા કરી એ નથી, એ વ્યક્તિ નથી, એના મનમાં આપણા માટે રહેલું, ઝેર નથી એનું કારણ માત્ર ને માત્ર આપણું અજ્ઞાન છે. આપણે હાથે કરીને પગે કુહાડો મારીએ છીએ.

સાતમા નંબરનો ભય છે, આજીવિકા ભય ! મારી આજીવિકા નહીં ચાલે તો, આ ભયથી માણસ દુ:ખી થાય. જ્ઞાની માટે તો જ્ઞાન એ જ આજીવિકા હોય છે, જે દુનિયાની કોઈ પણ શક્તિ

[આજીવિકા]

લઈ શકતી નથી, માટે જ્ઞાની જેવા નિર્ભય, જ્ઞાની જેવા સુખી, બીજા કોઈ જ હોતા નથી. ઋષિભાષિત આગમ સુત્ર કહે છે,

अण्णाणा जायते भयं

અજ્ઞાનથી જ ભય થાય છે. જ્યાં સુધી અજ્ઞાન નથી, ત્યાં સુધી કોઈ જ ભય નથી.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ભયથી કાંપતા, દુઃખી થતા, દુશ્મન ને હસ્તિ સમજીને પોતાનું જ નુકશાન વહોરી લેતા, આપણા આત્માને વાત્સલ્ય સાથે સમજાવી રહ્યા છે,

अज्ञानं परमो रिपुः ।

અહીંયા કોઈ તારી દુશ્મન નથી. ઘરમાં, આડોશ-પડોશમાં, ધંધામાં, બજારમાં, સગામાં, SOCIETYમાં, તારી ભ્રમણા છે કે બહાર તારું કોઈ દુશ્મન છે. તારો ખરો - દુશ્મન તારી ભીતર છે. તારો ખરો દુશ્મન તારી - અંદર છે. જેનું નામ છે "અજ્ઞાન".

अज्ञानं परमो रिपुः ।

ઉત્કૃષ્ટ દુશ્મન "અજ્ઞાન" છે. આજે સમય થયો છે, આને જાણતું રાખીજે !

મંગળવાર

# વ્યાખ્યાન નંબર- ૧૦૪

DATE 22 12 2020

પરમ તારક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ. પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, અજ્ઞાનનું વર્ણન કરી રહ્યા છે,

अज्ञानं परमो रिपुः।

અજ્ઞાન એ ભયંકર દુશ્મન છે કારણકે એ જીવને જોયા ભયમાં, ગભરાટમાં પાડે છે, ધરતી ગભરાય કે આકાશ મને કચડી દેશે પણ, આકાશથી ધરતીને કશું ગભરાવા જેવું નથી. ધુમાડાની આગથી દરિયાનું એક ટીપું પણ શોષાવાનું નથી, દરિયાનો ડર બધો વ્યર્થ છે. આખી દુનિયાના પંખીઓ પર્વત ઉપર ઉતરી પડે, તો એ પર્વતની કાંકરીએ ખરવાની નથી. પર્વતનો ડર ખોટો છે. હોરકું પવનનું કશું બગાડી શકવાનું નથી. ખિસકોલીના બગાસાથી હાથીનું કશું જ બગડવાનું નથી. બરાબર એજ રીતે દુનિયાભરના દેવો, દુનિયાભરના તિર્યંચો, દુનિયાભરના માણસો, એ આત્માનું કશું જ બગાડી શકે એમ નથી. છતાં આત્મા ગભરાય છે એનું કારણ અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી.

ડરનો અર્થ છે, ચિત્રના સૂરજને ડૂબી જવાનો ડર!

ડરનો અર્થ છે, પુતળાનો મરી જવાનો ડર!

ડરનો અર્થ છે, નકલી ફૂલોનો કરમાય જવાનો ડર!

ડરનો અર્થ છે, ભિખારીનો લૂંટાઈ જવાનો ડર!

જેના મૂળમાં અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી! આખા વિશ્વના પ્રત્યેક પુદ્ગલો, ઉપસર્ગ રૂપે - પરિણમે તો યે આત્માનું કશું જ બગાડી શકે

તેમ નથી. બીજી દુનિયાનું લોઢું ભરી રૂપે પરિણમે, અને પ્રહાર કરે તો પણ, આત્માનું કશું જ બગાડે તેમ નથી. બીજી દુનિયાની આગ મળી ને પણ, આત્માને બાળી શકે તેમ નથી. બીજી દુનિયાના ગુંડાઓ મળીને પણ, આત્માનું કશું જ બગાડી શકે તેમ નથી, છતા આત્મા ડર્યા કરે છે એનું કારણ છે અજ્ઞાન !

अण्णाणा जायते भयं ।

અજ્ઞાનના કારણે ડર આવે છે, ભય આવે છે, ગભરાટ આવે છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ફરી-ફરી ને આપણને એ વાત હસાવવા માંગે છે. અજ્ઞાન એ જ તમારો પરમ દુશ્મન છે,

अज्ञानं परमो रिपु: ।

દુશ્મનમાં કાંઈક ઓછાશ હોય, કચાશ હોય, તો એ સામે છાતી એ આવી ને આપણી સાથે લડે, દુશ્મન બહુ જ ચતુર હોય હોશિયાર હોય, વિચક્ષણ હોય, તો એવી રીતે લડે કે આપણને ખબર પણ ના પડે, અને આપણે બરબાદ થઈ જઈએ. અજ્ઞાન આવા પ્રકારનો એક દુશ્મન છે શાસ્ત્રમાં દેવદ્રવ્ય ના ભક્ષણના સંદર્ભમાં, એક ઘટનાનું વર્ણન આવે છે.

કોઈને કોઈની સાથે વેર થઈ ગયું, દુશ્મનાવટ થઈ ગઈ, એનું બગાડવું છે પણ કોઈ રસ્તો મળતો નથી. ઈચ્છા એવી છે કે એને હેરાન કરી દઉં, એને બરબાદ કરી દઉં, એનું સત્યાનાશ વાળી દઉં પણ કઈ રીતે કરવું ? ખબર નથી પડતી. એક દિવસ એ માણસ લાગ શોધી રહ્યો હોય છે, આ બાજુ પેલો માણસ એનું નવું ઘર બનતું હોય છે. આ બાજુ દેરાસરનું કાંઈક REPAIRING જીર્ણોદ્ધાર થયું હતું હશે તો, દેરાસરની જુની ઈંટ હતી, એ ઈંટ લઈને, પેલાનું ઘર બને છે, ત્યાં એ માણસ આવે છે, છૂપી રીતે એની ઈંટોમાં પેલી દેરાસરની ઈંટ મુકી

દે છે. ઘર જની જાય છે, પેલો રહેવા આવી જાય છે. ઉપાધિ નો પાર રહેતો નથી, આ કે આ ઉપાધિ ને કાલે તો ઉપાધિ, પરમ દિવસે આ ઉપાધિ, પછી તો ઉપાધિ, એક પછી એક ઉપાધિ ચાલ્યા જ કરે, ઘરમાં શાંતિ નહિ, શરીરમાં ~~સ્વાસ્થ્ય~~ સ્વાસ્થ્ય નહિ. ધંધાની અંદર બરકત નહિ, અને નવી નવી આફતો, આવતી જ જાય ... આવતી જ જાય ... આવતી જ જાય પેલો હેરાન પરેશાન થઈ ગયો, ત્રાહિમામ પોકારી ગયો, હવે કંટાળી ગયો એ આફતોથી. ને પેલો માણસ રસ્તામા એને મળી ગયો, એની સામે મુસ્ક્યુ હસ્યો ને કહ્યું કે મને હેરાન કરવાનું ફળ તમે ભોગવી લીધું ને (:)

પેલા શ્રાવક સમજે છે, લાગે છે કે આ બધી આફતો પાછળ, કંઈક કારણ છે જે કારણનું કારણ આ માણસ છે. એના પગે પડે છે, એને હાથ જોડે છે, એની માફી માંગે છે. અને વિનંતી કરે છે કે ભાઈ, આ બધું કેમ થયું છે એ તમે કહો, બીજુ વાર નહિ કરું. અને ત્યારે એ દુશ્મન કહે છે, કે મેં આવું કામ કર્યું છે, તે માટે તમે હેરાન થઈ રહ્યા છો. શ્રાવક પાક્કી તપાસ ઘરની અંદર કરાવે છે, એ જુની ઈંટ જે હતી એ પાછી દહેરાસરમાં મુકે છે, વ્યાજ સાથે દેવુ ચુકતે કરે છે, અને પછી એના ઉપર આફતો આવતી બંધ થાય છે, અને એ સુખી થાય છે.

ભૌતિક દેવદ્રવ્ય, ઈંટ વગેરે રૂપ હોય છે. આધ્યાત્મિક દેવ દ્રવ્ય, એ વિતરાગના સંબંધી વિશેષતા સ્વરૂપે હોય છે. ભૌતિક દેવદ્રવ્ય ઘરમાં આવી જાય તો ઉપાધી થાય છે. આધ્યાત્મિક-દેવ દ્રવ્ય, એ નિજ ઘરમાં, આત્મ ઘરમાં, ન આવે તો ઉપાધિ થાય છે.

આધ્યાત્મિક હેય દ્રવ્ય, જેનું જેટલું જેટલું પ્રતીપક્ષી છે, જેટલું જેટલું વિતરાગતા થી વિરૂધ્ધ છે, જેટલું જેટલું હેય સ્વરૂપ છે. તે આત્મામાં જેમ જેમ આવે તેમ. આત્માની હાટ વળતી જાય છે. જેમાં પહેલી વસ્તુ છે "અજ્ઞાન"!

આધ્યાત્મિક હેય દ્રવ્યની અવગણના વગર, "અજ્ઞાન"નું અસ્તિત્વ જ સંભવિત નથી. અજ્ઞાન એ આધ્યાત્મિક હેય દ્રવ્યનો વિનાશ છે.

"અજ્ઞાન" એ આધ્યાત્મિક હેય દ્રવ્ય નું ભંડાર છે!

અજ્ઞાન અને હેયદ્રવ્ય ભંડાર, જેનું ફળ અનંત સંસાર છે. અધ્યવસાય ને આશરી ને ઓછું-વત્તું ફળ હોય શકે. પણ અજ્ઞાન અને હેયદ્રવ્ય ભંડાર જેના ઉત્કૃષ્ટ ફળ-ની અપેક્ષા જો જોઈએ, તો અનંત સંસાર સિવાય બીજું કશું જ નથી, આનાથી મોટી દુશ્મનાવટ, બીજુ કઈ-હોય શકે?

સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

अज्ञानं परमो रिपुः।

તમને ખબર છે, અને તમે તમારા આત્માનું હિત ના કરો, તો તમે ગુનેગાર છો. તમને ખબર નથી, તો તમે વધારે ગુનેગાર છો. ખબર નથી એ જ સૌથી મોટો ગુનો છે. જેની સજા અનંત સંસાર પણ હોય શકે છે. ઋષિભાષિત આગમ સૂત્ર ની અંદર પ્રાચીન પરમર્ષિ, પ્રત્યેક બુધ્ધ મહર્ષિઓ કહે છે,

अण्णाणमूलो संसारो विविधो सव्वदेहिणं।

બધા જ જીવોનો આ જુદો-જુદો સંસાર, આ ભયાનક ભવભ્રમણ, આ બધાનું કંઈ મૂળ હોય, તો "અજ્ઞાન" સિવાય બીજું કશું જ નથી. માટે જ સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

अज्ञानं परमो रिपुः।

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, આગળ વધે છે.

अज्ञानं रोगसङ्घातः।

"અજ્ઞાન" એ રોગોનો સમુહ છે. શરીરની સહજ-અવસ્થા, એમાં જે વિકાર આવે, જે CHANGE આવે, બગાડ આવે, એને રોગ કહેવાય છે. "અજ્ઞાન" એ આત્મવિકાર છે. શરીર નો વિકાર વધુમાં વધુ એક મૃત્યુ નોતરે છે. આત્મા નો વિકાર એ અનંત મૃત્યુ પણ નોતરે છે. જેટલી જેટલી એવી વસ્તુઓ, જેનાથી આત્મા ની જે સહજ સ્થિતિ એની અંદર વિકાર આવે, એ બધાનું મુળ કંઈ હોય, તો એ અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી. ચૌદસો-ચુમ્માલીસ ગ્રંથકર્તા, પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, યોગબિંદુ ગ્રંથની અંદર એક વિશિષ્ઠ વાત કરે છે,

क्षेत्ररोगाभिभूतस्य यथाऽत्यन्तं विपर्ययः।

અમુક પ્રકારના રોગ હોય છે જેમને ક્ષેત્ર રોગ કહેવાય. ક્ષેત્ર રોગનો અર્થ છે, આધાર રોગ. જે રોગ આવે પછી અનેક રોગો આવે. જે રોગ અનેક રોગોનો આધાર બને. જે રોગ અનેક રોગની આમંત્રણ પત્રિકા બને. જે રોગ અનેક રોગો ને કહે, કે આવો અને મને COMPANY આપો. જે રોગ એની પાછળ-પાછળ, રોગોની લંગાર લાવે, એનું નામ ક્ષેત્ર રોગ. "અજ્ઞાન" પણ આવો જ ક્ષેત્ર રોગ છે. "અજ્ઞાન" છે તો જીવ અનેકાનેક ~~[illegible]~~ આત્મિક રોગોનો ભોગ આત્મા બનવાનો સંભવ લોક. અજ્ઞાન પોતે જ અઠળક રોગો છે, અજ્ઞાન પોતે જ રોગોનો રાફડો છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

अज्ञानं रोगसङ्घातः।

અજ્ઞાન એ રોગોનો સમુહ છે. અજ્ઞાન એ શરદી છે, જેની અંદર આત્મા સુખેથી શ્વાસ લઈ શકતો નથી.

- ☆ અજ્ઞાન એ શરદી છે, જેની અંદર "આત્મનાદ" સાવ જ ઓછો બની જાય છે.
- ☆ અજ્ઞાન એ શરદી છે, જેની અંદર અકલ્પિત રીતે, અણ-ધારી રીતે, એક અણધાર્યા પાપો ની છીંક આવ્યા જ કરે છે.
- ☆ અજ્ઞાન એ શરદી છે, જેની અંદર આત્માના સદાચાર ના ફૂરસા, અનાચાર ના પાણી થી ભરાતા રહે છે.
- ☆ અજ્ઞાન એ ખાંસી છે, રોગોનુ મુળ દાંસી, રોગોનું મુળ ખાંસી, ઝઘડા નું મુળ હાંસી,
- ☆ ખાંસી એ અનેક રોગો નું મુળ છે, ઘણા રોગો ની શરૂઆત ખાંસી થી થાય છે. અજ્ઞાન એ અનેકાનેક આત્મિક રોગોનુ મુળ છે.

ખાંસી થી માણસ ઘોંઘાટ કરતો હોય છે, અજ્ઞાન છે જે સીધી સાદી આરાધના ની અંદર પણ ઘોંઘાટ કરી મુકે છે. અજ્ઞાન છે તો માણસ દહેરાસરમાં એ ઘોંઘાટ કરશે, ઉપાશ્રયમાં એ ઘોંઘાટ કરશે, વ્યક્ત ઘોંઘાટ હોય છે, અવ્યક્ત ઘોંઘાટ હોય છે, હું કેવી સરસ પૂજા કરું, હું કેવું સરસ ચૈત્યવંદન કરું, આવા જે વિચારો અંદર ચાલે છે, એ પણ એક પ્રકારનો આધ્યાત્મિક ઘોંઘાટ હોય છે, અને અજ્ઞાની માણસ જ આ ઘોંઘાટ કરે છે. દાન દેશે અને એને થશે કે હું મોટું દાન દઉં છું, હું દાનવીર છું, મારું નામ થવું જોઈએ, ઢોલ વગાડશે, એ BOARD મુકશે, BANNER મુકશે, તકતી મુકશે, પોતાની અને પોતાની સુકૃત અનુમોદના કર્યા જ કરશે, જ્યાં જશે ત્યાં પોતાના ગાણા ગાશે. આ એક અજ્ઞાન રૂપી ખાંસી એને થઈ ગઈ, અને પછી એ ઘોંઘાટ કર્યા જ કરે... કર્યા જ કરે... કર્યા જ કરે ! માણસ પોતાનું - અસ્તિત્વ દેખાડવા માટે, અસ્તિત્વ પુરવાર કરવા માટે, હાજરી પુરાવવા માટે, બીજાનું ધ્યાન દોરવા માટે.

પણ જાણી જાધા કરે. માણસ પોતાનો ધર્મ જાહેર કરવા, દાન જાહેર કરવા, સુકૃત જાહેર કરવા, ગુણો જાહેર કરવા, પણ પોતાના ગાણા ગાયા કરે. જ્યારે સામે વાળી વ્યક્તિ સમજે કે આ ધ્યાન દોરવા જાણી જાધા કરે છે, ત્યારે એ વ્યક્તિ પ્રત્યે ધ્યાન જરૂર દોરાય છે પણ એની VALUE (કિંમત) સો ટકા DOWN થાય છે.

માણસ, અજ્ઞાન ની અંદર જ્યારે પોતે જ પોતાના ગાણા ગાવા લાગે છે ને, ત્યારે એના પ્રત્યે ધ્યાન જરૂર દોરાય છે. પણ એની કિંમત સો ટકા DOWN થાય છે.

## જ્ઞાની એ જે પોતાના સહજ પણે દોષો બોલે !

જ્ઞાની એ જે પોતાની ભુલ કબુલે. જ્ઞાની એ જેને ડગલે ને પગલે, આંસુ આવે. જ્ઞાની એ, જેને - પોતાની ભુલ જ દેખાયા કરે. જ્ઞાની એ જેને પોતાનો ગુણ દેખાય જ નહિ. જ્ઞાની એ જેને લાગે કે મેં કાંઈ ધર્મ કર્યો જ નથી, સુકૃત કર્યું જ નથી. જ્ઞાનીએ જેનું અંતર પશ્ચાતાપ થી ઉભરાતું હોય. જ્ઞાની-એ જે પોતાના વખાણ કદી પોતાના મોઢે કરી જ ના શકે. જ્ઞાની એ જેને હાર તોરા કરવા માટે બોલાવવામાં આવે, તો પોતે ઉભા ન થાય, જાણે અપંગ હોય, જેના પગ કપાઈ ગયા હોય એ જેમ ઉભા ન થઈ શકે, એમ બહુમાન લેવા માટે, હારતોરા કરાવવા માટે, પોતાની હાજરી નોંધાવા માટે, જે ઉભા જ ન થઈ શકે એનું નામ જ્ઞાની !
કેટકેટલા ભીતરી પ્રોબ્લેમે આપણે બીમાર હોઈએ છીએ. કેટલા દયા પાત્ર હોઈએ છીએ. કેટલા બિચારા હોઈએ છીએ, અને આપણને એવું

લાગે છે કે આપણે મહાન છીએ, આનું મુળ પણ - અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી. ખાંસી જાય એટલે ધીમે- ધીમે ગળામાં સોજો આવે છે. "અજ્ઞાન" એ એવી ખાંસી છે, જેની અંદર "આત્મા"ના ગળા સ્વરૂપ, "સમભાવ"માં સોજો આવે છે. "આત્મા" મત મતની વિષમતાઓમાં, વિષયોમાં, કષાયોમાં, આ બાહ્ય ભાવોમાં, લોકપણામાં, મહેરાનીમાં, પોતાની ઢોલ વગાડવામાં, પોતાના પાપ છુપાડવામાં, પૈસાના લોભમાં, પૈસાના વહેમમાં, મત મત ના સમભાવના સોજા ની અંદર, "આત્મા" રીબાયા જ કરે છે.

ખાંસી હવે વધી, ગળાનું INFECTION (ચેપ) વધ્યું. હવે માણસને તાવ આવી ગયા છે, "અજ્ઞાન"એ એવી ખાંસી છે, જે અહંકાર નો તાવ નોતરે છે. તાવ આવે એટલે એની અંદર શરીર શેકાવા લાગે. અજ્ઞાન એવી તાવ છે, જેની અંદર "આત્મા" શેકાયા જ કરે છે. "અજ્ઞાન" એક પ્રકારનો મલેરિયા છે, મલેરિયા ની અંદર સખત ટાઢ વાય, અને માણસ ધ્રુજે. "અજ્ઞાન" એવો મલેરિયા છે, જેની અંદર ૮૪ લાખ યોનિ ઓની યાતનાઓ, "આત્મા"ને ધ્રુજાવી નો જ રહે છે.

સિંહ ચાલે એટલે, સિંહ ની ચાલ નું એક વિશિષ્ટ પાસુ હોય છે, જેને સિંહાવલોકન ન્યાય કહેવાય. સિંહ ચાલે અને પાછળ જોતો જાય ! સિંહનું એક નામ છે પંચાનન. પંચ એટલે પાંચ, આનન એટલે મોઢા, જેના પાંચ મોઢા છે, એનું નામ સિંહ ! સિંહ ના પાંચ મોઢા કઈ રીતે ? પ્રશ્ન કર્યો ને એનો જવાબ આપ્યો, કે સિંહ છે ને, ચાલે એટલે સામે જોવે, આ બાજુ જુએ, આ બાજુ જુએ, આ બાજુ કોઈમાં જુએ, અને પાછળ જુએ. આમ પાંચ બાજુએ જોતો - જોતો ચાલે, પાંચ બાજુ એનું મોઢું હોય, માટે એનું નામ પંચાનન !

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે, તમે માત્ર ને માત્ર થાકે શકો છો, તમે જોતા નથી. તમે આગળ જુઓ, તમે આ બાજુ જુઓ, તમે આ બાજુ જુઓ, તમે આ બાજુ CROSS માં જુઓ, તમે પાછળ જુઓ, તમારો અનંત ભૂતકાળ જુઓ, તમારા થોડા પાછલા ભવો જુઓ, તમારો અનંત ભવિષ્ય કાળ જુઓ, "અજ્ઞાન" જેવો મલેરિયા, (૮૪ લાખ યોનિઓની યાતના, અને આ લૌકિક મલેરિયા, હેજીતા મલેરિયા, તો ક્યાંય પાણી ભરે, એવી યાતના આપી આ આત્માને અજ્ઞાને ધ્રુજાવ્યો છે, એને તમે જોશો ક્યારે ?

સિંહ પાસે સાવધાની છે, તાકાત નથી કોઈની, સામી છાતી એ આવી શકે, કે પાછળથી હુમલો કરી જાય, હરગીઝ નહિ ! સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, તમે ભવિષ્યકાળને પણ જુઓ, તમે તમારો ભૂતકાળ પણ જુઓ, ભૂતકાળથી શીખો, અને ભવિષ્યકાળ સુધારો. અજ્ઞાન એક પ્રકારનો TYPHOID છે, ટાયફોઈડ આવે એટલે માણસ (ટાયફોઈડ) લેવાઈ જાય, એનું તેજ બધું જતું રહે, અજ્ઞાન જેવો ટાયફોઈડ છે, જે આત્માનું નુર હરી લે છે. આત્માનું તેજ હરી લે છે, આત્માને નિસ્તેજ કરી દે છે. જરું તેજ હોય તો એનું નામ છે જ્ઞાન, જરું તેજ છે સ્વાધ્યાય, જરું તેજ છે જ્ઞાન પરિણતિ, અને એ જ્ઞાન નથી આપણે અજ્ઞાની છીએ, તો એ આપણે ટાયફોઈડ ના દર્દીની જેમ, સાવ નિસ્તેજ થઈ ગયા હોઈએ છીએ.

અજ્ઞાન એક પ્રકારનો ડેંગ્યુ છે, ડેંગ્યુ આવી ગયો, ડોક્ટરને પુછો, એ કહેશે કોઈ

જ દવા નથી. તમે ક્રોસીન આપો, મેટાસીન આપો, ડોલો આપો, જે આપવું હોય એ આપો, તાવ એક થશે, બે થશે, છઠી થશે, ત્રણ થશે, સાડા ત્રણ, ચાર, સાડાચાર, ત્રાસી કરશો તમે, સિઝન ભેળું બળતું હશે શરીર, એક પોતું મુકશો ને શુકાઈ જશે, એટલી ગરમી હશે, પણ નહીં ઉતરે. બે - ત્રણ દિવસ તમે ધીરજ ધરો, પાણી ખુબ પીવો, દવા કોઈ છે નહિ, અજ્ઞાન એવો ડેંગ્યુ છે, જે ભારે માં ભારે હિતયત્નો થી પણ ઉતરતો નથી.

* કેટલા વ્યાખ્યાન આપણે સાંભળ્યા !
* કેટલા પુસ્તકો વાંચ્યા !
* કેટલી શિબિરો કરી !
* કેટલી વાર પાઠશાળાની અંદર ગયા !
* કેટલા જ્ઞાન સત્રોની અંદર હાજરી આપી !

તો હજુ અજ્ઞાન નો આપણો ડેંગ્યુ ઉતરતો નથી, આવી આપણી દશા છે ! ડેંગ્યુ ને ક્રોસીન, મેટાસીન ની કોઈ ભાષા સમજાતી નથી, ડેંગ્યુ ને ડોલો પણ સમજાતી નથી, લેવું હોય તો લો કાંઈ ફરક પડે ના પડે અમે ના જાણીએ, ડેંગ્યુ ની દવા નથી. જ્યાં સુધી જીવ ઘોર અજ્ઞાનમાં છે, ગાઢા કર્મો છે, ભવસ્થિતિ હજુ બહુ જ લાંબી છે, મહાત્મા નું પ્રવચન મળી જાય, આચાર્ય ભગવંત નું મળી જાય, ચૌદ પૂર્વ ધર નું મળી જાય, ગણધર ભગવંત નું મળે, કેવળજ્ઞાની નું મળે, તીર્થંકર નું મળે, હજારો, લાખો, કરોડો, અબજો, અસંખ્ય કે અનંતવાર, સાક્ષાત - તીર્થંકરની દેશના મળવા છતા પણ, જીવ એ અજ્ઞાનના ડેંગ્યુ માં છે, તો આ દેશના રૂપી ડોલો ની એના ઉપર કોઈ જ અસર થવાની નથી.

"અજ્ઞાન" એક પ્રકાર નો ડાયેરીયા છે. ડાયેરીયા થાય એટલે માણસ સાવ જ નંખાઈ જાય, થાકી જાય, આયડાંગળો થઈ જાય. "અજ્ઞાન" પણ એક

મંગળવાર

DATE 22 12 2020

પ્રકાર ની કાયરતા છે, જેમાં રહી સહી પણ સાધના-
ની શક્યતા ખોં નીકળી જાય છે. મોક્ષ માર્ગમાં
હરણફાળ ભરવા માટે, સાધનાનું પરાક્રમ કરવા માટે,
સંસારના મોહ ની જંજીરો તોડવા માટે, કર્મોની
સામે જંગે ચડવા માટે, કે મોહરાજ ને સામી
છાતી એ CHALLENGE કરવા માટે, સર્વવિરતિ
ના માર્ગે પ્રસ્થાન કરવા માટે, "આત્મા" સાવ જ
આયપાંગળો થઈ જાય છે.

"અજ્ઞાન" એક પ્રકારનો મરડો છે.
મરડા ની અંદર જીવ પાચનશક્તિ ગુમાવી બેસે છે,
હળવો ખોરાક પણ લે એને બરાબર પચે નહિ,
ગઈ એની હોજરી કામથી, એના આંતરડા નબળા
થઈ ગયા. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,
"અજ્ઞાન" પણ એક પ્રકારનો મરડો છે. જેની
અંદર સદ્ગુરુના સારામાં સારા વચન, અર્થ
સાથેના વચન, કારણ સાથેના વચન, સમજુતિ
સાથેના વચન, કરૂણા સાથેના વચન, વાત્સલ્ય
સાથેના વચન, એ પણ જીવને હજમ થતા નથી,
પચતા નથી. અને એનો જે લાભ મળવો જોઈએ,
એ જીવને મળતો નથી. સિદ્ધર્ષિ ગણિ મહારાજ
કહે છે.

अज्ञानं रोगसङ्घातः।

અજ્ઞાન એ જ રોગોનો સમુહ છે.

"અજ્ઞાન" એક પ્રકારનો અસ્થિભંગ છે,
જેની ~~[illegible]~~ અંદર સર્વશક્તિ માન એવો પણ
આત્મા, સાવ અશક્ત થઈ જાય છે. એમ
હટ્ટોકટ્ટો માણસ છે, નિરોગી છે, વ્યવસ્થિત છે,
જોઈએ એકદમ સરસ લાગે પણ એનું હાડ્કું

classmate

ભાંગી ગયું છે. જે કશા જે કામનો રહ્યો નથી. આત્મા પાસે ઘણી બધી વિશેષતાઓ છે, સહનશીલતા છે, ધીરજ છે, બુદ્ધિ છે, પ્રજ્ઞા છે, તેવડ છે, આવડત છે, બધી જ સાધના કરી શકે એમ છે પણ, અજ્ઞાનનો અસ્થિભંગ થઈ ગયો, હવે આત્મા સાવ જ નકામો-થઈ ગયો.

"અજ્ઞાન" એ સંધીવા છે, સાંધાઓમાં વાયુ ભરાયો છે, માણસ સાવ લાચાર થઈ જાય, - બિચારો થઈ જાય, ઈચ્છા કરે, કણસ્યા કરે, કશું કરી ના શકે, અજ્ઞાનનો સંધીવા થઈ જાય છે, એટલે મોક્ષ પુરૂષાર્થ માટે, મોક્ષ પુરુષાર્થ ઉલ્લાસથી કરવા-માટે, આત્મા પાછો જ પડતો જાય છે. આત્મા બિચારો થઈ જાય છે.

"અજ્ઞાન" એ એક પ્રકારનું વાતશુળ છે, વાયુ શરીરની અંદર શુળનું રૂપ ધારણ કરે એનું નામ વાતશુળ. કાંટાની જેમ ભોંકાયા કરે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, આત્મામાં થયેલું વાતશુળ, દુનિયાનો મોટામાં મોટો કાંટો, દુનિયાનો તીક્ષ્ણમાં તીક્ષ્ણ કાંટો કોઈ હોય તો એ અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી.

"અજ્ઞાન" એ શીરોવેદના છે, માથાનો દુઃખાવો છે, માથુ દુઃખે એટલે માણસ બીજું કશું જ ના કરી શકે, ગમે તેવા સારા કામો એના PENDING છે, કરવા જેવા છે, કરવા ગમે પણ છે, કરી પણ શકે એમ છે, પણ માથું સખત દુઃખે છે. હવે - માણસ નહિ કરી શકે. અજ્ઞાન એ શીરોવેદના છે, જે જીવના માથાને ખરાબ કરી નાખે છે.

"અજ્ઞાન" એ કુંભી વેદના છે, જેને પેરનો શુળ કહેવાય, સજ્જન પેટ દુખે આમ કહેવાય નહિ. પેરનો એક અર્થ છે ગંભીરતા, અજ્ઞાન એ - ગંભીરતા ને રફે દફે કરી નાખે છે.

"અજ્ઞાન" એક પ્રકારનો હૃદય રોગ છે. આત્માનું કંઈ હાર્દ હોય તો એ છે સામાયિક ધર્મ, એ સામાયિક ધર્મ ની અંદર, અજ્ઞાન રાગ-દ્વેષના હુમલાઓ લાવતો રહે છે. એક HEART-ATTACK આવે અને મજબુત માણસ, સ્વસ્થ માણસ, નિરોગી માણસ, એના પગ લુલા, બોલાઈ જાય, અનંત-જ્ઞાની, અનંત દર્શની, વિતરાગ સ્વરૂપ એવો આપણો આત્મા, અજ્ઞાન એની અંદર રાગ દ્વેષ ના હુમલાઓ લાવે છે, અને જે આત્મા HEART-ATTACKની અંદર ખલાસ થઈ જાય છે.

"અજ્ઞાન" એક પ્રકારનું HEMBRAGE છે. હેમરેજ થઈ ગઈ ગયું, એટલે માણસ હતો ન હતો થઈ ગયો. અજ્ઞાન એવું હેમરેજ છે જેમાં આત્મા હતો ન હતો થઈ જાય છે. આત્મા ની જે શક્તિ, આત્મા ની જે તાકાત, શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

क्षपकश्रेणिमुपगतः स समर्थः सर्वकर्मिणां कर्म ।

અનાદિકાળના દોષો કઈ રીતે દુર કરવા, અનાદિ-કાળના કર્મો કઈ રીતે બાળવા, કઈ રીતે વિજય મેળવવો મોહરાજા ઉપર, કઈ રીતે કેવળજ્ઞાન મેળવવું, કઈ રીતે મોક્ષ મેળવવો? આ કોઈ પ્રશ્ન જ નથી. આત્માની શક્તિ એવી છે, શુભ ધ્યાનની આરાધનામાં આત્મા આગળ વધે, શુક્લ ધ્યાન ની ધારા પર આરોહણ કરે, ક્ષપક શ્રેણિ માંડી દે ત્યારે એની જે શક્તિ, એની જે ધારા, એની જે શુદ્ધિ,

એની જે ધ્યાનાગ્નિ, એ ધ્યાનાગ્નિ ની અંદર, વિશ્વના
સર્વે જીવો, અનંતાનંત જીવોના અનંત કર્મો, અનંતા જીવો,
પ્રત્યેક જીવોના અસંખ્ય આત્મ પ્રદેશ, પ્રત્યેક આત્મપ્રદેશ પર
અનંતાનંત કર્મો, સર્વ કર્મો એક જીવના ક્ષપકશ્રેણિ ના
ધ્યાનાગ્નિ માં નાખી દેવામાં આવે ને,
स समर्थः सर्वकर्मीणां कर्म क्षपयितुमेको यदि स्यात्कर्मसंक्रमः परकृतस्य
જે બીજાએ કરેલા કર્મ બીજામાં સંક્રમી શકતા હોય, અને
એ જીવ, ક્ષપકશ્રેણિ ની અંદર વર્તમાન હોય ને, ધ્યાનાગ્નિ
એમની પ્રજ્વલીત હોય, અને વિશ્વ આખના બધા જ આત્મા-
ઓ બધા જ જીવો, એમના સર્વે કર્મો ને એમના ધ્યાનાગ્નિમાં
નાખી દેવામાં આવે ને, બળી ને ગણતરીની SECONDS
ની અંદર ખાખ થઈ જાય બધા કર્મ, એ તાકાત એક જીવ
ની અંદર છે. અજ્ઞાન એવું દેમરેજ છે, જે અનંત જીવો
ને મોક્ષે પહોંચાડી શકે, એવી પણ શક્તિના માલીક-
આત્માને, સંસારની અંદર જકડી રાખે છે, અને એના
એક નો પણ મોક્ષ થવા દેતો નથી.

"અજ્ઞાન" એ પ્રકારનો DIABETES છે,

બહુ જટીલ રોગ ડાયબીટીસ ને એની અંદર કંઈક વાગી
ગયું તો ઘા રૂઝના, રૂઝના, ગાંડે દમ આવી જાય,
જળ નીચે પાણી ઉતરી જાય. અજ્ઞાન એવું ડાયબીટીસ છે,
જેની અંદર, કર્મોના જખમ, એ રૂઝતા નથી. અજ્ઞાન
કર્મની CYCLE ચાલુ રાખે છે, કર્મ ને સાનુબંધ રાખે
છે, એક કર્મ-બીજું કર્મ કરાવે, એના ઉદય માં ત્રીજું,
એના ઉદયમાં ચોથું, એના ઉદયમાં પાંચમું,

— जे वेयइ ते बंधइ

જેમ જેમ એ જીવ કર્મ બાંધતો જાય, રતિ માં છે રતિ-
મોહનીય બાંધે, હસે છે હાસ્ય મોહનીય બાંધે, એ
વિષય વાસનામાં છે, એ વેદ મોહનીય ને બાંધે. એ
ક્રોધમાં છે એ ક્રોધ ને બાંધે, માનમાં છે માનને બાંધે,

જે માયા સેવી રહ્યો છે, જે માયા મોહનીય કર્મને બાંધે, જે લોભમાં પડ્યો છે, જે નવું લોભ મોહનીય કર્મ બાંધે,

જે વેયઈ તે બંધઈ

જેનો આ CYCLE ચાલ્યા કરે.. ચાલ્યા કરે.. ચાલ્યા કરે, ડાયાબીટીસ થયું છે, ઘા લાગ્યો છે, ઘા રૂઝાતો નથી ને ઘા વકરતો જાય છે, વળી માખી બેસે ને, વળી મચ્છર બેસે, વળી ક્યાંક પગ અથડાયો ને ત્યાં જ છોલાયું. આ CYCLE માંથી જીવ બચી શકતો નથી. અજ્ઞાન એવો ડાયાબીટીસ છે, જેમાં કર્મોના જખમ રૂઝાતા જ નથી.

[ કેન્સર ]

"અજ્ઞાન" એ એક પ્રકારનું CANCER છે. CANCER માં શું થાય, માણસ CANCLE થઈ જાય. કેન્સર નું નામ પડે ને માણસ ગભરાય, હવે ગયા કામથી. અજ્ઞાન એ પણ એક પ્રકારનું CANCER છે, જે આત્માના અસ્તિત્વ ને જ CANCEL કરી દે છે. આવો રાગ-દ્વેષ માં રાચવાનો વિષય-કષાય માં સપડાતો, ઘર પરિવાર લઈને બેઠેલો, કકળાટો ને કંકાસોમાં બેઠેલો, પૈસા પાછળ દોડતો, આને આત્મા કહેવાના હશે ?

☆ આત્મા એટલે વિતરાગતા ના ઉપવનમાં વિચરતો હોય.
☆ આત્મા એટલે સિધ્ધશીલા ની ઉપર બીરાજમાન હોય.
☆ આત્મા એટલે પ્રત્યેક સમયે અનંત સુખનું સંવેદન કરતો હોય.
☆ આત્મા એટલે જે સર્વજ્ઞતા નો સ્વામી હોય.
☆ આત્મા એટલે જે સર્વદર્શીતા નો સ્વામી હોય.

આને આત્મા કહેવાય, શુધ્ધનય કહે છે,

કે આવો, આ કર્મોથી લેપાયેલો, વિષય-કષાયોમાં સપડાતો, ડગલે ને પગલે દુ:ખી થતો, રોતો, હસતો, હરખ કરતો, શોક કરતો, આને આત્મા કઈ રીતે કહેવાય ?
અધ્યાત્મસારની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ - કહે છે,

प्रपञ्चसञ्चयक्लिष्टान् - मायारूपाद् बिभेमि ते।

આ બધા સંક્લિષ્ટ સ્વરૂપ, ~~[illegible]~~, ક્લિષ્ટ સ્વરૂપ, પડછાયેલા સ્વરૂપ, માયા સ્વરૂપ, એવા તારા સ્વરૂપથી અમને ડર લાગે છે. હે આત્મા! ઓ મારા ભીતરના ભગવાન! તું ~~[illegible]~~ પ્રસન્ન થા!

प्रसीद भगवन्नात्मन्! शुद्धं रूपं प्रकाशय।

તું તારા શુધ્ધ સ્વરૂપને પ્રગટ કર. અજ્ઞાન એવું કેન્સર છે, જે આત્મા અસ્તિત્વને જ CANCEL કરી દે છે.

"અજ્ઞાન" એવા પ્રકારનો T.B. છે, T.B. એટલે ક્ષય રોગ, જેમાં શરીરનો ક્ષય થતો જાય, શરીર ક્ષીણ થતું જાય, શરીર સુકાતુ જાય, શરીર લેવાતુ જાય, ગમે તેટલું ખાય, કંઈ લાભ જ ના થાય, માંસ લેવાઈ જાય. અજ્ઞાન એવો T.B. છે, જેમાં આરાધનાનું ગમે તેટલું ભોજન લેવામાં આવે, આત્મા સુકાતો જ જાય છે. આપણી ફરીયાદ હોય છે, વર્ષીતપ કરીએ છીએ, તો એ જાવું છે! આટલી પૂજા કરે ને પાછું આવું છે, આજ એક જણ આટલું બધું વ્યાખ્યાન સાંભળે, પૌષધ કરે / ચોસઠ પ્રહરી પૌષધ કરે, આટલા - દાન આપે, જીવ જાણ આવી સ્થિતિ છે, આવું શા માટે ? સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, એ આત્માને અજ્ઞાનનો T.B. થઈ ગયો છે, અને એના કારણે એ જીવ છે, એ આટલી બધી આરાધના કરે, પણ એને ગુણ થતો નથી. આરાધના ન કરવી એવી વાત નથી, ભોજન છોડી દેશું તો-તો મરવું જ પડશે. પણ એ

ભોજન ગુણ ત્યારે કરે, જ્યારે આ રોગ ટળે.
આરાધના ગુણ ત્યારે કરે, આરાધના લાભ ત્યારે
કરે, આરાધના નો આત્મા ને ખરો ફાયદો ત્યારે
થાય, જ્યારે એનું અજ્ઞાન છુટે.

"અજ્ઞાન" એક પ્રકારનો રક્તપિત્ત રોગ છે.
રક્તપીત્ત નો દરદી હોય એના શરીરમાંથી રસી-
અને પરુ નીકળ્યા જ કરે.... નીકળ્યા જ કરે, અને
એ બિચારો ગંધાયા જ કરતો હોય. અજ્ઞાન એવો
રક્તપિત્ત રોગ છે, જેની અંદર આત્મા દોષોની
દુર્ગંધ થી ગંધાયા જ કરે છે.

"અજ્ઞાન" એક પ્રકારનો કોઢ રોગ છે.
કોઢ નો રોગ થાય એટલે માણસ ગમે તેટલો રૂપાળો
હોય, તો એ સાવ જ કદરૂપો બની જાય, દીઠો એ
ના ગમે. અજ્ઞાન એવો કોઢ રોગ છે, જેની અંદર
આત્માનું સૌંદર્ય, એ આપઘાત કરીને મરી
જાય છે. ઘણી બધી વિશેષતાઓ હતી એની અંદર,
પણ એ અજ્ઞાન નો ભોગ બની ગયો, હવે
એ શોભાસ્પદ નહીં બને, એ સુંદર નહી બને,
એ શાલિન નહીં બને, અજ્ઞાન એની પાસે-
એવી હરકતો કરાવશે કે માણસ પ્રિય નહીં બને.
એ ભેગો પણ નહી ગમે.

"અજ્ઞાન" એ એક પ્રકારનુ ગેંગ્રીન
છે. ઘા થયો હતો, પાક્યો, સડો થયો, સડો
આગળ વધ્યો, હવે ડોક્ટર કહે છે કે હાથ
કપાવવો પડશે, હવે પગ કપાવવો પડશે,
સડો આગળ વધ્યો તો બધું જ જશે. તમારો
પગ નથી સમજ્યા ભો, તમારો પગ આખો કારણકે

રીએ સડી ગયો છે. અજ્ઞાન જેવું ગેંગ્રીન છે, જેની અંદર, આત્માનું એક એક અંગ સડી જાય છે.

* આત્માનું સમ્યક્ દર્શન સડી જાય,
* આત્માનું સમ્યક્ જ્ઞાન સડી જાય,
* આત્માનું સમ્યક્ ચારિત્ર સડી જાય,
* આત્માનો સમ્યક્ તપ સડી જાય,
* આત્માનું અનંત સુખ સડી જાય,
* આત્માની અનંત શક્તિ સડી જાય,

કારણકે એને અજ્ઞાન નો ગેંગ્રીન થઈ ગયો છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

अज्ञानं रोगसंघातः।

રોગો નો કોઈ સમુહ હોય તો એ અજ્ઞાન જ છે.

"અજ્ઞાન" એ બહેરાશ છે, જે સદ્ગુરુ ની હિતશીક્ષા ને સાંભળવા અને સમજવા દેતું નથી. બહેરા માણસ ને ગમે તેટલું કહો, ગમે તેટલું સમજાવો, એનો કોઈ અર્થ જ નથી. અજ્ઞાની છે એને સદ્ગુરુની વાણી ગમે તેટલી મળે, ગાઢું અજ્ઞાન જ્યાં સુધી છે, જ્યાં-સદ્ગુરુ ને સાંભળવાની ભુમિકા થી પણ વંચિત કરે એવું અજ્ઞાન છે, ત્યાં આત્મા, અજ્ઞાન ની બહેરાશ નો ભોગ બન્યો હોય છે.

સાહેબ, ઘણું સાંભળ્યું, અમારા માં અસર કેમ નહિ, અમારામાં પાલન કેમ નહિ, આટલું સાંભળીએ ને ગયા પછી અમે એવા ને એવા કેમ ? સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, તમે આવ્યા ખરા, તમે બેઠા ખરા, તમે કશું સાંભળ્યું જ નથી, કારણકે તમે અજ્ઞાન ની બહેરાશ નો ભોગ બન્યા છો. જેણે સાંભળ્યું હોય, એનો અવશ્ય અમલ હોય, જેનો અમલ નથી એણે તાત્વિક દ્રષ્ટિ એ, નિશ્ચય દ્રષ્ટિ એ, સાંભળ્યું જ

નથી. એની ખબર છે. એને ઘણું જ્ઞાન છે. આવા તો ઘણા મહાત્માઓ આવ્યા, આચાર્ય ભગવંતો ને ગચ્છાધિપતિઓ આવ્યા, ઘણાં ને સાંભળ્યા, ઠીક છે, જઈએ બેસીએ, સાંભળીએ, મન આવી ને પાછા આવીએ. આ પણ એક પ્રકારનું ઘોર અજ્ઞાન છે.

સાવ ભોળો, ભોઠ, છે, અભણ, નવકાર પણ જેને આવડતો નથી, ખમાસમણા ની પધ્ધતિ જેને ખબર નથી. શક્ય છે કે સાંભળતો હોય, અને આપણે બહેરા હોઈએ.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! સાંભળતા જ જઈએ તો સંયમ લેવાનો જ વારો આવે, કારણકે બધી પ્રેરણા તો સંયમની જ હોય !

પૂજ્ય શ્રીનો ઉત્તર :- પરમ મજાનો પ્રશ્ન છે ને લલિત વિસ્તરા ની અંદર, હરીભદ્રસૂરી મહારાજ એ, આ પ્રશ્નનો જવાબ આપ્યો છે.

શુદ્ધદેશના હિ ક્ષુદ્રસત્ત્વમૃગસન્ત્રાસનસિંહનાદઃ।

શુદ્ધ દેશના, સાચી દેશના, શાસ્ત્રીય દેશના, જેની અંદર સંયમ લેવાની વાત છે, સંસાર છોડવાની વાત છે. એ ક્ષુદ્ર સત્ય વાળા, હરણ જેવા જીવો ઓ માટે, ક્ષુદ્ર પુરૂષો માટે. ક્ષુદ્ર પુરુષો રૂપી હરણી માટે એ સિંહનાદ સમાન હોય છે જેનાથી એઓ ગભરાય ને ભાગી છુટે છે. હરણા એટલા માટે ભાગી છુટે છે કે સિંહ નો મુકાબલો કરવા માટે તો એ શક્તિમાન નથી, એ સિંહનાદ નો પણ મુકાબલો કરવા માટે શક્તિમાન નથી, સાંભળવું સુધ્ધા નથી, એની ભાગી છુટે છે. પ્રશ્ન છે કે એ સાંભળતા જ જઈએ તો સંયમ લેવાનો વારો આવે, હું કહું છું

તમારે સંયમનો નથી જ લેવું, આ BASE ઉપર સાંભળવું છે કે જે રીતે આત્માનું કલ્યાણ થતું હોય, એ અમારે કરવું જ છે. આ BASE ઉપર સાંભળવું છે. હું તમને પુછુ છું ! તમે એક નક્કી કરીને આવ્યા, કે ભાઈ સંયમ તો નથી જ લેવું, હું કહું છું કે સંયમની વાત દુર છે, સંયમની વાત પછી કરશે, વ્યાખ્યાનમાં જેટલું સાંભળ્યું, એનો બે પૈસા જેટલો પણ અમલ કરવો, ચાલો આજથી આપણે છાપુ બંધ કરીએ, એની બદલે કલાક નો સમય સ્વાધ્યાયને આપશું, આટલો અમલ કરવાની તૈયારી ખરી ? ચાલો હું હજુ નીચે ઉતરું, કલાક નહિ - અડધો કલાક છાપુ ને અડધો કલાક સ્વાધ્યાય, આટલી તૈયારી ? ચાલો પોણો કલાક છાપુ, પંદર મિનિટ સ્વાધ્યાય તો કરીશ જ, આટલું તો આજના વ્યાખ્યાન માંથી લઈને જઈ શકાય ! આટલી તૈયારી ?

દીક્ષાની વાત તો ઘણી દુર છે. બધુ જ માનવાની વાત દુર છે, બે-પાંચ ટકા જેટલો અમલ કરવાની ક્રીઝ, સિન્કતા, તાલાવેલી, તલસાટ, લાગણી થી સાંભળીએ, બાળક બની ને સાંભળીએ, કોરી પાટી બનીને સાંભળીએ, અમે દીક્ષા આપવા માટે જ બેઠા છીએ આવી કોઈ પણ ગેરસમજ હોય તો કાઢી નાખજે. તમે પગે પડશો, રડશો, બધુ CLEAR કરી ને આવશો ને તમારો પરિવાર આવી ને અમને સમજાવશે, તો પણ અમને બે પૈસા યોગ્યતા, ઉણતા, ઓછી લાગી, તો અમે હરગીઝ આપવાના નથી. આ બધી જ પ્રેરણા અમારી એના માટે છે, અજ્ઞાન હણે, દીન આવે, દીક્ષા પાળવાની યોગ્યતા બધા ની હોય એ સંભવિત નથી, પણ દીક્ષા ના તલસાટ ની યોગ્યતા, દીક્ષા માટે ઝુરવાની યોગ્યતા, ચારિત્ર મોહનીય કર્મો નો ભુક્કો બોલાવવાની યોગ્યતા, તો દરેકની હોય શકે છે. એને આજે

એ કુશલો આવ્યો, આજે એ દિન આવ્યું, આજે એ ચારિત્ર મોહનીય કર્મોના ભુક્કા બોલાયા. તો પાંચ-પચ્ચીસ વર્ષે પણ દીક્ષા ઉદયમાં આવશે. કદાચ આ ભવમાં નહી આવે તો પરભવમાં આવશે, છેવટે તો સંયમથી જ મોક્ષ છે. સંયમ વગર મોક્ષ છે જ નહિ, આ વાત નક્કી છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ, આપ યોગ્યતાની વાત કરો છો, ૯૮ ટકા યોગ્યતા હોય ને એ આ સંસારના પાપથી બચી જાય, તો પછી કેમ નહી આપવી દીક્ષા?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- શાસ્ત્રકાર ભગવંતો આ પ્રશ્નનો જવાબ આપે છે, જુદી જુદી યોગ્યતાઓ સંયમ લેનાર પાત્ર વ્યક્તિની બતાવી. ને આટલી બધી યોગ્યતાઓ હોય કે ન હોય તો દીક્ષા આપવી એના સંદર્ભમાં આગળ કહ્યું કે આટલું ન હોય તો એ આપવું. ચાલો બે ટકા ઓછી છે, ૯૮ ટકા તોયે આપવી. હજુ નીચે ગયા નેવું ટકા તોયે આપવી, ચાલો ૮૦ ટકા તોયે આપવી. ૭૫ ટકા તો એ આપવી.

અમારા ગુરુદેવ ઘણી વાર કહે કે, અમારી સ્કુલમાં, સંસારમાં પાંત્રીસ ટકાએ પાસ છે, અહીંયા આપણે પચાસ ટકાએ પાસ! હરિભદ્રસૂરિ-મહારાજ ધર્મબિંદુ વગેરે ગ્રંથોની અંદર દીક્ષાર્થીની ઓછામાં ઓછી યોગ્યતા કહે છે, તીવ્ર વૈરાગ્ય, વ્રત પાલનમાં ધીરતા, અને ત્રીજા નંબરની અંદર સમુપસંપન્ન: જે સંપૂર્ણ પણે ગુરુને સમર્પિત હોય, અને હું જે કહું છું કે બે પૈસા

જેટલું પણ ઓછું હશે, એનો મતલબ એ છે કે શાસ્ત્રકાર ભગવંતો એ જે MINIMUM યોગ્યતા દર્શાવી, એમાંથી પણ જો પૈસા જેટલું ઓછું હશે, તો તમને દીક્ષા નહિ મળે!

સભાનો પ્રશ્ન :- સાહેબ, તમે જે ત્રણ મુદ્દા બોલ્યા એમાંનો સો એ સો ટકા આવી ગય છે!

પૂજ્ય શ્રીના ઉત્તર :- તમારો સવાલ એનું હાર્દ એ છે, કે તમે તો પચાસ ટકાને પણ સો ટકા બનાવી દીધા છે. હરીભદ્રસૂરી મહારાજ, પંચાસક ગ્રંથની અંદર આનો જવાબ આપે છે,

દુક્કરં જહ્ મહત્તણં દુક્કરમેવ પસિદ્ધં।

તમારા પ્રશ્નનું હાર્દ છે કે, સાહેબ આ પણ બહુ અઘરું છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે અમે ક્યાં ના પાડી, અમે એ જ કહીએ છીએ ભાઈ, સંયમ બહુ જ અઘરું છે. દીક્ષા લેવા આવે એને અમારે કહેવું કે આવી જા ભાઈ, તું કોઈ જ ચિંતા કરીશ નહિ, સારી રીતે રાખશું, ગોચરી બધે સરસ વહોરાવે છે, ઉપાશ્રયો સરસ છે, કોઈ ચિંતા કરતો નહિ, તુ તારે આવી જ! શાસ્ત્રકાર ભગવંતો એ આવું કહેવાની સ્પષ્ટ ના પાડી. જે દીક્ષા લેવા આવે, મારે દીક્ષા લેવી છે, એને ગુરુએ કહેવાનું, કે ભાઈ,

* દીક્ષાનો અર્થ છે, લોઢાના ચણા ચાવવા!
* દીક્ષાનો અર્થ છે, ખાંડાની ધાર પર ચાલવું!
* દીક્ષાનો અર્થ છે, તમારે મોઢાથી કોથળામાં ફૂંક મારી મારી ને, કોથળાને ફુગ્ગાની જેમ ફુલાવવો!
* દીક્ષાનો અર્થ છે, તમારે અગ્નિની જ્વાળ પીવી.
* દીક્ષાનો અર્થ છે,

બાહુભ્યાં સાગરશ્ચૈવ યથા દુસ્તરતાં વ્રજેત્।

જે હાથથી દરીયો તરી જવો!

* દીક્ષાનો અર્થ છે, મેરુ પર્વતને ત્રાજવામાં રોપીને એનું વજન કરવું. દુષ્કર છે !

(પળાય્યા વીરા)
મહાવીરનો આ માર્ગ છે. વીર અને ધીર પુરુષોનો માર્ગ છે. તુ વીચારીને દીક્ષા લેજે. જ્યાં તીવ્ર વૈરાગ્ય નથી, જ્યાં નાનો પણ નિયમ પાળવા, એનું સામર્થ્ય, સત્ત્વ, ધૃતિબળ અને સંઘયણબળ નથી, જ્યાં સદ્ગુરુ પ્રત્યેની સંપૂર્ણ શરણાગતિ નથી, ત્યાં સાચી દીક્ષા નું પાલન થવાનું જ નથી. અને જ્યાં સાચી દીક્ષા નું પાલન ~~થવાનું~~ (શક્ય) નથી, ત્યાં દીક્ષા આપવી, એ પણ વ્રતભંગ કરાવવાની એક અપેક્ષાએ પ્રવૃત્તિ છે.

સભાનો પ્રશ્ન :- જેનો દુઃખ ગર્ભિત વૈરાગ્ય હોય એનો તો કોઈ અવકાશ જ નહીં ને ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- અધ્યાત્મ સારની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, એમણે આ પ્રશ્નનો જવાબ આપ્યો છે કે ભાઈ, ઘણા બધા FACTORS છે, શાસ્ત્રની અંદર ઉત્સર્ગ હોય છે, અપવાદ હોય છે, ગીતાર્થ ગુરુ ભગવંત, પોતાની તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં તે વ્યક્તિ, એની પરિસ્થિતિ, એનું ભવિષ્ય, તેની યોગ્યતા, તેની ન દેખાતી યોગ્યતા તેની અવ્યક્ત યોગ્યતા, એનો ભાવિનો લાભ, આ બધું જોઈને, અપવાદ માર્ગે, શાસ્ત્રમાં જેની ના પાડી હોય, એને પણ દીક્ષા આપી શકે.
FOR EXAMPLE :- આર્યસુહસ્તિસુરીજી મહારાજ, [દાખલા તરીકે]

DATE 22 12 2020

ભગવાનની પાટ પરંપરાના પટ્ટધર, યુગપ્રધાન આચાર્ય ભગવંત એમણે લાભાલાભ જોઈને, જાવા માટે દીક્ષા લેનાર, એક ભિખારી ને પણ દીક્ષા આપી હતી ! યુગપ્રધાન આચાર્ય ભગવંત એમણે જોયું કે શાસનના પ્રભાવક થશે, સંપ્રતિ મહારાજ થશે. ભલે ને જાવા માટે દીક્ષા, એના આત્માને લાભ છે. ભવિષ્યમાં એનો આત્મા આનાથી જાડામાં નહિ ઉતરે, શાસનને લાભ છે.

FOR EXAMPLE :- મહાવીર સ્વામી ભગવાન, એમણે ગૌતમસ્વામી ને કહ્યું કે પેલાં જંગલ, [દાખલા તરીકે] પેલા હાલીક ને પ્રતિબોધ કરો ને ! કેવળજ્ઞાનમાં ભગવાન જુએ છે. દીક્ષા લઈને અહીંયા આવશે ને મને જોતાની સાથે, આ વેષ પાછો આપીને ભાગી જવાનો છે, પણ ભગવાને લાભાલાભ જોયો, એને થયેલી, સમ્યક્ત્વ ની સ્પર્શના, એને થયેલી ભાવ સંયમની સ્પર્શના, અને થોડી વાર માટે પણ થઈ, એનાથી એનો ભવસાગર ઘણો ઘણો સુકાઈ જવાનો, એની ભવસ્થિતિ તુટી જવાની, એ આત્માનો અલ્પ સમયમાં નિસ્તાર થવાનો, અને એ લાભ જોઈને ભગવાને એને પણ દીક્ષા આપી !

આ બધી વાત છે ને કોઈને જોવા માટે નથી, કોઈ ચર્ચા કરવા માટે નથી, આમણે આમ કર્યું, આણે આમ કર્યું, એ મને બધી ખબર પડી ગઈ છે. કોને અપાય / ન અપાય, સાહેબજી એ વ્યાખ્યાનમાં વાત કરી હતી, એ ઓઘા ને આપી ને આ બધું જોડું છે. હું તમને કહું છું, આ વ્યાખ્યાન આના માટે નથી, તમારા આત્મા ની યોગ્યતા કેળવવા, સંયમનું લક્ષ્ય કેળવવા, સંયમ ની યોગ્યતાઓ ને સમજવા, એ યોગ્યતાઓ ને જરા અર્થમાં પામવા હું તમને કહું છું. આ બધું જે કશું સમજ્યા નથી, બસ સંયમ.. સંયમ.. સંયમ..

સંયમ મનમાં થઈ ગયું, હવે તો બસ દીક્ષા.. દીક્ષા.. દીક્ષા.. દીક્ષા.. લેવી છે, મરવું તો આ વેશમાં, બસ દીક્ષા મળી તો જ ઉદ્ધાર થાય, એવું તમારા-મનમાં ઘુસી ગયું ને પછી ગમે તે રીતે દીક્ષા લેવી, પછી પળાય ન પળાય, જે થાય તે એનો કંઈ વાંધો નહિ, BY CHANCE તમને મળી પણ ગઈ, હું તમને કહું છું કે મળેલી દીક્ષા નો પણ તમને અર્થ નથી, અને વ્યવસ્થિત એનું પાલન ન થાય, તો શાસ્ત્રકાર ભગવંતો કહે છે, કે એના કરતા ન લેવી પણ સારી, પણ આની અંદર જે લાભાલાભ, જે ઉત્સર્ગ-અપવાદ, જે ગીતાર્થ ગુરુ ભગવંતો જુએ. એ જ કરે, એના ઉપર ટીકા-ટીપ્પણ કરવી, એ પણ આગમોની આશા-તના છે. આપણી મનની યોગ્યતા ખીલવવા, આપણું અજ્ઞાન દૂર કરવા, બસ દીક્ષા નો અર્થ આ છે. દીક્ષા ની યોગ્યતા નો અર્થ આ છે, ગમે તે રીતે, ગમે તેમ કરી ને કૂદી પડવું ને દીક્ષા લઈ લેવી, અને ગીતાર્થો ની દ્રષ્ટિ માં એ ઉચિત ના હોય, તો એને સાચી દીક્ષા પણ ના કહેવાય. સાચી યોગ્યતા ખીલવવી છે, સાચી દીક્ષા લેવી છે, અરે દીક્ષા કદાચ મારા માટે દૂર ની વાત હોય, તો મારા શ્રાવક જીવન ની-અંદર પણ, સદ્ગુરુ પ્રત્યે નું સમર્પણ, હું સાંભળી શકું એમ ને, મારી આ બહેરાશ જતી રહે,

સુનના સેજડા, કેરના મનડા

આવી મારી અવળચંડાઈ જતી રહે, એનો પ્રયાસ એ તો આપણે સો ટકા, કરવી જ જોઈએ. બહુ પ્રેમથી તમને કહું છું, બહેરાશ દૂર કરો.

સાંભળતા થાવ, બે પૈસા જેટલો પણ અમલ કરતા થાવ. આજે બે પૈસા જેટલો, કાલે ત્રણ પૈસા જેટલો, પરમ દિવસે ચાર પૈસા જેટલો, એમ કરતા-કરતા-કરતા તમારા કાન સાબદા થશે, બહેરાશ દૂર થશે, ઉમળકો આવશે, ઉદાસીનતા જશે, ધર્મ/આરાધના એ આનંદયાત્રા બનશે. અને જ્યાં સુધી આ ભૂમિકા નથી આવી, ત્યાં સુધી આપણું ઠેકાણું પડવાનું નથી.

સભાનો પ્રશ્ન :- સાહેબ, લોઢું એ પારસમણિ પાસે જાય, એટલે એ સોનું થઈ જાય છે. આપ પારસમણિ છો, પછી સુધારો થઈ જ જાય ને!

પૂજ્યશ્રીનો ઉત્તર :- સવાલની થોડી ભ્રાંતિ એ દૂર કરું, હું એ લોઢું જ છું. છતાં જે ભગવાનનું વચન છે, એ તો સો ટકા પારસમણિ છે. પ્રશ્નની બીજી ભ્રાંતિ દૂર કરું, કે લોઢું પારસમણિ પાસે જાય, તો આ જાય એ થયું છે કે નહિ એ આપણે આપણને પૂછવાનું છે. લોઢું અળગું જ રહે, તો પારસમણિ થવાનું નથી. ખરેખર ભગવાનનું વચન, આપણા આત્માને સ્પર્શે, તો આપણો આત્મા, લોઢા માંથી પારસમણિ થશે. ખૂબ મનોમંથન કરો, એના વગર ઉદ્ધાર નથી, એના વગર આપણા આત્માનું-કલ્યાણ નથી. ખૂબ મનોમંથન કરીને, બહેરાશ દૂર થાય, અજ્ઞાનના રોગો દૂર થાય, હજુ પણ અજ્ઞાન કયા-કયા રોગ સ્વરૂપ છે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આંતરચક્ષુથી જોઈએ, એક હજાર ને સોળ વર્ષ પહેલા થઈ ગયેલા, એ મહાપુરુષ, પરમ કરુણા સાથે, પરમ વાત્સલ્ય ભાવ સાથે, આપણને આપણા સારા માટે સમજાવી રહ્યા છે, કેવો પરિશ્રમ એમણે કર્યો હશે,

તાડપત્રી પર એક એક શબ્દ લખતા લખતા, આજે અમે લખવા જઈએ તો તાડપત્રી બટકી જાય, અમને આવડે નહિ. ગ્રંથના છેડે લેખકો એક શ્લોક લખતા હોય છે,

भग्न पृष्ठि: कटि ग्रीवा ।

આ લખતા લખતા અમારી કેડ ભાંગી ગઈ, અમારી ડોક રહી ગઈ છે, અમારો હાથ રહી ગયો છે. તમે આ પ્રતનું જતન કરજો. સિદ્ધર્ષિ ગણિ મહારાજ પણ આપણને કહે છે. આ પરમ પાવન ઉપમિતિ ગ્રંથ, હું તમને આપી રહ્યો છું. મેં ઘણા પરિશ્રમ પૂર્વક આ લખ્યું છે, મેં આગમો નો નીચોડ કાઢીને શાસ્ત્રો નો અર્ક કાઢીને, મોક્ષ માર્ગનું હાર્દ કાઢીને મેં આ ગ્રંથમાં ભરી દીધું છે. તમે આ શાસ્ત્ર, આ ગ્રંથ, આનું તમે જતન કરજો. જતન નો અર્થ એટલો નથી કે જ્ઞાન ભંડારમાં સાચવીને રાખજો, તમે આને જીવનમાં લાવજો, જીવનમાં જતન કરજો, એનું એક એક પાનું, એક એક શ્લોક, એક-એક શબ્દ, એ તમારા જીવનમાં જીવંત બને, એના માટે મેં આ બધી મહેનત કરી છે.

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ-મહારાજ, આપણા જેવા પામર જીવો માટે, આટલી બધી મહેનત કરે ને આપણો પ્રતિભાવ માત્રને માત્ર સંસાર ને હોય, મોહ રાજાને હોય, કર્મ વૃદ્ધિ ને હોય, ભવભ્રમણ ને હોય, ને આવા મહાપુરુષ પ્રત્યે આપણો કોઈ જ પ્રતિભાવ ન હોય. એવું તો ન જ થવું જોઈએ. એના માટે પ્રયાસ કરજો. વેળા સમય થયો છે, આજે આટલું રાખીએ !

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો

બુધવાર

## વ્યાખ્યાન નંબર- 104

DATE 23 12 2020

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, અજ્ઞાનના વર્ણનમાં આગળ વધી છે,

अज्ञानं रोगसङ्घातः।

જરૂજર જો રોગોનો કોઈ સમૂહ હોય, રોગોની લંગાર હોય, રોગોની વણઝાર હોય, રોગોનો રાફડો હોય, વિશ્વના બાહ્ય, અભ્યંતર બધા જ રોગોનું કંઈ કારણ હોય, તો- એનું નામ છે "અજ્ઞાન"!

"અજ્ઞાન" એ CORONA [કોરોના] છે. જેમાં અધ્યાત્મનું OXYGEN LEVEL DOWN થતું જાય છે. જેની અંદર સાધનાના ફેફસામાં INFECTION લાગી જાય છે. જેની અંદર સંયમ સંવેદના, DEAD થતી જાય છે. કોરોના થાય એટલે માણસની આંખડી લાલ થઈ જાય, જો હકીકતમાં કોરોના થયો છે. એમને CORONA POSITIVE ની પ્રભાવના જણાય હોય એ વાત જુદી છે. અજ્ઞાન જેવો CORONA છે, જેની અંદર સંયમની સંવેદના, શાસનની સંવેદના, આ બધું DEAD થઈ જાય છે.

"અજ્ઞાન" એ અંધાપો છે, માણસ ને અંધાપો આવી જાય, પછી એને કશું જ દેખાય નહીં, એની પાસે દ્રષ્ટિ જ ના રહે. અજ્ઞાન પણ એક પ્રકારનો અંધાપો છે જેની અંદર આત્મહિત શું છે, અહિત શું છે, એની વિવેક દ્રષ્ટિ એ ગુમાવી દે છે, અને એવાં પગલા લે છે, જેનાથી એનું ઉત્તરોત્તર અહિત જ થતું જાય છે.

"અજ્ઞાન" એ મોતિયો છે, મોતિયા ની અંદર, ગમે તેટલું સામે સ્પષ્ટ દ્રશ્ય હોય, સ્પષ્ટ ચિત્ર હોય, છતાં પણ માણસને અસ્પષ્ટ દેખાય!

સદ્ગુરુ જીવને સંસારનું સ્પષ્ટ ચિત્ર બતાવે છે, જોઈ લે તું આ છે સંસાર. આ સંસારનું સ્વરૂપ છે. સાવ અસાર, નકામો, બોગસ છે આ સંસાર. સદ્ગુરુ સ્પષ્ટ ચિત્ર બતાવે છે તો હતા જીવને, આ ચિત્ર સ્પષ્ટ થતું નથી. કારણકે એને અજ્ઞાનનો મોતિયો થયો હોય છે.

"અજ્ઞાન" એ ઝામર છે. આંખે ઝામર થઈ જાય. મોટા મોટા આંખના SPECIALIST DOCTORS ને પણ કહેવું પડે કે ભાઈ ઝામરની કોઈ દવા નથી. "અજ્ઞાન" એવો ઝામર છે, જો એ થયું છે તો એનો કોઈ જ ઈલાજ નથી.

"અજ્ઞાન" એક પ્રકારનું DEPRESSION છે. ડીપ્રેશન આવે એટલે માણસ હતાશ થઈ જાય, નિરાશ થઈ જાય, એને કશું ગમે નહિ. અંદરને અંદર ... અંદર ને અંદર ગુંગળાયા કરે, મુંઝાયા કરે. અજ્ઞાન એવું ડીપ્રેશન છે, જેમાં આત્મ કલ્યાણ ની બાબતમાં, સાવ જ હતાશા વ્યાપી જાય છે.

"અજ્ઞાન" એક પ્રકારનું ગાંડપણ છે. ગાંડો માણસ શું કરે ? પોતે છરી લઈને પોતાને જ મારી બેસે, પોતાને જ લોહી કાઢે, પોતાને જ નુકશાન કરે, કંઈક બોલપેન જેવું લઈને આંખમાં મારી દે, પોતાની આંખ ફોડી નાખે. "અજ્ઞાન" એક પ્રકારનું ગાંડપણ છે જેની અંદર, આત્મા પોતે જ પોતાનું સત્યાનાશ વાળી દે છે.

[લકવો]

"અજ્ઞાન" એક પ્રકારનો PARALYSIS છે, PARALYSIS થાય એટલે આખા માણસનું
[લકવો]

શરીર આખું હોય નથી હાથ કપાયેલો, નથી પગ કપાયેલો, નથી કોઈ અંગમાં આપણને ઘા વગેરે હોય પણ, એ બધું જ નકામું થઈ ગયું હોય. અજ્ઞાન જેવો PARALYSIS છે, જેની અંદર આત્મા છતે અંગે અપંગ જેવો થઈ જાય છે.

"અજ્ઞાન" એક પ્રકારનો કોમા છે. કોમા ની અંદર માણસ જીવતો હોય છે પણ ન જીવતાની બરાબર હોય છે. કંઈ જ વ્યવહાર નથી, કોઈ જ પ્રવૃત્તિ નથી, કશી ગતાગમ નથી, સમજણ નથી. બસ - માણસ શુન્ય જેવો થઈ જાય. "અજ્ઞાન" પણ એક - પ્રકારનો કોમા છે, જેની અંદર અનંતજ્ઞાની, અનંત-દર્શી, અનંતસુખી, અનંત ચારિત્રી, અનંત શક્તિમાન એવો આત્મા એ સાવ જ શુન્ય જેવો થઈ જાય છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણો સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અજ્ઞાનં રોગસઙ્ઘાતઃ।

રોગો ના સમુહ જેવી કોઈ વસ્તુ હોય તો એ "અજ્ઞાન" જ છે. "અજ્ઞાન" એ રોગો નો સમુહ છે. કારણકે એ આત્મા ને રીબાવે છે. રોગની આપણી સીધી વ્યાખ્યા આ છે કે. જે રીબાવે એ રોગ, તો "અજ્ઞાન" પણ એ રીબાવે જ છે તો "અજ્ઞાન" પછી રોગ શા માટે નહિ ? અજ્ઞાન એ રોગ નો સમુહ છે. કારણકે એનાથી આત્મા ઈશ્વર સુખથી પણ વંચિત થઈ જાય છે. કોઈ

છગન કોઈ લગ્નમાં ગયો હતો ને, શ્રીમંત ના ઘરે લગ્ન હતા, 50-70 ખાવાની ITEM હતી, છગન જમી ને બહાર નીકળ્યો, બહાર મગન મળ્યો, મગન કહે કેમ રહ્યું, આખું આમંત્રણ મળ્યું, તારું કામ થઈ ગયું. તારું મોઢું પડેલું કેમ છે ?

આખું દીવેલ પીધા જેવું કેમ છે ?

એટલે ઇગાને આમ એક નિઃસાસો નાખીને કહ્યું કે પાપડ નહોતો. રોગનું આપણે સ્પષ્ટીકરણ કરવું હોય તો એટલું કહી શકાય કે માણસ પાસે બધું જ છે. પૈસા છે, નામ છે, સત્તા છે, પરિવાર છે, આટલા બધા હાજર સુખો હોવા છતા, માણસને રોગ થઈ ગયો, માણસ દુઃખી થઈ ગયો, હાજર સુખથી પણ વંચિત થઈ ગયો.

બરાબર એ જ રીતે "અજ્ઞાન" એ એવો રોગ છે, જેની અંદર માણસને ગમે તેટલા-વિષયો પણ મળે, સુખો પણ મળે, છતાં પણ માણસ એનાથી વંચિત થઈ જાય છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રંથની અંદર, એક અદ્ભુત પદાર્થનું નિરૂપણ કરી છે કે, સાંસારિક સુખ, ભૌતિક સુખ, વૈષયિક સુખ, એનો પણ ખરા અર્થમાં ભોગવટો જ્ઞાની જ કરી શકે, અજ્ઞાની ન કરી શકે. સમકિતિ જ કરી શકે, મિથ્યાત્વી ન કરી શકે. કારણકે એના ભોગ માટે પણ જરૂરી છે સ્વસ્થતા હોય. જેનાથી સ્વસ્થ પણે એ ભોગ કરી શકાય. એ ક્ષમતા પણ જ્ઞાનીમાં જ હોય છે. અજ્ઞાનીમાં તો એ ક્ષમતા પણ હોતી નથી.

ખરા અર્થમાં કોઈ કેરી નો રસ પીતો હોય તો એ જ્ઞાની છે. ભૌતિક રીતે પણ મીઠાઈ નો સ્વાદ જે ખરા અર્થમાં માણતો હોય તો એ જ્ઞાની છે. સંસારના પાંચે વિષયો ના જે કોઈ પણ ભોગો હોય, એને ખરા અર્થમાં - ભોગવનાર કોઈ હોય તો એ પણ જ્ઞાની જ છે.

**સભાનો પ્રશ્ન :-** સાહેબ આપની આ વાતની

બુધવાર

DATE 23 12 2020

સમજણ ના પડી. એમ તો ભોગવીએ છીએ પણ એકાગ્ર
કરતા જ્ઞાનીઓ કઈ રીતે વધારે ભોગવી શકે ? એ તો
ભોગવતા પણ નથી !?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- પિતા અને પુત્ર લગ્નમાં અંદર ગયા
છે. ભાતભાતની વાનગીઓ છે.
ભાવતી વાનગીઓ પણ છે. પપ્પા ભાવતી વાનગી ખાય છે,
દીકરો પણ ખાય છે. પણ દીકરો તુટી પડે છે. પપ્પા ઘણી
ઈશારો કરે છે, વાંક કાઢે છે, દીકરો સમજતો નથી,
આડેધડ.. આડેધડ, ખાધે જ ગયે... ખાધે જ ગયે.. ખાધે
જ ગયે. હવે પપ્પા એ એનો પકડયો હાથ, ઢસડી ને
એને ત્યાંથી બહાર કાઢયો. RECEPTION માંથી, હોલની
બહાર આવ્યા. રસ્તા ઉપર છોકરાએ પગ મુકયો છે. અને
તરત ગટર તરફ એ વળ્યો. અને બધી જ ઉલ્ટી કરી નાખી.
ત્યાં બધા વચ્ચે બોલવાનો અવસર ન હતો.

રસ્તામાં પપ્પા એ ફરી એનો હાથ પકડયો,
અને ઘર તરફ લઈ જતા ... લઈ જતા બોલ્યા, આ
ખાવાની રીત જ નથી, સ્વાદ લેવાની આ રીત જ નથી,
સ્વાદ આ રીતે આવે જ નહિ, તુ દુઃખી થયો, તુ
જમ્યો નથી, તે સ્વાદ નથી લીધો, તે ભાવતુ નથી ખાધુ,
તે મઝા નથી લીધી, તે પોતાની જાતને દુઃખી કરી છે.
પ્રશ્નનો જવાબ હવે આપુ; પિતા સમજુ હતા, પિતા એ
સમજ ને પોતે ખાધુ, પિતા એ ખરા અર્થમાં ખાધુ,
ખરા અર્થમાં ભાવતુ ખાધુ, ખરા અર્થમાં મઝા લીધી.
દીકરા પાસે સમજણ ન હતી, બેભાન હતુ. આડેધડ
એકાંતીયો બની ને તુટી પડયો, એ ખાઈ રહ્યો હતો
ત્યારે પણ એને ખાઈ લઉં, ખાઈ લઉં એમ હતુ,
એ ખાવામાં ન હતો. અને ઉપરથી બિચારો બાપડો
વધારે દુઃખી થયો. ઉલ્ટી કરી. ઘરે જઈને જુલાબ કરી,
આમા કયું સુખ છે ?, કંઈક જ્યાં સુધી સંયમ નથી,

કંઈક જ્યાં સુધી સમજણ નથી, કરેલ પણ નથી, ત્યાં સુધી ભૌતિક સુખનો પણ ખરો ભોગવટો - શક્ય નથી.

જે તમાકુના રવાડે ચડશે, દારૂના રવાડે ચડશે, DRUGS ના રવાડે ચડશે, દુરાચારના રવાડે ચડશે, જેમાં સરવાળે ખોટી દુઃખી.. દુઃખી જ થઈ જવાનું છે. જે સરવાળે દુઃખી થાય છે, જ્યારે ભોગવટો કરે ત્યારે પણ સુખી નથી હોતો, ગેરસમજ હોય છે, અજ્ઞાન હોય છે, અણસમજ હોય છે, એક મુર્છામાં હોય છે, જેને ખુદ ભોગનું નામ આપે છે, ભોગવટાનું નામ આપે છે, વિષય ભોગનું નામ આપે છે, સુખનું નામ આપે છે. જ્યાં "અજ્ઞાન" છે ત્યાં ખરા અર્થમાં ભોગ શક્ય જ નથી.

તત્વાર્થ સુત્રની અંદર ઉમાસ્વાતિ મહારાજ કહે છે,

गति - शरीर - परिग्रहा - भिमानतो हीनाः ।

જેમ - જેમ સમજણ વધતી જાય છે, ઉંચા - ઉંચા દેવલોકમાં, તેમ તેમ એમની ગતિ ઉંચી થતી જાય છે. અહીંયા સુખી માણસ કોણ છે તમારી દ્રષ્ટિએ હું તમને પુછું છું કે જે અમેરિકા જતો હોય, યુરોપ જતો હોય, લંડન જતો હોય, ઓસ્ટ્રેલીયા જતો હોય, ચાઈના જતો હોય, આમ જવાનું ... આમ જવાનું ... આમ જવાનું, તમને થાય કે ઓહો આ બધે જાય છે, આ મોટો ને સુખી ! પાદલિપ્તસુરીજી મહારાજ ની એમની એક કૃતિ જેનું નામ છે, તરંગલોલા. તરંગલોલા નામની એક વ્યક્તિ, જેમણે દીક્ષા લીધી આત્માનું કલ્યાણ કર્યું, પૂર્વભવની અંદર, - ચક્રવાક હોય છે, પોતાના પતિ ચક્રવાક ની

શિકાર થયો. એ નજર સામે મરી ગયો. શિકારી પોતાની ચીસો જોઈને પીગળ્યો, એની અગ્નિ સંસ્કાર કરે છે. અને ચક્રવાકી, ચકરાવા લઈ લઈ ને એ ચિતાની અંદર ખુપતી બળે છે. બહુ મોટી કથા, અદ્ભુત કથા, અનેક રસોથી ભરેલી કથા, છેલ્લે વૈરાગ્યમાં ઉતારની કથા! તરંગ રેખા!

હવે મૂળ સ્વરૂપે આ કથા લુપ્ત થઈ ગઈ. એ કથાના આધારે જેમણે કથા બનાવી, એમની કૃતિ આજે પણ ઉપલબ્ધ છે. પ્રાકૃતમાં છે, અન્ય એક મહાપુરુષ જેમણે સંસ્કૃતમાં પણ બનાવી, એનો સંક્ષેપ પણ થયેલો છે. અને બીજા ભવની અંદર, પેલી ચક્રવાકી એક શ્રેષ્ઠી પુત્રી થાય છે. જાતિસ્મરણ જ્ઞાન થાય છે. પોતાના પતિને ગોતવા છે. પૂર્વભવનું આખું ચિત્ર બનાવે છે, જે જોઈને બેહોશ થઈ જાય છે. એને પતિના સ્વરૂપે ઓળખે છે. જે દાસી હતી એ બેહોશ થયા પાસે જાય છે. ભાનમાં આવે પછી પ્રશ્ન પુછે છે. ખબર પડે છે કે એ જ પૂર્વ ભવનો પતિ છે.

મુદ્દાની વાત મારે હવે કરવી છે. કે જ્યારે આ રીતે ખબર પડી ને, એ જ મારા પૂર્વભવના ચક્રવાક છે, આ ભવમાં એમને જ પરણવું છે. સામે પક્ષે પણ સમાચાર મોકલાય છે કે ભાઈ આ જ છે. એના પિતા છે, જે સાર્થવાહ છે, શ્રીમંત છે, સુખી છે તમારી ખોળામાં માંગુ લઈને આવે છે, તમારી દીકરી અમારા દીકરા માટે આપો ને તરંગ રેખા, એમના જે પિતાશ્રી, હડધૂત કરીને, ગુસ્સે થઈ ને, કાઢે છે. બાંધવા જેવી વાત, સાંસારિક દ્રષ્ટિની વાત, સામાજિક દ્રષ્ટિની વાત, આટલું સરસ ઘર કહેવાય, શ્રીમંત ઘર કહેવાય, ઉચ્ચ જાતિ પણ કહેવાય, બધુ જ છે છતાં પણ ગુસ્સે થવાની, હડધૂત કરવાની, જરૂર શું (?) અને ત્યાં કથાકાર એ પાત્ર, એમના મોઢે શબ્દો મુક્યા છે, કે જે સાર્થવાહ

પુત્ર હોય તે સાર્થવાહ બનવાના, જે દેશદેશાંતર ફર્યા જ કરે ને, મારી દીકરી અહીંયા રડ્યા જ કરે, એની સાથે મારી દીકરી ને પરણાવાની ?

મોટી- મોટી MULTI NATIONAL COMPANY ની JOB હોય, અથવા તો દેશ- દેશાવર વેપાર હોય, મહીનામાં ચાર- આઠ દિવસ માણસ ઘરે હોય ના હોય, આવી JOB તમને ઉંચી લાગે, આવો છોકરો તમને સારો લાગે, એ પણ તમારી મોટી મુર્ખામી છે. શાસ્ત્રોમાં ચરિત્રશાસ્ત્રો, નિતિ ગ્રંથો, સમાજ શાસ્ત્રની ઘણી બધી વાતો આવે, એ દ્રષ્ટિએ અમે એઈએ કે તમારું અજ્ઞાન એટલું બધું ગાઢ છે ને, તમારી પાસે ધર્મ તો નથી, દીક્ષા તો નથી, સંયમ તો નથી, તમારી પાસે સંસાર પણ નથી. સાવ વચ્ચે તમે લટકેલા છો, સૂડી વચ્ચે સોપારી છો, SANDWITCH તમારી થઈ રહી છે, અડધા- અડધા તમે થઈ ગ્યા છો, નથી ધર્મ સચવાતો, નથી સંસાર સચવાતો, અને એમ ને એમ તમે ઢસરડા કરતા રહો છો.

વિદેશ જનાર પ્રવાસી હોય, બહુ ફર્યા કરે, બહુ ફરવું આ પણ શ્રમ છે, ચાણક્ય નિતિમાં કહ્યું,

अध्वा जरा मनुष्याणाम् ।

મુસાફરી એ ઘડપણ છે. જેમ વધારે મુસાફરી કરો એમ વધારે જલ્દી ઘડપણ આવે, આ એક EXAMPLE છે, આ એક સ્થુલ વાત છે કે, ફરવું, આ ફરવું એ સુખ નથી, ઠરવું એ સુખ છે. અજ્ઞાની એટલા માટે દુઃખી, અજ્ઞાની એટલા માટે ભૌતિક સુખને ના અનુભવી શકે, કારણકે અજ્ઞાની નું મન દોડતું હોય -- દોડતું હોય -- દોડતું હોય --- ગાંડો બની ગયો હોય -- એ બેઠો હોય ત્યારેય એનું મન દોડતું હોય -- સપનામાં એ દોડતો હોય, માટે

જ્યારે અજ્ઞાની સુખને ભોગવે છે ત્યારે પણ નથી - ભોગવતો. આધુનિક માં આધુનિક સુખ ભોગવવાના તમારા કેટલા- કેટલા રસ્તાઓ છે. એક એક રસ્તાને માપો, એક-એક રસ્તાને એવા ભાગવાનો પ્રયાસ કરો, તમને ખ્યાલ આવશે, તમે હકીકતમાં એના દ્વારા તમે સુખી નથી થઈ રહ્યા, દુઃખી થઈ રહ્યા છો.

ધર્મ, અધ્યાત્મ, જ્ઞાન, વૈરાગ્ય, પરલોક, મોક્ષ, આત્મા, એ બધાની આ વાત નથી. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, ભૌતિક સુખની પણ અપેક્ષા એ કહે છે. એ ભટકનારા તનથી કે મનથી સુખી હોય જ ના શકે. સ્થિરજ સુખી હોય શકે ને માટે જ તત્ત્વાર્થ સૂત્ર કહે છે, જેમ જેમ ઉંચો ઉંચો દેવલોક મળતો જાય, તેમ તેમ ગતિ, ફરવાનું, ચાલવાનું, ઓછું થતું જાય! ઘણીવાર આપણને પ્રશ્ન થાય, કે ત્યાં ફલાણું મંદિર ને ફલાણા જેતરને, - ફલાણું ગામ ને ત્યાં સંભળાય છે કે ભાઈ ત્યાં આમ છે ને તેમ છે, ફલાણું છે, ઢીકણું છે, પ્રભાવ છે. શા માટે આપણા નહિ ? સમજ્યા જેવું કારણ, જેમ જેમ આત્મા જિનશાસનની ઉંચી આરાધના કરી ને, દેવલોકે જાય, તેમ તેમ વધુ ઉંચો દેવલોક મળે. જેમ વધુ ઉંચો દેવલોક હોય, તેમ આપણાથી અંતર વધારે હોય, દ્રવ્ય અંતર વધારે, ભાવ અંતર વધારે, એટલા દૂર ગયા હોય ને એટલી ઉંચી POST ઉપર હોય. ગતિ ઉંચી થઈ ગઈ. અહીંયા જે ફરનારા દેવતા હોય, એ હલકા દેવતા હોય, એ હલકી જાતિના હોય, જેમના નિવાસ સ્થાનો પણ આપણી આજુબાજુમાં હોય, વધારે શક્તિ એ નથી, નાના-મોટા છમકલા કરે, અને એવા છમકલા કરવા પહેલા મહર્ધિક દેવો. વિશિષ્ટ શક્તિશાળી દેવો, એ સમકિતિ દેવો ના હોય.

હીરસૂરી મહારાજ અને સેનસૂરી મહારાજ, એમણે એમના પ્રવચન દરમ્યાન, ઘણા બધા પ્રશ્નો કરવામાં આવ્યા

તો એ પ્રશ્નોના જવાબ રૂપે હિરપ્રશ્ન, સેનપ્રશ્ન, આમના ગ્રંથો નું સંકલન એમના શિષ્યો દ્વારા થયું. એક પ્રશ્ન કર્યો એમને કે પાર્શ્વનાથ ભગવાનનો આટલો બધો મહિમા શા માટે ? અને એમાં - જવાબ આપ્યો છે કે પાર્શ્વનાથ ભગવાન ના ઘણા બધા શિષ્યો સંયમ ની વિરાધના કરીને, નીચલા દેવલોકમાં ગયા છે. ભવનપતિ માં ગયા, વ્યંતરમાં ગયા, જ્યોતિષ માં ગયા, ઉપ્પીયા, ઉપ્પચુલીયા, વગેરે આગમો ની અંદર, એમની કથાઓ આપવામાં આવી છે.

ઘણા શિષ્યો મોક્ષે ગયા, ઘણા શિષ્યો ઊંચા- ઊંચા દેવલોક માં પણ ગયા, પણ ઘણા - શિષ્યો એ કંઈક ને કંઈક સંયમની નાની વિરાધના કરી અને એના કારણે ઊંચા દેવલોકમાં ન ગયા, નીચાં દેવલોકમાં ગયા. તેઓ આપણી બહુ જ નજીક છે, અને તેઓ પોતાના ગુરુ, એવા પાર્શ્વનાથ - ભગવાનનો મહિમા વધારવા માટે, તે તે સ્થાને પાર્શ્વનાથ ભગવાનના ભક્તો ને સહાય કરે છે !

તત્ત્વાર્થ સૂત્ર કહે છે, ગતિ, શરીર, પરીગ્રહ, અભિમાન, જેમ જેમ ઊંચો ઊંચો દેવલોક આવે, તેમ તેમ ગતિ ઓછી થતી જાય. એટલે કે ત્યાંનું મુસાફરી, એ બધું ઓછું થતું જાય. ઊંચા ઊંચા દેવલોક માં ઓર ઓછું --- વઓર ઓછું --- ઓર ઓછું --- ઓર ઓછું ગ્રૈવેયક માં સિંહાસન પરથી ઊભા થવાનું નથી, અનુત્તર દેવલોક ની અંદર શૈયા માંથી બેઠા થવાનું નથી. જેમ જેમ ઊંચો દેવલોક શરીર થી હીન. પહેલા દેવલોકમાં સાત હાથની કાયા, - આગળ --- આગળ --- આગળ --- આગળ -- ઓછી -- ઓછી થતી જાય, અનુત્તર ની અંદર માત્ર એક હાથ

ની કાયા! જેમ જેમ ઉંચો દેવલોક થતો જાય, પરિગ્રહ ઓછો થતો જાય. નીચલા દેવલોકમાં આ જોઈએ... આ જોઈએ.. આ જોઈએ... આ જોઈએ, એટલું બધું રાખ્યું, જોર લગાડું કરો.. જોર ક્યાંક થી ચોરી લો, જોર ક્યાંક થી ઉપાડીને લાવો. જેવા વ્યંતરો હોય કોઈ બિચારા નો જમીની ગોળો દાટી રાખ્યો હોય, કોઈ લઈ ન જાય એના માટે. વ્યંતર આવે આવીને જમીની નીચે થી લઈ જાય. ને પેલો જોવે જગ્યા નો ભોગ, માટી ઉપરથી બધી દુર કરે, અને એને કોલસા ના દર્શન થાય! આવું કરનારા કોણ હોય હલકા દેવો હોય.

ઉપર- ઉપર ના દેવલોકની અંદર, આભુષણો વગેરે નો ઠાઠ, આડંબર, ઓછો ઓછો થતો જાય. રત્નોનો પરિગ્રહ ઓછો થતો જાય, મુર્છા ભાવ, મમત્વ ભાવ ઓછો ઓછો થતો જાય. અને યાવત્ અનુત્તરવાસી દેવલોક હોય, નથી એમને એક પણ આભુષણ, નથી એમને એક પણ વસ્ત્ર, નથી એમને કોઈ વ્યવહાર, નથી એમને કોઈને મળવા પણ જવાનું, નથી કોઈ એમને મળવા આવવાનું, અને સહજ શોભિત, સહજ વિભુષિત, એમનું શરીર જ એવું હોય જે અત્યંત શોભતું હોય, પણ પરિગ્રહ. એમને નહીં. આવી TOP CLASS ના દેવલોકની અંદર સ્થિતિ હોય છે.

એની આગળ વધીને કહ્યું,

अभिमानतो हीना: ।

જેમ જેમ ઉંચો ઉંચો દેવલોક આવતો જાય, તેમ તેમ અભિમાન ઓછું થતું જાય! તત્ત્વાર્થ સૂત્ર આપણ ને સમજાવવા માંગે છે કે ભૌતિક સુખ નો ભોગવટો પણ જે અજ્ઞાની કરી શકતો નથી એ જ્ઞાની જ કરી શકે. અણસમજુ નથી કરી શકતો એ સમજુ જ કરી શકે. અણસમજુ હકીકતમાં જ્યારે સમજતો હોય ને, કે મેં કોઈ વિશ્મનીય પાત્ર ને ભોગવ્યું, મેં વિષયને ભોગવ્યા,

મેં ભાવતું ખાવાનું ખાધું, મેં સુંવાળા સ્પર્શો ને સ્પર્શ્યા, હું સુખી થયો, ત્યારે હકીકતમાં અજ્ઞાની ખૂંપાતો હોય છે, રગદોળાતો હોય છે. હકીકતમાં દુ:ખી થતો હોય છે, સુખી થવાનો રસ્તો, સમજણ અને જ્ઞાન સિવાય બીજો કશો જ નથી!

જ્ઞાની ને વિષયો મળે તો પણ જ્ઞાની સુખી હોય છે.
જ્ઞાની ને વિષયો ના મળે તો પણ જ્ઞાની સુખી હોય છે.

અજ્ઞાની સમજતો નથી, આખી જિંદગી વિષયો ની પાછળ, ભોગો ની પાછળ, ભોગો જેનાથી મળે, એવા પૈસાની પાછળ, દોડે ભય, હું આનાથી-સુખી થઈશ, હું આનાથી સુખી થઈશ, હું આનાથી સુખી થઈશ, એની આખી જિંદગી પુરી થઈ ગય છે. પણ જેનાથી ખરા અર્થમાં સુખી થઈ શકાય, એવા જ્ઞાનની લગની એને લાગતી નથી. જ્ઞાન એને નકામું લાગે છે. જ્ઞાન બિનજરૂરી લાગે છે. જ્ઞાનનો શું મતલબ? ખાલી ચોપડી લીધીને ચોપડી વાંચી, આનો શું મતલબ! એ આપણે જતા હતા, આ ચોપડી ક્યાંક રખડતી હતી, કોઈક ઉપાશ્રય ના ઓટલે મુકી ગયું હતું, અને આપણે એમ ને એમ જતા રહ્યા, એનો મતલબ જ શું છે. હજુ હેયર ની વાત હોત તો, લાવ આપણે સજ્જન થઈએ, લઈ ના લઈએ. આપણે કદાચ પૈઠીમાં આપીએ કે કોઈ પુછે તો આપશે. પણ આપણને ઉપાડ્યે બુદ્ધ શેના પ્રત્યે, હેયર ની વાટે છે! આવું આપણને જ્ઞાન માટે થયું ક્યારે?

પૈસામાં પૈસા હેજાય, સંપત્તિ હેજાય આનું જ નામ અજ્ઞાન! પુસ્તકની અંદર, પ્રવચનની અંદર, વાચનાની અંદર, સત્સંગની અંદર, જ્ઞાન પ્રાપ્તિના દરેક સ્રોતની અંદર,

કરોડો અબજો રૂપિયા આપણને દેવાય, જેનું નામ જ્ઞાન! અજ્ઞાન એ રોગોનો સમૂહ છે, કારણકે હજાર ખુશીઓને પણ ગેરહાજર કરી દે છે, કારણકે એ આત્માને હજાર ખુશીથી પણ વંચિત કરી દે છે.

★ અજ્ઞાન એ રોગોનો સમૂહ છે, કારણકે એ કાળી યાતનાઓ આપે છે.

★ અજ્ઞાન એ રોગોનો સમૂહ છે, કારણકે દુનિયાના બધા જ રોગોનો સરવાળો કરીએ, એના કરતા પણ અજ્ઞાન-ના વિકારો, અજ્ઞાનજનિત રોગો, એ અસંખ્ય ગણા વધારે હોય છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

अज्ञानं रोगसङ्घातः।

અજ્ઞાન એ જ રોગનો સમૂહ છે. રોગનો અર્થ છે શરીરની વિકૃતી. સ્વાસ્થ્ય એટલે પ્રકૃતિ, રોગ એટલે વિકૃતી! જ્ઞાન એ આત્માની પ્રકૃતિ છે, અજ્ઞાન એ આત્માની વિકૃતી છે. દેહની વિકૃતિથી વધુમાં વધુ એક મૃત્યુ થાય છે. આત્માની વિકૃતી એનાથી યાવત અનંત મૃત્યુ થાય છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને સમજાવવા માંગે છે, કોરોનાથી ડરવાની એટલી જરૂર નથી, HEART ATTACK આવી ગયો તો શું? ઘરમાં રોગો ચાલુ થઈ ગયા તો શું? આ શરીરની અંદર CANCER DETECT થયું તો શું? ત્રણ TUMER નીકળ્યા તો શું? તમે આટલા બધા ફફડો છો, દુઃખી થાવ છો, TEMPRATURE માપ્યા કરો છો, OXYGEN માપ્યા કરો છો, ગભરાય મર્યા છો, કોરોના તો કશું જ નથી, હજાર કોરોના ભેગા કરો, અને એના કરતા પણ ચડી જાય, એવો કોઈ રોગ હોય, તો એનું નામ છે અજ્ઞાન! ડરવું હોય તો અજ્ઞાનથી ડરો, દુનિયાનો સર્વોત્કૃષ્ટ રોગ અજ્ઞાન છે. અને

દુનિયાના ભૌતિક પણ જેટલા રોગો છે, બધા જ રોગોનું મુળ અજ્ઞાન છે. તમે મુળમાંજ સિંચન કર્યા કરો, તમે T.V. જુઓ મુળમાં સિંચન કરો, તમે SOCIAL MEDIA માં પડો મુળમાં સિંચન થાય, તમે ધંધે લાગો, તમે પરિવારની અંદર રચીમાચી ને આસક્ત બનો, તમે સંસારની અંદર ગળાડુબ-ડુબી જાવ. તમે અજ્ઞાન સ્વરૂપ મુળમાં સિંચન કરો. પછી તો બધા રોગો ઉગવાના જ છે, પછી પોક મુકીને રોવાનો કોઈ અર્થ નથી રહે. ઋષિ-ભાષિત સુત્ર કહે છે

મૂલ સેકે ફલુપ્પત્તિ

જ્યાં સુધી મુળમાં સિંચન છે, ત્યાં સુધી ફળ પેદા થતું રહેવાનું, તમે મુળની જ ઘાત કરી નાખ્યો. પછી ફળની કોઈ સંભાવના જ નથી.

ફલત્થી સિંચઇ મૂલં।

જેને ફળનું પ્રયોજન છે, જેને ફળનો PURPOSE છે, એ મુળને સીંચે છે.

ફલઘાઇ ન સિંચઇ।

જેને ફળનો ઘાત કરી દેવો છે, એ મુળમાં સિંચન કરતા જ નથી.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! સિંચન ના કરીએ તો જ્ઞાન આવી જશે ?

પુજ્યશ્રીનો ઉત્તર :- T.V. VIDEO, થિયેટર-વિડયા, છાપા, ઉટપટાંગ પ્રવૃત્તિ કરવી, અજ્ઞાન ના મુળમાં સિંચન કરવું, એની બદલે તમે જ્ઞાનના મુળમાં સિંચન કરો, તમે પાઠશાળા જાવ, તમે પ્રવચનમાં જાવ, તમે-પુસ્તક વાંચો, તમે સત્સંગ કરો, તમે જ્ઞાન સત્ર, જ્ઞાન શિબિર, એની અંદર ભાગ લો, અને આ

રીતે તમે જ્ઞાનમાં સિંચન કરશો, તો આરોગ્યના, સુખના, સમૃદ્ધિના, સદ્‌ગતિના, સંપત્તિના, સોનાના, વગેરે વગેરે ફળો મળશે. ગણિતાધિપતિ આગમ, એક અને એક બે જેવું સીધું ગણિત આપણને જણાવે છે.

फलत्था सिंचइ मूलं, फलघाइ ण सिंचइ।

તમારે દુઃખી થવું હોય તમે અજ્ઞાનને સીંચો, તમારે સુખી થવું છે, તમે જ્ઞાનને સીંચો. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.

जराप्यज्ञानमुच्यते।

દુનિયાની અંદર એ ઘડપણ જેવું જરા અર્થમાં હોય, તો એનું નામ પણ છે "અજ્ઞાન". ઘડપણ એને કહેવાય જેની અંદર માણસ બેવડ વળી જાય, ઝુકી જાય, અને ટટ્ટાર ઉભો ના રહી શકે, ઘડપણની અંદર માણસ બેવડ વળી જાય, અજ્ઞાનમાં માણસ થોથડ બની જાય છે. ઘડપણ ની અંદર કફનો પ્રકોપ થઈ જાય! માણસને શરદી, ઉધરસ, મોઢામાંથી લાળ પડે, નાક વહેતું હોય આવી તકલીફો ઘડપણ માં વધી જાય. ઘડપણમાં કફનો પ્રકોપ વધી જાય, અજ્ઞાનમાં રાગ નો પ્રકોપ વધી જાય છે. ઘડપણ ની અંદર માણસ વજન ના ઉપાડી શકે, કોઈ બોજો ના ઉઠાવી શકે કારણકે, ઘડપણમાં માણસનો શરીર જ બોજો બની ગયું હોય, એ એનો શરીરનો ભાર પણ વેંઢારી ના શકે, એનું નામ ઘડપણ !!

"અજ્ઞાનની" અંદર આત્મા ની પ્રત્યેક પ્રદેશ અનંત કર્મોથી ભારે થઈ જાય છે ને આત્મા એ કર્મોનો બોજો વેંઢારી શકતો નથી. ઘડપણ ની અંદર માણસ જુગુપ્સાસ્પદ થઈ જાય, જોયો ના ગમે. આચારાંગ સૂત્રની અંદર શીલાંગસૂરીજી મહારાજ કહે છે,

वलिसन्ततमस्थिशेषितं शिथिलस्नायुधृतं कडेवरम्।

એ આજી ચામડી માં કરચલી -- કરચલી -- કરચલી -- કરચલી

થઈ ગઈ હોય. સ્નાયુઓ લબડી પડ્યા હોય, શિથિલ થઈ ગયા હોય, મણી આમ એક કલેવર છે, એવું લાગતું હોય.

स्वयमेव जुगुप्सते

જે વ્યક્તિનું શરીર છે એને જ પોતાની જુગુપ્સા થઈ જાય.

किमु कान्ताकमनीयविग्रहा ।

તો પછી કોઈ રૂપાળી યુવતી હોય, એને તો સુતરા-મોની જુગુપ્સા થઈ જાય. ઘડપણ ની અંદર - માણસ જુગુપ્સનીય બની જાય છે. અજ્ઞાન એવી વસ્તુ છે જેની અંદર કેટલા દોષો ખુબને, ઘેરી વળે. એને ખુબ જુગુપ્સાસ્પદ થઈ જાય, એને કોઈ જ પસંદ ના કરે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

जराप्यज्ञानमुच्यते ।

અજ્ઞાન એ જ ખરું ઘડપણ છે. ઘડપણ ની અંદર ઘરના લોકો હોય ને, એ ખુબનો પરાભવ કરે. આખું ઘર એમણે ઊભું કર્યું, પરિવારને એમણે ઊભો કર્યો. પાળ્યા, પોષ્યા, મોટા કર્યા, મન-ઘસી, નીચોવાઈ જઈ ને પણ, પરિવાર નું પોષણ કર્યા પછી, માણસ જ્યારે ઘરડો થાય ત્યારે એ જ ઘર એનો પરાભવ કરે, અપમાન કરે, તમે ચૂપ રહો, તમારે કંઈ નહીં બોલવાનું, તમે અંદર જતા રહો, તમારે કોઈ વાતમાં ડબડબ કરવાનું નથી, પપ્પા કાલથી તમારે દુકાને આવવાનું નથી, આમ બધી જ રીતે માણસનો પરાભવ થાય! વહુ સાસુને કહી દે, મરો, મરો હવે, જલ્દી મરતા કેમ નથી! ૮૨ થયા તો એ મરતા નથી. ઘડપણ ની અંદર માણસનો પરાભવ થાય! માણસ ની કોઈ જ કિંમત ના રહે!

અજ્ઞાનની પણ નાસ્તિક દ્રષ્ટિએ કોઈ જ કિંમત હોતી નથી, કદાચ પુણ્યોદય કંઈક હોય, ચાર જગમાં પુજાય જશે, પૂજાય જશે, પણ સરવાળે તો અજ્ઞાની આ સંસારની યાત્રામાં પરાભવ જ પામ્યા કરે છે.

ઘડપણ ની અંદર, માણસનું જે રૂપ હોય ને, એ રૂપ ખલાસ થઈ જાય. જે યુવાની માં રૂપાળો લાગતો હોય, HANDSOME લાગતો હોય, મોહક લાગતો હોય, બીજું કશું જ નથી થયું, એનો કોઈપણ ACCIDENT (અકસ્માત) નથી થયો, કોઈ ખરોંચ નથી આવી. એને કંઈ પણ નથી થયો. એ બહુ જ રૂપાળો હતો એ ઘરડો થઈ ગયો. હવે એનું રૂપ નષ્ટ થઈ ગયું.

जरा रूपमिवोत्तमम् ।

ઉત્કૃષ્ટ રૂપને પણ ઘડપણ ખલાસ કરી નાખે છે. અજ્ઞાન એવું ઘડપણ છે, જે આત્માના સ્વરૂપના સૌંદર્ય ને નષ્ટ કરી નાખે છે. ઘડપણ શું છે ? એ મોતનું ALARM છે. ઘડપણ આવ્યું એટલે હવે એ આપણને સૂચવે છે કે, હવે મોત આવી જવાનું, ઘડપણ એ મોતનું ALARM છે.

## અજ્ઞાન એ અનંત મૃત્યુનું ALARM છે !

એક લગ્નોત્સુક કન્યા હતી, એનું રોજનું એક જ કામ, જુદા જુદા છાપા લેવાના ને, લગ્નની જાહેરખબર વાંચ્યા કરવાની, વાંચ્યા કરવાની, ઘણી ખબર વાંચી ચુકી હતી, બધાને એણે FAIL કર્યા હતા. ફરી આજે છાપુ લઈને કન્યા બેસી ગઈ છે, વાંચી રહી છે ... વાંચી રહી છે.. વાંચી રહી છે ... એક ખબર એની આંખો સામે આવી ને એની નજરમાં ચમક આવી ગઈ, એનું મોઢું એકદમ ખીલી ઉઠ્યું, ખુશખુશાલ થઈ ગઈ, એકદમ તાનમાં

બુધવાર

DATE 23 12 2020

આવી ગઈ, જે નિરાશા હતી, ઉદાસી ને જોતો CANCEL કર્યા, બસ હવે જે બધું કામ થઈ ગયું અને ખુશ થતી ગઈ બસ આનો જ સંપર્ક કરું, આની સાથે જ સંબંધ કરવો, આની જ સાથે લગ્ન કરવા, મને જે જોઈતો હતો એ આજ છે ને વાંચતી જાય છે ને ખુશ થતી જાય છે.

HIGH DEGREE છે,

HIGH POST છે,

વાર્ષિક પાંચ કરોડની SALARY છે.

કન્યા વાંચતી જાય છે, ખુશ થતી જાય છે. ઘરે બહાર ગાડી છે. BASEMENT ની સાથે પાંચ માળનો - બંગલો છે. SINGAPORE ની અંદર BEST - RESORT માં લગ્ન થશે. બંને પક્ષનો ખર્ચો વર પક્ષ જ ઉપાડશે. કન્યા જોતી જાય છે, ને ખુશ થતી જાય છે... ખુશ થતી જાય છે. દહેજની કોઈ જ જરૂર નથી, કન્યા આજ ખુશી થી પાગલ થઈ જાય છે. બસ મનથી આને હું વરી ચુકી, બસ મને આ જ વર મળવો જોઈએ.

પણ નીચેની લાઈન વાંચીને કન્યાનો FUSE ઉડી ગયો, એ વરરાજ ની ઉંમર ફક્ત સત્તાવન વર્ષની હતી.

जराप्यहानमुच्यते।

બંગલો છે, ગાડી છે, HIGH POST છે, HIGH DEGREE છે, HIGH SALARY છે, HIGH STATUS છે, બધું જ HIGH છે, પણ એનો - કોઈ જ અર્થ નથી. જો એ વરરાજ ઘરડો હોય, ઘડપણ છે તો બધું જ વ્યર્થ છે. એના કરતા ગરીબ પણ જુવાન સારો, આવું કન્યા વિચારશે. - સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને સમજાવવા માંગે છે.

* અજ્ઞાની એટલે સત્તાવન વર્ષ.
* અજ્ઞાની એટલે પંચોતેર વર્ષ.
* અજ્ઞાની એટલે પંચ્યાસી વર્ષ.

બધુ જ છે, પણ એનો કોઈ અર્થ નથી. સિધ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને ફ્રીજ આપવા માંગે છે, કોઈ જ મતલબ નથી, તમે મુર્ખા બન્યા છો, તમે મામા બન્યા છો, તમે બેવકુફ બન્યા છો, ચાર ગાડી થઈ ગઈ, પાંચ-પચ્ચીસ કરોડની તમારી પાસે મુડી થઈ ગઈ, સમાજમાં નામ થઈ ગયું, દાનમાં તમે બજાવી દીધા, હાર તોરા તમારા થઈ ગયા, તકતી આવી ગઈ, લોકો તમને મોટો માણસ માને પણ, તમને "ણમો અરિહંતાણં" થી વધારે કંઈ આવડતું નથી. કોઈ મતલબ નથી.

બે પ્રતિક્રમણ તમારા થયા છે ?
પાંચ પ્રતિક્રમણ તમારા થયા છે ?

રોજની બે ગાથા કરો, રોજનો અડધો શ્લોક આપો, વર્ષમાં પાંચ પ્રતિક્રમણ થઈ શકે, રોજનો તમે અડધો શ્લોક આપો, એક વર્ષની અંદર ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ને છ કર્મ ગ્રંથના પદાર્થો, એને તમે શીખી શકો. રોજનો અડધો શ્લોક તમે આપો, ને તમે એક વર્ષની અંદર શ્રાધ્ધ વિધિ, શ્રાધ્ધ ગુણ વિવરણ, શ્રાધ્ધ દિન કૃત્ય, શ્રાવક ધર્મ વિધિ, શ્રાવક પંચાસક, વગેરે શ્રાવક ધર્મના BASIC બધા જ ગ્રંથો, જેમાં શ્રાવક જીવન તમને ખબર પડે કઈ રીતે જીવવું, અડધો શ્લોક માત્ર આપો, ફક્ત એક વર્ષમાં તમે શીખી શકો. ત્રણ વર્ષની અંદર, તમે શ્રાવકકુળના એક વિદ્ધવાન બની શકો, તમારા ત્રીસ વર્ષ થઈ ગયા, સાઈઠ વર્ષ થઈ ગયા, હજુ ~~[illegible]~~ કશું જ તમારી પાસે નથી ને તમે જોટો ફાંકો લઈને ફરો છો, મારી પાસે આટલા રૂપિયા છે ને આટલું નામ છે, ગાડી છે, લાડી છે, પરિવાર છે. સિધ્ધર્ષિ મહારાજ કહે છે કોઈ જ મતલબ

નથી.

जराप्यज्ञानमुच्यते ।

* અજ્ઞાન એવું ઘડપણ છે,
* અજ્ઞાન એવો રોગ છે,
* અજ્ઞાન એવું કલંક છે,
* અજ્ઞાન એવી ઉપાધિ છે,

જેમાં તમારી પાસે ઉંચા માં ઉંચી પણ ઉપલબ્ધિ હોય, હકીકતમાં ઉપલબ્ધિ પણ નથી, હકીકતમાં લબ્ધિ પણ નથી, એ તમારો લાભ પણ નથી, એ તમારું કલંક છે, નામોશી છે, તમારું નીચા જોણું છે, તમારું જ અપમાન છે, તમે પોતે જ કરેલી પોતાની હેરાનગતિ છે, આનો કોઈ જ મતલબ નથી.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, જુદા જુદા પાસાઓથી, જુદા જુદા POINT OF VIEW થી, આપણને અજ્ઞાન સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. અજવાળાની દુનિયામાં લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

---

ગુરુવાર

# વ્યાખ્યાન નંબર - 109

DATE 24 12 2020

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, મોહવિલય ઉદ્યાનમાં, વિશાળ પર્ષદા સમક્ષ, પ્રતિબોધક આચાર્યના મુખે, અજ્ઞાનનું રોમહર્ષક વર્ણન કરી રહ્યા છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

अज्ञानं विपदः सर्वाः।

★ અજ્ઞાન એ જ દુનિયા ભરની આફતો છે,
★ અજ્ઞાન એ જ દુનિયા ભરની તકલીફો છે,
★ અજ્ઞાન એ જ દુનિયા ભરની વિપત્તિઓ છે!

એક SOCIETY માં એક છોકરો રહેતો હતો, એકદમ તોફાની હતો, તોફાની બારકસ, કેટલો ઈલકાબ આપી જોયા પણ, ભયંકર એના રોજના ઉધામા, રોજના તોફાનો, એટલી બધી હેરાનગતિ બધાની થઈ ગઈ. ને છેવટે આખી સોસાયટીએ ભેગા મળીને એને ઈલકાબ આપી દીધો કે આ જ બધી ઉપાધિઓનું મુળ છે. સોસાયટીના લોકો એનું STUDY કરે તો આ જ ઈલકાબ આપી શકે, કે બધી જ ઉપાધિનું મુળ એ છોકરો છે.

જ્ઞાની ઓએ અજ્ઞાનનો STUDY કર્યો,

★ અજ્ઞાન શું છે?
★ અજ્ઞાન શું કરે છે?
★ અજ્ઞાન કેવી કેવી ઉપાધિઓ ને વિપત્તિઓ લાવે છે!

એનો બધો જ STUDY કર્યા પછી, જ્ઞાની ઓએ અજ્ઞાનને ઈલકાબ આપેલો છે,

अज्ञानं विपदः सर्वाः।

અજ્ઞાન એ જ બધી વિપત્તિઓનું મુળ છે. ઋષિભાષિત આગમ સુત્રની અંદર, પ્રત્યેક બુદ્ધ મહર્ષિ કહે છે,

अम्मं जरा य मच्चू य सोको माणाऽवमाणणा।

[illegible]

अण्णाणमूलं जीवाणं संसारस्स य संतती।

જીવોનું જે આ જન્મનું દુઃખ છે, જે ગર્ભાવાસની રીબામણ છે.

ગરુ જેવી પીડા સહન કરીને જીવ જન્મ પામે છે. - જીવો ને જે ઘડપણ આવે છે, જરી જાય છે શરીર, ગળી જાય છે શરીર, તુટી જાય છે શરીર, બેવડ વળી જાય છે. બિચારો જીવ કહે કે મોત આવે તો સારું, આવી જે એની દશા થાય છે, જીવ જે મારણાંતીક સમુદ્દઘાત ની કારમી વેદનાથી, રીબાઈ- રીબાઈ ને મૃત્યુ પામી જાય છે, જીવ જે શોક ગ્રસ્ત થાય છે, કોઈની મા મરી જાય છે, કોઈના પિતા મરી જાય છે, કોઈની પત્ની મરી જાય, કોઈના પતિ મરી જાય, કોઈ નો એકનો એક લાડકવાયો દીકરો મરી જાય, કોઈના સ્વજન મરી જાય, સગાવાહલા મરી જાય, કોઈનો વ્હાલો મિત્ર મરી જાય છે, ને જીવને જે શોક વ્યાપે છે, જીવતો છતા મરેલાં જેવો થઈ જાય છે, શુન્ય બની જાય, દિવસ ને રાત ધ્રુસકે ને ધ્રુસકે .. ધ્રુસકે ને ધ્રુસકે રડ્યા કરે, આવી જે જીવની રીબામણ થાય છે.

જીવને જે માન- અપમાનની વેદના સહન કરવી પડે, આજે જેણે બોલાવ્યા એણે, કાલે ના બોલાવ્યા, કોઈએ INSULT કર્યું, કોઈએ ગાળ આપી, કોઈએ બદનામી કરી, કોઈએ નિંદા કરી, કોઈએ ટાંટિયો ખેંચ્યો, કોઈ એ ખોટા આરોપો કર્યા, ત્યારે જે જીવ દુ:ખી થાય,

अण्णाण मूलं जीवाणं संसारस्स य संतती

આ બધાનું કંઈ મુળ હોય, તો "અજ્ઞાન" સિવાય બીજું કશું જ નથી.

संसारस्स य संतती

આ જે સમગ્ર ભવભ્રમણ, આને સંસાર સંતતિ, આને ભવપરંપરા, એના મુળમાં પણ અજ્ઞાન સીવાય બીજું કશું જ નથી.

अज्ञाने विपदः सर्वाः ।

બે જણ, ક્યાંક જવા સાથે નીકળ્યા છે. રસ્તામાં એક જગ્યાએ બંને ને ઠેસ વાગે છે, બંને પડે છે. બંને ઉભા થાય છે, આગળ જાય છે. RETURN (પાછા) આવે છે. એક વ્યક્તિ એ જગ્યા એ સાચવી ને ચાલે છે એને ઠેસ નથી વાગતી, એ પડતી નથી ને બીજુ વ્યક્તિ છે, એ ત્યાંય ઠેસ ખાય છે ને ત્યાં એ પડે છે.

પહેલી વ્યક્તિ બચી ગઈ કારણકે એણે વિચાર કર્યો હતો કે, મને શામાટે ઠેસ લાગી ? હું શા માટે પડ્યો ? બીજુ વ્યક્તિ ના બચી, કારણકે એણે વિચાર ન કર્યો કે મને શા માટે ઠેસ લાગી ને હું શા માટે પડ્યો ? બચવાના બે જ ઉપાય છે, એક તો આપણા પડવાનું કારણ એનો વિચાર કરવો, બચવાનો પહેલો ઉપાય ! પડવાનાં કારણનો વિચાર ! બચવાનો બીજો ઉપાય ! પડવાના કારણનો પરિહાર ! જો બચવું છે ઠેસથી તો આ બે ઉપાય છે, જો આ બે ઉપાય આપણને ન જોઈતા હોય તો, આપણો આત્મા ઠેસ ખાતો જ રહેવાનો છે.

ફરીથી એ બંને ને એ જ બાજુ જવાનું થયું, પહેલો માણસ બચી ગયો, બીજા એ ઠેસ ખાવાની પરંપરા જાળવી રાખી. જો આપણે ઠેસ માંથી કંઈક શીખી શકીએ ને, તો એ ઠેસ નથી પણ શિક્ષણ હોય છે. પણ આપણી કમનસીબી એ છે કે આપણે, કંઈ શિક્ષણ લેવા જ નથી, આપણે શુદ્ધ ઠેસ જ ખાઈએ છીએ.

ચોથી વાર એ લોકોને ફરી ત્યાં - જવાનું થયું, પહેલો માણસ બચી ગયો, બીજો બરાબર નો પડ્યો, આ વખતે એના કપડા ફાટ્યા, પાંચમી વાર પસાર થવાનું થયું, પહેલો માણસ બચી ગયો, બીજા માણસને જરા છોલાયું. છઠ્ઠી વાર જવાનું થયું, પહેલો બચી ગયો, બીજાને જરા લોહી નીકળ્યું. સાતમી વાર

ગુરુવાર
DATE 24 12 2020

જવાનું થયું, પહેલો બચી ગયો, બીજાને જરાક માંસનો લોચો દેખાવા લાગ્યો. આઠમી વાર જવાનું થયું, પહેલો બચી ગયો, બીજે છે એનો માંસનો લોચો બહાર આવી ગયો. નવમી વાર જવાનું થયું, પહેલો બચી ગયો, બીજાને હજુ વધારે માંસનો લોચો બહાર આવી ગયો.

આપણને બીજા માણસ પર ગુસ્સો આવશે, ફિટકાર થશે, આપણે એને કહીશું શા માટે, હાથે કરીને આવા ધંધા કરે છે. આટ-આટલી ઠેસ ખાધી, પડ્યો, તારા કપડા ફાટ્યા, તને લોહી નીકળ્યું, તારું માંસ બહાર આવી ગયું, હજુ તુ વિચારતો નથી કે ભાઈ અહીંયા જ ઠેસ વાગે છે, અહીંયા નથી જવાનું, આ બાજુ નથી જવાનું, બીજુ બાજુ જવાનું છે, પગ જરા સાચવી ને ઉપરથી લઈ લેવો, કંઈપણ કરવું પણ ઠેસથી બચવું આટલું તને સમજાતું નથી.

જે માણસ ઉપર આપણે જિજ્ઞાસુ, આપણને અકળામણ થશે, આપણે એને વઢશું, આપણે એને ધાબળા મારી ને કહેશું અલ્યા, આટલું તું ધ્યાન ના રાખે, આટલી તને ખબર નથી પડતી. નવ નવ વાર તું અહીંયા થી પસાર થયો, હજુ તને ભાન નથી આવતી. તને ખબર નથી પડતી, ફરી ફરી એ જ જગ્યાએ તું ઠેસ ખાય છે.

જે અકળામણ આપણને એ માણસ માટે થઈ જાય, એ અકળામણ સિધ્ધાર્થ ગણિ મહારાજ ને આપણા માટે થાય છે કે, આ જ જગ્યાએ તે આટલી વાર ઠેસ ખાધી, હજુ તને ભાન આવતી નથી ?

સભાનો પ્રશ્ન :- ભગવંત ! જેમ હાર્યો જુગારી બમણું રમે, એવું કહેવાય છે. તો આવી - પરિસ્થિતિ માં કોઈ હોય તો શું કરે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- નીતિવાક્યામૃતમ્ આ ગ્રંથની અંદર, આ પ્રશ્નનો જવાબ આપ્યો છે. એક જુગાર છે, ધાતુવાદ છે, એક મંત્રતંત્ર છે, જ્યારે માણસની કાળ રૂઠી જાય ને નસીબ વિફરી જાય ને, પછી એને આ બધું કરવાનું મન થાય !

ધાતુવાદનો અર્થ છે, સુવર્ણસિદ્ધિ, માણસ ન ધંધો કરે, ન નોકરી કરે, ન કોઈ મહેનત કરે, ન કંઈક ઉત્પાદન કરે, બસ સુવર્ણસિદ્ધિ મળી જાય, આખી જિંદગી જાત જાતની ઔષધિઓ ઉકાળ્યા કરે, ને આમ તેમ આથડ્યા કરે, બસ રાતોરાત માલામાલ થઈ જવું છે. આવી ઈચ્છા છે, માટે જુગાર રમવો છે, માટે સુવર્ણ સિદ્ધિ, માટે મંત્ર તંત્રના રસ્તે પૈસાદાર થવું છે. એને જ માણસનો કાળ રૂઠ્યો કહેવાય. એનું નસીબ વિફર્યું કહેવાય, ને ભવિતવ્યતા રૂઠી કહેવાય. ત્યારે એને આવા બધા મન થાય. આપણો આત્મિક પ્રયોજનમાં પણ આવું કરવું છે ?

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે કે આ તે જગ્યા છે, જ્યાં તે અનંતવાર ઠેસ ખાધી છે, તું વિચાર કર, અજ્ઞાન એજ એ જગ્યા છે, વારંવાર તું એ જગ્યાએ આવે છે, અજ્ઞાનમાં અટવાઈ જાય છે. જેટલી વાર સંસારમાં ઉપર આવ્યો (૮ લાખ યોનિઓની આ યાતનાઓને ભવભ્રમણ, આ બધાની અંદર મુળ હોય તો અજ્ઞાન સિવાય કશું જ નથી. એમાં જ્યારે તુ ઉપર આવ્યો, મોક્ષ પામી શકે આવી રચના થઈ, પુરી પુરી સંભાવના હતી ને એ સમયે પણ તું એ જગ્યાએ ઠેસ ખાય, અને ચડવા ને બદલે તું પડે, આના કરતા ગુલામી બીજી વધારે કઈ હોય શકે !

સિધ્ધર્ષિગણિ મહારાજ આપણને કહે છે, અનંતવાર તું નરકમાં ગયો, એનું કારણ અજ્ઞાન છે, અનંતવાર વાર નરકમાં પડ્યો, કારણકે તે અજ્ઞાન માર્ગે ઠેસ ખાધી, અનંતવાર તું નિગોધમાં પડ્યો, કારણકે તે ઠેસ ખાધી, તું એટલા માટે ફરી ફરી પડે છે, કારણકે તારી પાસે ચાલવાનો સમય છે, તારી પાસે દોડવાનો સમય છે, પણ તું અનંતવાર શા માટે પડ્યો એ વિચાર કરવાનો તારી પાસે સમય જ નથી.
ઋષિભાષિત આગમ સુત્ર કહે છે,

अण्णाणेण अहं पुव्वं दीहं संसारसागरे।

દરીયા જેવો સંસાર સાગર, વિરાટ એવો સંસાર સાગર, જેનો કોઈ આરો નથી.. વારો નથી.. પારો નથી, જેનો પાર પામવો અત્યંત.. અત્યંત મુશ્કેલ, આમ IMPOSSIBLE જેવું કહી શકાય, એટલો અઘરો આ દીર્ઘ સંસાર સાગર, એની અંદર જે જળચર, એની અંદર જે વમળ, એની અંદર જે પતરા, એની અંદર જે ભયો, એની અંદર જે ત્રાસો, એની અંદર જે પીડા, એની અંદર જે યાતના, આ બધાનો તુ ભોગ બન્યો એનું કારણ અજ્ઞાન સિવાય બીજું કશું જ હતું !

जम्मजोणि भयावत्ते सरिन्तो दुक्खजालिके।

સંસાર સાગર એ બીજું કંઈ જ નહિ, દુઃખનો સાગર, દુઃખની ખાણ, જેની અંદર જન્મ યોનિ, એના ભયો, એના આવર્તો છે, એના વમળો છે જે ધ્રુવ એક વાર એની અંદર ફસાય, અનંતકાળે પણ પાછો ઉપર આવે કે નહિ એ પ્રશ્ન છે, આ બધાનું મુળ શું ?

अण्णाणेण दीहं पुव्वं

આ બધું જ તે મારી સાથે થયું, એનું કારણ અજ્ઞાન સિવાય બીજું કશું જ નહતું. આપણું શું થયું ?

એને શા માટે થયું ?, એનો વિચાર કર્યા વગર, આગળ - વધવાની આપણી જે પેરવી છે ને, એજ આપણા અજ્ઞાન અને આપણી ધૃષ્ટતા નું પ્રમાણપત્ર છે.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! આટલી વાર સાંભળ્યું છે કે આ આત્માએ અનંતીવાર ઓઘો લીધો, ત્યાં સુધી પહોંચ્યા પછી સંસ્કારો પાછી જહાં સુધી ઊંચી આવે છે, અનાદિકાળના તો પછી ધર્મ, જ્ઞાનના સંસ્કારો કેમ પાછા DOWN થઈ જાય છે ?

પૂજ્યશ્રી ના ઉત્તર :- નંદીસુત્રની અંદર, આ સવાલ નો આપ્યો છે ને ત્યાં બહુ સ્પષ્ટ કરી દીધું,

मिच्छदिट्ठीस्स अन्नाणं।

જે મિથ્યાત્વી છે, એની પાસે જ્ઞાન જ હોતું નથી, સમવસરણમાં હોતું નથી, ઓઘો શું હોય એ એને ખબર નથી, દીક્ષા શું, હોય એને ખબર નથી, મોક્ષમાર્ગ શું હોય એને - ખબર નથી. વ્યવહાર દ્રષ્ટિએ, બાહ્ય દ્રષ્ટિ છે, ઉપલક દ્રષ્ટિ એ, ઉપરછલ્લી દ્રષ્ટિએ, જીવે કદાચ અનંતવાર ઓઘા લીધા છે, નિશ્ચય દ્રષ્ટિએ જીવે એકવાર પણ ઓઘા ને લીધો તો નથી, એક વાર ઓઘા ને સમજ્યો સુધ્ધા નથી !

નંદી સુત્ર સ્પષ્ટ કરે છે !

सम्मदिट्ठी परिग्गहिअं सम्मसुअं
मिच्छदिट्ठी परिग्गहिअं मिच्छसुअं

જે સમ્યગ્ દ્રષ્ટિ માં છે, એનું નામ સમ્યગ્ શ્રુત,
જે સમ્યગ્ દ્રષ્ટિ સાંભળે એનું નામ સમ્યગ્ શ્રુત,
જે સમ્યગ્ દ્રષ્ટિ ભણે એનું નામ સમ્યગ્ શ્રુત, અને મિથ્યાત્વી જે કંઈ પણ ભણે, વાંચે, સમજે પોતાની બુદ્ધિએ, એ બધું જ મિથ્યાશ્રુત હોય છે.

હીરા મળવી તો હજુ કદાચ ઘણી સહેલી છે, હીરા પાળવી પણ સહેલી છે, હીરા વિશુદ્ધ પાળવી પણ સહેલી છે, સૌથી અઘરામાં અઘરી વસ્તુ છે હીરાને સમજવી, હીરાનું જ્ઞાન એ પારમાર્થીક મળી જાય, તમારા બધા જ કારણો રફુચક્કર થઈ જાય, તમારી બધી જ જવાબદારીઓ આજે ને આજે પૂરી થઈ જાય, તમારો બધો જ મોહ આજે ને આજે ઓગળી જાય. ખરા અર્થમાં હીરા સમજાય ને એ જ દિવસે હીરા મળી પણ જાય, હીરા-પાળવાનું સત્વ પણ આવી જાય, હીરાનું અણીશુદ્ધ પાલન પણ આવી જાય, ને જીવનો મોક્ષ હાથવેંત માં થઈ જાય !

**શિષ્યોનો પ્રશ્ન :-** ભગવંત, આજથી ઘણા કાળ પહેલા ચોવીસ તીર્થંકરો પણ ભમતા હતા, અને કર્મસત્તા એ એમની ઉદારતાથી PHILOSOPHY થી મિથ્યાત્વ દુર કર્યું. એવું અમારું પણ થાવું કંઈક થશે, અમે ગમે તેટલા પ્રયત્ન કરશું, એમાં નવા ઓઘા ઉમેરાતા જશે.

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** ઉપદેશમાલાની અંદર, ધર્મદાસ ગણિ મહારાજ એના શ્લોકમાં બહુ માર્મિક વાત કરે છે.

लद्धिल्लियं च बोहिं अकरिंतो अणागयं च पत्थिंतो

અનંતા ઓઘાનો એક પદાર્થ આપણી પાસે છે જેને આપણે વારંવાર USE કરતા હોઈએ છીએ. ભવિતવ્યતા નો પદાર્થ છે, કર્મો નો પદાર્થ છે સંયોગનો પદાર્થ છે જવાબદારી નો પદાર્થ છે, આપણે હજુ બોલીએ ખરા, મોહ-માયા છુટતી નથી, પણ આપણે, આપણને પુછીએ કે હજુ

જેવું આપણને અંદરથી લાગે છે. કે મોહ-માયા છુટતી નથી, આવી સાચી ફરિયાદ પણ થઈ હશે ને તો મોહ-માયા છુટી જશે. સવાલની વધારે નજીક જાવું કે ભાઈ, અમે આટલો પ્રયાસ કરીએ ને હજુ ઘણા બોધા થઈ જશે, હું કહું છું હજુ પ્રયાસનું વિચારો જ નહીં, સમજવાનું જ વિચારો! સમજણ એ સાચી આવી છે તો સાચો પ્રયાસ થવાનો જ છે, સાચો પ્રયાસ થશે તો સાચો બોધ મળવાનો જ છે, ને સાચો બોધ મળે, મોક્ષ નક્કી જ છે. બહુ સીધું-સાદું છે મોક્ષનું.

આમ અનંતા બોધાને, બહુ ઉટપટાં રસ્તાને ભૂલ ભૂલામણી ને, ક્યાંય ભૂલી જઈએ ને, આપણે તો મોક્ષે જ જવું હતું ને, આપણે ભૂલા પડી ગયા, આપણે શું કરીએ. આવી કોઈ જ ઘટના આપણી સાથે બની નથી. આપણે મોક્ષને, દીક્ષાને, બોધાને, સંયમને, મોક્ષમાર્ગને તાત્વિક રીતે સમજ્યા નથી, ને સમજવાની ઈચ્છા સુધ્ધા નથી થઈ, માટે આપણો મોક્ષ નથી થયો.

યોગબિંદુની અંદર હરિભદ્રસૂરીમહારાજ કહે છે,

अनिवृत्ताधिकारायां प्रकृतौ सर्वथैव हि।

જ્યાં સુધી કર્મ પ્રકૃતિનો સંપૂર્ણ અધિકાર, ગાઢો અધિકાર, ખુબ ઉપર જેનો આમ એકલગામ કાબુ કહેવાય, જેમાં બીજા કોઈનું ન ચાલે, એનું જ ચાલે.

न पुंसस्तत्त्वमार्गेऽस्मिञ्जिज्ञासापि प्रवर्तते।

જ્ઞાનની વાત તો, તત્વમાર્ગની વાત તો દુર છે, દીક્ષાની મોક્ષ માર્ગની વાત તો દુર છે. એ મોક્ષ માર્ગની સાચી જિજ્ઞાસા પણ ત્યારે થાય જ્યારે કર્મોમાં જબરજસ્ત ગાબડું પડી ગયું હોય, એની પહેલા તો સાચી જિજ્ઞાસા પણ નથી થતી. યોગબિંદુની અંદર હરિભદ્રસૂરી મહારાજ કહે છે,

नाक्षीणपाप एकान्तादाप्नोति कुशलां धियम्।

જેના પાપો એકાંતે ક્ષીણ નથી થયા, હજુ ગાબડું નથી પડ્યું, હજુ ગાઢ જેના પાપો છે, હજુ ગાઢા કર્મો છે, એને તો

એક શુભ ભાવ પણ આવે તાત્વિક દ્રષ્ટિએ, એ શક્ય નથી. બહુ સરસ મઝાની વાત હરીભદ્ર સૂરી-મહારાજ કહે છે.

जिज्ञासापि प्रवर्तते।

આપણે સીધી સૌમાં મોક્ષની વાત કરીએ છીએ. આખી જિંદગી વાત કરતા રહીએ છીએ, અને વાતોમાં ને વાતોમાં આપણે પુરા થઈ જઈએ-છીએ. દીક્ષાનું અતિશુધ્ધ પાલન એ સૌ મો મોક્ષ છે, દીક્ષાની પ્રાપ્તિ આ નવ્વાણું મો મોક્ષ છે. સદ્ગુરૂની શરણાગતિ, આ અઠ્ઠાણું મો મોક્ષ છે, જ્ઞાનની પ્રાપ્તિ આ સત્તાણું મો મોક્ષ છે. અને એની નીચેના જે મોક્ષો છે તે GROUND FLOOR થી લઈ 1 સુધી ના મોક્ષ, એ મોક્ષ ની અંદર, ચરમાવર્ત ની પ્રાપ્તિ, અપુર્વ-બંધકતાની પ્રાપ્તિ, માર્ગાનુસારીતા ની પ્રાપ્તિ, વિનયની પ્રાપ્તિ, વિવેક ની પ્રાપ્તિ, કૃતજ્ઞતાની પ્રાપ્તિ, ઔચિત્યની પ્રાપ્તિ, અને આગળ વધીને, તત્વની જિજ્ઞાસાની પ્રાપ્તિ!

અધ્યાત્મસાર ની અંદર મહોપાધ્યાય યશોવિજયજુ મહારાજ, મોક્ષ માર્ગની જુદી જુદી ભુમિકા ઓનું વર્ણન કરે છે. એમાં પહેલા માં પહેલી ભુમિકા મુકે છે.

अत एव जनो पृच्छोत्पन्नसंज्ञः पिपृच्छिषुः।

જો આગે તમને સાચી જિજ્ઞાસા જાગી ગઈ કે આ છે શું? તત્વ શું છે?
મોક્ષ માર્ગ શું છે?
સત્ય શું છે?

એની સાચી જિજ્ઞાસા જાગી એ મોક્ષ માર્ગનું પહેલું પગલું હોય છે. જ્યાં સુધી એ નથી-

આવ્યું ત્યાં સુધી તમે આવ્યા, બેઠા, વ્યાખ્યાન સાંભળ્યું, વ્યાખ્યાનો ના વ્યાખ્યાન સાંભળ્યા, હજારો પુસ્તકો વાંચી લીધા, હજારો પ્રવચનો સાંભળી લીધા, પણ તમને હજુ સાચી જિજ્ઞાસા જ નથી થઈ, તો બધું જે છે એ તમારી ભ્રમણા છે કે તમે ઘણું બધું જાણી લીધું, જ્ઞાનની પહેલા - જિજ્ઞાસા હોય છે, જિજ્ઞાસા જ નથી, BACKGROUND નથી, પૃષ્ટ ભૂમિકા નથી, તો આપણે જે પામ્યું એ ખરા અર્થમાં જ્ઞાન જ નથી, અને ખરું જ્ઞાન નથી પામ્યું માટે ખરું ચારિત્ર નથી, ખરું આચરણ નથી આવતું, માટે ખરી દીક્ષા નથી આવતી, માટે ખરો બોધો નથી મળતો, માટે ખરું પાલન નથી થતું, માટે આપણો મોક્ષ નથી થતો ને, અને આપણે માત્ર ને માત્ર ઉપર - છલ્લી દ્રષ્ટિએ ગણી લઈએ કે અનંતા ઓઘા લીધા ને હજુ ઘણા થશે, એરીતે આપણું ઠેકાણું ક્યાં પડવાનું છે

ઉપદેશમાલામાં બીજો ANGLE પણ - બતાડ્યો, ચાલો તમને સાચી જિજ્ઞાસાએ થઈ ગઈ, ખરા અર્થમાં તમે જ્ઞાન મેળવ્યું, તમને સમ્યગ્દર્શન મળ્યું, તમને બોધિ મળી, ખરી સમજણ મળી, પણ જે બોધિ મળી એને અનુરૂપ આચરણ કરવાનું, તમારો પ્રામાણિક પ્રયાસ નથી. તમારું અનિષ્ટ છે, આ મેં જાણ્યું છે, હું આજ કરીશ, મારે બીજા ગ્રંથો જોવા નથી. દુનિયા શું કહે છે નથી જોવું, અડોશ-પડોશ વાળા શું કહે છે નથી જોવું, ભગવાને આ કહ્યું ને મેં આ સાંભળ્યું ને હું આ કરવાનો, જ્યાં સુધી આ ભૂમિકા આપણી નથી,

अकरिंतो अणागयं च पत्थिंतो।

જે ભવની અંદર સમજણ મળી, એના અનુરૂપ આચરણ આપણે કરવું નથી, આવતા ભવની અંદર ભગવાન તારું શાસન મળે, બોધિ મળે, સાચી સમજણ મળે, તારું વચન મળે, આની પ્રાર્થના આપણે કરીએ છીએ.

अन्नं दाहि बोहिं।

ગુરુવાર

DATE 24 12 2020

પરલોકની અંદર તને બોધિ મળે આવા સપના તું
જુએ છે,

मेल्लसि कचरेण मुल्लेण।

કયા મુલ્યથી પરલોકની અંદર તને જિનશાસન મળશે
એનો તો વિચાર તું કર ! સિધ્ધર્ષિ ગણિ મહારાજ
આપણને કહેવા માંગે છે

अज्ञानं विपदः सर्वाः।

હજુ તારે ન જ સમજવું હોય, તારી જ ધુનમાં ચાલે
રાખવું હોય, તારો કદાગ્રહ છોડવો ન હોય, સાહેબજી
ની ફરજ બધું કહેવાની, આપણે જાણીને સાંભળીએ
છીએ એ જ બધું થાય છે. બાકી તો શું કરવું
એ તો આપણને ખબર જ છે. સિધ્ધર્ષિ ગણિ
મહારાજ કહે છે તમારી મરજી, પણ આ રસ્તો
અનંતી વિપત્તિઓનો રસ્તો છે.

अज्ञानं विपदः सर्वाः

પ્રભુભાષિત આગમ સૂત્ર કહે છે અજ્ઞાન કેવી દશા
કરે છે, અજ્ઞાન જીવને કઈ રીતે હેરાન કરે છે.
એનું ઉદાહરણ આપે છે

दीवे पातो पयंगस्स कोसियारिस्स बंधणं

પતંગિયું હોય છે ને બિચારું અજ્ઞાની જીવ હોય છે,
એ પતંગિયું છે ને, એને જ્યોત બહુ ગમે,
એને દીવો બહુ ગમે, એને જ્વાળા બહુ ગમે,
દીવો ક્યાંક દેખાઈ જાય, પતંગિયુ ખેંચાઈ ને
આવે, પતંગિયું એને આજુ બાજુ ગોળ
પ્રદક્ષિણા આપ્યા જ કરે, ગોળ ફર્યા જ કરે,
બહુ સરસ ... બહુ સરસ ... બહુ સરસ જ્યોત,
એકદમ નજીક આવીને ઝંપલાવી છે અંદર
બળીને ભડથુ થઈ જાય. રેશમની કીડી એ
એનું બાંધકામ કરે એનું ચણતર કરે, હજુ
બંધાય ગયું વાહ... વાહ..., હજુ બંધાઈ ગયું,

ઈયુ બંધાઈ ગયું, આખો કોષ રચી નાખે, પોતે અંદર આવી ગયો, અને એનું સરસ ઘર થઈ ગયું, અને એનો સરસ મહેલ થઈ ગયો, અને એની મિલકત થઈ ગઈ, અને એનો વૈભવ થઈ ગયો, ને ઉકળતા પાણી ની-અંદર એ રેશમના કીડા ના કોષ ને નાખી દેવામાં આવે, બિચારો ખુદનો સળગી મરે.

किंपाकभक्खणं चेव।

ઉત્તરાધ્યયન આગમ સુત્ર કહે છે કે માણસ જંગલમાં ગયો હોય કિંપાક ના ફળ વાળુ વૃક્ષ હોય, દેખાવ માં એકદમ સરસ હોય ને આમ જોઈને મોઢામાં પાણી આવી જાય, એ લીધું હોય ને માણસ સુંઘે એટલે માણસ પાગલ બની જાય, આવું સરસ ફળ !

जहा य किंपागफला मणोरमा रसेण वण्णेण य भुंजमाणा

કિંપાક ફળ એટલું બધું આકર્ષક, જોતાની સાથે ગમી જાય, સુંઘીએ ને લાળ છુટે મોઢામાંથી, અને માણસ એને બચકા ભરી ભરીને ખાવા લાગે, કે TASTE આવે, કે સ્વાદ, કે આનંદ,

ते खुड्डए जीविय पच्चमाणा

અને જ્યારે એ હોજરીમાં પહોંચી જાય, પછી પોતાનું કામ શરૂ કરે. ગણતરી ની મિનિટો ની અંદર માણસ આખો ઝેરવ્યાપ્ત થઈ જાય, એનું શરીર લીલુંછમ થઈ જાય, ને માણસ ઉપડી જાય.

किंपाकभक्खणं चेव

કિંપાક ફળ નું ભક્ષણ હોય, પતંગિયાનું દીવા માં ઝંપલાવવું હોય, રેશમના કીડા નું કોષ રચવાનું કાર્ય હોય,

अण्णाणस्स निदंसणं।

આ બધું જ અજ્ઞાન નું ઉદાહરણ છે ! પતંગિયા ને દીવો અભિગમ્ય લાગે છે, જવા જેવો લાગે છે, પડવા જેવો લાગે છે, કારણકે એ અજ્ઞાનની આંખે જુએ છે. રેશમના કીડાને પોતાનો કોષ એ પોતાની મિલકત લાગે છે.

કારણકે એણે અજ્ઞાનના ચશ્મા પહેર્યા હોય છે. માણસ કિંપાક નું ફળ સુંદર અને સ્વાદિષ્ટ લાગે છે. ખાવા જેવું લાગે છે, કારણકે એણેય અજ્ઞાનના ચશ્મા પહેર્યા હોય છે. જ્ઞાન દ્રષ્ટિ પ્રગટે, તો પતંગિયા ને દીવા ની અંદર પોતાનું મડદું દેખાય ! જ્ઞાન દ્રષ્ટિ પ્રગટે, એ કીડાને કાંટાની રચનામાં પોતાની ભડકાયેલી ચિતા દેખાય. જ્ઞાન દ્રષ્ટિ પ્રગટે, તો એ માણસને કિંપાક ના ફળની અંદર પોતાની લીસીછમ જેવી કાયા દેખાય !

अज्ञानं विपदः सर्वाः।

સિધ્ધર્ષિગણિ મહારાજ હજુ આગળની વાત કરે છે, સવાલ દીવા નો નથી, સવાલ એ કાંટા નો કે કિંપાક ના ફળનો જ નથી. આપણે બધો દોષનો ટોપલો એના માથે નાખીએ હજુ તમે અણસમજમાં છો, હજુ અધુરી સમજ છે. હકીકતમાં તો - અજ્ઞાન એ જ સળગતી ચિતા છે, અજ્ઞાન એ જ ભડકતી જ્વાળા છે, અજ્ઞાન એ જ હળાહળ ઝેર છે, અજ્ઞાન એ જ છરીના પ્રહારો છે. અજ્ઞાન એ જ ACCIDENT છે, અજ્ઞાન એ જ ધરતીકંપ છે, અજ્ઞાન એ જ સુનામી છે, અજ્ઞાન એ જ આતંકવાદી હુમલો છે, અજ્ઞાન એ જ બધી વિપત્તિઓ છે.

મૃત્યુ થી જો તમે ડરતા હો, ને આપત્તિઓને તમે જો ધિક્કારતા હો, તો તમે અજ્ઞાન થી ડરતા અને, અજ્ઞાનને ધિક્કારતા થઈ જાઓ કારણકે, એના વગર મૃત્યુ રહી અને વિપત્તિઓ ટકી એ શક્ય જ નથી.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

अज्ञानं मरणं मतं।

અજ્ઞાન એ જ મૃત્યુ છે !

ગુરુવાર

DATE 24 12 2020

જંગલની અંદર શિકારી જાય છે. સંગીત રેલાવાનું શરૂ કરે છે. એવા સુર.. એવા સુર.. એવા સુર.. એવા સુર મધુર સંગીત કે જંગલના આખા ભાગ ની અંદર રેલાઈ રહ્યું છે... ફેલાઈ રહ્યું છે... ફેલાઈ રહ્યું છે, એક હરણ એ ભાગમાં આવ્યો છે ને કાને સંગીત પડે છે, મંત્રમુગ્ધ થઈ જાય છે, કશું જ વિચાર્યા વગર બસ ચાલવા જ લાગે... ચાલવા જ લાગે... ચાલવા જ લાગે.. શિકારી છે ત્યાંથી પચાસ ફુટ અંતરે હરણ આવીને ઊભુ રહી જાય છે. શિકારી બરાબર સંગીત રેલાવે રાખે છે... રેલાવે રાખે છે... રેલાવે રાખે છે... આંખ બંધ કરીને, આસક્ત બની ને, પાગલ બની ને, બસ જાય જાણે કાનેથી અમૃત પીતું હોય, એ હરણ સંગીત સાંભળ્યા કરે છે... સાંભળ્યા કરે છે... સાંભળ્યા કરે છે... લાગ જોઈને ધનુષ ઉપર તીર પેલો શિકારી ચડાવી દે છે, બરાબર નિશાન લે છે, છોડી દે છે તીર, ને સાચે જઈ ને પેલા હરણ ને વીંધી નાખે છે. હરણ વિંધાઈ ગયું, હરણ ફસડાઈ પડ્યું, હરણ તરફડીને મરી ગયું. હરણને કોણે માર્યું ?

EXTREMELY IMPORTANT

હરણને તીરે માર્યું ? - ના !

હરણને ધનુષ્ય એ માર્યું ? - ના !

હરણને શિકારી એ માર્યું ? - ના !

હરણને સંગીતે માર્યું ? - ના !

હરણને સંગીતના રાગે માર્યું ? - ના !

જે સંગીત એ સારું છે એવું જે અજ્ઞાન એણે હરણને માર્યું !!

એ સંગીત સારું છે એ ગેરસમજ, એ અણસમજ, એ મિથ્યાત્વ, એ ખોટું જ્ઞાન, એ અજ્ઞાન, એ ઉત્તરોત્તર દુર્ઘટના માં પરિણમતું ગયું ને છેવટે એણે હરણનો જીવ લઈ લીધો.

વ્યવહાર નય કહે છે, જ્યારે એ હરણ તીર થી વિંધાયું ત્યારે એ હરણ મરી ગયું. નિશ્ચય નય કહે છે, હરણ જ્યારે સંગીત પ્રત્યેની ઉપાદેય બુદ્ધિમાં પરિણમ્યું, સંગીત એને સારું લાગ્યું એ અજ્ઞાન માં પરિણમ્યું, ત્યારે જ હરણ મરી ગયું.

अज्ञानं मरणं मतं।

વ્યવહાર દ્રષ્ટિએ જોઈએ તો પણ હરણનું અજ્ઞાન એ જ એનું મરણ હતું. કારણ કે એના મૃત્યુનું કારણ અજ્ઞાન હતું. નિશ્ચય દ્રષ્ટિ એ જોઈએ, તો એ અજ્ઞાન એ જ હરણનું મરણ હતું! કારણ કે અજ્ઞાન પોતે જ એનું મૃત્યુ બની ગયું! ઋષિભાષિત આગમ સુત્રની અંદર પ્રત્યેક બુદ્ધ મહર્ષિ કહે છે,

मिगा बज्झंति पासेहिं विहंगा मत्तवारणा

કેટકેટલા હરણો ફાંસ થી બંધાય છે, તીર થી વિંધાય છે, પંખીઓ માટે દાણા નાખ્યા હોય, પંખીઓ બિચારા આવે, જાળ ની દોરી જેથી બંધાઈ જાવે, ફસાય જાય એ બિચારા પંખીઓ!

મદોન્મત્ત હાથી હોય, તાકાત નથી કોઈની એની સામે નજર સુદ્ધા કરી શકે, એને પકડવાની, એને આધિન કરવાની વાતની ઘણી દૂર છે. શિકારીઓ હાથણી નું ચિત્ર રાખે, પેલો મોહાય, પેલો દોડે, વચ્ચે ખોદેલા મોટા ખાડાની અંદર, પડે ને ત્યાં ઘાસ ઢંકાયેલું હોય, બિચારો સમજી ના શકે, ઘાયલ થઈને અંદર પડે

ને તૂટી જાય એના ટુકડા, અંદર ખૂચ્યા ને ખૂચ્યા -
દિવસો સુધી રહે, ઢીલો ઢફ થઈ જાય હાથી, ને એ
બિચારા હાથીને બંધાઈ જવું પડે

मच्छा गलेहिं सासन्ति

માછલીઓ મુક્ત વિહાર, તળાવ, દરિયા, સરોવરમાં કરતી હોય
ઉપરથી એક દોરી આવે, માંસનો ટુકડો દેખાય, દોડે એની
પાછળ, હું જાઉં, હું જાઉં, હું જાઉં, જેવું બટકું ભરે
અંદર લોઢાની ખીલ્લી હોય, તાળવું વિંધાય જાય, દોરી
ઉપર આવી જાય, તરફડીને પેલી માછલી મરી જાય !

अण्णाणं सुमहब्भयं।

વિશ્વમાં કોઈ સર્વોત્કૃષ્ટ ભય હોય, સર્વોત્કૃષ્ટ દુઃખ હોય,
સર્વોત્કૃષ્ટ આપત્તિ હોય, સર્વોત્કૃષ્ટ દેવાળુ હોય, -
સર્વોત્કૃષ્ટ આફત હોય, સર્વોત્કૃષ્ટ કોઈ મૃત્યુ હોય, ને
એક માત્ર તાત્વિક દ્રષ્ટિએ મૃત્યુ હોય તો એ અજ્ઞાન
સિવાય બીજું કશું જ નથી !

સંગીત બહુ સારું છે એનું નામ અજ્ઞાન અને મોત !

ઢોકળા સ્વાદિષ્ટ છે, એનું નામ અજ્ઞાન અને મોત !

એ હાથણી મારે બેસવા જેવી છે એનું નામ અજ્ઞાન અને મોત !

આ માંસનો ટુકડો જે મારી ભોજન માટે આવ્યો છે,
એનું નામ અજ્ઞાન એનું નામ મોત !

આ મારા પતિ છે, એનું નામ અજ્ઞાન અને મોત !

આ મારી પત્ની છે, એનું નામ અજ્ઞાન અને મોત !

ભોગો ભોગવવા જેવા છે, એનું નામ અજ્ઞાન અને મોત !

ગુરુવાર

DATE 24 12 2020

★ વિષયો બહુ લોભામણા છે, એનું નામ અજ્ઞાન, એનું નામ મોત !

★ SCREEN ઉપર ભાતભાતના ગલગલિયા ~~[illegible]~~ કરાવતા દ્રશ્યો જોઈને હું સુખી થઈશ, એનું નામ અજ્ઞાન, એનું નામ મોત !

★ આ મારી દીકરી છે, એનું નામ અજ્ઞાન, એનું નામ મોત !

★ આ મારી દીકરી છે, એનું નામ અજ્ઞાન, એનું નામ મોત !

★ આ મારું શરીર એ બહુ જ સારું છે, હિતકર છે, એને મારે સાચવવું છે, એને પંપાળવું છે, મારે કષ્ટો નથી જોઈતા, સંયમ મારું કામ નહિ. એનું નામ અજ્ઞાન એનું નામ મોત !

★ જેટલા પૈસા વધારે મળે, એટલું સારું, એનું નામ અજ્ઞાન, એનું નામ મોત !

★ ઘર એ મારું છે, એનું નામ અજ્ઞાન એને એનું નામ મોત !

સભાનો પ્રશ્ન :- કોઈ પણ વસ્તુ પ્રત્યે નું આકર્ષણ એ અજ્ઞાન જ થયું ને ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે, તમે અજ્ઞાન માં છો, માટે જ તમને આકર્ષણ

થાય છે. તમને ફીલ આવે ને, તો એ આકર્ષક વસ્તુ જ રહેવાનું છે. હરીભદ્રસૂરી મહારાજ પણ યોગશતક ની ટીકામાં કહી છે,

अतत्त्वदर्शननिबंधनो हि रागः ।

તમે જડું જેનું સ્વરૂપ નથી જોયું, એનો અનુબંધ નથી જોયો, એની પરંપરા નથી જોઈ, જેનું પરિણામ નથી જોયું, જેનું વાસ્તવિક સ્વરૂપ નથી જોયું. માટે તમને રાગ થાય છે.

स हि तद्दर्शनिनिवर्तते एव ।

તમને જો તત્ત્વનું દર્શન થઈ ગયું, તો પછી રાગ એ તમારો, ઓગળી જ જવાનો છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે, અજ્ઞાન એજ મૃત્યુ છે.

अज्ञानं मरणं मतं ।

★ જેમાં તમે ફનાહ થઈ જાય એનું નામ મૃત્યુ !
★ જેમાં તમે હતા ન હતા થઈ જાય એનું નામ મૃત્યુ !
★ જેમાં તમારું અસ્તિત્વ જ ના રહે એનું નામ મૃત્યુ !
★ જેમાં તમારી બોલ બલામ થઈ જાય એનું નામ મૃત્યુ !
★ જેમાં તમારું બધું જ જતું રહે એનું નામ મૃત્યુ !
★ જેમાં તમારું બધું જ શૂન્ય થઈ જાય એનું નામ મૃત્યુ !

હવે તમને જો મૃત્યુની જ આ બધી વ્યાખ્યાઓ છે તો તમે જ શાંત ચિત્તે વિચાર કરો, કે અજ્ઞાનમાં આની સિવાય બીજું શું થાય છે ?

સિદ્ધર્ષિગણિ મહારાજ, બહુ પ્રેમથી ને વાત્સલ્યથી આપણને કહેવા માંગે છે, તમે બહુ ગોડા કાઢ્યા, તમે બહુ ભુખા બન્યા, તમે બહુ જ ઠેસ ખાધી, તમે બહુ દુ:ખી થયા, તમે અનંતી વિપત્તિઓ વહોરી લીધી, તમે અનંતા મૃત્યુઓ વહોરી લીધા, એના કારણમાં અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી. હવે આ ભવે ફરી એ જ જગ્યાએ ઠેસ ના ખાવ,

ગુરુવાર

DATE 24 12 2020

એ જ ભૂલ ફરી ના કરો, આ ભવે કંઈ સમજો!
આ ભવે ચેતો! જ્યાં જ્યાં ઠેસ ખાધી એ-
દરેક સ્થાનથી બચો, અને આત્મકલ્યાણ કરો.
આજે સમય મળ્યો છે, આજે ભાથું રાખીએ!

x x x x

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો

શુક્રવાર

વ્યાખ્યાન નંબર- ૧૦૭ DATE 25 12 2020

પરમ તારક શ્રી સિધ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, અજ્ઞાનનું વર્ણન કરતા કહે છે,

अज्ञानं मरणं मतं ।

અજ્ઞાન એ જ મરણ છે, અજ્ઞાન એ જ મૃત્યુ છે, અજ્ઞાન એ જ તમારું OFF થયું છે, અજ્ઞાન એજ અનંત મૃત્યુ છે.

વ્યવહાર દ્રષ્ટિ એ વિચારીએ તો જ્યાં ત્યાં લાખ-પૃથ્વીકાય, સૂત્રમાં કહેલી ચોર્યાસી લાખ યોનિઓ, એ પૃથ્વીકાય આદિ સ્વરૂપે હોય છે એટલે કે, માટી સ્વરૂપ હોય છે. પાણી સ્વરૂપ હોય છે, અગ્નિ સ્વરૂપ હોય છે, વગેરે... વગેરે સ્વરૂપે હોય છે.

નિશ્ચય દ્રષ્ટિ એ જોઈએ તો ચોર્યાસી લાખ યોનીઓ, એ અજ્ઞાન સ્વરૂપ હોય છે. કારણ કે અજ્ઞાન માંથી જ એનો ઉદ્ભવ થતો હોય છે. જન્મ મરણની આ ઘરમાળ માંથી જવું હોય, નીકળવું હોય, અનંતમૃત્યુ મય આ યાત્રા, એના ઉપર પૂર્ણવિરામ-મુકવું હોય તો, એના માટે એટલું જ જરૂરી છે. અજ્ઞાન શું છે એ સમજો, અજ્ઞાન કઈ રીતે ટળે એ સમજો, અજ્ઞાન છે ત્યાં સુધી આનો અંત આવવાનો જ નથી.

યોગીરાજ આનંદઘનજી મહારાજ, બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે,

મર્યો અનંતવાર, વીન સમજ્યો!
(બિન)

ન સમજ્યા માટે જ અનંતવાર મર્યા.

મર્યો અનંતવાર, વીન સમજ્યો !!
(બિન)

classmate

ઉપમિતિ ના આ અંશમાં, યોગીરાજ ની આ જે પંક્તિ એનું જે રહસ્ય, એના પરનું જે તાળુ, એ તૂટી રહ્યું છે. બીન સમજ્યા નો અર્થ જ અનંત મૃત્યુ છે ને અનંત મૃત્યુ થી બચવું છે તો સમજ્યા વગર-બીજો કોઈ વિકલ્પ જ નથી.

## સમજવું જરુયાત છે!

કહેવાનું સમજવું નહિ, બરોબર સમજશું તો જ ભાવિષ્યના અનંત મૃત્યુ અટકી શકશે. સિદ્ધર્ષિ-ગણિ મહારાજ, પરમ કરુણા સાથે આપણને સમજાવી રહ્યા છે, આ રહસ્ય ઉપરનું તાળુ તૂટી રહ્યું છે, આપણે છુટી જઈએ, તો જ એ સાર્થક થશે!

સંધ્યાનો સમય છે, વાદળાના રંગો ઝડપથી બદલાઈ રહ્યા છે, પંખીઓ ક્યાંકથી પાછા ફરી રહ્યા છે, ધીમે- ધીમે અંધારું થઈ રહ્યું છે, આકાશ કાળુ ધબ થવા જઈ રહ્યું છે, આખા દિવસનું વાતાવરણ રાત માં રૂપાંતરિત થઈ રહ્યું છે. પ્રકૃતિનો આખો ય નજારો બદલાઈ રહ્યો છે. ઉપાશ્રય ની અંદર પ્રતિક્રમણ પુરુ થયું છે, સદ્ગુરુ અનુપ્રેક્ષા સ્વાધ્યાયની અંદર ગરકાવ થઈ ગયા છે. સદ્ગુરુ ની સમિપ શિષ્યો-મંડલી માં ગોઠવાય ગયા છે અને રાત્રિ સ્વાધ્યાય નો દોર ચાલુ થઈ ગયો છે.

"અજ્ઞાની" ને પુછો કે શ્રીમંતાઈ ના અર્થ શું છે? તો અજ્ઞાની નો જવાબ એ છે, કે સારા કપડા હોય, મોંઘા ઘરેણા હોય, ઘરના SQUARE FEET ઘણા બધા હોય,

શુક્રવાર

DATE 25 12 2020

નવી MODEL ની ગાડી હોય. BANK BALANCE તગડી હોય, એનું નામ શ્રીમંતાઈ !

SUPER DMP

જ્ઞાનીને પુછો કે શ્રીમંતાઈ શું છે ? જ્ઞાનીનો જવાબ આ છે, સદ્‌ગુરુ ની છાયા હોય, સદ્‌ગુરુનું સાનીધ્ય હોય, એનું નામ શ્રીમંતાઈ !

★ લોભીને મન, પૈસા એ શ્રીમંતાઈ હોય છે.
★ કામીને મન, રૂપ અને યૌવન એ શ્રીમંતાઈ હોય છે.
★ કોઈ સત્તા લંપટ ને મન, ખુરશી એ શ્રીમંતાઈ હોય છે.
★ ભૂંડ ને મન, ગટર અને વિષ્ટા એ શ્રીમંતાઈ હોય છે
★ બાળકને મન, લખોટીની થેલી હોય, એ શ્રીમંતાઈ હોય છે.
★ ઉંદરને મન, દાણા એ શ્રીમંતાઈ હોય છે.
★ ઢોરને મન, ઘાસ એ શ્રીમંતાઈ હોય છે.

જ્ઞાની ને મન સદ્‌ગુરુની છાયા એ જ શ્રીમંતાઈ હોય છે.

સદ્‌ગુરુની છાયામાં વિતતી પ્રત્યેક ક્ષણ, એ સોનાનું બીસ્કીટ બની જાય છે. સદ્‌ગુરુ ની છાયા માં લેવાતો પ્રત્યેક શ્વાસ, એ DIAMOND JEWELLERY બની જાય છે. સર્વોત્કૃષ્ટ દેવ લોક એટલે અનુત્તર દેવલોક, એનું સર્વોત્કૃષ્ટ વિમાન, સર્વાર્થ સિદ્ધ ! અને એ વિમાનના દેવ પણ વિચારે, સર્વોત્કૃષ્ટ વૈભવવાળા મારા આ તેત્રીસ સાગરોપમ પણ, સદ્‌ગુરુ ના સાન્નિધ્યની એક ક્ષણની સમક્ષ, રજ બરાબર છે. માણસ ગમે તેટલો ગરીબ હોય, કદાચ કપડા સામાન્ય હોય, કદાચ ખીસ્સામાં ખાસ કોઈ ના હોય, પણ જો પ્રધાનમંત્રી એને પોતાની બાજુમાં બેસાડતા હોય તો, દુનિયા ના કરોડપતિઓ પણ એની તુલનામાં ગરીબ કહેવાય ! પ્રધાનમંત્રી સમજાય છે, તો એમની બાજુમાં બેઠેલી

ચિંતિત સમભાવ છે. સદ્ગુરુ સમભાવ છે, તો સદ્ગુરુનું સાનિધ્ય પણ સમભાવ છે. સિદ્ધસેન સૂરી મહારાજ દ્વાત્રિંશિકા ગ્રંથની અંદર ભગવાનની સ્તુતિ કરતા કહે છે,

શતાર્ધ્વરાધ્યા: ભવસપ્તમીત્તમા: સુરર્ષભા

ભગવાન, વ્યંતર ઈન્દ્ર હોય, સૌધર્મેન્દ્ર હોય, ભવનપતિ હોય, કે હજુ આગળ વધીને ઈશાનેન્દ્ર હોય, બ્રહ્મેન્દ્ર હોય, ઉત્તરોત્તર ઉપર ઉપરના દેવલોકના જે ઈન્દ્રો હોય, એનાથી વધારે મહર્ધિક -- એનાથી વધારે મહર્ધિક --- એનાથી વધારે મહર્ધિક --- પ્રજ્ઞાપના અને ભગવતી વગેરે આગમો જેમ જોઈએ તો, એની અંદર લખ્યું છે, વ્યંતરના દેવ કરતા પણ આગળ આગળનો દેવ હોય, એનું તેજ અનંતગણું --- અનંતગણું --- અનંતગણું, એનો જે વૈભવ, એનું જે વિમાન --- એની જે કાંતિ, એના જે આભુષણો, એનું જે ઐશ્વર્ય, એનો જે માહોલ,

દૃષ્ટપરાપરાસ્ત્વયા।

એકથી એ ચડિયાતો, એકથી એક ચડિયાતો, એકથી એક ચડિયાતા, એવો અદ્ભુત માહોલ હોય! અને ભગવાન, એ દેવલોકના દેવોને, એ ઈન્દ્રોને, હજુ ઉપર ઉપરના ઈન્દ્રોને એમ લાગતું હોય કે અમે ન્યાલ થઈ ગયા, અમે ફાવી ગયા, આખા વિશ્વની અંદર અમારું જે ઐશ્વર્ય અમારો જે વૈભવ, અમારી સંપત્તિ, અમારી જે શક્તિ, ગજબગજબ કક્ષાની. ન્યાલ થઈ ગયા અમે, માલામાલ થઈ ગયા, આ વિચારધારામાં રમતા એ દેવોને દેવેન્દ્રો પણ ભગવાન, જ્યારે આપની જુએ, જ્યારે આપની અસ્મિતા જુએ, જ્યારે આપની ભીતરનો વૈભવ જુએ, જ્યારે આપના આત્માનું ઐશ્વર્ય જુએ, મંત્ર મુગ્ધ થઈ જાય, જોતા રહી જાય,

DATE 25 12 2020

બુદ્ધિ કુંઠિત થઈ જાય, પાગલ થઈ જાય, આફરીન થઈ જાય.

त्वदीययोगागमभुग्धशक्तय:।

ભગવાન આપનો યોગ જુએ, ભગવાન આપનું જ્ઞાન જુએ, ભગવાન આપની સાધના જુએ, ભગવાન આપની પરિણતિ જુએ, ભગવાન આપની આંતરિક સમૃદ્ધિ જુએ,

त्यजन्ति मानं सुरलोकजन्मजम्।

એને ભગવાન જો જ ગમે, એમને દેવલોકમાં જન્મ લેવાનું જે ગુમાન થયું હોય ને, જો બધું જ ગુમાન ઓગળીને નીકળી જાય!

સદ્‌ગુરુનો સીધો અર્થ છે ભગવાન !

સદ્‌ગુરુનો સીધો અર્થ છે. સર્વોત્કૃષ્ટ શ્રીમંત !

એમનું સાન્નિધ્ય જો શ્રીમંતાઈ હોય, એમાં શું આશ્ચર્ય છે?

યોગીરાજ આનંદઘનજી મહારાજ કહે છે,

મર્યો અનંત વાર વિન સમજ્યો !

તારી સમજ્યા માટે અનંતવાર મર્યા,

એબ સુખ દુ:ખ વીસરેંગે,

હવે આ બધી માયાજાળ, રતિ/અરતિ, હર્ષ/શોક, સુખ/દુ:ખ, આ એઈએ તો મેઈએ, બધું જ મુકી ને, હવે સમજવાનો પ્રયાસ કરવો છે.

આનંદઘન નીકટ નીપટ અક્ષર હો,

નાહિ સમજે વો મરેંગે

જે આ નીકટના, નીપટના, સ્પષ્ટ, પારદર્શક, અદ્‌ભુત એવા

બે અક્ષરને, નહીં સમજે એ મરશે. આનંદઘનજી મહારાજ કહે છે, બે અક્ષર નહીં સમજે, એ મરશે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે.

अज्ञानं मरणं मतं।

અજ્ઞાન એ જ મૃત્યુ છે. પ્રશ્ન થાય કે ક્યા બે અક્ષર! કોઈ કહે છે કે આ તો બે અક્ષરની વાત કરીને, એ બે અક્ષર "આત્મા" છે, પણ આત્મા તો ત્રણ અક્ષર હોય છે. તો જો અડધો અક્ષર ગણવાનો હોય તો કોઈ અક્ષર પ્રેમ કા, વગેરે જે લૌકિક કહેવતો એ ખોટી ઠરશે, અસત્ય ઠરશે. મને લાગે છે કે એ બે અક્ષર છે ને, એ છે "ગુરુ"!

ગુરુને જ સમજવા આનો જ અર્થ અનંત મૃત્યુ!

ગુરુને સમજવા આનો જ અર્થ અનંત જીવન!

એમ કહો કે ના, આત્મા એ જ એ બે અક્ષર છે, તો પણ ફલિત તો એજ થશે કે, ગુરુની આ વાત છે કારણકે ગુરુ વગર આત્મા પણ સમજવાનો નથી. ઉપનિષદો ની અંદર બે અને ત્રણ અક્ષરોની વાત કરેલી છે. બે અક્ષર અને ત્રણ અક્ષર,

द्वे पदे बन्धमोक्षाय निर्ममेति ममेति च

બે જ પદ છે, એક પદથી બંધન છે, એક પદથી મુક્તિ છે. નિર્મમ આ પદથી મુક્તિ,
મમ આ પદથી બંધન! } V.V. IMP

ममेति बध्यते जन्तु - निर्ममेति विमुच्यते।

જે મમ કરે છે એ બંધાય છે, જે નિર્મમ થઈ જાય છે એ છુટી જાય છે, ગુરુ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી મમ હોય છે. સદ્ગુરુ સમજાય જાય

એટલે ભ્રમ ઘુરી થાય છે. તો અર્થ તો ઉપરનો એક આવ્યો, કે જે ગુરૂને સમજે છે, એ ઘુરી થાય છે, જે ગુરૂને નથી સમજતો એ બંધાઈ જાય છે.

સાધકનો પ્રશ્ન :- ગુરૂદેવ ! શિષ્ય પાસે એવી બુદ્ધિ ક્યાં હોય, કે એ ગુરૂને સમજવાની કોશિશ કરે ! આપનો સમર્પિત થવાનો જ ભાવ હોય ને !

પૂજ્યશ્રી નો ઉત્તર :- ઉપનિષદો ની અંદર આનો જવાબ આપ્યો છે.

सर्व संविन्न्यासः संन्यासः ।

પ્રશ્ન છે કે શિષ્ય પાસે એવી બુદ્ધિ નથી કે, આ બધું સમજી શકે, કઈ રીતે સમજી શકે, અને ઉપનિષદો કહે છે કે હજુ તમે શિષ્યત્વ ને સમજ્યા જ નથી, શિષ્યત્વનો અર્થ શું છે દીક્ષા નો અર્થ શું છે સંન્યાસનો અર્થ શું છે

सर्वसंविन्न्यासः संन्यासः ।

સંવિદ્ નો અર્થ છે બુદ્ધિ, ન્યાસ નો અર્થ છે ત્યાગ, બધી જ બુદ્ધિ નો ત્યાગ કરી દેવો આનું નામ સંન્યાસ, આનું નામ શિષ્યત્વ, આનું નામ ખરા અર્થમાં દીક્ષા ! જે બુદ્ધિને મુક્યા પછી જ ગુરૂ સમજવાના છે, એ ગુરૂને આપણે બુદ્ધિ ના માધ્યમે સમજ્યા જઈએ છીએ, અને આ ગુરૂ ને સમજવાની રીત જ નથી ને, અનંતકાળે - પણ ગુરૂ આ માર્ગે સમજાય એ શક્યતા જ નથી ! બુદ્ધિ નથી માટે ગુરૂ નથી સમજતા એવી વાત નથી, બહુ બુદ્ધિ છે આપણામાં, બહુ હોંશિયાર છીએ, બહુ સમજદાર છીએ, માટે આપણને ગુરૂ સમજતા નથી. પ્રાર્થના સૂત્ર ની અંદર એક પ્રાર્થના છે,

सुहगुरुजोगो

ભગવાન મને સદ્‌ગુરૂનો યોગ થાઓ. શાસ્ત્રની અંદર એક

જ્યાય આવી છે, કે જે ચામડી ન્યાય, ગળાની અંદર જ સોનું છે, હાર ગળામાં જ છેને આગમ જાજા જોતા કરે છે, આખું ઘર ફેંદી નાખ્યું, ગામ ફેંદી નાખ્યું, બધાને પુછ પુછ કરે છે, મારો હાર.. મારો હાર.. મારો હાર...

સદ્ગુરુ ની આપણને જરૂર છે, સદ્ગુરુના યોગની જરૂર છે. સદ્ગુરુ મળી જાય અને આપણું કલ્યાણ થાય ! સિદ્ધર્ષિ ગણિ મહારાજ - આપણને કહેવા માંગે છે,

સુહ્ગુરુજોગો।

એનું ખરું તાત્પર્ય છે, સદ્ગુરુ પ્રત્યેની સમજણનો યોગ ! સદ્ગુરુ મળી પણ જાય, પણ સદ્ગુરુની સમજણ જ ન હોય ત્યારે, તાત્વિક દ્રષ્ટિએ એ - આપણે સદ્ગુરુથી વંચિત હોઈએ છીએ. સદ્ગુરુ પ્રત્યેની સમજણ, સદ્ગુરુ ને સમજવા, એ સદ્ગુરુનું આધ્યાત્મિક વ્યક્તિત્વ હોય છે, એ સદ્ગુરુનું આધ્યાત્મિક અસ્તિત્વ હોય છે, એ જો છે તો સદ્ગુરુ ન હોવા છતાં પણ હાજર હોય છે. એ જો નથી, તો સદ્ગુરુ હોવા છતાં પણ નથી હોતા !

ગોશાળો મહાવીરસ્વામી ભગવાન સાથે ઓછું ન હતો રહ્યો, આમ જોઈએ તો એ ભગવાનનો પહેલો શિષ્ય હતો, ભગવાન સાથે ઘણું રહ્યો, ઘણું ફર્યો, પણ એનું કલ્યાણ થયું નહિ કારણકે એને

સુહ્ગુરુજોગો

ન હતું થયું ! એ સમયે ગૌતમસ્વામીજી એ તો ભગવાનનું નામ પણ ન હતું સાંભળ્યું. પણ ભગવાન એમને જ્યારે મળ્યા ત્યારે,

સુહ્ગુરુજોગો

થઈ ગયું, એ પહેલા ગણધર બન્યા કારણકે એમને

શુક્રવાર

DATE 25 12 2020

સદ્ગુરુજોગો
થયું હતું, જે અનંત લબ્ધિનિધાન બન્યા, જે શ્રુતકેવલી બન્યા, કારણ કે એમને
સદ્ગુરુજોગો
થઈ ગયું હતું! હજુ આગળ વધી ને દિવાળી ની રાતે - એમને સદ્ગુરુનો વિયોગ ન હતો થયો, પણ વિશુદ્ધ -
સદ્ગુરુજોગો
થયો હતો. એટલે કે સદ્ગુરુ પ્રત્યેની વિશિષ્ટ સમજણ, એનો યોગ થયો હતો! વિરહ ની વેદનાની વાટે ચડેલા - ગૌતમસ્વામીજી, એમની સંવેદના એ વળાંક લીધો, સદ્ગુરુ-પ્રત્યેની એમની સમજણ પરાકાષ્ઠાએ પહોંચી, એ સમયે હકીકતમાં પ્રભુ એમને ભેટી પડ્યા હતા! હિબકે ને હિબકે ભરતા ગૌતમસ્વામીજી પ્રસન્નતા થી ઝૂમી ઉઠ્યા. શાશ્વત પ્રસન્નતા માં મહાલવા લાગ્યા. એનું કારણ આ જ હતું, આપણે જેના વિના રડતાં હોય એ વસ્તુ એને મળી જાય, તો પછી બીજું શું થાય!

## ગોવાળિયા ને ચિંતામણી મળ્યો.

ગાયો ચરાવવા ગયો હતો ગોવાળિયો, આમ તેમ નજર કરતા, - ડાફોળિયા મારતા, રંગીન પત્થર સમજુ ને લઈ લીધો, ચિંતામણી રત્ન! ગોવાળિયા ને ચિંતામણી મળ્યો, સાંસારિક ભાષામાં એમ કહેવાય કે ભવોભવનું દળદળ ફીટી જાય, પેઢીઓ સુધી ખૂટે નહીં એટલું ધન મળી જાય. રાજ બની જાય, એટલી સુખસાહેબી ની ઉછળતી છોળો, એવું રત્ન મળ્યું ગોવાળિયા ને પણ એણે એને ખોઈ નાખ્યું, કારણ કે એ ચિંતામણી છે એવી એને ખબર જ ન હતી. ચિંતામણીની સમજણ વગર ચિંતામણી મળે, એનો કોઈ જ અર્થ હોતો નથી. ગોવાળિયા ની વાત એ આપણી જ વાત છે. એક અપેક્ષાએ કહીએ તો એ ગોશાળાની વાત પણ આપણી જ વાત છે. ગોશાળા ને મન સદ્ગુરુ નો અર્થ હતો, ભગવાન મહાવીરસ્વામી

નો અર્થ ગોશાળાના મનમાં શું હતો ? ગોશાળા ને મન સદ્‌ગુરુનો અર્થ હતો, રોજે રોજ ભાતપાણી મેળવવાનું - સાધન ! ગોશાળા ને મન સદ્‌ગુરુ નો અર્થ હતો, પોતાના કરતાયાના પરિણામોથી, બચી જવાનું સાધન !

ગોવાળિયા માટે ચિંતામણી નો અર્થ જે હતો, ઘડીક રમવાનું સાધન, આમ તેમ ઢોરો જતા રહે તો એમને મારી મારવાનું સાધન, ગોવાળિયો ચિંતામણી માં જે જોતો હતો, ગોશાળો મહાવીર સ્વામી માં જે જોતો હતો, આપણે આપણી મન ને પુછીએ આપણે સદ્‌ગુરુમાં શું જોઈએ છીએ ? આપણી સદ્‌ગુરુની વ્યાખ્યા શું છે ? સદ્‌ગુરુ શું છે ? સદ્‌ગુરુનો જે પારમાર્થિક અર્થ છે, સદ્‌ગુરુ નું જે વાસ્તવિક સ્વરૂપ છે, એના કરતા આપણે જેટલી નીચી વ્યાખ્યા બાંધીએ છીએ, એટલા અંશે હકિકતમાં આપણે સદ્‌ગુરુ થી વંચિત છીએ, અને એટલા અંશે હકિકતમાં, આપણામાં ગોશાળાપણું છે.

સદ્‌ગુરુની સર્વોત્કૃષ્ટ ભક્તિ છે, - સદ્‌ગુરુ ને સમજવા ! ગૌતમસ્વામી એટલા જ માટે - ગૌતમસ્વામી હતા, કે જે સદ્‌ગુરુ ને સમજી ચૂક્યા - હતા. સદ્‌ગુરુ ના પગ દબાવવા સહેલા છે, સદ્‌ગુરુની શોભાયાત્રા કાઢવી, સામૈયું કરવું, સહેલું છે સોનાની ગીની થી સદ્‌ગુરુનું ગુરુપૂજન કરવું એ પણ સહેલું છે દુષ્કર છે સદ્‌ગુરુ ને સમજવા ! ક્યારેક વિહાર થઈ જાય છે, ક્યારેક કહેવાતો વ્યવહાર થઈ જાય છે દુર્લભ છે, સાચો વ્યવહાર દુર્લભ છે, નિશ્ચય ગર્ભિત વ્યવહાર દુર્લભ છે સમજણપૂર્વક ની સદ્‌ગુરુની ઉપાસના અધ્યાત્મસારની અંદર મહોપાધ્યાય યશોવિજયજી - મહારાજ કહે છે,

તદ્‌ધ્યાનં સા સ્તુતિર્ભક્તિઃ, સૈવોક્તા પરમાત્મનઃ

પ્રભુનું ખરું ધ્યાન પણ એ છે, પ્રભુની ખરી સ્તુતિ

પણ એ છે, પ્રભુની ખરી ભક્તિ પણ એ છે.

પુણ્યપાપરહિતસ્ય યદ્રૂપસ્યાનુચિન્તનમ્ ।

પરમાત્માનું જેવું સ્વરૂપ, ગુણ સ્વરૂપ, સહજ સ્વરૂપ, શાશ્વત સ્વરૂપ, જેની અંદર નથી પુણ્ય- નથી પાપ, નથી બાધ કોઈપણ પરિબળ જેમાં, શુદ્ધ આત્મ સ્વરૂપ સિવાય બીજું કશું જ નથી, એનું ચિંતન કરવું, એ પરમાત્માનું ખરું ધ્યાન છે, ખરી સ્તુતિ છે, ખરી ભક્તિ છે.

સમજણ વિનાનું ધ્યાન એ દુર્ધ્યાન બની જાય છે. સમજણ વિનાની સ્તુતિ, નાટક ક્રીટ એ નિંદા બની જાય છે. સમજણ વિનાની ભક્તિ, એ હકીકતમાં ડંભક્તિ બની જાય છે, બહુ સરસ ગ્રંથની વાત અધ્યાત્મસારની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી- મહારાજ કહે છે.

શરીરરૂપલાવણ્ય- વપ્રછત્રધ્વજાદિભિઃ ।

ભગવાનની સ્તુતિની અંદર એમ કહીએ કે ભગવાન, આપનું ~~શરી~~ શરીર છે એની અંદર ૧૦૦૮ લક્ષણ છે, આપનું શરીર કંચનવર્ણું છે, ભગવાનનું શરીર, અનુત્તર દેવતાઓ કરતા- પણ અનેકગણું, અનંતગણું સૌંદર્ય સંપન્ન છે, ભગવાનનું શરીર, એની અંદર દુર્ગંધ નથી, ભગવાનના લોહી અને માંસ સફેદ રંગના છે. કેશ, રોમ, નખ, વાધે નહિ કોઈ કાળ, ભગવાનના આવા- આવા- આવા- આવા અતિશયો છે, ભગવાનના શરીરનું વર્ણન, રૂપનું વર્ણન, લાવણ્ય નું વર્ણન, લક્ષણો નું વર્ણન, સુગંધી શ્વાસ- નિઃશ્વાસ નું વર્ણન, આનાથી ભગવાનની સ્તુતિ કરો.

વપ્રછત્રધ્વજાદિભિઃ ।

સમવસરણની ઋદ્ધિ એના વર્ણન દ્વારા, ભગવાનની સ્તુતિ કરો. પહેલો ચાંદીનો ગઢ, બીજો સોનાનો, ત્રીજો રત્નનો, આવા પ્રાતિહાર્યો, આવી સુરપુષ્પવૃષ્ટિ, આવી સમવસરણની ઋદ્ધિ, ભગવાનના આવા છત્રો, ભગવાનની આવી ધજા.

શુક્રવાર
DATE 25 12 2020

वर्णितैर्वीतरागस्य वास्तवी नोपवर्णना ।
મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહેવા માંગે છે કે તમે આ સ્તુતિ કરો છો, એમાં કશું ખોટું નથી, સ્તુતિ કરતા રહેજો. આ કે સ્તુતિ છે, એ સ્તુતિ છે એની ના નથી, પણ તમે એમાં હજુ આગળ જવાનું, હજુ નિશ્ચય સુધી પહોંચવાનું છે, આટલામાં બધુ આવી ગયું, ભગવાન ની વાસ્તવિક ઉપવર્ણના થઈ ગઈ, સ્તુતિ થઈ ગઈ, આવું તમે નહિ સમજતા.

આ તો બાહ્ય સ્તુતિ છે. આ તો હજુ વ્યવહાર સ્તુતિ છે, હજુ પારમાર્થિક, નૈશ્ચયિક, તાત્વિક સ્તુતિ, આટલામાં આવી નથી ગઈ.

व्यवहारस्तुति सेयं वीतरागात्मवर्तिनाम् ।
આ વ્યવહાર સ્તુતિ છે જે વિતરાગ આત્મા, પરમાત્મા, એમના આત્મા માં રહેલા,

ज्ञानादिनां गुणानां तु वर्णना निश्चयस्तुतिः ।
પરમાત્મા ની ભીતર રહેલા જ્ઞાનાદિ ગુણો ની જે સ્તુતિ, એ નિશ્ચય સ્તુતિ છે. આતમમીમાંસા ગ્રંથની અંદર સમંતભદ્ર સ્વામી કહે છે,

देवागमनभीयान - चामरादिविभूतयः
દેવતાઓ આવે, ~~[illegible]~~ દેવ વિમાન આવે, ચામર વગેરે વિભુતિઓ હોય,

मायाविष्वपि दृश्यन्ते, नातस्त्वमसि नो महान् ।
એ બધું તો માયાવી માં પણ દેખાય છે, કોઈ પાસે ઇન્દ્રજાળ લબ્ધિ હોય, કોઈ પાસે મંત્ર-તંત્ર હોય, કોઈ એ એકાદ દેવને સાધી લીધો, નાનો માણસ છે, છતાં એ આવું બધું ઉભુ કરી શકે, દેવતાઓ આવતા દેખાય, સમવસરણ ની ઋદ્ધિ દેખાય, અંબડ પરિવ્રાજકે પણ એવું બધું કર્યું હતું,

नातस्त्वमसि नो महान् ।

classmate

જેમ કોઈ માણસ આપને જનરપ્રાતિહાર્ય, સમવસરણની ઋદ્ધિ, બાહ્ય ઐશ્વર્ય, એના આધારે અમે તમને કોઈ ઇષ્ટ દેવના માનતા નથી, એના જ આધારે કોઈ અમે આપને મહાન માનતા નથી.

બાહ્ય વસ્તુઓ જે ભિન્ન હોય છે, સમજવાનો પ્રયાસ કરવો છે, જે ભિન્ન વસ્તુ છે જે પર પર્યાય હોય છે, જે બીજાની હોય છે. બીજાની વસ્તુની સ્તુતિથી બીજાની સ્તુતિ થઈ શકે, અભિપ્રેત વ્યક્તિની સ્તુતિના થઈ શકે. અને બીજાની કોઈ વસ્તુથી બીજાની સ્તુતિ કરવી એ નિશ્ચય દ્રષ્ટિએ ઠઠ્ઠા-મશ્કરી જેવી બાબ છે.
મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

પુરાદિવર્ણનાદ્રાજા, સ્તુતઃ સ્યાદુપચારતઃ ।

કોઈ રાજાની સ્તુતિ કરવી હોય, વર્ણન કરવું હોય, એનો મહિમા ગાવો હોય, અને તમે કહો કે એનું નગર તો આવું છે ને એની અંદર હવેલીઓ તો આવી છે ને, આવા મહેલો છે ને આવા રસ્તાઓ છે, આવી આવી હસ્તિઓ એના નગર ની અંદર વસે છે, એના નગરનો કિલ્લો આવો છે, નગરની બહારની સુરક્ષા આવી છે, એની સેના આવી છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે, આ બધી રાજાની ઉપચાર સ્તુતિ છે.

તત્ત્વતો શૌર્યગામ્ભીર્યધૈર્યાદિગુણવર્ણનાત્

પણ તાત્ત્વિક દ્રષ્ટિએ તો શૌર્ય, શૂરવીરતા, ગાંભીર્ય, ગંભીરતા, ધૈર્ય, ધીરતા, આ બધા ગુણો રાજામાં હોય, એની સ્તુતિ કરવામાં આવે, કે રાજામાં આવુ-આવુ છે, એ રાજાની તાત્ત્વિક સ્તુતિ હોય છે.

કિનારે છબછબીયા કરતા બાળક જેવા-આપણે, સિધ્ધર્ષિ ગણિ મહારાજની ઇચ્છા છે, હવે બહુ થઈ ગયું આ રીતે માં છીપલા ને શંખલાને ભેગા કરતા કરતા, વર્ષો વિતી ગયા તમારા, હવે આગળ વધો, હવે મધદરિયે આવો, હવે મરજીવા બનો, રત્નોનો ભંડાર

છે, તિજલુંટ જમનો છે. એને મળો, એને માણો,
એના સ્વામી થઈ જાવ. કઈ રીતે આ બધું થાય ?
આનંદઘનજી મહારાજ કહે છે, મર્યો અનંતવાર
બિન સમજ્યો, અજ્ઞાનના કારણે જ અનંત મૃત્યુ
થયા. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

अज्ञानं मरणं मतं।

અજ્ઞાન ના કારણે જ અનંત મૃત્યુ થયા, મર્યો અનંતવાર બિન સમજ્યો! હવે કરવાનું શું ? બે જ અક્ષરને સમજવાના છે, ન સમજ્યા માટે અનંતકાળ વિતી ગયો, ન સમજ્યા માટે અનંત ભવભ્રમણ થયું. બે અક્ષર ને સમજી લઈએ, આપણું કામ થઈ જશે. ગુરુને સમજવા છે! સદ્‌ગુરુને ઓળખવા છે! ખરા અર્થમાં પિછાણવા છે. અનાદિકાળ માં અને આ ભવમાં પણ અત્યાર સુધી કરેલું એમનું - DEVALUATION, એમની બાંધેલી નાની વ્યાખ્યા, હલકી વ્યાખ્યા, ટુંકી વ્યાખ્યા, એમનું કરેલું - અવમુલ્યાંકન, આ બધાના પ્રાયશ્ચિત રૂપે, સદ્‌ગુરુને ખરા અર્થમાં ઓળખવાનો પ્રયાસ કરવો છે. અનંત મૃત્યુથી આપણા આત્માને બચાવી લેવો છે. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ.

x x x x x

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

શનિવાર

# વ્યાખ્યાન નંબર- ૧૦૮

DATE 26 12 2020

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, મોહવિલય ઉદ્યાનમાં પ્રતિબોધક આચાર્યના મુખે, અજ્ઞાનનું વર્ણન કરી રહ્યા છે.

अज्ञानं मरणं मतं ।

અજ્ઞાન એ જ મૃત્યુ છે, નહિ સમજે તો મરશો, જો નહી સમજે તો મરશો અનંતવાર મરશો, મર્યો અનંત વાર વીણ સમજ્યો! નથી સમજ્યા માટે જ આપણા અનંત મૃત્યુ થયા છે. એક પ્રયાસ કરવો છે, સદ્ગુરુને સમજવાનો! પ્રશ્ન તમારો છે, સદ્ગુરુને અમે સમજુ જઈએ, સદ્ગુરુની અપેક્ષા સમજુ જઈએ, આજ્ઞા સમજુ જઈએ, ઈચ્છા સમજુ જઈએ, આદેશ સમજુ જઈએ, બધું સમજુ જઈએને તમે કહો છો એમ સમર્પણ પણ અમે કરી દઈએ, પણ સદ્ગુરુનો આદેશ, સદ્ગુરુની અપેક્ષા, અમારા ગજાની બહાર હોય, અમારી ક્ષમતાની બહાર હોય, તો શું કરવાનું?

પ્રશ્નનો જવાબ સામાચારી પ્રકરણની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે આપ્યો છે.

तत्तो विसिट्ठखओवसमो

સદ્ગુરુનો જે આદેશ થાય, જે સદ્ગુરુની ઈચ્છા હોય, જે અપેક્ષા હોય, એ આપણાથી પુરી થાય છે કે નહિ એનો વિચાર ન કરવો જોઈએ, વિચાર કર્યા વગર,

अविकप्पेण तहक्कारो ।

કોઈ પણ વિકલ્પ, વિચાર કર્યા વગર, દલીલ કર્યા વગર, તર્ક કર્યા વગર, પાછા પડ્યા વગર, સદ્ગુરુ બોલ્યા નથી ને તહત્તિ કર્યું નથી. મહોપાધ્યાયજીને પ્રશ્ન કર્યો કે અમે જે જગ્યાએ ઉભા છે ત્યાં અમારી ત્રેવડ નથી ક્ષમતા નથી, અમારી એટલી શક્તિ નથી કે, અમે આદેશનું પાલન કરી શકીએ ને, ધાડ દઈને તહત્તિ કરીએ ને માત્ર તહત્તિ કરીએ ને શક્તિ નથી એટલે

આદેશ નું પાલન થઈ શકવાનું નથી, કઈ રીતે ત્યાં તર્જનિ કરવું ? અને મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ ત્યાં જવાબ આપે છે કે, ગુરૂ પ્રત્યે તમે આ રીતે તર્જનિ કરો, એનું ફળ તમને મળે, કે ON THE SPOT તર્જનિ કરવાની સાથે વિશિષ્ટ ક્ષયોપશમ ભાવની તમને પ્રાપ્તિ થાય. તમારી બુદ્ધિ એ નહિ હોય તો એ કામને પાર પાડવાની બુદ્ધિ આવી જશે, તમારું શરીર પાછળ પડતું હશે, શરીર ની અંદર એવો વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ થઈ જશે, કે તમારામાં એ શક્તિ સુધ્ધા આવી જશે.

સદ્ગુરૂ કદી પણ માત્ર આદેશ આપતા નથી, સદ્ગુરૂ આદેશની સાથે, આદેશ નો પાલન કરવાની શક્તિ પણ આપતા હોય છે ! મહાકવિ કાલિદાસ રઘુવંશની અંદર કહે છે,

આજ્ઞા ગુરૂણામવિચારણીયા

સદ્ગુરની આદેશ હોય ને એ આદેશ ની સામે વિચાર કરવો ને એ પણ, પાપ છે, એ પણગુનો છે, એ પણ અપરાધ છે. વિચાર નો મતલબ એ છે કે સદ્ગુરૂ એ બરાબર સમજ્યુ ને આદેશ નથી કર્યો. વિચારનો અર્થ એ છે કે સદ્ગુરની પણ કંઈ ભુલ હોય શકે છે. વિચારનો અર્થ એ છે કે મને સદ્ગુરૂ કરતા વધારે ખબર પડે છે. વિચાર કરવો એટલે છેવટે શું કરવું એનો - નિર્ણય મારે જ કરવાનો છે. વિચાર કરવાનો અર્થ છે કે મારો ખરો ગુરૂ તો હું જ છું !

હજુ આપણે સદ્ગુરને સમજ્યા નથી, હજુ આપણને આપણી બુદ્ધિ જ [redacted] ગુરૂ લાગી છે, મન ગુરૂ લાગે છે, મગજ ગુરૂ લાગે છે, હોંશિયારી ગુરૂ લાગે છે, આપણી જાત ગુરૂ લાગે છે,

ગુરૂ આપણને જરા અર્થમાં ગુરૂ લાગ્યા જ નથી, એ જ આપણી જરી કમનસીબી છે.

તમારો બીજો પ્રશ્ન એ છે કે ધ્યાનયોગની અંદર તમે એમ બતાવવા, અનુભવાવવા, હસાવવા પ્રયાસ કરો છો, કે ગુરૂમાં મહાવીરસ્વામી જોવા, ગુરૂમાં ગૌતમ-સ્વામી જોવા, પણ ગુરૂની એટલી પાત્રતા ન હોય તો શું કરવાનું ?

એનો જવાબ ધર્માચાર્ય બહુમાનકુલકની અંદર આપેલો છે.

समयाणुसारिणो जे गुरुणो ते गोयमं व सेवेज्जा।

આ સમયને, ક્ષેત્રને, કાળને અનુસારે, વર્તમાન પરિસ્થિતિને અનુસારે, જે તમને સદ્ગુરૂ મળ્યા છે, એમને ગૌતમસ્વામી તરીકે તમે પૂજો, એ રીતે ઉપાસો.

मा चिंतह कुविकप्पं जइ इच्छेसि साहिउं मोक्खं

જો તમારે મોક્ષમાં જવું હોય તો આડાઅવળા વિચારો કરવાનું બંધ કરી દો ! જ્યાં આપણી પાત્રતા ખોટી હોય છે, ત્યાં આપણને ગુરૂની પાત્રતા ખોટી લાગતી હોય છે. જ્યાં આપણી પાત્રતા પરાકાષ્ટાની છે, ત્યાં ગુરૂમાં પ્રત્યક્ષ ભગવાન દેખાતા હોય છે.

તમારો ત્રીજો પ્રશ્ન, તમે કહો છો કે સદ્ગુરૂ વાત્સલ્ય આપે છે માટે ગમે છે. આપણા અને સદ્ગુરૂ વચ્ચે વાત્સલ્ય આવી ગયું. આપણે વાત્સલ્યમાં અટકી ગયા, ગુરૂ સુધી પહોંચી ના શક્યા, ગુરૂદેવનું પ્રવચન સારું હતું જો ગમ્યા તો શું ગુનો થઈ ગયો ? સારું પ્રવચન હોય એ ખોટી વાત છે, ખરાબ વાત છે ? સદ્ગુરૂ પાસે પ્રવચનના માધ્યમે ગયા તો ખોટું શું છે ? હું કહું છું કંઈ જ ખોટું નથી, સિધ્ધસેન દિવાકરસૂરી મહારાજ એ દ્વાત્રિંશિકા ગ્રંથ ની અંદર આ સવાલનો જવાબ આપ્યો છે,

प्रागेव साधनन्यासः कष्टं कृतमतेरपि ।

શનિવાર

DATE 26 12 2020

ગમે તેટલી સમજદાર વ્યક્તિ કેમ ન હોય પહેલાથીજ સાધનને છોડીને સાધના કરવી, માધ્યમને છોડીને સીધું સદ્ગુરુના શુધ્ધ સ્વરૂપ સુધી જવું, સીધું - એમના ગુણ સુધી જવું, એ સમજદાર માટે પણ અઘરી વસ્તુ હોય છે.

સદ્ગુરુનાં પ્રવચનથી પણ તમે એમની નજીક જઈ શકો, તો પણ સારું છે, વાત્સલ્યથી આવો તો એ સારું છે, મીઠા વ્યવહારથી નજીક આવો તો એ સારું છે, સદ્ગુરુ એ એક જણ વરસે તમારી અનુમોદના કરી, તે માટે તમને - સદ્ભાવ થયો તે માટે તમે સદ્ગુરુની નજીક - આવ્યા, તો એ સારું છે. હવે સવાલ એનો છે કે આપણે આપણી પ્રસંશા અને અનુમોદનામાં જ છીએ, કે સદ્ગુરુ સુધી પહોંચ્યા પણ છીએ. બહુ જુજ એવા જીવ હોય, લાખો, કરોડો, અબજોમાં એકાદ એવા હોય, કે જે સીધા સદ્ગુરુને સ્પર્શી શકે. પહેલાતો પ્રવચન ને સ્પર્શશે, વાત્સલ્યને સ્પર્શશે, વ્યવહાર ને સ્પર્શશે, પછી સદ્ગુરુ સુધી પહોંચી શકાશે. જ્યારે મોટા ભાગના જીવો ની આ સ્થિતિ છે, આ બધી વાતો એના માટે નથી કે, આ બધું હોવું જ ના જોઈએ, આ બધું જોઈએ છે, સદ્ગુરુ વાત્સલ્ય આપે તો જોઈએ, મીઠો વ્યવહાર કરે તો જોઈએ, તમારી અનુમોદના કરે તો જોઈએ, એના માટે નથી. આ બધી વાતો એના માટે છે કે તમે આમાં અટકી જ ના આવો. હજુ આગળ જવાનું છે.

એક કવિએ બહુ મઝાની વાત કરી છે.

" બહુ છેટે જવા ધાર્યું હતું મેં.
પણ માર્ગમાં મંઝિલ નડી છે ! "

શનિવાર
DATE 26 12 2020

મંઝિલ નો ~~[illegible]~~ સર્વોત્કૃષ્ટ વિધ્ન હોય તો આંતર પડાવો ને મંઝિલ માની લેવાની ભ્રમણા હોય છે, જ્યારે પડાવો ને જ મંઝિલ માની લીધી, બસ કૃતકૃત્ય થઈ ગયા, પ્રભુના ભક્ત થઈ ગયા, સદ્ગુરુ નો આપણા ઉપર હાથ ફરી ગયો, આપણી બેડી પાર થઈ ગયી, ત્યાં વાત બધી પુરી થઈગઈ. શાસ્ત્રકાર ભગવંતો કહે છે, વાત તો હજુ શરૂ થઈ છે.

પહેલા પગલા ને યાત્રાનું અંતિમ પગલું માની લે, એ કદી પણ મંઝિલ ને પામી શકતા નથી, વધુ માં વધુ મંઝિલની ભ્રમણા ને પામે છે. સદ્ગુરુ આટલામાં સિમીત નથી,

★ સદ્ગુરુ વિશ્વની સર્વોત્કૃષ્ટ સંરચના છે!

★ સદ્ગુરુ ચૌદ રાજલોકની સૌથી વધુ મહામુલી મુડી છે.
★ સદ્ગુરુ વિશ્વનું સર્વસ્વ છે.

આપણી ટુંકી દ્રષ્ટિ, તુચ્છ દ્રષ્ટિ, ક્ષુદ્ર-દ્રષ્ટિ, સદ્ગુરુને સમજુ શકતી નથી. કેવી હિન દ્રષ્ટિએ આપણે જોઈએ. આ તો સદ્ગુરુ આવી ગયા! સદ્ગુરુ એટલે ભક્તો ના ટોળા, સદ્ગુરુ એટલે રોજ વાજા-ગાજા, સદ્ગુરુ એટલે જબરદસ્ત પ્રવચન, સદ્ગુરુ એટલે વિશાળ શિષ્ય પરિવાર, સદ્ગુરુ એટલે ટ્રસ્ટીઓ ને પણ કાન પકડાવનાર, સદ્ગુરુ એટલે સારી ઉપજ કરાવી આપનાર, આ બધી સમજણો ના છોડ, સદ્ગુરુ પ્રત્યેની અણસમજ ના ક્યારા માં ઉગી છે. સદ્ગુરુ માં આ બધું હોય એમાં કોઈ જ વાંધો નથી, વાત ખોટી પણ નથી. આવું કહીએ તો કોઈ દોષ પણ નથી. પણ સદ્ગુરુની અર્થ આ જ છે એ અનર્થ છે! જ્યારે આપણે અનર્થો થી સદ્ગુરુ ને રીઝવવાનો પ્રયાસ

શનિવાર

DATE 26 12 2020

કરતા હોઈએ છીએ, સાહેબ આપની આગ, સાહેબ આપ ની આગ, સાહેબ આપ ની આગ, સાહેબ આપ ની આગ, સાહેબ પ્રવચન બહુ જબરદસ્ત હતું, સાહેબ આપનો તો શિષ્યોનો પરિવાર બહુ જ મોટો !

રામની આગળ એના કિલ્લાનું, નગરનું, નગરની હવેલી એનું વર્ણન કરતા રહીએ, પણ - રામનું ગાંભીર્ય, રામનું શૌર્ય, રામનું ધૈર્ય, રામના આંતરીક ગુણો, એનો કોઈ ઉલ્લેખ - સુધ્ધા ન હોય, એ પણ રામનું DEVALUATION છે.

જ્યારે અનર્થોથી સદ્ગુરુને રીઝવવાનો પ્રયાસ કરતો હોય છે, ત્યારે નૈશ્ચયિક પ્રોપિટ એ, ઠઠ્ઠા-મશ્કરીઓ દ્વારા, સદ્ગુરુની સ્તુતિ કરવાનો પ્રયાસ કરતો હોય છે. વેઆચાર્ય ભગવંત વિશાળ શિષ્ય પરિવાર વાળા છે, આવું કહેવું જોઈએ છે એવી વાત નથી, આવું કહેવામાં કોઈ દોષ પણ નથી, આ પણ સદ્ગુરુની સ્તુતિ જ છે. પણ જ્યારે એમાં જ બધું આવી ગયું, એના મુખ્ય ગુણધર્મો, મુખ્ય ગુણો, એ જ રહી ગયા હોય, ત્યારે એક અપેક્ષા એ હાનિકારક થઈ જાય છે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, અધ્યાત્મ સાર ગ્રંથની અંદર કહે છે,

मुख्योपचारधर्माणा - मविभागेन या स्तुतिः

જ્યાં મુખ્ય ગુણધર્મો અને ઉપચાર ગુણધર્મો, એનો વિભાગ નથી, વિવેક નથી, એની સ્તુતિ કરવામાં આવે છે.

न सा चित्तप्रसादाय कवित्वं कुकवेरिव ।

જેમ કુકવિનું કવિત્વ હોય, એનાથી ચિત્ત પ્રસન્ન

નથી થતું. બરાબર એ જ રીતે આવી જે સ્તુતિ, એનાથી જેની સ્તુતિ કરવામાં આવી રહી છે, એ પ્રસન્ન નથી થતા. સદ્ગુરૂના મુખ્ય ગુણધર્મો છે,

* એમની પરિણતિ,
* એમનું જ્ઞાન,
* એમની જિનાજ્ઞા પ્રતિબદ્ધતા,
* એમની સંયમ સંવેદના,
* એમની શાસન દાઝ,
* એમનો જિનશાસનનો અનુરાગ,
* એમની કરૂણા,
* એમનું વાત્સલ્ય.

UNIVERSAL SADGURU

આ સદ્ગુરૂના મુખ્ય ગુણધર્મો છે. જ્યારે આ ગુણોનો ઉલ્લેખ સુદ્ધા ન હોય, એનો અર્થ એ છે કે આ ગુણોનું કોઈ જ મુલ્ય નથી. આ ગુણોનું કોઈ જ મુલ્ય નથી એનો અર્થ એ છે કે, તાત્વિક દ્રષ્ટિએ સદ્ગુરૂનું જ મુલ્ય નથી, કારણકે સદ્ગુરૂનો ખરો અર્થ, પારમાર્થિક અર્થ આ ગુણો છે. અને સદ્ગુરૂનું જ્યાં મુલ્ય જ નથી ત્યાં, સદ્ગુરૂનું જે મુલ્યાંકન કરવામાં આવે છે, એ સદ્ગુરૂનું મુલ્યરહિત મુલ્યાંકન છે અને આવું મુલ્યરહિત મુલ્યાંકન હોય, એ કહાં મશ્કરી કે હોનારત નહીં તો બીજું શું છે?

અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે

अन्यथाऽभिनिवेशेन, प्रत्युतानर्थकारिणी।

એ આ વિવેક નથી, એ આ દ્રષ્ટિ નથી, એ આ મુખ્ય અને ઉપચાર ગુણધર્મોનો વિભાગ નથી, તો પછી આ એક એવી ઘટના છે કે, જેની અંદર પ્રમાદથી એકદમ ધાર વાળી તલવાર, એ ધાર જ હાથમાં પકડી છે ને

એકદમ ભેરવી એ ધારને દબાવી છે. જેને એ
દબાવવાથી આપણો હાથ જ ઘવાવાનો, કપાવાનો,
લોહી લુહાણ થવાનો, આપણે જ હેરાન થવાના.
સ્તુતિ શું છે, નિંદા શું છે એના સંદર્ભમાં,
સિધ્ધસેન દિવાકરસૂરી મહારાજ, દ્વાત્રિંશિકા ગ્રંથની
અંદર કહે છે.

जाने यथाऽस्मद्विधविप्रलापः, क्षेपः स्तवो वेति विचारणीयम्।

ભગવાન તમારી સ્તુતિ કરવા માટે હું તો હું નીકળ્યો
છું, મને ખબર છે બધા આફરીન છે મેં રચેલી
સ્તુતિઓની પાછળ! કલિકાલ સર્વજ્ઞ જેવા સાડા-
ત્રણ કરોડ શ્લોકના રચયિતા, જિનશાસનના એક
મહાન જ્ઞાન પુરુષ, એ પણ જ્યારે કહેતા હોય,

क्व सिद्धसेनस्तुतयो महार्था, अशिक्षितालापकला क्व चैषा।

બાળકના લવારા જેવી મારી સ્તુતિઓ છે. મેં
રચેલી સ્તુતિઓ, મેં રચેલું મહાદેવ સુત્ર, [redacted]
આ સ્તુતિઓ બાળકના લવારા જેવી! ખરી
સ્તુતિઓ હોય, પારમાર્થિક સ્તુતિઓ હોય,
પરાકાષ્ટાની સ્તુતિઓ હોય તો એ સિધ્ધસેન-
દિવાકર મહારાજની સ્તુતિઓ છે! જેને સિધ્ધસેન-
દિવાકર સૂરી મહારાજ પોતે રચેલી સ્તુતિઓ
માટે શું કહે છે?

जाने यथाऽस्मद्विधविप्रलापः, क्षेपः स्तवो वेति विचारणीयम्।

મારા જેવાના લવારા એ ભગવાનનો પ્રતિક્ષેપ છે કે
ભગવાનની સ્તુતિ છે, ભગવાનની ગુણાનુમોદના
છે કે ભગવાનની નિંદા છે એ પણ વિચારવા
જેવું છે! અમારી ટૂંકી દ્રષ્ટિ, અમારી ઉડ્ર
દ્રષ્ટિ, અમારી ઓછી દ્રષ્ટિ એવો બાળમતિ
માણસ અમે કહીએ કે એની પાસે હુમરી
રૂપિયા છે, સ્તુતિ છે કે નિંદા છે ??

શનિવાર

DATE 26 12 2020

અમારું ગજું નથી, અમારી પહોંચ નથી, અમારી બુદ્ધિ ટુંકી, અમારી કલ્પના કુંઠિત થઈ જાય, એટલા પરાકાષ્ટાના પરમાત્માના ગુણોને અમે એને સ્પર્શી નથી શકતા. સ્તુતિ-કરવા જઈએ છીએ, પણ એવું લાગે છે કે આ સ્તુતિ છે કે નિંદા છે. એ પણ વિચારનીય છે!

હવે પ્રશ્ન કરીએ કે ભાઈ અમારો કોઈ અવકાશ નથી, SCOPE નથી, દહેરાસર જવાનું બંધ કરી દઈએ, સ્તુતિ-સ્તવન બધું કરવાનું બંધ કરી દઈએ, અમે શું કરીએ, સદ્ગુરુની આશાતના, ભગવાનની આશાતના થઈ જશે, અમે દૂર જતા રહીએ, અમને પાપ-ભાગી જશે. સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજ આ પ્રશ્નનું સમાધાન કરે છે,

अशक्त्या स्वतनास्तु तथापि विहन्, क्षमावकाशानुपपादयिष्ये।

છતાં પણ શાસ્ત્રો જ કહે છે, બાળક જેમ કાલીઘેલી ભાષામાં કહે, એમ હું પણ ભક્તિ-ભાવથી કહું છું. અને મારો કદાચ આ નિશ્ચય ક્લિષ્ટ એ અપરાધ પણ હોય, તો પણ એ ક્ષમ્ય બનશે. મને પાપ નહીં લાગે, અપમાન નહીં થાય, ભગવાનનું. ભગવાનની આ પણ એક પ્રકારની ભક્તિ જ હશે, અને આ અપરાધ એક હિસાબે આરાધના પણ બની શકશે, છતા આ વિચાર તો ઊભો જ છે કે ભગવાનની જે HEIGHT છે, ગુરુની જે HEIGHT છે, એને કળવાનું માપવાનું અમારું ગજું જ નથી, અને આટલી સમજણ હશે તો, કે ભાઈ હજુ અમે હજારો રૂપિયા ગણીએ છીએ કારણ કે, હજારો આગળનું ગણિત જ અમને આવડતું નથી. અમે અબજોની સ્તુતિ કરીએ કઈ રીતે? પણ હકીકતમાં ~~[illegible]~~ ભગવાન આટલા જ નથી!

बालोऽपि किं न निजबाहुयुगं वितत्य विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः ?॥

દરિયો વિરાટ છે, અફાટ છે, ગંભીર છે, બુદ્ધિ અને કલ્પનાની LIMIT બહારનો દરિયો છે, તો નાનો

શનિવાર

DATE 26 12 2020

બાળક છે. પુછવામાં આવે, દરિયા કિનારે કેટલો મોટો દરિયો, કહેશે આટલો મોટો દરિયો. બાળક એના ગજા પ્રમાણે દરિયાનું મુલ્યાંકન કરે છે. માનતુંગસૂરી-શ્વરજી મહારાજ ભક્તામર સ્તોત્રમાં કહે છે, કે હું પણ મારા ગજા પ્રમાણે, આદિનાથ ભગવાનનું મુલ્યાંકન કરી શક્યો છું પણ, તમે એટલું સમજી લેજો, આદિનાથ ભગવાન કંઈ આટલા જ નથી.

સદ્ગુરૂને સમજ્યા વિના, એમના પ્રત્યે નું વંદન, એમની ભક્તિ, એમનું ગુરૂપૂજન, એમનું સાન્નિધ્યું, એ નિશ્ચય દ્રષ્ટિ એ એક વ્યવહાર માત્ર બની જાય છે. હવે એવી દ્રષ્ટિ પણ હશે કે ભાઈ આ બધુ બહુ ઓછું કહેવાય, આપણે ભલે થોડા સમજ્યા હોય એને પણ એ, દરિયા ને આટલામાં સમજ્યા એવી વાત છે. સદ્ગુરૂ એટલે,

- ★ અમાપ,
- ★ અફાટ,
- ★ અક્ષીણ,
- ★ અતિ ગંભીર
- ★ અતિ વિરાટ વ્યક્તિત્વ,

[UNIVERSAL SADGURU]

આપણે જેવા વામન, કઈ રીતે કળી શકે ? તો હવે નિશ્ચય દ્રષ્ટિ એ જે આરાધના કરશો, આમાં બધુ આવી ગયું, આ કદાચ નિશ્ચય દ્રષ્ટિ એ - આરાધના ની બદલે, અવગણના બની જશે! સદ્ગુરૂ ને સમજ્યા વિના જે વંદન કરવામાં આવે, આપણે જેને વંદન કહીએ, જ્ઞાનીઓની દ્રષ્ટિએ એ વંદન નથી હોતું! સમજ્યા વિના સાન્નિધ્યું કરી લીધું, ગુરૂપૂજન કરી લીધું, એમની ભક્તિ કરી લીધી, જ્ઞાનીઓની દ્રષ્ટિમાં એ, એ નથી હોતું.

સદ્ગુરૂ ને સમજ્યા વગર દીક્ષા પણ લઈ લીધી, પરંતુ અર્થમાં
એ દીક્ષા નથી હોતી! ORIGINALLY એ વસ્તુ બીજું જ
કાંઈક છે, અને એની ઉપર ORIGINAL નું LABEL -
લગાડી દેવામાં આવે, ત્યારે એ ORIGINAL નથી થઈ
જતું હોતું પણ ORIGINAL નું અપમાન થતું હોય છે,
નિશ્ચય દ્રષ્ટિ એ, સુક્ષ્મ દ્રષ્ટિ એ, એક અપેક્ષા એ,
એ વંદન નથી હોતું પણ, વંદનનું અપમાન હોય છે,
એ વ્યક્તિ નથી હોતી પણ, વ્યક્તિનું અપમાન હોય છે!
વંદન કે વ્યક્તિ એ છોડી દેવાની એવી વાત નથી, કોઈ
કરતું હોય ને પછી તમે જડ ડાહ્યા થઈને અટકાયા થી ગયા
ને કહ્યું કે તમે અપમાન કર્યું, વંદન નથી કર્યું! મહેરબાની
કરીને આવું કરતા નહિ!

કોઈને પાડવા માટે, નીચે ઉતારવા માટેની
આ વાત નથી, તમે જ્યાં અટકી ગયા છો, ત્યાં થી
તમને આગળ લઈ જવાની વાત છે. એક પ્રયાસ કરવો છે,
સદ્ગુરૂને સમજવાનો,

## મર્યો અનંતવાર, વીણ સમજ્યો,

નથી સમજ્યા માટે જ અનંતવાર મર્યા, હજુ નહીં સમજીએ તો
હજુ અનંત મૃત્યુ થઈ જશે. બહેતર છે કે આ ભવમાં તો
સમજી જ લઈએ, સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

અજ્ઞાનં મરણં મતં।

હજુ તમે અંધારમાં રહ્યા, હજુ તમે અજ્ઞાનમાં રહ્યા, તો
સમજી લો મૃત્યુ આવવાનું જ છે, એક નહિ કદાચ અનંત-
મૃત્યુ આવશે. માણસનું પુતળું હોય, અને એ પુતળાને
સાચો માણસ સમજી ને તીર છોડી ને વીંધી દેવામાં આવે,
તો શાસ્ત્ર દ્રષ્ટિ એ માનવ હત્યાનું પાપ લાગતું હોય છે.
એક પંખી છે પણ આબેહુબ પંખી જેવું બનાવવામાં આવ્યું

શનિવાર

DATE 26 12 2020

છે. PLASTIC નું પંજી છે, આપણને લાગ્યું કે આ પુવનું પંજી છે ને, હયા ના ભાવ સાથે, આપણી એની દાણા નાખીએ, ત્યારે શાસ્ત્ર કહે છે એ પુવદયાનું પુણ્ય મળતું હોય છે. સદ્ગુરુને સમજ્યા વિના, સદ્ગુરુની ભક્તિ કરવામાં આવે, એનાથી શું મળતું હશે ?

માણસ નકલી હતો પણ સાચો માણસ લાગ્યો, ને તીર થી વિંધ્યો તો માનવ-હત્યાનું પાપ લાગ્યું. સદ્ગુરુ અસલી હોય છે, આપણને નકલી લાગતા હોય છે, અસલી સદ્ગુરુ શું છે, એ જ ખબર નથી, ત્યાં સુધી જે લાગતું હોય છે એ નકલી જ લાગતું હોય છે ને, નકલી ને આપણે વંદન કરીએ છીએ એવું સમજીને વંદન કરીએ, એનાથી આપણને શું મળશે ?

બહુ સરસ મઝાની વાત, યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર, હરીભદ્રસૂરી મહારાજા કહે છે, કે ક્રિયા શુન્ય જ્ઞાન, એવું જ્ઞાન કે જેની અંદર ક્રિયા નથી, સદ્ગુરુ પ્રત્યેની સમજણ આવી ગઈ છે, હજુ વંદન નથી કર્યા, કોઈ કારણસર.

[क्रियाशून्यं च यज्ज्ञानं]

વંદન રોજ કરીએ, આજ સુધીમાં હજારો વંદનો થઈ ગયા, પણ જ્ઞાન નથી, સદ્ગુરુની સમજણ નથી, આ બે વચ્ચેનું અંતર કેટલું છે ? કેટલું અંતર જેટલો DIFFERENCE, સુરજ અને આગિયા નું છે, એટલું અંતર આ બે વચ્ચેનું છે. સમજણ પુરી આવી ગઈ સદ્ગુરુ ની હજુ વંદન કોઈ કારણસર નથી થયું, સમજણ આવી એટલે વંદન થવાનું જ છે પણ, હજુ સુધી નથી થયું. આ સુરજ ના સ્થાને છે. સમજણ લગભગ નથી,

એને વંદન આપણે કરીએ જ છીએ, આ આગિયા ના - સ્થાને છે! સુરજ માં પણ અજવાળું છે, આગિયામાં પણ અજવાળું છે. પણ આ બંને અજવાળામાં, આકાશ જમીનનો તફાવત છે.

દસ- પંદર વર્ષ પહેલાની ઘટના, એક સંઘની અંદર અમારી સ્થિરતા હતી, ચશ્માનો નંબર CHECK- કરાવવા માટે, એક HOSPITAL ની અંદર હું ગયો, ચશ્માના નંબર CHECK કરાવ્યા, લગભગ- એક નંબર વધ્યો હતો, ત્યાં કોઈ વૈયાવચ્ચ સંસ્થા, એવું કંઈક ચાલતું હતું, એનો નંબર ચેક કરાવીને, ત્યાં જે પ્રક્રિયા હતી એ પતાવીને હું પાછો આવી રહ્યો હતો, ને ત્યાં વૈયાવચ્ચ સંસ્થાના કે હોસ્પિટલના કોઈ બહેન હતા ને એમણે મને કહ્યું કે આપ બાજુની દુકાનમાંથી આપને ગમતી નવી ચશ્માની ફ્રેમ પસંદ કરીને લઓ. મેં કહ્યું કે મારે નંબર વધ્યો છે, ફ્રેમમાં કોઈ તકલીફ નથી, FRAME મારી ચાલે છે, મારે FRAME નથી બદલવાની એમાં નવા GLASS જ નંખાવાના છે. મને કહે ના સાહેબજી આપ આપને ગમતી નવી ફ્રેમ પસંદ કરીને લવ. મેં કહ્યું એવું બિનજરૂરી હું ચશ્મા બદલી ના શકું, એવી કોઈ જરૂર નથી, મારે GLASS જ બદલવા છે. ના સાહેબ હું કહું છું ને, બાજુની દુકાનમાં વૈયાવચ્ચનું ACCOUNT ચાલે છે ત્યાંથી આપની ગમતી વૈયાવચ્ચની FRAME પસંદ કરીને લવ! છેવટે મારે કહેવું પડ્યું કે અમારે સાધુપણામાં એવું. ગમતું, ન ગમતું, એવું બધું ના હોય! જે છે એ બરાબર છે, એવું ગમતા માટે બદલવું, અને જ્યારે સાચે બદલવાનું હોય ત્યારે પણ અમારે ગમતું ના જોવાનું હોય! આ તો બદલવાનું નથી ને ગમતું જોઉં એ શક્ય નથી. ના સાહેબજી હું કહું છું ને બાજુની દુકાનમાંથી આપ આપના ચશ્માની ગમતી FRAME પસંદ કરીને લવ. હું HOSPITAL થી સીધો ઉપાશ્રયે પહોંચી

ગયો. એ બહેન જ્યાં હતા, ત્યાં ના ત્યાં પોતાની માન્યતામાં રહ્યા ! ઘટના નાની છે, વાત હકીકતમાં આપણી જ છે. એમનું માનવું એવું હતું કે સાધુ એટલે આપણી જેમ માનવ અથવા એક - રૂપ ! એટલે એમને પણ ગમતું ન ગમતું તો હોય જ ને ! એ મને ખુશ કરવા માંગતા હતા. એ મારી ભક્તિ કરવા માંગતા હતા. કોઈની એની દ્રષ્ટિએ પણ જોઈએ તો, એમણે પુણ્યનું ઉપાર્જન કર્યું જ હતું, કારણકે, મહાત્મા પ્રત્યે એમનો, ભક્તિભાવ હતો !

પણ મહાત્મા ને સમજવા, સાધુનું સ્વરૂપ સમજવું, સાધુના ગુણ સમજવા, સાધુનું સ્તર સમજવું એ જે સ્તર સમજવું જોઈએ એના કરતા એમણે નીચું સ્તર સમજ્યું હતું ! અને એ અપેક્ષા એ એમનો ભક્તિભાવ ઓછો હતો, અને એ અપેક્ષા એ એમનો પુણ્યબંધ પણ ઓછો હતો !

સદ્ગુરૂમાં આપણે શું જોઈએ છીએ ?
સદ્ગુરૂમાં આપણને શું દેખાય છે ?

બસ, આના જ આધારે આપણી બીજી બધી આરાધના, ઉપાસના, ભક્તિ આનું આપણને ફળ મળશે !

સભાનો પ્રશ્ન :- તો આપની દ્રષ્ટિ એ બહેને આપને શું કહેવું જોઈતું હતું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- આમ જોઈએ ને તો આ બહુ જ GENERAL (સામાન્ય) વાત છે. બાળમુનિ હોય ને પ્રેમસૂરીશ્વરજી - મહારાજ ને કહે, કે આ પીપરમેંટ વહોરી ને લાવ્યો છું, સંસારી સ્વજનો એ વહોરાવી છે ને


classmate

આપ વાપરો ને વાપરો. હવે પ્રેમસૂરી મહારાજ સાહેબને પીપરમીંટ સાથે શું લેવા દેવા? એક રાશિ મળે, બીજું કંઈજ મળે નહી! છતા બાળમુનિ છે, મને ભાવે એટલે બધાને ભાવે, અને આપ વાપરો ને વાપરો. અમુક ઉંમર પછી એવી બધી વસ્તુઓનો કોઈ મતલબ નથી હોતો. જેમ અમુક ઉંમર પછી નથી હોતો, એમ અમુક સંયમ પર્યાય, અમુક ગુરૂકુલવાસમાં થયેલું ઘડતર, અમુક અભ્યાસ પછી આવી બધી વસ્તુઓનો મતલબ નથી હોતો. દિમાગ મહાત્માની આ સ્થિતિ હોય. એમણે શું કહેવું એનું હતું એનો કોઈ સવાલ જ નથી. એમનું જે સ્તર હતું, જે સમજણ હતી એ હિસાબે એમણે કીધું, એમણે પુણ્ય જ બાંધ્યું. હવે આવું બધું મહારાજ સાહેબને કહેવાય નહી, આવી નમ્ર શિખામણ આપવા પણ નહી જતા! બહુ તમારી સાથે ધ્યાન રાખી ને કામ લેવું પડે!

સદ્ગુરૂ પ્રત્યે ની આપણી સમજણનું સ્તર, એને ઉંચકવા માટેનો આ પ્રયાસ છે. યુગાધિદેવ પ્રભુ, દીક્ષા એમણે લીધી છે, દીક્ષા લીધા પછી છઠ્ઠ નો તપ - ભગવાનનો પુરો થયો છે. ભગવાન ગામે ગામ, ઘરે-ઘર, નગરે-નગરે વિચરણ કરી રહ્યા છે. ઘરે ઘરે ગોચરી માટે જઈ રહ્યા છે. લોકો કહે છે પધારો પ્રભુ, પધારો પ્રભુ, પ્રભુ આ હાથી એકદમ લક્ષણ સંપન્ન છે, પ્રભુ આ હાથી - આપના માટે એકદમ યોગ્ય છે, પ્રભુ લ્યો ને, પ્રભુ સ્વીકાર કરો ને, પ્રભુ અમારી ઉપર ઉપકાર કરો, પ્રભુ કેમ મૌન છો....! ધ્રુસકે ને ધ્રુસકે લોકો રડી રહ્યા છે. પ્રભુ આ ઘોડો, પ્રભુ આ સોનાનો થાળ, પ્રભુ આ ઘરેણા, પ્રભુ આ હીરાના હાર, પ્રભુ આ મોતી ઓના થાળ, પ્રભુ સ્વીકારો, પ્રભુ કેમ નથી સ્વીકારતા, પ્રભુ આ મારી કન્યા ગઈ કાલે જ સોળ - વરસ ની થઈ છે, રૂપરૂપના અંબાર જેવી છે, પ્રભુ આપના જેવો વર એને ક્યાં મળશે, પ્રભુ આ અમારી કન્યા આપને સોંપી, પ્રભુ મારા જમાઈ થાવ, પ્રભુ આ ધનનો સ્વીકાર કરો,

પ્રભુ આ સોનાચાંદીના થાળ, પ્રભુ ગાડે ગાડા કરીયાવર સાથે મારી આ કન્યા આપને અર્પણ, પ્રભુ આપ એનો સ્વીકાર કરો, પ્રભુ આપ કેમ જઈ રહ્યા છો, પ્રભુ ઉભા રહો, પ્રભુ આ સ્વીકારો !

स्वामी किञ्चिन्न लाति ।

પ્રભુ તમે કેમ સ્વીકારતા નથી ? આખું નગર પોકાર કરી રહ્યું છે, અને યુગાદિદેવ એમની સામે થઈને, એ- આગળ જઈ રહ્યા છે. સદ્ગુરુ મળ્યા હતા, પણ સદ્ગુરુની સમજણ મળી ન હતી. એ લોકોની- સમજણ બહુ જ સ્પષ્ટ હતી, કે પ્રભુને તો આ બધું જોઈતુ જ હોય ને ! ભક્તિભાવ જરૂર હતો, પણ ભક્તિ પાત્રનું જે સ્તર હતું, એની તુલનામાં, એમણે કલ્પેલું સ્તર એ ઘણું જ નીચું હતું. અને એના કારણે, એ ભક્તિ પાત્ર વ્યક્તિ જો એ લોકો માટે સર્વોત્કૃષ્ટ અણગાર ન હતા, પણ એક અતિ વિશિષ્ટ મહેમાન હતા. એમને એમનું સ્તર પોતાના જેવું જ લાગતું હતું, બાળ મુનિને લાગે કે મને પીપર ભાવે એટલે પ્રેમસૂરી મહારાજ ને પણ ભાવે !

એમને હાથી-ઘોડા-સ્ત્રી-ધનના ઢગલા, આ બધું ગમે આ બધું જોઈતું હોય, એમ - ભગવાનને પણ જોઈતું જ હોય ને, અને મારે જ એમને પુણ્ય પણ મળ્યું હોય, તો પણ એટલું જ, કે જે સર્વોત્કૃષ્ટ અણગારની ભક્તિ થી ના મળે પણ, અતિ વિશિષ્ટ મહેમાનની ભક્તિ થી મળે, અને શાસ્ત્રીય દ્રષ્ટિ એ કહીએ તો મહેમાનગતિનું કોઈ પુણ્ય હોતું નથી ! સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજ દ્વાત્રિંશીકા ગ્રંથ ની અંદર ભગવાનની દીક્ષા નું એક શબ્દ ચિત્ર રજુ કરે છે, દીક્ષા લેવા માટે ભગવાન રાજ મહેલથી નીકળ્યા છે,

અભિષેકો થઈ ગયા છે, ઈન્દ્રો શિબિકા ઉપાડવા પડાપડી કરી રહ્યા છે, એક હજાર જણા ઉપાડી શકે, ઈન્દ્રો અને દેવતાઓ, પડાપડી કરી રહ્યા છે, વિરાટ વરઘોડો છે, આખો રાજમાર્ગ ઠકડેઠઠ ભરેલો છે, ચોતરાઓ, અગાસીઓ, બારીઓ, બારણાઓ, બધુ જ FULL છે, ખુબ જ ભીડ છે, બધાની દ્રષ્ટિનું કોઈ કેન્દ્ર હોય તો એ પરમાત્મા છે, સિદ્ધસેન દિવાકરસૂરી મહારાજ, ભગવાનની દીક્ષાનું વર્ણન કરતા લખે છે, ભગવાનના કેટલાય સ્નેહીઓ હતા, કેટલાય પ્રેમીઓ હતા, આખું નગર જેમનું સ્નેહી હતું, અને લોકો પડાપડી કરીને ભીડને ચીરી ચીરીને -- ચીરી ચીરીને ભગવાનની શિબિકા સુધી જવાનો પ્રયાસ કરતા હતા! કેટલાય લોકો સદ્ભાગ્યે ત્યાં સુધી પહોંચીએ ગયા, ભગવાનની સન્મુખ [illegible] જોઈ રહ્યા છે, આંખમાંથી અનારાધાર આંસુની ધારા વહી રહી છે, ભગવાનના ઉત્તરીય વસ્ત્રનો છેડો ખેંચીને કહે છે, પ્રભુ.. પ્રભુ રોકાઈ જાવ, નહી જાઓ, તમે અમારા ઉપકારી છો પ્રભુ, અમે તમારા વગર નહિ જીવી શકીએ, પ્રભુ.. પ્રભુ.. પ્રભુ રોકાઈ જાવને, શા માટે અમને છોડીને જાવ છો!

અને સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજ, આ આખી ઘટનાનું વર્ણન કરીને, છેલ્લા શબ્દો લખે છે,

ન ભાવશૂન્યં જગૃહુર્મનસ્તે।

ભગવાન એ લોકો આપના સુધી પહોંચ્યા પણ આપના મન સુધી ના પહોંચ્યા, આપનો વૈરાગ્ય, આપની નિઃસંગતા, આપની નિસ્પૃહતા, આપની નિર્લેપતા, આપ ચક્રવર્તી હો ને આપ ખટખંડના સામ્રાજ્યને સહજ રીતે ખંખેરીને નીકળી ગયા હો, એ આપની અંતસ્તરની વૃત્તિ, એને એ લોકો સમજ્યુ ના શક્યા

ન ભાવશૂન્યં જગૃહુર્મનસ્તે

ભગવાનની સર્વોત્કૃષ્ટ ઉપાસના ત્યાં છે, જ્યાં ભગવાનની,

એ વિતરાગતા નો સ્પર્શ થાય. એ આંતરિક ગુણોનો સ્પર્શ થાય, એ આંતર પરિણતિ નો સ્પર્શ થાય, અને, માટે જ કહ્યું,

देवो भूत्वा देवं यजेत् ।

ભગવાનની ખરી ઉપાસના ભગવાન થઈ ને થઈ શકે છે. આદિનાથ ભગવાનના, એ નગરજનો, એમના જેવી કદાચ આપણી સ્થિતિ. એ દીક્ષા ના વરઘોડામાં - ઉત્તરીય ખેસ, એને ખેંચીને રોકાઈ જવાનો આગ્રહ કરતા, એના જેવી કદાચ આપણી સ્થિતિ.

સદ્દગુરુની જે ભૂમિકા,
સદ્દગુરુની જે પરિણતિ,
સદ્દગુરુના જે સદ્દગુણો,

આપણો એનાથી કેટલા યોજનો દૂર! મરુદેવા માતા, ઋષભે દીક્ષા લીધી ત્યારથી, ઋષભ, ઋષભ, ઋષભ કરીને, રડ્યા હતા. વાત ઋષભની જ હતી, પણ વાત ઋષભ ની ન હતી, કારણકે ઋષભની સમજણ ન હતી.

જે વ્યક્તિ માટે રડી રહ્યા હતા એ વ્યક્તિ ભગવાન હતી, જેમનું નામ લેવાથી પણ પાપો ના ભુક્કા બોલાઈ જાય, અને એનું નામ લઈ-લઈને, હજારો વર્ષ સુધી રડતા રહ્યા મરુદેવા માતા, એ મોક્ષ માર્ગ ન હતો, એ સાધના ન હતી, એ કર્મક્ષય ન હતો, એ શુકલધ્યાન ન હતું, એ આર્તધ્યાન હતું. જ્યાં સુધી એ ઋષભ ની સમજણ ન હતી ત્યાં સુધી એ આર્તધ્યાન હતું. ઋષભ ની સમજણ આવી ગઈ, એટલે એ શુકલ ધ્યાન બની ગયું.

નહી સમજે વો મરેંગે!

અજ્ઞાનં મરણં મતં।

જો સ્વરૂપની સમજણ આવી જ ન હોત તો, મરૂદેવા માતાનું નિર્વાણ ન થાત, મૃત્યુ જ થાત! કદાચ અનંત મૃત્યુ થાત! મરૂદેવા માતાનું મૃત્યુ ના થયું, નિર્વાણ થયું, ભવભ્રમણ ના થયું, મોક્ષ થઈ ગયો, કારણકે એમને સ્વરૂપની સમજણ આવી ગઈ.

એક પ્રયાસ કરવો છે, સદ્ગુરૂને સમજવાનો! આજે સમય થયો છે, આજે આટલું રાખીએ!

x x x x x

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

રવિવાર

## વ્યાખ્યાન નંબર - ૧૦૯

DATE 27 12 2020

તમારો પ્રશ્ન છે કે ગમતા ચશ્મા મહાત્માને લેવાનો આગ્રહ ન કરાય, તો ગોચરી વહોરાવવામાં શું વિવેક રાખવો. એક અપેક્ષા એ, એક ક્રાઈટ એ, ઉપર છલ્લી સમજણે એમ લાગે કે ભાઈ આવું બધું છે તો આપણે, આયોજન જેવું ન વહોરાવવું અથવા કોઈ એવો આગ્રહ કરવો નહિ. લેતા હોય, વહોરતા હોય તો બરાબર છે, આપણે આગ્રહ કરીએ તો આપણને દોષ લાગી જાય!

જવાબ છે, આગમની અંદર કહ્યું,
નો રસટ્ઠાએ ભુંજિજ્જા જવણટ્ઠાએ મહામુણી
ગોચરી શું વહોરવી, ન વહોરવી, કઈ રીતે વાપરવી, કયા ભાવથી વાપરવી એ મહાત્માનો વિષય! આપણો વિષય, ગુરુ ભગવંતને, બહુમાનથી ઉલ્લાસથી આપણે વહોરાવીએ, એટલે આપણને પુણ્યનો બંધ છે, પુણ્યનું ઉપાર્જન છે, આત્માની શુદ્ધિ છે, મોક્ષ-માર્ગમાં પ્રગતિ છે.

બીજો સવાલ, એ ચશ્મા માટે આગ્રહ કરનાર બહેનને પાપ લાગ્યું કે નહિ?

ત્રીજો સવાલ, આદિનાથ ભગવાનને સંપત્તિની કન્યાની, હાથી-ઘોડાની વિનંતી કરનારા તે લોકોને પાપ લાગ્યું કે નહિ? આનો જવાબ છે કે પાપ લાગે કે ન લાગે તો એમાં પણ સ્યાદ્વાદ છે. તમારા ઘરે મહાત્મા આવ્યા, તમને ખબર છે મહાત્માને પાકું પાણી જ ખપે, ઉકાળેલું પાણી જ ખપે, તમને પાકી ખબર છે, અને તમે વિનંતી કરો સાહેબ પાણીનો ખપ, સાહેબ કહે હા જોગ છે, હા સાહેબ છે તો ઘણું પાણી છે, તપેલામાં તમે રાખ્યું હોય

રવિવાર

DATE 27 12 2020

કાચુ પાણી છે, તમે એ વહોરાવી દોષ લાગે. તમે મહાત્મા ને કહ્યું કે સાહેબ પાણી તો કાચુ છે, ખપતું હોય તો વહોરો. તમને દોષ લાગે. મહાત્મા એ પુછ્યું કે પાણીનો જોગ છે, તમે કહો હા સાહેબ જોગ તો છે, પાણી કાચુ છે, જોઈએ તો લો, દોષ લાગે. તમે કહો કે સાહેબ, પાણી તો કાચુ છે પણ મારો ખુબ જ ભાવ છે, આપ વહોરો ને વહોરો, દોષ લાગે.

સ્યાદવાદ દ્રષ્ટિએ કહે છે કે ત્યાં તમને જ્ઞાન છે, ખબર છે, અને છતા તમે મહાત્માને હેરાન કરવા, દોષ લગાડવા, એવું ગાંડપણ કરીને તમે એનો આગ્રહ કરો, તમે એની વિનંતી સુધ્ધા કરો. ત્યાં તમને દોષ છે. એવી વ્યક્તિ જેને ઉકાળેલા અને કાચા પાણીની કશી કંઈ ખબર નથી, મહાત્મા ગયા ત્યાં વહોરવા તો ખરું, મહાત્મા કહે પાણી નો જોગ છે, હા સાહેબ છે, સાહેબ લો વહોરો, ને આમ માટલાંનો નળ ચાલુ કરે, અને ગ્લાસ ભરવા લાગે, મહાત્મા કહે આ કયું પાણી છે? સાહેબ પાણી જ છે, ચોખ્ખું પાણી છે. MINERAL WATER છે, અમે બસ ગાળી ને ભરીએ છીએ. પણ ઉકાળેલુ છે ઉકાળેલું તો નથી. મહાત્મા એ કીધું કે મને નહીં ખપે, ભલે મને ખબર નહિ. ત્યાં જે વ્યક્તિ-ભાવ છે, ત્યાં મહાત્માને આપવાનો પણ ભાવ છે, પણ જ્ઞાન નથી, જે વિનંતી પણ કરે, એને પુણ્યનો બંધ છે. વહોરવું / ના વહોરવું એ મહાત્મા નો વિષય છે. મહાત્મા પોતાના વિવેકથી વોરશે, મહાત્મા ને ખબર પડે કે ભાઈ કાચુ પાણી છે. મહાત્મા નહી વહોરે!

હવે તમે એના પડોશી છો ને તમે એના ઘરે ગયા ને વાત કરી, કે ભાઈ આવું થયું હતું ને મેં વિનંતી કરી ને, તમે એને કહો કે તો ઘોર પાપ બાંધ્યું, ભયંકર આશાતના કરી, ભયંકર દોષ માં નુ

પડ્યો, એટલે એવો માણસ વિચારશે કે આમ તો હું કોઈ ભયંકર દોષમાં હતો નહિ, મહાત્મા આવ્યા ને આવું થયું મારે ભયંકર દોષ માં પડ્યો. હવે મારી એટલી વ્યવસ્થા કરવાની, હવે તો મને કંઈ પણ-આવડતું નથી, ખબર નથી, એટલે મારા ઘરમાં-મહાત્મા ન આવવા જોઈએ. તમારી દહેરાસરમાં આ સ્થિતિ છે, તમારી અડોશ-પડોશમાં આ સ્થિતિ છે, તમે થોડુંક જાણો છો ને, એટલે તમે ન જાણવા-વાળા કરતા વધારે ભુલો કરી બેસો છો.

બહુ સરસ મજાની વાત લલિત-વિસ્તરા ગ્રંથની અંદર, હરીભદ્રસૂરી મહારાજ એ કરી,

अज्ञबुद्धिभेदाकरणम् ।

જે અજ્ઞ છે, જે બિચારો બાળ જીવ છે, જેને કંઈ ખબર નથી, એમની બુદ્ધિભેદ તમારે કદી કરવો નહિ, એમનું મન તુટી જાય, એમનો ભાવ તુટી જાય, આવી ચેષ્ટા કદિ પણ કરવી નહિ, એની ભુલ થઈ ગઈ, એને નથી ખબર, એરે કરે એની ભુલ થાય, ન કરે એની કોઈ ભુલ ન થાય. એણે મહાત્માને આવો પધારો કર્યું એ એની ભુલ છે ?

એ દહેરાસર આવી ગયો એ એની ભુલ છે ?

વ્યાખ્યાન માં આવી ગયો એ એની ભુલ છે ?

अज्ञबुद्धिभेदाकरणम् ।

કઈ રીતે કહેવું એના માટે આપણે ત્યાં શાસ્ત્રો છે કઈ રીતે અનુશાસન કરવું, કઈ રીતે હિતશિક્ષા ઓ આપવી, એના માટે સેંકડો ગાથાઓ છે, એના માટે કેટકેટલાં ગ્રંથો છે, અને એ કશી આપણને ખબર પડે નહિ. આપણને આટલી ખબર છે કે ઉકાળેલું પાણી ખપે ને કાચુ ના ખપે, આટલી સમજના આધારે, આપણે એટલા મોટા ન્યાયાધીશ થઈ જઈએ. પાપ લાગ્યું છે કે નહિ, દોષ લાગ્યો છે

રવિવાર

DATE 27 12 2020

કે નહિ, આશાતના થઈ છે કે નહિ, એની તમને ખબર - હોતી નથી, અને તમે તમારું ફાંકું રાખો છો.

**સભાનો પ્રશ્ન :-** ભગવંત, આપણને કોઈ મહાત્મા સુચના કરે કે, અમુક વસ્તુની જરૂરિયાત છે, અને આમ તો આપણને ખ્યાલ છે કે મહાત્માને આધાકર્મી ના ખપે, તો ત્યારે શ્રાવક ની શું ભુમિકા હોય ?

**પૂજ્યશ્રી નો ઉત્તર :-** સ્થાનાંગ આગમ સુત્રની અંદર, અભયદેવસૂરી મહારાજ એ આ પ્રશ્નનો જવાબ આપ્યો છે.

आउरदिट्ठंतेणं तं चेव हियं असंथरणे ।

મહાત્મા સંયમ માટે નીકળ્યા, કર્મો માટે નીકળ્યા, સાધન કરવા માટે નીકળ્યા, મહાત્મા ને ખબર પડી કે તમે એમના માટે બનાવ્યું એટલે મહાત્મા નહીં વહોરે, તમારો આગ્રહ હશે તો એ નહિ વોહરે ને, એ જ મહાત્મા તમને કહે છે કે આ પ્રકારની ઔષધિ, આ પ્રકારનો ઉકાળો, આ પ્રકારનું દ્રવ્ય, ~~બાલ~~ ગ્લાન મહાત્મા, વૃધ્ધ મહાત્મા, એમના માટે જરૂર છે, એવા સમયે, મહાત્માને વહોરવામાં પણ પુણ્ય નો બંધ, તમને વહોરાવવામાં પણ પુણ્ય નો બંધ !

**સભાનો પ્રશ્ન :-** અને એ ગ્લાન ના હોય ને એમ ને એમ બનાવે તો ?

**પૂજ્યશ્રી નો ઉત્તર :-** એટલે આવો એવું છે, કે તમે MAJORITY (બહુમતી) મહાત્માઓને પુછો, તો MAJORITY મહાત્મા તમે એમના માટે બનાવ્યું એને ખબર પડી, અને નહીં વહોરે, હવે RARE (થોડા) બચ્યા, જે તમને કહીને, અથવા તો ભાન છે કે આ રીતનું છે છતાં વહોરે, એવા ઘણા ઓછા મહાત્મા બચ્યા !

હવે આગળ વધો એમાંથી લૌકિક અને અલૌકિક, એ
છે કે નથી આટલો પ્રશ્ન છે! હવે એમાં મહત્તમ
સંભાવના એ છે કે મહાત્માને કારણ હોય અને
એના કારણે વહોરવું પડતું હોય. હું તમને એક -
EXAMPLE [ઉદાહરણ] આપું, તમારા ઘરે આમ તેમ
કંઈ પણ સંઘરો થઈ ગયો. શાક ને તમે અડી ગયા,
તમે ક્યાંક છોડા પડ્યા તા ને હટાવી દીધા. મૂળ -
વિધિ મુજબ જ્યારે ત્યાંથી કશું વહોરાય નહિ. મૂળ-
વિધિ મુજબ જ્યારે નીકળી જવું જોઈએ.

અમારા ગુરુદેવ વર્ષોથી એક વાત,
વારંવાર વાચનાની અંદર કહે, કે વર્તમાન સમયની
અંદર આપણા વ્રતની રક્ષા માટે પણ બહુ.. બહુ..
બહુ ફરવા જેવું નથી, ગોચરીની બહુ ગવેષણા
કરવા જેવી નથી. એક EXAMPLE તમને આપું
અમારા આયંબિલ વાળા મહાત્મા હોય, એમને
એમ થાય કે આયંબિલ ખાતે, આયંબિલ હોય નહિ,
એના કારણે દીક્કત થાય. ચાલો કોરી રોટલી
ઘરોમાંથી વહોરીએ, દાળ નિર્દોષ મળી લેવી હોય તો,
સાડા નવ | દસ વાગે જવામાં આવે તો, સહજ
બાફેલી દાળ, આયંબિલમાં ખપે એવી મળે!
એક બાજુ નિર્દોષતા છે ને બીજુ બાજુ ગુરુદેવનો
આદેશ. એ કવેળા છે, એ કસમય છે, એ
સમયે ઘરની અંદર કપડા ધોવાના હોય, બીજા -
ત્રીજા કામ ચાલતા હોય, કોઈ મહાત્માને જવાનો
એ સમય નથી. એ જમવાનો પણ સમય નથી,
અને એ ગોચરીનો પણ સમય નથી, તો એવા
સમયે ઘરમાં પ્રવેશ ના કરવો જોઈએ. નિર્દોષ દાળ
માટે પણ એવી રીતે કવેળા એ ન જવું આવો,
અમારા ગુરુદેવનો આદેશ!

ત્રીજા નંબરમાં અમારી દીક્ષા થઈને એમને મન થયું કે આ દોષિત પાણી ને એ પાણી ના કારણે, કેટલા દોષ લાગે, અમારા માટે ઉકાળે, ઘરોમાં એ પાણી વહોરાવીએ થોડું... થોડું... થોડું... ગોચરી જુદા જુદા AREA માં જઈએ મેળ પડે ના પડે, નવ-દસ વાગે જઈએ, ઉકાળેલા પાણી વાળા ઘરોમાં જઈએ, નિર્દોષ પાણી મળે, અમારા ગુરુદેવનો આદેશ આ માટે પણ કેવળ એ જવું, રોજ ને રોજ એ ઉકાળેલા પાણી વાળા ઘરોમાં જવું, આનો દોષ ગુરુદેવની દ્રષ્ટિ એ વધારે છે, જેમની નિશ્રામાં હોય એમના આદેશ મુજબ વર્તે. કોઈ જવું હોય તો ત્યારે એમ ના વિચારાય કે આ ખોટું કરે છે. જેમની નિશ્રામાં હોઈએ એમની દ્રષ્ટિ, એમની સંયમ પ્રેરણા, એ નિશ્રાવર્તી મહાત્મા એને FOLLOW કરે.

તો ગુરુદેવનો એ આદેશ કે એવા-એવા દોષો ખાતર, જ્યાં મોટો દોષ છે જ્યાં સંઘર્ષો થઈ ગયો, જ્યાં આવું થઈ ગયું, જ્યાં કંઈક એવું કારણ બન્યું, ગોચરી દોષિત નથી અમારા માટે બનાવી, અમારા માટે ઘણો બધો આરંભ સમારંભ કરી દીધો, એવી વસ્તુ નથી. આવા દોષો ખાતર, એ છોડી દઈએ, અને દસ ની બદલે વીસ ઘર મહાત્મા ફરે, ગુરુદેવનો આશય વર્તમાન સમયમાં, ઘરોની પરિસ્થિતિ સંયમ અનુકૂળ નહિ, પરિવેશ સંયમ અનુકૂળ નહિ, મહાત્મા એક સંઘર્ષ ખાતર એ ઘર છોડે, જે ઘર છોડ્યા પછી બીજા ત્રણ ઘર વધારે ફરે, અને ત્રણ ગણું મહેનત વધારે થાય, એના કરતા, જ્યાં ગોચરી દોષિત નથી, ગોચરી-નિર્દોષ જ વહોરવાની છે, પણ આવા અશુદ્ધ દોષો, એને ગૌણ કરીને વ્રત, મહાવ્રત, સંયમ શુદ્ધિ, બ્રહ્મચર્ય, આને PRIORITY [મહત્તા] આપી ને એ રીતે ઓપરેશન કરવું. એ રીતે ગોચરી ચર્યા કરવી, એવી પાણી ની ગવેષણા માટે, એવી આયંબિલની

દાળની ગવેષણા માટે, ઢોળા એ ફરવું, Fix ઘરોમાં ફરવું, એ સંયમ માટે હાનિકારક બની શકે. આ ગુરુદેવની દ્રષ્ટિ અને એ દ્રષ્ટિ એ, એમના નિશ્રા-વર્તી મહાત્માઓ જે રીતે વર્તે એ એમના માટે નિર્દોષ ગોચરી !

તમારી ઘણી વાર છે ને આવી રીત હોય છે, સાહેબજી આ તમને નહીં ખપે, આપણે પાછું મળીએ છીએ ! ને ત્યાર પણ આપણે આપી શકીએ, આપણે કહી દઈએ, આપણે નિર્ણય લઈ લઈએ, કોઈ જગ્યા બાકી ના રાખીએ, ત્યાંપણ આપણી ભૂલ થતી હોય, આપણી ફરજ, આપણને જે આછો-પાતળો ખ્યાલ છે, એવી વસ્તુઓની વિનંતી કરવી, આપણને પાકો ખ્યાલ છે કે આવી કોઈ સચિત વસ્તુને અલગ કશુ ખપે નહિ, વસ્તુ જુદી છે, એની વિનંતી પણ ના હોય, સામાન્યથી જે વસ્તુ છે, બસ સાહેબ હું લાઈટ ને અડી ગયો હતો ને માટે તમને નહીં ખપે ! એટલે આમાં શું થાય છે કે અણસમજ કરતા થોડી સમજ હાનિકારક થઈ ગઈ છે, ખપશે, નહિ ખપે એ મહાત્મા નક્કી કરશે, એ ગ્લાન છે વૃદ્ધ છે, કેટલો સમય થઈ ગયો છે ગોચરી ચર્યા કરવામાં, ત્યારની પરિસ્થિતિ શું છે ! ગચ્છની સંખ્યા કેટલી છે, કેટલા મહાત્મા છે, ૨૦-૨૫-30 મહાત્મા હોય, એમાં કઈ રીતે ગોચરી કરવાની હોય, બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી હોય, એમાં કઈ રીતે ગોચરી કરવાની હોય, અને જ્યાં એટલી સંખ્યા નથી બધા સશક્ત મહાત્મા છે, સમય એવો છે, એ સમયે કઈ રીતે ગોચરી-કરવાની, આ બધાના કાયદા બદલાય. આ બધા માટે શાસ્ત્રની આજ્ઞા પણ બદલાય ! એને જોઈને મહાત્મા ની ફરજ, શાસ્ત્ર સાપેક્ષ,

ગુરૂ આજ્ઞા આપીએ, જે જે રીતે ખપે, એ રીતે વહોરવું,
આ બધામાંથી આપણને જે પૈસા જેટલી પણ ખબર હોતી
નથી. આપણી ફરજ સાહેબ આ રીતનું છે, સાહેબ લાભ
આપો. મહાત્માને વહોરવું હોય તો વોહરે, એમને ખપ
ના હોય, એમને ઉચિત ન લાગે, એમને અમુક દોષ
લગાડવાની જરૂર પણ ન લાગે, તો મહાત્મા ના પાડશે.

૫૦ વર્ષ પહેલાની ઘટના, રાજસ્થાન માં
અમારા વિહારો હતા, એક ગામમાં અમે પહોંચ્યા,
ભોજનશાળા જેવું હોય, ઘરો હોય ના હોય, આવા બધા
સ્થાનોમાં ઈતરો ની અંદર વહોરવા જવાનું થાય, અને
ગોચરી હું નીકળ્યો હતો, એક ઘરે મેં ધર્મલાભ કહ્યું
એક ભાઈ જરા દરવાજા પાસે આવ્યા, ત્રીસ આસપાસની
એમની ઉંમર હશે, મને એવો આવ્યા, જિંદગીમાં
પહેલો આવો અનુભવ હતો ને, મેં એમને કહ્યું કે અમે
આ રીતે સાધુ છીએ, અમારી ત્યાં તો બધી વ્યવસ્થા
હોય પણ અમે સંયમ માટે, સંયમ ધર્મ માટે, આ રીતે
માધુકરી ભિક્ષા, જે ઘરે - ઘરે થી રસોઈ તૈયાર હોય એ
થોડી થોડી લઈએ, અમારા માટે બનાવવાનું નહીં, એવી
કશી જરૂર નથી, તૈયાર હોય ને તમારે આપવું હોય તો
અમે લઈ શકીએ. એ ભાઈ એ કીધું કે ઘરમાં તો કાંઈ
છે નહિ રસોઈ, પણ હું અહીંયા બાજુમાંથી COLD -
DRINK લઈ આવું.

અમારા એક મહાત્મા વિહાર કરતા હતા ને
વચ્ચે ચા વાળો આવ્યો ને, ચા વાળાને રસ્તો પુછ્યો,
એ કહે કે રસ્તો તો આ છે પણ ચા પીને જાવ !
મહાત્મા એ કીધું કે ના અમારે આનો ખપ નથી,
અને તપસ્યા છે એટલે કાંઈ લેવાનું નથી, નથી
જોઈતું, એણે સીધી જીસ્સા માંથી દસની નોટ કાઢી,

એ આ લઈ જાવ, મહાત્માએ કીધું કે પૈસાને તો અમે ના અડીએ, એટલે પૈસાનો ખપ નથી, એટલે ભાઈએ કીધું કે આ બીડી છે, થોડી ફૂંકો એટલે ઠંડી ઉડી જાય !

વિનિતા નગરી ના નગરજનો, એ યુગલિકો, ભગવાન પોતાના દ્વારે આવ્યા હોય ને આ લો.. આ લો.. આ લો.. ધન લો.. પેલું લો, આવી વિનંતી થી એમને પાપ લાગ્યું એવું ના કહેવાય. આગ્રહ કરીએ કોઈ વસ્તુનો, સાહેબ લાભ આપો એને પાપ લાગ્યું એમ ના કહેવાય ! એ બહેન કહે સાહેબ ચશ્માની દુકાનમાંથી ચશ્મા લો ને લો, આપના ગમતા ચશ્મા લો, લો ને લો, એમને પાપ લાગ્યું એવું ના કહેવાય. જે કહે કે આપની ઠંડી ઉડી જશે, આ બીડી ફૂંકો, એને આવી વિનંતી કરતા પાપ લાગ્યું એમ ના કહેવાય.

કોઈને ખબર નથી પડતી, ને કોઈએ દહેરાસરમાં આવી ને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી દીધા, આખા દહેરાસર ની અંદર સુઈ ગયા, તમે કહો તમને પાપ લાગ્યું, અહીંયા પંચાંગ-પ્રણિપાત છે, અહીં અષ્ટાંગ દંડવત્ નથી, આ જૈન દહેરાસર છે, આવી રીતે ના કરાય, તમને પાપ લાગ્યું છે, ત્યારે સમજુ લેવાનું કે આવું બોલવાનું તમને પાપ લાગ્યું છે.

ગાંડાથી એટલો ભય નથી, ડાહ્યાથી કોઈ જ ભય નથી, બહુ જ ભય દોઢ ડાહ્યાઓથી છે. અને જ્યાં સુધી આ દ્રષ્ટિ આપણી પાસે આવી નથી, શાસ્ત્રકાર ભગવંતો કહે છે ભગવાન

પ્રવ્યોની પૂજ્ય બુદ્ધિથી જે કરવામાં આવે. એમાં પુણ્યનો બંધ છે.

ભગવતી સૂત્રની અંદર એક ઘટનાનું વર્ણન છે. શિયાળાની SEASON છે, સવારનો સમય છે, કડકડતી ઠંડી છે, સુસવાટા વાળો પવન છે. ઝાડ નીચે મહાત્મા સાધના કરી રહ્યા છે. ઠંડીથી શરીર એમનું ધ્રુજી રહ્યું છે. એ સમયે કોઈ ગૃહસ્થ એમની પાસે આવે છે ને, કહે છે કે આપ આ રીતે કાંપો છો કેમ, શું આપને વિષયો ઉદય પામ્યા છે ? શું આપને એવો કોઈ અનુરાગ જાગ્યો છે ? જેના લીધે તમે કાંપી રહ્યા છો. અને ત્યાં મહાત્મા જવાબ આપે છે,

णो खलु मं गामधम्मा बाहंति

મને કોઈ ઈન્દ્રિયોની બાધા છે એટલા માટે હું કાંપું છું એવું નથી, પણ આ શીત પરીસહ છે, એના કારણે મારુ શરીર કંપી રહ્યું છે. ગૃહસ્થ છે, આ સાંભળે છે, ત્યાંથી જાય છે, ઘરેથી, આગમના શબ્દો છે,

अंगारसगडी...

સગડી લઈને ત્યાં આવે છે, અંદર તાપણું છે, મહાત્મા પાસે મુકે છે, મહાત્માજી તાપો, આવું મહાત્માને કહે છે, અને મહાત્મા કહે છે, - णो खलु मां कप्पइ....

भवता पुनः पुण्यबन्धः कृतः (वृत्ति)

મને આવી ચેષ્ટા કરવી કલ્પે નહિ, હું સાધુ છું. આ તેઉકાય છે, અગ્નિકાય છે, એની વિરાધના પોતાના નિમિત્તે જે મને કલ્પે નહિ, માટે હું તાપણું નહિ કરું. પણ તમે આવું કરીને પુણ્યનો બંધ કર્યો છે. ભગવતી સૂત્રના આ શબ્દો છે.

નાનો છોકરો હતો ને, દેરાસરમાં આવ્યો ને, પ્રાર્થના કરતો હતો, ને પાછળથી કોઈ ભાઈ સાંભળતા હતા ને, છોકરો હતો, ABCDEFGHIJKLMNOPQRST

આજે ABCD બોલી ગયો, ઓલા ભાઈ પાછળથી
હસી રહ્યા છે, છોકરો આગળથી બોલી રહ્યો છે
સાંભળો છે, ભગવાન આપાંથી આપને ગમે તે જેવી
સ્તુતિ બનાવી દઈએ, બહુ સરસ મઝાની વાત,
શાસ્ત્રકાર ભગવંતો એ કહી,

असर्वभावेन यदृच्छया वा, परानुवृत्त्या विचिकित्सया वा।

ભગવાન તારા દ્વારે કોઈ મોક્ષ માટે આવે, કોઈ
દુન્યવી આશંસા માટે આવે, કોઈ શંકાથી આવે કે
કોઈ મળશે કે નહિ મળે, કોઈ કહે ચાલો
ભાઈ બધા ભય છે આપણે ATLEAST દર્શનતો
કરી આવીએ, બીજા બીજા કારણો માટે આવે,
કોઈને વિધિ આખી ખબર, કોઈને પા ખબર,
કોઈને ૧૦ ટકા ખબર, કોઈને પાંચ ટકા ખબર,
કોઈને બિલકુલ વિધિ ખબર નથી, એ ય વ્યક્તિ
આવી, અને એ વ્યક્તિ જે રીતે પણ ભગવાનની
ઉપાસના કરે છે, જે પણ ભાવથી કરે છે,

ये त्वां नमस्यन्ति मुनीन्द्रचन्द्र!, तेऽप्यामरां सम्पदमाप्नुवन्ति।

ભગવાન આ રીતે પણ જે આપને પૂજે તો, એ પણ એ
ભક્તિના પ્રભાવે દેવલોક પામે છે, દિવ્ય સંપત્તિ
પામે છે, અને સુખો પામે છે. ભગવાનની -
ભક્તિ કોઈપણ પ્રકારે થતી હોય, ત્યાં તોડી પાડવું,
ત્યાં સલાહો આપવી, ત્યાં પાપ કર્યું છે કહેવું,
આશાતના કરી કહેવી, આ પણ ભગવાનની એક
આશાતના છે. આ પણ એક બાળ જીવને પાછો
પાડવાની, ધક્કો મારીને, મોક્ષ માર્ગથી પતિત
કરીને, સંસારના કુવામાં, ધક્કા મારવાની ચેષ્ટા છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ પેલી જે બહેનની
ઘટના છે, એ બહેને આપની
એવું નિમિત્ત આપ્યું કે, ચશ્મા લઈ લો, તો

કદાચ આપણને ભાવ થાય કે સરસ ચશ્મા લઈ લઈએ ! તો નિમિત્ત-અનિમિત્ત થી જે દોષ લાગે, એ કેવી રીતે સમજવાનું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- જ્યાં જેમને ખબર છે, કે ભાઈ, ~~~~ ~~~~ ~~~~ મહાત્મા છે, પૂજનીય છે, એમને કંઈક સારું મળે, એ ખુશ થાય, ને એમને આનંદ થાય એટલી મારી ઈચ્છા છે. અને એનો પોતાની આવી સમજણ થી વિનંતી કરે, એ પણ એક મહાત્માની ભક્તિ છે. જ્યાં ખબર છે કે આવું બિલકુલ ના કરાય ને ચાલો, મશ્કરી કરીએ, ટિખળ કરીએ, ને પછી ગામમાં જઈને બધાને કહીએ કે આવા મહાત્મા હોય છે, ત્યાં પાપ છે. મારે શું કરવું એ મારો વિષય છે. મને શાસ્ત્રો એ સમજણ આપી કે ભાઈ એ રાગનો માર્ગ છે, કર્મ બંધનો માર્ગ છે, ભવભ્રમણનો માર્ગ છે. એ રસ્તે મારે ન જ જવાય. મારે એ રસ્તે ન જવું જોઈએ, હું ના ગયો ! એમને એમની સમજણ થી આ હોય કે આ રાગનો માર્ગ, કર્મ બંધનો માર્ગ, ભવભ્રમણનો માર્ગ, ને એમાં ભટકાવું સંસારમાં મહાત્માને, આવા ભાવથી કરે ત્યાં એમને પણ ઘોર પાપનો બંધ છે.

સામાન્ય થી આપણે જ્યાં દોઢ ડાહ્યા થતા હોઈએ છીએ, ત્યાં આવી ઘટના નથી હોતી. ત્યાં એ મુગ્ધ જીવ હોય છે, બાળ જીવ હોય છે, અબુઝ જીવ હોય છે, જે પોતાની સમજણ ને અનુસારે કરતા હોય. હવે આપણને એમ લાગે કે આવી બધી બાબ કંઈ ના ચાલે, તો એની એકદમ અનુમોદના કરીએ, એ વ્યક્તિ સાથે મૈત્રી કરીએ, પછી એ વ્યક્તિ ને કહીએ કે ભાઈ આ આચારાંગ દેડવત છે ને, આ પણ તમારી ભક્તિ-ભાવ છે. પુણ્યબંધનું કારણ છે, પણ આ ભગવાન છે,

એમની ઉપાસનાની જે વિધિ બતાડી, એમાં આ રીતે છે, ને આ રીતે તમે કરશોને, હજુ ઘણું પુણ્ય તમને મળશે, પાપ મળ્યું એમ કહેવાય નહિ, પાપ મળ્યું એ સત્ય પણ નથી, અને પાપ મળ્યું - એમ કહીએ એ આપણી અણસમજ હોય છે. શાસ્ત્રો ઘણા ગંભીર છે, શાસ્ત્રોના રહસ્યો કળવા, ઘણા અઘરા છે, બહુ સરસ મજાની વાત - યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં કરી,

નાસ્માકં મહતી પ્રજ્ઞા સુમહાન્ શાસ્ત્રવિસ્તરઃ

અમારી બહુ કોઈ પ્રજ્ઞા નથી, અને શાસ્ત્રોનો વિસ્તાર તો ઘણો મોટો છે

શિષ્ટાઃ પ્રમાણમિત્યેવં

જે શિષ્ટ પુરુષો છે, એ પ્રમાણ છે, ગોચરી નીકળ્યા છે, આર્ય સુહસ્તિગીરી ના સાધુઓ, દુકાળ છે, ભિખારી ઓને ભીખ સુધ્ધા નથી મળતી, પેલા શેઠ ઉછળતા ભાવથી સાધુને વહોરાવે છે, ભીખારી બહાર થી જુએ છે, મહાત્મા પાછળ જાય છે, રસ્તામાં કહે છે, મને આમાંથી આપો, હું બહુ ભુખ્યો છું, મહાત્માને ના પાડવાનો પણ અધિકાર નથી, હું તમને પુછુ, ભિખારી ને અપાય કે ન અપાય મહાત્મા ને ખબર નથી !! મહાત્મા ને આપવાનો અધિકાર નથી, મહાત્મા ના પાડી દે અમો એમ નહિ થાય, ઘણી વાર છે ને આ રીતે લોક ડાહ્યા બનતા હોય છે ! કોઈ ઘર બતાડવા આવે ને ઘરે ઘરે રસોડા સુધી આવે, ને પછી એવા વિધિકાર બને એવા માર્ગદર્શક બને, એવા ન્યાયાધીશ બને, કે મહાત્માએ કહેવું પડે કે ભાઈ તમે જરા બહાર ઊભા રહોને ! બે-ત્રણ વરસ પહેલાની ઘટના માલવીમાં એક જગ્યાએ કોઈ ભાવ યાત્રા જેવું અનુષ્ઠાન હતું, નવકાર કરીને ભાઈ

આવ્યા હતા, લાભાર્થી ને ભાવ થયા, મહાત્માને બોલાવીએ, મને લઈ ગયા, નાનું ત્યાં વ્યાખ્યાન થયું, ત્યાંથી હું વિહાર થયો, લાભાર્થી ની બહુ ભાવના, નજીકમાં જ ઘર અને ઘરે પગલા થઈ જાય, આગ્રહ કરીને મને ત્યાં લઈ ગયા ને, પેલા લાભાર્થી ના ઘરે જે વ્યક્તિ હતા, લાભાર્થી હતા, આજુબાજુ ના કોઈ ભાઈ આવી ગયા ORDER પર ORDER, આમ કરો, આમ કરો, આરીતે પાટલા પર થાળી ગોઠવો, આ પૈસા વજરીયા મુકો, આ પૈસાનું આમ કરજો, સામી વ્યક્તિની ડગલે ને પગલે EGO HURT થાય, દુઃખ થાય, વેદના થાય. આપણી એક ઇલમ આપણી પોઝિશન હોય છે. આપણે બહુ ભણકાર છીએ, જ્ઞાની છીએ, બહુ સમજુ છીએ, આનું પ્રદર્શન કરવાની આપણને તક મળી હોય ને, આવી ઘટના બને ને ત્યારે જયે ન કહી શકીએ, ન સહી શકીએ, ન જોઈ શકીએ, એમને સો ટકા ખબર પડે છે બહુ જ અજુગતુ થઈ રહ્યું છે, આવી રીતે વ્યવહાર કરતો હશે!

દીર્ઘ આત્મા, જ્ઞાની આત્મા, સમજુ આત્મા, એને કહેવાય કે જેનું અંતર વધુ ને વધુ કુણું થઈ જાય, ભાષા મીઠી થઈ જાય, પ્રેમ અને વાત્સલ્ય નો વરસાદ એ વરસાવ્યા જ કરે, અને એ માને કે ભાઈ હું તો ઘણો અણસમજુ છું, આ તો બધું જ્ઞાની ભગવંતો જાણે. એક અબુજ જીવ પોતાની સમજ થી જે પણ રીતે ભક્તિ કરતા હોય, એ રીત એમની અપેક્ષાએ તો સાચી જ હોય છે, એ રીત એ સમય ની અપેક્ષાએ તો સાચી જ હોય છે, તમે એને તોડી ને એને સાચું કહેશો ને તો સાચું અળખામણું બનશે, એનો ભાવ તૂટી જશે. કોણ આ બધુ સમજે, કોઈ આ બધું જોવે, કોણ અવસર જુએ, કોણ વ્યક્તિ ને જુએ, કોણ પ્રકૃતિ જુએ, કોણ લાભાલાભ જુએ, કોણ જિનશાસન ની મર્યાદા જુએ, કોણ શાસ્ત્રોના તાત્પર્યો ને જુએ, સીધું તડફડ કરી દઈએ, આમ ધર્મ

રવિવાર

DATE 27 12 2020

થઈ જશે. ઉપનિશદોની અંદર પણ કહ્યું.

न बुद्धिभेदं जनयेदज्ञानाम्...

જે અજ્ઞ છે, એનો બુધ્ધિ ભેદ એ કહી પણ કરવો નહિ. ભુમિકા ભેદે ધર્મ બદલાતો હોય છે. ભુમિકા ભેદે, ઔચિત્ય બદલાતું હોય છે. ભુમિકા ભેદે પુણ્ય અને પાપ ની વ્યાખ્યા બદલાતી હોય છે. આ સ્યાદવાદ-મય જિનશાસન છે. એની અંદર એક તરફી, એક પક્ષીય, આપણી દ્રષ્ટિએ, આપણને જે સુઝ્યું, એ રીતે આપણે કરવા જઈએ, તો કેટલી બધી અનવસ્થા નું સર્જન થઈ જાય! સિધ્ધર્ષિ ગણિ-મહારાજ કહે છે.

अज्ञानं मरणं मतं।

અજ્ઞાન એ જ મૃત્યુ છે. આનંદ ઘનજી મહારાજ કહે છે.

## "ગહી સમકેતનો વા મરેગો."

આર્ય સુહસ્તિસૂરી મહારાજના, સાધુ ભગવંતો પાસે એ ભિખારી ભોજન માંગે છે, તમને એ આપે છે. અમને તો કાંઈ આપતા નથી, તમે જે વહોર્યું એમાંથી અમને કાંઈ આપો. અને સાધુ ભગવંતો આટલું જ કહે છે.

गुरवो जानंति।

એનો અમારા ગુરુભગવંત જાણે. શાસ્ત્રો ભણેલા, આગમો ભણેલા, કદાચ ગીતાર્થ સુધ્ધા થઈ ગયેલા મહાત્માઓ, કહી દે તમને કંઈ નહી મળે. જિન-શાસન સંપ્રતિ મહારાજથી વંચિત થઈ જાય, જિન શાસનને સંપ્રતિ મહારાજ મળ્યા, એના મુળમાં આર્ય સુહસ્તિસૂરી મહારાજ, એના મુળમાં હજુ-ઊંડાણ માં જઈએ, એમના શિષ્ય સાધુઓ એના મુળમાં હજુ ઊંડાણમાં જઈએ, એમના સાધુઓનું

રવિવાર

DATE 27 12 2020

ગુરૂ પ્રત્યેનું જે આંધળું સમર્પણ, જેના કારણે જિનશાસનને સંપ્રતિ મહારાજા મળ્યા !

સભાનો પ્રશ્ન :- સાહેબજી, આપ કેમ કહો છો કે અજ્ઞાન એ મૃત્યુનું કારણ છે, હમણાં વાત કરી એ મુજબ એવું લાગે છે કે જ્ઞાની હોય એ વધારે કર્મ બંધ કરે, અજ્ઞાનપૂર્વક કાંઈ કરી લે તો એને ઓછો બંધ થાય ! અથવા ન થાય !

પૂજ્યશ્રી નો ઉત્તર :- પ્રશ્નના જવાબ, સવાસો ગાથા ના સ્તવનની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ એ આપ્યો છે. પ્રશ્ન એ છે કે જ્ઞાની વધારે કર્મબંધ કરશે, અજ્ઞાની તો પોતે બિચારો એની જ રીતે કરે એટલે પુણ્યનો જ બંધ થશે. એક જવાબ વ્યવહાર દ્રષ્ટિએ આપી દઉં કે, જ્ઞાની કે અજ્ઞાની જ્યારે ધર્મની અવજ્ઞા રૂપે, અસદ્ભાવ રૂપે, આશાતના રૂપે પોતે એવી બુદ્ધિથી કરી રહ્યા છે, ત્યાં બંનેને કર્મનો બંધ છે. નિશ્ચય દ્રષ્ટિ એ આ સવાલનો જવાબ સવાસો ગાથાના - સ્તવનની અંદર, આપ્યો,

"હું કર્તા પરભાવનો એમ જિમ જિમ જાણે
તિમ તિમ અજ્ઞાની પડે નીજ કર્મને ઘાણે" !

જ્યાં પરભાવનું કર્તૃત્વ પોતે સમજી લીધું, હું કરું છું એમ સમજી લીધું, કર્તૃત્વ ભાવ આવ્યો, વિનય ગયો, ઉપાસના ભાવ ગયો, અહંકાર ભાવ આવ્યો, કર્તૃત્વ ભાવ આવ્યો, ત્યાં કર્મનો બંધ છે ને ત્યાં સવાલ પુછ્યો કે, આ ભાવ કોને આવે છે, તો કહ્યું અજ્ઞાની ને જ આવે, જ્ઞાનીને આ ભાવ આવે જ નહિ. સવાસો ગાથાના સ્તવનની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે, કર્મ બંધથી જ જો બધું હોત તો, જ્ઞાન થી કર્મ બંધ થાય એવું નથી, જ્ઞાનથી કર્મનો રોધ જ

થાય, જ્ઞાનથી ભવ સ્થિતિનો અંત જ થાય, જ્ઞાનથી - મોક્ષ જ મળે.

"કષ્ટ કરો, સંયમ ધરો, ગાળો નિજ દેહ,
જ્ઞાન દશા વીણ જીવની, નહીં દુઃખ નો છેહ"

જ્ઞાન તમારે પામવું નથી, મેળવું તમારે છે નહિ, પુસ્તક સાથે તમને લેવા-દેવા નથી, પ્રવચન સભા સાથે તમને બહુ સ્નાન સુતક નથી, સ્વાધ્યાય આપણને ફાવતો નથી, બીજું બધુ આપણને ફાવે છે ત્યાં સુધી આપણી આવી દ્રષ્ટિ છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે તમે તેટલી તપસ્યા કરો, તમે - તેટલી દીક્ષા સુધ્ધા પાળો, તમે તેટલું શરીર સાધનાના નામે ગાળી નાખો, ~~પરીસહ~~ પરીસહ અને ઉપસર્ગો સહન કરો, જ્યાં સુધી જ્ઞાન દશા નથી આવી, ત્યાં સુધી દુઃખોનો છેદ થવાનો નથી.

અષ્ટાંગ દંડવત પ્રણામ ની એટલ પણ પુણ્ય છે, પણ વિધિ શુદ્ધિ નથી, એ અપેક્ષાએ ઓછું પુણ્ય છે. જ્ઞાન મળ્યું, પંચાંગ પ્રણિપાત - કરવા શીખ્યાં, વિધિ શુદ્ધિ મળી, એ અપેક્ષા એ ઉંચુ પુણ્ય મળ્યું, જ્ઞાન મળી ગયું, પંચાંગ પ્રણિપાત કરવા શીખ્યાં, અને મજાક માં મશ્કરીમાં, અષ્ટાંગ - દંડવત કરવા છે, ત્યાં કર્મનો બંધ છે. નિશ્ચય નય કહે છે જે સમજુ ને પણ અષ્ટાંગ દંડવત કરે છે, એ જ્ઞાની જ નથી. તો આપણે ત્યાં જ આવીને ઉભા રહ્યા કે, જ્ઞાનીને કર્મબંધ થાય જ નહિ. જ્યાં જ્ઞાન સાથેનું આચરણ છે, સમજણ મુજબ નું આચરણ છે, જેવું સમજ્યા એવું વર્તવાનું છે, ત્યાં ખરા અર્થમાં જ્ઞાન છે એ સિવાય જ્ઞાન જ નથી! આનંદઘનજી મહારાજ કહે છે.

રવિવાર

DATE 27 12 2020

"મર્યો અનંતવાર વીણ સમજ્યાં."

ના સમજ્યા માટે અનંતવાર મર્યા.

"નહિ સમજે વો મરેંગે"

જે નથી સમજ્યા એજ મરવાના છે. આપણે કેટલું સમજવુંએ કેટલા શાસ્ત્રો, કેટલા આગમો, ક્યારે ભણશું, કઈ રીતે સમજશું, જ્ઞાની ભગવંતો ને આપણે આપણી મુંઝવણ કહીએ, જ્ઞાની ભગવંત કહે કે તમારી પાસે ઘર/ધંધાની- જવાબદારી છે, કદાચ તમારી પાસે એટલો ક્ષયોપશમ નથી. કદાચ એટલી બુદ્ધિ નથી કે શાસ્ત્રો તમે સમજી શકો, કદાચ એવો સમય તમારી પાસે નથી, તમે વધુ કશું ના સમજી શકો, તમે જો ~~[illegible]~~ એકવાર સમજી લો, ગુરૂ તમારો મોક્ષ થઈ જશે.

ગુરૂને સમજ્યા વગર પૂર્વધરો પણ પાછા વળતા હોય છે, ગુરૂને સમજ્યા વિના પૂર્વધરો પણ પાછા પડતા હોય છે, જે અપેક્ષા એ ભણીએ તો ચૌદ પૂર્વોના અભ્યાસ કરતા પણ, ગુરૂનો અભ્યાસ એ વધારે ઊંચો ને વધારે મહત્વપૂર્ણ છે. અભવ્ય પણ- સાડા નવ પૂર્વ સુધી ભણતા હોય છે, પણ ગુરૂના- અભ્યાસના નામે એમની પાસે મીંડું હોય છે, અને માટે એમનો મોક્ષ થતો નથી!

"મર્યો અનંતવાર વીણ સમજ્યાં!"

માષતુષ મુનિ પાસે ચાર શબ્દનું જ જ્ઞાન હતું, એ ચાર શબ્દો ખોટા હતા, મારુષ, માતુષ, એની બદલે ખોટું માષતુષ ગોખવા મંડતા હતા, છતાંયે એમને કેવળજ્ઞાન મળી ગયું, કારણકે એમની પાસે ગુરૂ વિષેનું

રવિવાર

DATE 27 12 2020

જ્ઞાન, ગુરૂ માટેની સમજણ, વિશુદ્ધ હતી. બીજા શબ્દોમાં કહીએ, ગુરૂની બાબતમાં એમના ચૌદપૂર્વ ભણાઈ ગયા હતા, ત્રીજા શબ્દોમાં કહીએ, ગુરૂની બાબતમાં એમની PHD થઈ ગઈ હતી, એ ગુરૂ-પ્રત્યેની સમજણ ના શિખરે પહોંચી ગયા હતા, અને માટે જ એ તરી ગયા !

અજ્ઞાન એ જ મૃત્યુ છે, એક પ્રયાસ કરવો છે, ગુરૂ તત્વને સમજવાનો જરા ઊંડાણમાં ઉતરવાનો, અંદરથી ગુરૂ તત્વને સ્પર્શવાનો. લગભગ ઓગણીસ-વીસ વર્ષ પૂર્વેની ઘટના, દીક્ષા પછીનું મારું બીજું ચોમાસુ હતું ને અમે મુંબઈ ની અંદર ગોવાલીયા ટેંક ની અંદર હતા ને, એક દિવસ સમાચાર આવ્યા. મલાડમાં પૂજ્ય આચાર્ય જયશેખરસૂરી મહારાજ સાહેબ, એ કાળધર્મ પામ્યા છે. ગુરૂ મહારાજ ને સાથે અમે બીજા બે સાધુ, ગોવાલિયા ટેંકથી મલાડ જવા નીકળ્યા, ત્યાં પૂજ્ય શ્રીની પાલખી હતી. ગુણાનુવાદ હતા સાંજે નીકળ્યા, વચ્ચે ગયા, સવારે ત્યાં પહોંચ્યા સાંજે પાછા આવ્યા, અંધેરીમાં એક ઘરે ગુરૂદેવે ગોચરી વાપરવાની હતી. હું ગોચરી ની તૈયારી-કરતો હતો, સંસારી નાના ભાઈ ત્યારે મુમુક્ષુપણામાં એ પણ વિહારમાં ને બધે સાથે હતા. સવારે-પાલખી હતી ને પૂજા ભણાવી હતી ને ત્યાં ઘર દહેરાસર હતું ને પૂજા ની તૈયારી કરતા હતા, એ ઘરમાં જે રહેતા હતા એનો કપડાનો ધંધો હશે, READY MADE DRESS ઘરમાં પડ્યા હશે, એણે સંસારી ભાઈ ને કહ્યું તમે એક DRESS લો ને લો, મુમુક્ષુ ની ભક્તિ કરવાના એમને ભાવ થયા ને ભાઈ એ ના પાડી, એમણે બહુ આગ્રહ કર્યો, એમણે પુછ્યું તમે ક્યાં ટેલર ગામે ? સંસારી

classmate

કોઈ કાંઈ બોલ્યા નહિ. ગુરૂ મહારાજે જવાબ આપ્યો કે એ તો વૈરાગી છે. એમને ભાવ ઘણો હતો આપવાનો એટલે જે સુજ પડે એ આપી દેવા માંગતા હતા. આ DRESS ને તમે રાખો ને રાખો. એટલે એમણે જવાબ આપ્યો કે મારે વિહારમાં ઉપાડવો પડે.

શ્રીપાલ રાસ ની અંદર એક ઘટના છે જ્યારે શ્રીપાલ પોતે રાજા ન હતા ને જંગલની અંદર ભટકતા હતા એ સમયે, કોઈ વિદ્યાસાધક કોઈ સુવર્ણસિધ્ધિના સાધક, એ ત્યાં મળી જાય છે. ખાસ મહેનત કરવા છતાં, એ યોગી હોય છે ને સુવર્ણસિધ્ધિ થતી નથી ને, શ્રીપાલ રાજા નજીક આવ્યા ને એમના સાનિધ્ય થી, સુવર્ણ સિધ્ધિ થઈ ગઈ, સોનું.. સોનું.. સોનું.. સોનું થઈ ગયું, તમારા હિસાબે સુવર્ણ સિધ્ધિ થઈ, આડધુ સોનું તમે રાખો, જ્યારે યોગી શ્રીપાલ રાજા ને આ વાત કરે છે, ત્યાં શ્રીપાલ કુમાર ત્યાં જવાબ આપે છે.

" કુણ ઉંચકે એ ભાર "

આવો આકાશ ને નીચે ધરતી છે, શ્રીપાલ રાજાને આટલું સોનું મળી ગયું છે. અને એ કહે કે આ ભાર કોણ ઉંચકે, આ પંક્તિ યાદ આવી જાય આ ઘટના સાંભળી. ગુરૂ મહારાજ ના જે શબ્દો હતા, એ તો વૈરાગી છે. એ જ શબ્દો મરૂદેવા માતા એ, પોતાની મન ને કહ્યા હતા કે, એ તો વૈરાગી છે, એ જ શબ્દો ગૌતમ સ્વામી એ સ્વતઃ કહ્યા હતા, એ તો વૈરાગી છે. એ જ શબ્દો કોશા એ સ્થુલભદ્ર સ્વામી ની પરીક્ષા કરીને રાજાને કહ્યા હતા, એ તો વૈરાગી છે, એ જ શબ્દો, સાધ્વીજી ભગવંતે શ્રેષ્ઠી કન્યા રૂકમીણી ને વજ્રસ્વામી માટે કહ્યા હતા, એ તો વૈરાગી છે. એ જ શબ્દો, ઈલાચી પુત્રએ દોરડા ઉપર નાચતા નાચતા, કેવી મહાત્મા ને વહોરતા જોઈને, નવયૌવના શણગાર સજ્યુ ને,

મોદક નો આગ્રહ કરી રહી છે, નીચી દ્રષ્ટિએ મહાત્મા ના પાડી રહ્યા છે, અને ઈલાચીપુત્રના મનમાં આજ વાક્ય આવે છે, એ તો વૈરાગી છે.

જેને ઉત્તર ગમે છે ને એને દીક્ષા ગમતી ન હોય શકે! કેટલાક સ્નેહીઓ, કહેવાતા સ્નેહીઓ, એવા હોય છે, જેને દીક્ષાર્થી ને દુબઈ દર્શન કરાવવું હોય છે, SINGAPORE દર્શન કરાવવું હોય છે.

દીક્ષાર્થી કદિ પણ સિંગાપોરની યાત્રા ન કરી શકે!

★ દીક્ષાર્થી ની સ્મશાનયાત્રા જ સિંગાપોરની યાત્રા કરી શકે.
★ દીક્ષાર્થી કદિ ICE-CREME ના ખાઈ શકે
★ દીક્ષાર્થી નું મડદું જ ICE-CREME ખાઈ શકે
★ દીક્ષાર્થી જ્યાં સુધી દીક્ષાર્થી તરીકે જીવતો હોય, ત્યાં સુધી એના માટે HOTEL માં પગ મુકવો શક્ય નથી.

બહુ મઝાની વાત શીલાંકાચાર્ય, આચારવૃત્તિ માં કરી છે.

शमसुखशीलितमनसामशनमपि द्वेषमेति किमु कामः।

જેને પ્રશમ નું સુખ મળ્યું, જેને વૈરાગ્ય મળ્યો, જે જિનશાસન ના રંગે, જેમનું હૈયું રંગાયું ને જેમણે સાધના નો માર્ગ અપનાવ્યો, એમને તો ભોજન પણ દ્વેષ પાત્ર થાય. ભોજન માટે પણ નફરત થઈ જાય, આ શું થયું, ગોચરી નો સમય થઈ ગયો! આ મારે ખાવા બેસવાનું. અરે વરસીતપ છે તો શું થઈ ગયું, બેસણું આવી ગયું, એમાં મારે વાપરવાનું,

अशनमपि द्वेषमेति।

ખાવા પ્રત્યે પણ નફરત છુટી જાય એ આત્મા ને,

તો પછી કામભોગોની, ઈષ્ટ વિષયોની, પાંચે ઈન્દ્રિયોના વિષયો-નો, જેને ગમતું કહેવાય એની તો શું વાત કરવી !

स्थलमपि दहति झषाणां

પાણી માંથી માછલી ને ફક્ત બહાર કાઢો ને એ તડફડે બળતી હોય, એને જમીન ઉપર મુકી દીધી, જમીન ઠંડી છે, જમીનમાં કશું જ એવું નથી, તાપ સુદ્ધા નથી, તોએ એ ધુપતી સળગવા લાગે.

किमङ्ग पुनरज्ज्वलो वह्नि ।

એ માછલી ને કોઈ આગમાં નાખી દેવામાં આવે, તો તો એને કેવું લાગે ? સાધક આત્મા એ છે જેના માટે ભોજન પણ એવી વસ્તુ છે જે માછલી માટે પાણીની બહાર મુકી દેવા જેવી વસ્તુ છે. ગમતા વિષયો જેને દુનિયા ઈષ્ટ વિષયો કહે, જેને કામ-ભોગો કહેવાય, જે એના સાધનો હોય, એ તો માછલી માટે જેવી આગ છે, એવા સાધક આત્મા માટે થાય છે. ઉંટને કાંટા બહુ ભાવતા હોય છે. કાંટા એ ઉંટનું મિષ્ટાન હોય છે. પણ એ ગાયને ભક્તિ રૂપે, મિષ્ટાન રૂપે કાંટા આપી દેવામાં આવે, તો એ ગાય માટે મિષ્ટાન ન બને પણ મુસીબત બને.

સંસારી એ ઉંટ છે, સિંગાપોર, આઈસ્ક્રીમ, હોટલ, આ બધું કાંટા છે. દીક્ષાર્થી એ ગાય છે, એની માટે આ બધું મિષ્ટાન નહી પણ મુસીબત જ હોય છે. દીક્ષાર્થી થી માંડીને, સદ્ગુરૂ સુધી, આપણી જોવાની દ્રષ્ટિ કેવી ? આપણને સદ્ગુરૂમાં શું દેખાય છે ? આપણે એમને શું સમજીએ છીએ ? બહુ મહત્વનો પ્રશ્ન છે ! ખરો સવાલ સદ્ગુરૂ મળવા એ નથી, ખરો સવાલ સદ્ગુરૂને સમજવાનો છે.

સભાનો પ્રશ્ન :- અંધારે, સૌભાગ્યથી અંતરાયણાનો પ્રસંગ હોય, છેલ્લો દિવસ હોય છે,

મુમુક્ષુઓનો, ત્યારે મેકિંગ લાવવી પરિવારજનો બધી જ વસ્તુઓ એટલે મોટામાં મોટી કોઈ પણ વસ્તુ ચુકાય નહિ, જેવા લાવવી, COLD DRINKS, ICE CREME વગેરે આજે છેલ્લો દિવસ છે, આજે વાપરી લો પછી નથી વાપરવાનું આવો આગ્રહ - રાખતા હોય છે, તો શું કરવાનું ?

પુજ્યશ્રી ના ઉત્તર :- પ્રશ્ન હવે સમજાઈ ગયો છે. એનો જવાબ ઘણો મોટો છે. અત્યારે આપતી નથી પણ, એક BOOK SUGGEST કરું છું જેનું નામ છે "દીક્ષા પહેલા". મુમુક્ષુ ની દીક્ષા થઈ એ દિવસ, મુહૂર્ત નીકળ્યું એ દિવસ, આ બે દિવસ વચ્ચે દીક્ષાર્થી એ કઈ રીતે રહેવું, દીક્ષાર્થી ના પરિવારે કઈ રીતે રહેવું, દીક્ષાર્થી ની ખરી ભાવના કઈ છે, અને કઈ હકીકતમાં કંબખતી - કહેવાય, એની બધી જ વાત, મહોત્સવની વાત, વાયણાની વાત, પગલાની વાત, DRESS ની વાત, PROGRAMS ની વાત, નુતન દીક્ષીત ના પગલાની વાત અને, દીક્ષા પછી તમારા સ્વજન મહાત્મા, દીકરા મહારાજ વગેરે ને મળવા જાવ, ત્યારે તમારે કઈ રીતે વર્તવુ, ત્યાં સુધી ની બધી જ વાત આ પુસ્તકની અંદર લખેલી છે. દીક્ષા પહેલા આ BOOK વાંચશો, એટલે આના જવાબ મળશે.

સિદ્ધાર્થ ગણિ મહારાજ, સમ્યક્ અને જ્ઞાનની દીશામાં, આપણી આંગળી પકડીને આપણને યાત્રા કરાવવા લઈ જઈ રહ્યા છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો

મંગળવાર

વ્યાખ્યાન નંબર- ૧૧૦ DATE 29 12 2020

પ્રશ્ન ચાલુ છે કે મુમુક્ષુ ને દીક્ષાના આગલા દિવસોમાં, ખાવાપીવા વગેરેની ઓફર કે આગ્રહ થાય, વગેરે__વગેરે__ વગેરે એનું શું ? જરૂ SHORT માં જવાબ આપુ, સંસારીઓ, સ્વજનો, મિત્રો, અડોશ-પડોશ વાળાઓ, એમની વાત બાજુ ઉપર મુકીએ. પહેલી વાત છે મુમુક્ષુની ! સાચો મુમુક્ષુ એને કહેવાય જેને પગલા, ખાવું પીવું, ફરવું ફરવું આમાં કોઈ જ રસ ના હોય. સાચો મુમુક્ષુ એને કહેવાય જેને હું ગુરૂકુલવાસ ને છોડીને અહીંયા જઈ આવું, ત્યાં જઈ આવું, યાત્રા કરી આવું, ઓલું કરવું છે, પેલુ કરવું છે, આની પણ રસ ના હોય.

સાચો મુમુક્ષુ એ છે, જેને ગુરૂકુલવાસમાં જ પાલીતાણા દેખાય, જેને ગુરૂકુલવાસ માં જ શંખેશ્વર દેખાય, જેને ગુરૂકુલવાસ માં જ શિખરજી દેખાય ! ગુરૂ કહે કે, તુ શિખરજી જઈ આવ, તારી યાત્રા થઈ જાય, તારે જવાનુ છે, એ વાત જુદી છે. મુમુક્ષુ કહે કે મારે અહીંયા જવુ છે, એ વાત જુદી છે. એ શિખરજીની વાત પણ મુમુક્ષુ કરે, તો હજુ એ વિચારણીય છે, તો પછી SINGAPORE ની તો વાત જ ક્યાં છે ! મોહાધીન-સ્વજનો ને ખબર નથી કે મુમુક્ષુ, એટલે એક અપેક્ષાએ ભાવથી સાધુ કહેવાય, જ્યાં એક સાધુ ને ના લઈ જવાય, ત્યાં મુમુક્ષુ ને ના લઈ જવાય. જે વાતાવરણ માં સાધુ ન રહી શકે, એ વાતાવરણ માં મુમુક્ષુ ન રહી શકે. જેટલી જેટલી સાંસારિક એની ચેષ્ટા, કે જેના માટે સાધુ વિચાર સુધ્ધા ન કરી શકે, એનો આપણે મુમુક્ષુ માટે-પણ વિચાર ન કરવો જોઈએ.

ત્રણ દિવસ પહેલા એક ભાઈ મારી પાસે આવ્યા, પરીવારમાંથી દીક્ષા થવાની છે, દીક્ષા નું મુહુર્ત-નીકળી ગયું છે, મને કહે કે સાહેબ આપ મુહુર્ત આપો, વાયણા, પગલા વગેરે ક્યારથી ચાલુ કરવા, એનું મુહુર્ત આપો,

મંગળવાર

DATE 29 12 2020

ચાર સાડા ચાર મહિના પછી દીક્ષા છે, વાયણા, ફંક્શનનું મુહુર્ત મારી પાસે માંગ્યું છે. મેં એમને મુહુર્ત તરત જ કાઢી આપ્યું. દીક્ષાની બે દિવસ પહેલા! એક અપેક્ષા એ લાભ હોય છે, મુમુક્ષુ ક્યાં ક્યાં જાય - સંયમની પ્રેરણા થાય, બહુમાન સત્કાર થાય, પાલના થાય. લોકો સંયમની નજીક આવે ને એમને થાય કે ધન્ય છે આત્મા, આ ઉંમરની અંદર સંસારને લાત મારીને જઈ રહ્યો છે. એક અપેક્ષા આ બધું જ ખુબ જ સારું છે, થવું જ જોઈએ.

બીજુ અપેક્ષા એ હજુ જે ઉગતી કળી, જે કુમળો છોડ, હજુ જે નિમિત્તાધીન, હજુ જે વાતાવરણ આધિન, એ મુમુક્ષુ ગુરૂકુલવાસની બદલે, આ બધા યાત્રા, પ્રવાસો, પ્રવૃત્તિઓ, ઘતા.. ઘતા.. ઘતા.. ઘતા.. ઘતા.. દિવસની અંદર બે કલાક જોવા ન હોય, જેની અંદર એને વૈરાગ્ય નું CHARGING મળે! અને ગુરૂકુલવાસ થી તદ્દન વિપરિત વાતાવરણ, એની અંદર એને રહેવું પડે, આને પણ એક મુમુક્ષુ પરનો અનુકૂળ ઉપસર્ગ કહેવાય.

મુમુક્ષુ માટે સર્વોત્કૃષ્ટ, હિતકારક, પથ્ય, કલ્યાણકારક, અનુકૂળ જેવું વાતાવરણ હોય તો, એ માત્ર ને માત્ર ગુરૂકુલવાસ છે. જેટલો એ ગુરૂ ની નજીક રહેશે, જેટલો એ ઉપાશ્રયમાં રહેશે, જેટલો એ આ સારા આલંબનોની વચ્ચે રહેશે, એટલી એની રક્ષા છે. આગળ વધીને હવે મુમુક્ષુની નહિ તમારી વાત કરું, જે મુમુક્ષુ માટેનું સત્ય છે એ જ તમારા માટેનું પણ સત્ય છે. જેટલું ગુરૂ ની નજીક રહેશો, જેટલું ગુરૂકુલવાસમાં રહેશો. જેટલું સારા વાતાવરણ અને સારા આલંબનની વચ્ચે રહેશો, એટલું તમારું હિત છે. બાકી અહીંયા તમે

થોડી કમાણી કરી હશે, જે બધી જ ચપટી ની અંદર, સંસારની અંદર ક્યાં લુંટાઈ જશે એનો કોઈ જ ભરોસો નથી.

**સભાનો પ્રશ્ન :-** સાહેબ, મુમુક્ષુ ની સમ્મેતશિખર જવાની ભાવના ન થવી જોઈએ, જે જે તમે કહ્યું તો પછી, જે એનામાં ભક્તિની ખામી ન કહેવાય ? એવું તો એને થવું જ જોઈએ કે પછી તો ક્યારે જવા મળશે, આ બધા તીર્થો ની યાત્રા કરી લઉં, ભક્તિ કરી લઉં.

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** આપણો એ એકદમ સાચો પ્રશ્ન છે. કે ભાઈ શિખરજી ની ભાવના થાય, આમાં ખોટું શું છે ? ભક્તિ નો ભાવ છે, કલ્યાણક ભૂમિની સ્પર્શના છે, બધી જ વાત સાચી. બીજા નંબરમાં કહ્યું કે ગુરુની ઈચ્છા હોય, તો જે યાત્રા ન કરે તો ગુનેગાર ! ત્રીજા નંબર ની વાત કહું, એ ગુરુ એવી આજ્ઞા કરતા નથી ને ઈચ્છા કરતા નથી, ગુરુને શિષ્યનું બીજુ રીતે હિત દેખાય છે, મુમુક્ષુ આ રીતે કરે જે વધારે સારું લાગે છે. પછી એને એની ભાવના થાય, ઈચ્છા થાય, જે વ્યક્ત કરે, એ ય તો ભુલ !

ઘણી બધી વાતો એવી છે, જે આપણને અંદાજ સુધ્ધા હોતો નથી, ખ્યાલ જેનો સુધ્ધા હોતો નથી, ભગવાન નો સંપર્ક કેટલી વાર, અને આવા યાત્રા પ્રવાસમાં, બીજા નિમિત્તો નો, વાતાવરણ નો, સંપર્ક કેટલી વાર ? બહુ ગંભીરતાથી વિચારવા જેવા પ્રશ્નો. આ બધી તદ્દન તમારા માટે નવો વિષય માટે, તમારી ઈચ્છા હોય છે, ગાંડપણ હોય છે, આગ્રહ હોય છે, આવી બધી તમારી વાત હોય છે. એમાં શું ? હું કહું છું, એમાં નો આખો મુદ્દો જ જવા દો, કોઈ પણ મુદ્દો છે, x y z, મુમુક્ષુ ની ફરજ શું ? જે ગુરુની ઈચ્છા એ પોતાની ઈચ્છા, આટલું સમજાય ? મુમુક્ષુ નું ઔચિત્ય, મુમુક્ષુ નું કલ્યાણ,

તો આમાં બધુ જ આવી જાય છે, ગુરુની ઈચ્છા છે,
જવાની તો જવું જ જોઈએ. ગુરુને એમાં હિત નથી
લાગતું, ગુરુનો વિચાર એમાં કંઈ બીજો છે તો ન
જ જવું જોઈએ. આમ તો ત્યાં જ વાત પુરી થઈ
જાય છે.

બીજો બહુ મહત્વનો મુદ્દો એ છે, જ્યાં-
ત્યાં જાય એના કરતા તો તીર્થ યાત્રાજ સારી છે.
ત્રીજો મુદ્દો એ છે, કે તમને બિલકુલ ખ્યાલ ન હોય,
એમને ગુરુદેવ વાત કરી, પ્રેમસૂરીશ્વરજી મહારાજના
ગુજરાત ની અંદર વિહારો થઈ રહ્યા હોય ને, વિહારની
અંદર શંખેશ્વર વચ્ચે આવતું હોય, અને શંખેશ્વરની
અંદર એક દિવસનું રોકાણ હોય, આગળ વિહાર કરીને
જવાનું છે, શંખેશ્વરમાં એક જ દિવસ રહેવાનું છે,
શંખેશ્વર દાદા કેટલા વરસોમાં પહેલી વાર મળતા હોય,
સાધુપણું છે, વિહાર ક્યારે કઈ દિશામાં આવે, ક્યારે
કેવા વળાંકો આવે, એ બધું નક્કી ન હોય. ૨૫-૨૫-
વર્ષ સુધી, પાલીતાણા ન ગયા હોય, શંખેશ્વર ન
ગયા હોય, એવા એ મહાત્માઓ હોય, મેળ પડે તો
બે-ચાર વર્ષમાં પાંચ-સાત વાર પડી જાય, મેળ ના પડે
તો વર્ષો ના વર્ષો સુધી પડે જ નહિ, એવું પણ બને.
અને જ્યારે આપણા ગુરુદેવ, આપણા નિશ્રાદાતા પોતે
જ શંખેશ્વર પધારી રહ્યા છે, ત્યારે મહાત્માઓને પણ
ઉમંગ હોય, અમુક મહાત્માઓને અનેક ગણો ઉમંગ
હોય, એમાં પણ ફરક પડે. અને એવા અનેક ગણા
ઉમંગ વાળા મહાત્મા તૈયારી લાગ્યાં, એમને વિચાર
આવે કે એક જ દિવસ શંખેશ્વર રહેવાનું થશે,
અઠ્ઠમ કરવાની ભાવના છે, બેઅઠ્ઠમ શંખેશ્વર તીર્થમાં
થાય, જાપ શંખેશ્વર તીર્થ માં થાય, DOUBLE વિહાર
જેવી લઈએ, પાંચ દિવસ DOUBLE વિહાર કરીએ,
ત્રણ દિવસ વહેલા શંખેશ્વર પહોંચીએ, અઠ્ઠમ કરીએ,

દાદા નો જાપ કરીએ, પારણા ના દિવસે ગુરુદેવ આવી જાય, પ્રેમસૂરીશ્વરજી મહારાજ પધારે, પારણાનો દિવસ ત્યાં, અને પછીના દિવસે ગુરુદેવ સાથે વિહાર. હું તમને કહું કે આમાં કશું ખોટું ખરું ? આ ભક્તિ નથી ? આ ઉમંગ નથી ? આ ઉલ્લાસ નથી ? આ આરાધના નથી ? આમાં કંઈક દોષ છે એવું આપણને લાગે ખરું ?

ગુરુદેવના શબ્દો, પ્રેમસૂરીશ્વરજી મહારાજના પડખા સેવેલા ગુરુદેવે, સાહેબનો પત્ર વ્યવહાર સંભાળ્યો છે, સાહેબની સેવા કરી છે, સાહેબ પાસે કલાકો સુધી બેઠા છે, સાહેબનો આશય સમજ્યા છે, ગુરુદેવના શબ્દો... કે પ્રેમસૂરીશ્વરજી મહારાજને આ નહતું ગમતું. રજા આપી દે, ના ન પાડે ભલે તુ જ ! સાહેબ અત્યારે આમ કરવું છે, જાપ કરવા છે, અઠ્ઠમ કરવો છે, સાહેબ ભેગા થઈ જશું, સાહેબ પછી તો એક જ દિવસમાં વિહાર છે, સાહેબ અમે જઈએ ને, ભલે ! ગુરુદેવના શબ્દો સાહેબ ને આ નહતું ગમતું !

મુમુક્ષુ એ સાધુ થવાનું છે, મુમુક્ષુ સાચા સાધુ ત્યારે થઈ શકે, જ્યારે સાધુ થતા પહેલા, સાધુ થઈ જાય પછી કદાચ એવા ક્ષાયોપશમિક ભાવો જાગે, ભવિતવ્યતા જાગે ને પછી પી જો થાય તો એની ના નથી, પણ ઈચ્છનીય એ છે કે એ બધા ગુણો પહેલાથી આવી જાય, જે પહેલા હશે ને એ જ આખી જિંદગી રહેશે ! મુમુક્ષુ પણા ના એક-બે વર્ષ એ આખી જિંદગીનું પ્રતિબિંબ હોય છે. મુમુક્ષુ ની કઈ ટેવો છે, કઈ રુચી છે, કેવો સ્વભાવ છે, કેવા દોષ-ગુણ છે, એની અસર આખી જિંદગી પર રહેતી હોય છે. અને મુમુક્ષુ જે રીતે કેળવાય છે, જેમાં તત્ત્વદ્રષ્ટિ છે. તમારી વાત આખી જુદી છે. તમારા માટે તમે જ્યારે યાત્રા કરવા જાવ ત્યારે ધંધો છુટે છે. દુકાન છુટે છે, T.V. છુટે છે, સંસારીક પાપની

પ્રવૃત્તિઓ છુટે છે, તમે MINUS માંથી PLUS માં આવી જાવ છો.

**સાધુ માટે સર્વોત્કૃષ્ટ તીર્થ હોય તો એ ગુરુકુલવાસ છે!**

EXTREMELY IMPORTANT

સાધુ માટે મહાતીર્થ એ કોઈ હોય તો એ સદ્ગુરુનો પાવન ક્રોડ છે, જે એના ઉપર પડતી હોય. હવે જ્યારે સાધુ, ગુરુને છોડી ને તીર્થ માં જાય છે ત્યારે એ મહાતીર્થ ને છોડીને તીર્થ માં જાય છે!

હવે હું તમને કહું ને, તમારી ફરીયાદ હોય છે, સાહેબ હવે અમે આગળ નથી આવી શકતા, સાહેબ હવે અમે પાછળ, સાહેબ હવે એવું થતું નથી. તમે ક્યાં અટકો છો, આટલા ઉપર-આવ્યા, હવે તમારી છે ને, બાળ જેવી જેવી ક્રોડ છે, તમે ઘણું બધું આગળ વધ્યા ઘણી યાત્રા ઓએ કરી. ઘણું બધું કર્યા કર્યા પણ એ બરાબર. તમે કર્યા કેટલા ?

હું કહું છું કે બાર મહિને તમે ચાર યાત્રા કરતા હો, અનુમોદના છે. ચાર નહિ પાંચ કરો પણ, છઠ્ઠી યાત્રા આવી કેમ નહિ કે ગુરુકુલ-વાસ ! ચાર દિવસ પણ હું જેમને ગુરુ માનું છું, એમની નિશ્રામાં જાઉં, ચાર દિવસ માટે પણ- એમનો સમર્પિત શિષ્ય બનું, દિવાલ સામે બેસી જાઉં, ધુણી ધખાવી દઉં, સ્વાધ્યાયની ! પલાઠી વાળીને બેસી જાઉં, સંપૂર્ણ અંતર્મુખતા ! ફોન ઘરે મુકીને આવ્યો હોઉં, સંસારથી TOTALLY CUT OFF થઈ ગયો હોઉં, હું તમને કહું કે તમને આવું મન શા માટે ન થાય ? હવે આપણે સદ્ગુરુ ને ઓળખી શકતા નથી. હવે સદ્ગુરુમાં

મહાતીર્થ આપણને દેખાતું નથી. દેખ્યું આપણને ઠીક છે, સામાન્ય માણસને જોતા હોઈએ, એવી સદ્‌ગુરુને જોવાની દ્રષ્ટિ છે, એમનું વચન પરમ બ્રહ્મનું વચન છે. એ ભગવાનનું વચન છે, એ સીમંધર સ્વામીનું વચન છે, એને પાત્ર બનીને, સુપાત્ર બનીને, એને ઝીલી લઈએ એવી અંદર કોઈ સજ્જતા નથી. માટે આપણું કલ્યાણ-થતું નથી!

સભાનો પ્રશ્ન :- ભગવંત! ઘણા બધા શ્રાવકો ઉપધાન, અઢારીયા આદિ કરે છે, તો એમાં એમને ગુરુકુલવાસનો આસ્વાદ ના મળે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- શિબિર હોય છે, નવ્વાણું હોય છે, ઉપધાન હોય છે, છ'રી પાલીત સંઘ હોય છે, જેની અંદર ગુરુકુલવાસની પુરી શક્યતા હોય છે. પણ એમાં બહુ ઓછા ટકા જીવો એવા હોય છે કે જે એવું ઈચ્છે કે, બસ હું ગુરુની નજીક હોઉં, ગુરુની આંખ ઉપર નજર હોય, ગુરુ કહે એમ હું વર્તું.

સંસાર છુટી ગયો, ધંધો છુટી ગયો, પાપની પ્રવૃત્તિ છુટી ગઈ, તમે, માળાઓ ગણી, કાઉસગ્ગો કર્યા, તમે તપસ્યા કરી, તમે વ્યાખ્યાનો સાંભળ્યા, તમે ઘણા બધા PLUS માં આવી ગયા, પણ દેખ્યું એના કરતા ઈતર ટકા કેટક, એ જીવોને ખડે, જે એની અંદર બરાબર જેમ એક સાધુ ગુરુની નિશ્રામાં રહે, એ રીતે જ રહી શકે, આજ્ઞાંકિત બની શકે, અંતર્મુખ બની શકે. મોટા ભાગના જીવો ત્યાં રહીને પણ એક GROUP ગણતાં હોય છે, જેની હકીકતમાં એ સદ્‌ગુરુને છોડી ને એમની જેવી જે વ્યક્તિઓ છે, એમની સાથે, એમની વચ્ચે, એમની દ્રષ્ટિમાં, એમના વિચારોથી ઘડાવાનો પ્રયાસ

કરતા હોય છે. એમાં પણ કલ્યાણ મિત્ર મળી જાય, સારા લોકો જ આવે, કોઈ જ ના નથી, પણ ઉપધાન કરવા એનો જ અર્થ ગુરૂકુલવાસ છે, આપું એકાંતિક છે. સદ્‌ગુરૂ સમજશો, તો આ બધું જ સમજાઈ જશે. સદ્‌ગુરૂ સમજાઈ જશે તો આ બધું સમજવું પણ નહીં પડે. એક પ્રયાસ કરવો છે. સદ્‌ગુરૂને સમજવાનો.

"મર્યો અનંતવાર વીણ સમજ્યો"

સદ્‌ગુરૂને નથી સમજ્યા માટે જ આપણે અનંત વાર મર્યા,

નહીં સમજે વો મરેગે !

જે સદ્‌ગુરૂને નહિ સમજે એ વારંવાર.. વારંવાર.. વારંવાર વારંવાર.. વારંવાર મરતા જ રહેશે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

अज्ञानं मरणं मतं

આખો ઉપમિતિ ભવ પ્રપંચા કથા ગ્રંથ. સેંકડો પાનાઓનો આ ગ્રંથ, હજારો વાક્યો નો આ ગ્રંથ, ને એમાં એક પરાકાષ્ટાનું વાક્ય આ ગણી શકાય.

अज्ञानं मरणं मतं

અજ્ઞાન એ જ મૃત્યુ છે. એક પ્રયાસ કરવો છે. સદ્‌ગુરૂ વિશે જ્ઞાન મેળવવાનો, સદ્‌ગુરૂને સમજવાનો, અંતઃસ્તલ થી સદ્‌ગુરૂ ને સ્પર્શવાનો.

વ્યવહાર દ્રષ્ટિ એ દ્રોણાચાર્યે, એકલવ્યની હકાલપટ્ટી કરી દીધી હતી. નિશ્ચય દ્રષ્ટિ એ, કૌરવો અને પાંડવો ની હકાલપટ્ટી કરી દીધી હતી. નિશ્ચય દ્રષ્ટિ પર હજુ વધુ મંથન કરીએ તો - આગળનું એ ચિત્ર દેખાય. નિશ્ચય દ્રષ્ટિ કહે છે,

ગુરૂ તમારી હકાલપટ્ટી કરે એ શક્ય જ નથી. જેટલા અંશે ગુરૂ પ્રત્યે તમારા હૃદયમાં બહુમાન ભાવ ઓછો છે, એટલા અંશે તમારી હકાલપટ્ટી છે. વ્યવહાર દ્રષ્ટિએ અર્જુન દ્રોણાચાર્યની નજીક હતો. નિશ્ચય દ્રષ્ટિએ, એકલવ્ય દ્રોણાચાર્યની નજીક હતો. વ્યવહાર દ્રષ્ટિએ અર્જુન ઉપર દ્રોણાચાર્યની કૃપા વૃષ્ટિ હતી. નિશ્ચય દ્રષ્ટિએ એકલવ્ય ઉપર દ્રોણાચાર્યની કૃપા વૃષ્ટિ હતી. વ્યવહાર દ્રષ્ટિએ ગુરૂની સમજણ અને ગુરૂની પ્રાપ્તિ, એ બંને જુદી જુદી વસ્તુ છે. નિશ્ચય દ્રષ્ટિએ, ગુરૂની સમજણ, ગુરૂની પ્રાપ્તિ અને ગુરૂની કૃપા, આ બધા જ સમાનાર્થી શબ્દો છે.

સાધ્વીનો પ્રશ્ન :- સાહેબ ગુરૂકૃપા હોય તો અંગુઠો માંગે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- બસ આ જ વાત આપણે ઘૂંટવી છે, એકલવ્યને સમજવાનો પ્રયાસ કર્યો છે, એકલવ્ય સમજશો તો શિષ્યત્વ સમજશો, એકલવ્ય સમજશો તો સદ્દગુરૂ સમજશો. એકલવ્ય સમજશો તો બધું જ સમજશો. જ્યાં ગુરૂની સમજણ હોય છે, ત્યાં ગુરૂની હાજરી હોય છે. એકલવ્ય પાસે દ્રોણાચાર્યની સતત હાજરી હતી, કૌરવો અને પાંડવો પાસે દ્રોણાચાર્ય લગભગ ગેરહાજર હતા. દ્રોણાચાર્ય, દેખીતી રીતે લાગે એકલવ્યને કાઢી મુક્યો, ગાળો ભાંડી ! નીકળી જા અહીંયા થી ! અપમાન કર્યું, અંગુઠો માંગી લીધો. દેખીતી રીતે લાગે, એકલવ્ય દ્રોણાચાર્યથી વંચિત થયો, એકલવ્ય ને નીકળી જવું પડ્યું. એકલવ્યની હકાલપટ્ટી થઈ, એકલવ્ય ને ધિક્કારવામાં આવ્યો, એને કાઢી મુકવામાં આવ્યો, દેખીતી રીતે લાગે. એકલવ્ય તો જે બેજોડ ધનુરધર બન્યો, કારણ કે એને પુરા દ્રોણાચાર્ય મળ્યા હતા. કૌરવો અને પાંડવો એટલા સ્તરે ના પહોંચી શક્યા, કારણ કે - એમને અધુરા દ્રોણાચાર્ય મળ્યા હતા. બેજોડ ધનુરધર તો જ બની શકાય, જો દ્રોણાચાર્ય પોતાની પાસે હોય, અને

દ્રોણાચાર્ય પાસે હોવાનો તાત્પર્યાર્થ એટલો જ છે, કે દ્રોણાચાર્ય ની સમજણ હોય.

"મેથી અનંતવાર વીણ સમજ્યો"

આપણે ગુરુને પણ MARKS આપતા હોઈએ છીએ, આ પા ગુરુ, આ અડધા ગુરુ, આ 60 ટકા, આ 70 ટકા, આ 75 ટકા. હું તમને પુછુ, ગુરુ કદી પુરા કે અધુરા હોય શકે ? હું કહુ છુ કે હા, ગુરુ પુરા કે અધુરા હોય શકે, જે ગુરુ આપણને પુરા - સમજાતા હોય છે, એ આપણા માટે પુરા હોય છે. જે ગુરુ આપણને અધુરા સમજાતા હોય છે, એ આપણા - માટે અધુરા હોય છે. જે ગુરુ આપણને નથી - સમજાતા હોતા, એ ગુરુ આપણા માટે નથી હોતા. ગુરુ સમજુ શકે એવા અભવ્ય પાસે થી પણ મોક્ષ મળી શકે છે. ગુરુ તરીકે ન સમજુ શકાય એવા મહાવીર સ્વામી ભગવાન પાસેથી સાતમી નરક મળી શકે છે. ગોશાળિયા સાથે આ જ થાટ થયાયો હતો. જ્યારે આપણે ગુરુને MARK આપતા હોઈએ છીએ ને ત્યારે હકીકતમાં આપણે આપણને MARK - આપતા હોઈએ છીએ.

જેને એમ લાગે છે કે મને સર્વોત્કૃષ્ટ ગુરુ મળ્યા, એ સર્વોત્કૃષ્ટ શિષ્ય હોય છે. જેને એમ લાગે છે કે મને ઠીક ગુરુ મળ્યા, એ ઠીક શિષ્ય હોય છે. જેને એમ લાગે છે કે મને ખરાબ ગુરુ મળ્યા, એ ખરાબ શિષ્ય હોય છે. નિશ્ચય દ્રષ્ટિએ તો, ગુરુ સર્વોત્કૃષ્ટ થી થોડા પણ ઓછા જેને લાગે છે, એ શિષ્ય જ નથી.

સભાનો પ્રશ્ન :- રોહિણ સંગ્રામ જેવી બાબત, આ વાતને સમજી ગયા, એકલવ્ય સમજી ગયો. અમે આટલું સાંભળ્યા, ભણ્યા, જે પદાર્થો ખબર છે, છતાં કેમ એ અનુસરણ વર્તન ઉપલબ્ધિ આથી ગેરહાજર થઈ જાય છે?

પૂજ્યશ્રીનો ઉત્તર :- સંઘાવિજ્ય આગમની અંદર આ પ્રશ્નનો જવાબ આપ્યો છે.

जं नाणं तं करणं जं करणं तं वुच्चइ नाणं।

તમે સમજ્યા ને નથી કરતા આ વાત જ ભૂલી જાઓ. જે જ્ઞાન છે એ જ આચરણ છે, જે આચરણ છે એ જ જ્ઞાન છે. તમે દાવો કરો છો કે, જ્ઞાન છે, સમજ છે. સમજી ગયા, પામી ગયા, તમને બધી ખબર છે પણ આચરણ નથી તો તમને કશી જ ખબર નથી. ગુરુ સર્વોત્કૃષ્ટ થી ઓછા લાગે, ત્યારે સમજી લેવાનું નિશ્ચય દ્રષ્ટિ એ, આપણે નથી એમના શ્રાવક, નથી એમના ભક્ત, નથી એમના શિષ્ય, નથી એમના મુમુક્ષુ !

દ્રોણાચાર્ય સર્વોત્કૃષ્ટ ગુરુ હતા, કારણ કે એકલવ્ય સર્વોત્કૃષ્ટ શિષ્ય હતો. બીજા શબ્દોમાં, દ્રોણાચાર્ય ગુરુ હતા, કારણ કે એકલવ્ય શિષ્ય હતા. તમારી માતા - માતા છે, કારણ કે તમે પુત્ર છો. માતૃત્વ એ પુત્રત્વ ને સાપેક્ષ હોય છે. ગુરુત્વ એ શિષ્યત્વ ને સાપેક્ષ હોય છે.

" મર્યો અનંતવાર વીણ સમજ્યો " !!

દ્રોણાચાર્ય એ એકલવ્યને શું આપ્યું એ કથાથી, દ્રોણાચાર્યથી, બીજા, ત્રીજા ના મોઢેથી કશી જ ખબર પડે એમ નથી ! એ એકલવ્યથી જ ખબર પડે એમ છે. એકલવ્ય જેઓ ધનુર્ધર બની શક્યો, એને જેઓ કે ધનુર્વિદ્યા આપી શકી,

કારણકે એમને વિદ્યા કરતા, કૃપામાં વધારે રસ હતો અને માટે જ જ્યારે દ્રોણાચાર્યે અંગુઠો માંગી લીધોને ત્યારે એણે કૃપા ખાતર વિદ્યાનું બલિદાન આપી દીધું. એ પણ એક જ ક્ષણમાં. એકલવ્ય પાસે ધનુર્વિદ્યાની સમજણ હતી, કારણકે એની પાસે ગુરુની સમજણ હતી. ગુરુની સમજણ એ જ ગુરુની કૃપા હોય છે. કૃપા વગર વિદ્યા મળતી જ નથી. વિદ્યા કરતા કૃપા વધુ મુલ્યવાન લાગે. વિદ્યા કરતા કૃપા અનેકગણી મુલ્યવાન લાગે કૃપા એ જ મહાવિદ્યા લાગે, ત્યારે જ ખરી વિદ્યા મળતી હોય છે.

સભાનો પ્રશ્ન :- ગુરુભગવંત, પણ એક જ ગુરુના બે શિષ્ય હોય, અને ગુરુ એકની વધુ કાળજી રાખતા હોય ને, વધારે ભણાવતા હોય ને, બીજામાં થોડું ઓછું કરતા હોય, દેખાતું હોવા છતાં એ આંખ બંધ કરી દેવી ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- ધર્માચાર્ય બહુમાન કુલક ની અંદર, આ પ્રશ્નનો જવાબ આપ્યો છે ગુરુ પક્ષપાત કરે તો શું ? આ પ્રશ્નનું હાર્દ છેને ધર્માચાર્ય બહુમાન કુલક કરે છે,

एसो स्याति मग्गो ~~ज~~ उगसहावा न हु हुंति जं सीसा।

આ કાયમનો માર્ગ છે કે, શિષ્યોનો સ્વભાવ એક નથી. શિષ્યોની પ્રકૃતિ એક નથી, શિષ્યોના કર્મો એક નથી, શિષ્યોની ભવિતવ્યતા એક નથી. શિષ્યોના ઋણાનુબંધ એક નથી, તો બધાની સાથે સરખું - વર્તન કઈ રીતે હોય શકે? અર્જુન અને એકલવ્ય બંનેમાં આસમાન/જમીન નો ફરક હતો. અર્જુન અને એકલવ્ય પ્રત્યેના વ્યવહારમાં પણ આસમાન જમીન નો ફરક હતો. દ્રોણાચાર્ય - અર્જુન માટે

પ્રિય દ્રષ્ટિ, અનરાધાર કૃપા વૃષ્ટિ, એકલવ્ય માટે એકાંત ધિક્કાર વૃષ્ટિ. પણ સમજવાની વસ્તુ આ છે, એના માટેની જ આ બધી વાત છે ગુરૂ તમારી સાથે કેવું વર્તન કરે છે એનો અર્થ ગુરૂની કૃપા છે જ નહિ, તમારો ગુરૂ પ્રત્યેનો બહુમાન ભાવ કેવો છે, એમાં જ અર્થ ગુરૂકૃપા! ગુરૂ તમને રોજ વાહલું, ગુરૂ ભાવ દ્રષ્ટિએ તમારા ઉપર - અનરાધાર કૃપા વરસાવે, તમને મે ભૈઈએ એવો બહુમાન ભાવ નથી, તો સમજુ લોકે ગુરૂએ તમારી હકાલપટ્ટી કરી છે. ગુરૂ તમને કાઢી મુકતા હોય, ગાળો આપતા હોય, ભાંડતા હોય, ચાર જણ વચ્ચે ધમકાવતા હોય, તોડી જ પાડતા હોય તમને, તમારા અંતર ની અંદર બહુમાનભાવ વાંભ.. વાંભ ઉછળતો હોય.. સમજુ લો તમારા ઉપર અનરાધાર કૃપા વૃષ્ટિ થઈ રહી છે. હજુ આપણે કશું સમજ્યા જ નથી, હજુ આપણી પાસે દ્રષ્ટિ જ નથી. હજુ આપણે એ જ સાંસારિક ગણિતો માં આમ થી આમ.. આમથી આમ.. રમ્યા કરીએ છીએ. આપણા આત્માને રમાડ્યા કરીએ છીએ, અને એના જ કારણે આ ભવમાં ભટક્યા કરીએ છીએ. શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

न विना गुरुसम्बन्धं ज्ञानस्याधिगमः स्मृतः।

ગુરૂ સાથેના સંબંધ વગર, જ્ઞાનની પ્રાપ્તિ શક્ય જ નથી. ગુરૂ સાથેનો સંબંધ કહો કે ગુરૂ પ્રત્યેની સમજણ કહો, બંને એક જ વસ્તુ છે. અજાણ્યા સાથે સંબંધ કઈ રીતે થઈ શકશે, અને જ્યારે ગુરૂ સમજાઈ ગયા, તો પછી એમની સાથે સંબંધ થયા વગર કઈ રીતે રહી શકશે!

વર્ષોના પરિચિત કેમની પાસે આપણે વર્ષમાં પાંચ-દસ વાર દોડી જઈએ કેમની ફોટો FRAME માં મઢાવી ને રાખ્યો રોજ વંદન કરીએ. કદાચ એ જ્ઞાની-ઓની દ્રષ્ટિ માં, એ ગુરૂ પણ આપણા માટે વેગળ્યા હશે, કારણકે હજુ આપણે એમને સમજુ શક્યા નથી!

એકલવ્યની જે સમજણ બહુ સ્પષ્ટ હતી. જે મળશે એ ગુરુથી મળશે, નંબર બે, જે મળ્યું છે એ ગુરુથી મળ્યું છે. દ્રોણાચાર્ય સાવ ખાલી હોતને, તો એ એકલવ્ય બનાય મન. કારણકે પ્રેરનાર તત્ત્વ તો અંદર જ હતું, જેનું નામ હતું ગુરુ! જેનું નામ-હતું નિશ્ચય ગુરુ. વ્યવહાર ગુરુ એક નિમિત્ત હોય છે, નિશ્ચય ગુરુના ઉદ્ભવ માટે! અને જે વ્યવહાર ગુરુ, નિશ્ચય ગુરુનો ઉદ્ભવ ન કરાવી શકે, એ નિમિત્ત સુધ્ધા પણ હોતા નથી.

પરમ પાવન શ્રી પંચસૂત્ર કહે છે,

उवाओ य साहगो णियमेण, तत्तचाओ अण्णहा अइपसंगाओ

જે ઉપાય હોય છે, ઉપેય નું અવશ્ય સાધક હોય છે, એટલે ઉપાય થી મેળવવું છે જે ઉપેય, એ જ મળી શકે, તો પછી એને ઉપાય જ ન કહેવાય. તમે કહો કે છે, રીક્ષા જ છે, ત્રણ પૈડા છે, સીટ છે, ડ્રાઈવર છે, બધુ છે પણ રમકડાનું છે તમે બેસી નહી શકો, સમજદાર માણસ કહેશે કે એને રીક્ષા જ ના કહેવાય. કહેવી હોય તો કહો નત્રે, રમો, એનાથી આમ.. આમ.. આમ.. આમ કરો, રીક્ષા એને ના કહેવાય! તમને જે અહીંયા થી લઈ જાય એ એનું ઉપેય કહેવાય, તમે અહીંયા થી કાલુપુર પહોંચી શકો. જે રીક્ષાથી તમે ક્યાંય પહોંચી શકતા નથી, એને રીક્ષા જ ના કહેવાય. જો એને રીક્ષા કહેવાશે, તો દરેક વસ્તુને રીક્ષા કહેવાશે, રસ્તા પરના પત્થર ને રીક્ષા કહી દો, પણ એનાથી ક્યાંય પહોંચી શકાતું નથી, માટે એને રીક્ષા ના કહી શકાય, માટે નાની રીક્ષા, મોટી રીક્ષા, રમકડાની રીક્ષા, એનાથી એ ક્યાંય પહોંચી શકાતું નથી, તો એને પણ-

ક્રીઆ કઈ રીતે કરી શકાય ? જે ઉપેયની પ્રાપ્તિ નથી કરાવી શકતો, એને પણ એ ઉપાય કહો, તો દુનિયાની બધી વસ્તુ ઉપાય બની જશે. માટે જે ઉપેયની પ્રાપ્તિ નથી કરાવતો, એને ઉપાય ના કહી શકાય ! આ નિશ્ચય ની વાત છે.

દ્રોણાચાર્ય હશે તો એકલવ્ય થશે, એકલવ્ય થશે તો દ્રોણાચાર્ય હશે જ ! દ્રોણાચાર્ય માટે દ્રોણાચાર્ય હોવાની કોઈ જ જરૂર નથી, દ્રોણાચાર્ય ન હોવા છતાંપણ હોય શકે છે, અને હોવા છતા પણ નથી હોય શકતા ! દ્રોણાચાર્ય ---- દ્રોણાચાર્ય બધા કરે છે, ધૃતરાષ્ટ્ર રાજ - એને રાજ્યસભાની અંદર માનવંતુ સ્થાન આપતા હશે. ભિષ્મ પિતામહ એમને દક્ષિણા રૂપે બોલતે...બોલતે સોનું આપતા હશે, રાજસભામાં દ્રોણાચાર્ય આવે ને બધા ઉભા થઈ જતા હશે, પણ દ્રોણાચાર્ય ને કોઈ ઓળખતું ન હતું, દ્રોણાચાર્ય ને કોઈ સમજતું ન હતું. ધૃતરાષ્ટ્ર સમજતા ન હતા, ભિષ્મ પિતામહ સમજતા ન હતા, દરબારીઓ સમજતા ન હતા, રાજમાર્ગ ઉપર થી દ્રોણાચાર્ય ની પાલખી જતી હોય, સેવકો એ આગળ પાછળ થી ઉપાડી હોય, જસો જસો દ્રોણાચાર્ય ની પાલખી, બધા લળી-લળી હાથ જોડી પ્રણામ કરતા હોય, પણ દ્રોણાચાર્ય ને કોઈ ઓળખતું ન હતું.

કૌરવો અને પાંડવો ને પ્રવન કરવામાં આવે કે તમારા ગુરૂ કોણ, અને ધડ દઈને ગૌરવ સાથે તેઓ જવાબ આપતા, દ્રોણાચાર્ય પણ તેઓ પણ - દ્રોણાચાર્ય ને ઓળખતા ન હતા, સમજતા ન હતા. દ્રોણાચાર્ય ને એક જ વ્યક્તિ સમજતી હતી, દ્રોણાચાર્ય ને એક જ વ્યક્તિ ઓળખતી હતી, જેનું સર્વસ્વ દ્રોણાચાર્ય હતા. જેના રોમે રોમ દ્રોણાચાર્ય હતા. જેના દરેક શ્વાસની માલિકી દ્રોણાચાર્ય ની હતી, દ્રોણાચાર્ય ની અંગુઠાની માંગણી જેને સાવ જ

મામુલી લાગતી હતી. અને જે પોતાનું માથું કાપીને પણ, ગુરુ ચરણમાં, કમળ પૂજા કરવા માટે તૈયાર હતો, એનું નામ હતું, એકલવ્ય !

રાજા પોતાની સભામાં લૈલા અને મજનુને બોલાવે છે, બહુ સાંભળી અમર પ્રેમ કહાની, એવું પ્રેમી જોડલું, દુનિયા ભરમાં જેનું નામ, એવું છે પ્યારે, લૈલા અને મજનુ ને રાજાએ રાજસભાની અંદર બોલાવ્યા છે, મજનુ ને જોયો, લૈલાને જોઈ, રાજાના જે મોટા મોટા વિચારો હતા એ બધા શાંત થઈ ગયા. એક નિઃસાસો રાજાએ નાખ્યો, થોડોક મનમાં સંકોચ થયો, પણ રાજા છે, ડર શેનો !

મજનુ ને મોઢામોઢ કહી દીધું કે આ તારી લૈલામાં કોઈ જ રૂપ નથી, તો એ તું એની પાછળ બનાયલો પાગલ છે. મજનુ એ હાથ જોડીને વિનય-પૂર્વક રાજાને કહ્યું કે, રાજન ! હજુ તમે મારી લૈલા ને જોઈ નથી. રાજા કહે કે આ સામે તો ઊભી છે, વાત તો સાચી છે, પણ આપે એને હજુ બરાબર જોઈ નથી. રાજા અકળાયો હજુ બાકી શું જોવાનું બાકી છે ? મજનુ એ કહ્યું કે ભલે આપે એને જોઈ છે, પણ આપે મજનુની આંખે એને જોઈ નથી. લૈલા ને જોવા માટે, સમજવા માટે, પ્રેમ કરવા માટે, ચાહવા માટે, એની ચામડી ને, એનું મોઢું ને એનું રૂપને, એ બધાની જેટલી જરૂર હોય છે ને, એના કરતા વધારે મજનુ નું હૃદયું જોઈએ છે, તમે ક્યાં સુધી એને મજનુની આંખે નથી જોઈ, ત્યાં સુધી તમે એને નથી જોઈ. તમે એને બાહ્ય દ્રષ્ટિ એ મૂલવો છો. તમારી પાસે તમારી દ્રષ્ટિ છે, તમારી પાસે

મજનુની પ્રીતિ નથી, જે મજનુની પ્રીતિ વગર લૈલાને મેળવી શક્ય જ નથી.

એકલવ્ય આજે પણ આપણને કહે છે, કે તમે મારી આંખે સદ્ગુરુ ને જોયા જ નથી. મજનુ કામાંધ હતો, એકલવ્ય સમર્પણાંત હતો.

"દેખતો હોય એ કદિ શિષ્ય હોતો જ નથી,
જે આંધળો હોય એ જ શિષ્ય હોય શકે"!

એ અમજનુ જે મજનુ નથી જે અમજનુ, અમજનુ ને કદી લૈલા દેખાતી જ નથી. અશિષ્યને કદી ગુરુ દેખાતા જ નથી.

સાધકોનો પ્રશ્ન : ભગવંત ! એ દ્રષ્ટિ નિસર્ગ થી હોય કે કેળવવી પડે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- બહુ સરસ મજાનો પ્રશ્ન છે, અને તત્ત્વાર્થ સુત્રની અંદર આ સવાલનો જવાબ આપ્યો છે,

તન્નિસર્ગાદધિગમાદ્વા ।

વાત સમ્યક્દર્શન ની છે, સમ્યક્ત્વ ની છે, સમ્યક્ત્વ ની પ્રાપ્તિની છે. પણ બરાબર આ વાત અહીંયાં બંધ બેસે છે ને, સમકિતના સડસઠ બોલની સજ્ઝાય નો અભ્યાસ કરો, સમ્યક્ત્વ સપ્તતિકા જેવા ગ્રંથનો અભ્યાસ કરો જિન-શાસનના અનેકાનેક શાસ્ત્રોનો અભ્યાસ કરો ને, સમ્યક્ત્વનું હાર્દ મળશે, સદ્ગુરુ પ્રત્યે નો બહુમાનભાવ, સદ્ગુરુ-પ્રત્યેનો વાળ-વાળ ઉછળતો વિનય, સદ્ગુરુની અંદર-સાક્ષાત્ ભગવાન દેખાય, આનું નામ સમ્યગ્દર્શન !

તત્વાર્થ સૂત્ર કહે છે, એ સહજ પણ થઈ શકે અને જે સમજવવાથી, ભણાવવાથી, કેળવવાથી પણ થઈ શકે. દેખાતો કદી શિષ્ય હોતો જ નથી. આંધળો જ શિષ્ય હોય શકે. કારણકે ગુરુને જોવા માટે સમર્પણની આંધળી-આંખ જોઈતી હોય છે.

દ્રોણાચાર્યના વિદ્યાર્થીઓ તો ઘણા હતા, પણ એક જ જણને દ્રોણાચાર્ય દેખાતા હતા, એકલવ્યને! એણે ગુરુને જોયા હતા, એમાં જ એના શિષ્યત્વનું સર્વસ્વ સમાઈ ગયું હતું. આપણને બહુ જ આશ્ચર્ય થાય, આમ ધડ દઈને અંગુઠો કાપીને આપી દીધો. એણે બસ ગુરુને જોયા હતા, એમાં જ બધી વાત આવી ગઈ, બાકી અંગુઠો કાપીને દેવાની વાત, કે માથું ધરી દેવાની વાત, આ બધું તો એના શિષ્યત્વની અંતર્ગત, એક સહજ સજ્જતા હતી.

સિદ્ધર્ષિગણિ મહારાજ, આપણને કહેવા માંગે છે, અનંતવાર જે ભુલ કરી, એ ભુલનું નામ છે અજ્ઞાન. જે ભુલનું નામ છે બીન સમજ્યો, એ ભુલનું નામ છે નહિ સમજે, જે ભુલની સજા છે મર્યો અનંતવાર. જે ભુલની સજા છે, નહિ સમજેગો તો મરેંગે, એ ભુલની સજા છે.

अज्ञानं मरणं मतं।

એક પ્રયાસ કર્યો છે, સદ્ગુરુને અંતસ્તલથી સમજવાનો, સ્પર્શવાનો, રોમે રોમે એમના સમવસરણ માંડવાનો, સદ્ગુરુમય થઈ જવાનો. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ!

14:11
50:28

Date ____
Page ____

## વ્યાખ્યાન - ૧૦૧

01 અજ્ઞાનં નરકો ઘોર (૧)
અજ્ઞાન મેવ દારિદ્રય (૨)
મુઆ દરીદ્દાય ... (૩)

02 હે દારિદ્રયં નમસ્તુભ્યમ સિદ્ધોહં ત્વદ્ પ્રસાદત (૧)
અહમ પશ્યામિ સર્વાન્તુ નમાપશ્યતિ કશ્ચન (૨)

03 " " " " " " (૧)

both image

04 વિદ્વત્વં ચ નૃપત્વં ચ નૈવ તુલ્યં કદાચન (૧)
સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે (૨)

010 અજ્ઞાન મેવ દારિદ્રય (૧)

015 ઈહિ ક્વિગ્ય પાસેની (૧) (second last line)

016 ગુરૂ પારતંત્ર્યં નાણં (૧)

017 અજ્ઞાનં પરમો રિપુ (૧)

018 જાણણં મુલયં જાનુ ~~...~~ મય કામેઈ કિરયં કરલીજ (૧)
નાણ મુલયં જુલ મય કામેહિ કિરયં ~~...~~ (૨)

019 અજ્ઞાનં પરમો રિપુ (૧)
જાણણં મુલયં પુવા ચાઉરંત સંસાર કંતારં મય પરવઇંતી (૨)

→ [સદ્દસદ વિશેષણાઓ ભવઈ જઈરિય લંભાઓ (૩)
નાણ પણ ભાવાઓ મિથ્થ દુષ્ટિસ્સ અણ્ણાણં (૪)

020 ગુરૂ પરતંત્રં નાણં (૧)

→ 021 સદસદ વિશેષણ (૧)
સર્વ પરિત સ્વરૂપેણ પર રૂપેણ નાસ્તિ ચ (૨)

022 જે સાચાંની પાસણા તે ખોટાની પાસણા (૧)

023 જયઈચ્છ લંભાઓ (૧)

024 " " (૧)

→ (નાણપણ ભવાઓ (૧)
જ્ઞાનસ્ય ફલં વિરતિ (૩) ~~...~~
જાણીકા મળોઈ ત્યાંથી, હેસણીણ અસદ્ અ (૪)

(P.T.O)

## વ્યાખ્યાન- ૧૦૨

025 અજ્ઞાન પરમો રિપુ (૧)

" " " (૨)

026 અણ્ણાણં પરમં દુઃખં, (૧)

" " " (૨)

અજ્ઞાના ભયતે ભયં (૩)

027 સવ્વઉપમં તસ્સ ભેયં, સવ્વઉ અપયતસ્સ ... (૧)

~~અણ્ણાણા~~

અણ્ણાણા ભયતે ભયં (૧) ~~જાયતે/જાયઈ પ્રાકૃભાષિત તો પ્રાકૃતદેશો જાયતે સ્પષ્ટ નાથાય. આપણી ગુ.ભા.૧૦માં ઘણા જાયતે જ છે.~~

028 " " " " (૧)

029 " " " " (૧)

030 " " " " (૧)

યન્મયા દૃશ્યતે રૂપં તન્ન જાનાતિ સર્વથા (૨)

" " " " " " (૩)

031 તન્ન જાનાતિ સર્વથા (૧)

જાનાતિ દૃશ્યતે રૂપં તત્ (૨)

યત્ પરૈ પ્રતિપાદ્યો હં યત્ પરાન્ પ્રતિ પાદયા (૩)

ઉન્મત્ત ચેષ્ટિતં તત્ મે (૪)

યદહં નિર્વિકલ્પક (૫)

032 શ્રી ગુરુ કૃપા ... (૧)

036 ઉન્મત્ત ચેષ્ટિતં તત્ તન્મે (૧)

040 નિવ્વાયઉગ સીદંતે (૧)

043 અરિહ મલ્લોપિ ન જોઈ (૧)

047 જિનશાસન ભક્તિ ગઓ વરણીય નિયમ શીલ ... (૧)

નય નિયમ પરિવીજળો જિનશાસન બાહિર (૨)

048 કિં ભક્ખન્તિ નિઝરણા ભવ સવ્વ સંઘ (૧)

તે દેવ સાર્મિ ભક્ખ દુપ્પીઠણા ક્ષુંતિ સુપીરણા (૨)

(વ્યાખ્યાન- ૧૦૩ (Pg 50)

Date ______
Page ______

051 | ઈણટ્ઠે જ મિથ્યા ન હદંય મિથ્યા ઈન કૃતે વિધિ કર્મ (૧)
" " " " " " (૨) (Third last line)
ઈન કૃતી કર્મ વિધિ પ્રવૃત્ત (૩) (last line)
052 | ઈણટે ય નિકટંયન ભાલયતે તનનાન કૃતે વિધિ પ્રવૃત્ત (૧)
અજ્ઞાનં પરમો રિપુ (૨)
053 | સવ્વે ય લજ્જણી વંજે સમાહિયન્તિ હેયતઃ (૧)
(નિરાપન્ન સૈવં નિજસ્ય પ્રતિષ્ઠા આસુ... (૨)
વજ્જે ય લજ્જણી વંજ સગ્ગઈ (૩)
054 | સવ્વે ય લજ્જણી વંજે સમાહિયન્તિ હેયરા (૧)
056 | અજ્ઞાનં પરમો રિપુ (૧) (12th line)
057 | વોસિરે સવ્વતો કાયં નમે હેઈ પરિગ્ગહે (૧)
નમે હેઈ પરિગ્ગહો (૨)
અસ્ય નૈવ પરદ્રવ્ય નાહં પ્રતિપાદકા (૩)
ભવયક્ર પુરુષાર્થોપિ નાયુક્ર પરિસિદ્ધ્યતે (૪)
058 | વીણ કીણ ઉવાઓણ પડિય માહેજ્જ ભાયયા (૧)
જાલીણ વીરયા હોમા નોપિ તસ્સ ઈયાવહે (૨)
059 | નોપિ તસ્સ નીયાવહે (૧)
(60) | વજ્જણાણ ભયતે ભયં (૨)
061 | તુલણ લગાવી મુઠ્ઠા ક્રમ તલ્યે.. (૧)
નૈક રીમા ચિત્તે મન ધરિષ્ઠાનાં તુ કંપતે (૨)
ન ભોયં ન્યાત્મિ રીધ્યં ભેયં હેયંય -- (૩)
પત્યયે ન મુનિસ્યોયં નિયમ હયાયેન પરયત (૪)
અણાણણા ભયતે ભયં (૫)
065 | " " " (૧)
અજ્ઞાનં પરમો રિપુ (૨)
" " " (૩)

(P.T.O)

30:37

વ્યાખ્યાન- ૧૦૪ CPg 68

066 અજ્ઞાનં પરમો રિપુ (૧)

067 અભણોણા ભયતે ભયં (૧)

અજ્ઞાનં પરમો રિપુ (૨)

069 " " " (૧)

અજ્ઞાનથી મુલી સંસારી, વિવિધી સત્વ... (૨)

070 અજ્ઞાનં પરમો રિપુ (૧)

અજ્ઞાનં રોગ સંઘાત (૨)

ઔષ્ર રોગા બિભનસ્ય યથા તતે વિર્યન્તં (૩)

અજ્ઞાનં રોગ સંઘાત (૪)

076 " " " (૧)

078 અપકારીણ ઉપગત! તસ સમર્થ સર્વ કર્મ કમાણા (૧)

071 સ સમર્થ સર્વ કર્મીણ કર્મ (૧) અપયાન તો કુમી કર્મ સંક્રમસ્થ

કે વેયંતિ બંધઈ (૨)

080 " વેગઈ તે બંધઈ (૧)

081 પ્રપંચ સંચય કિલષ્ટા માયા રૂપા દેલે (૧)

પ્રસિન્ન ભગવનાગમન શુદ્ધં (૨) રૂપં પ્રકાશય

083 અજ્ઞાનં રોગ સંઘાત (૧)

084 શુદ્ધ દેશનાઈ ઉદ્ધ સત્ય મૃગ સંતરા સન સિંહનાદ (૧)

087 દુક્કરં જઈ જઈન્તનં દુક્કરમેવ પસીદ્ધ (૧)

આવશ્રી સાગરોપમ (Second last line) (૨)

088 અણ્યા વિ મહાવીરેન (૧)

092 અજ્ઞા પૂતિર કરી ભાવ્રા (૧)

26:47

(વ્યાખ્યાન- ૧૦૫ (Pg 93)

093 અજ્ઞાનં રોગ સંધાન (૧)
095 " " " (૧)
098 ગતિ પરીગ્રહ શરીર અભિમાન નાદીના (૧)
~~[illegible]~~
100 અભ્યાજરા મનુષ્યાનાં (૧)
103 અભિમાનની બીના (૧)
105 અજ્ઞાનં રોગ સંધાન (૧)
106 (મુઠ શેડે પશુત્યિતી --- (૧)
ભ્રાન્તિની સોયઈ મુલં (૧)
ફલ થાઈની સિયઈ (૩)
107 ફલત્થી સોયઈ મુલં (૧)
જરા યજ્ઞાન મુરયતે (૨)
વળી અસ્તત રવી નીતન શોધીતં સ્વાયુ કુડં (૩)
108 સ્વયંવધો ફુગુાસતે (૧)
કિમુ કાન્ત કમનીય વિગ્રહા (૨)
જરા યજ્ઞાન મુરયતે (૩)
109 ~~" " "~~ (૧) (આશે)
જરા રેપવી મુન્અંમ (૨) (13th line)
110 જરા યજ્ઞાન મુરયતે (૧)
111 " " " (૧)

(P.T.O)

17-00

## વ્યાખ્યાન - ૧૦૬ (Pg 113)

Date ______
Page ______

113 અજ્ઞાનં વિપદં સર્વં (Not clear) ૧
જ્ઞાનં વિપદ સર્વા (" ") ૨
જન્મં જરાય મચ્ચુય સ્વોપી માગાવ માણસા ૩
જણગાણં મુલં ધુવાણં સંસારસ્ય સંતાનિ ૪

114 " " " ૧
સંસારસ્ય સંતાનિ ૨

115 અજ્ઞાનં વિપદં સર્વ ૧

118 જણાણી જરં પાહિં દેહ સંસાર -- ૧
જન્મ મેણી લયાવત્તં સરીતા દુઃખ --- ૨
અણણાઈ ડાં અહં પુવં ૩

119 મિચ્છ દીટ્ઠીસ અણણાણં ૧
સમ્મ દીટ્ઠી પરિગહિઅં સમ્મ સુઅં ૨
મિચ્છ દીટ્ઠી " મિચ્છ " ૩

120 લહિય વિહેય બોહિં અપરી અણાગયં ચ પત્થો ૧

121 અનિવૃતાહિ કારેણ પ્રકૃતે સર્વથે બહિ ૧
મયુંસ્તત્વ મગોહેન જિજ્ઞાસાપિ પ્રવર્તતે ૨
યાત્રીણ પાપી અંકોતા પ્રાપ્નોમિ કુશુલાં દીયં ૩

122 જિજ્ઞાસાપિ --- ૧
અત જેવ જન પૃચ્છો પનસંયાનિ પૃચ્છીસં ૨

123 અણગીતી અણાગયં ચ પત્થીંતી ૧
વેજ્જોના હિ જોહિં ૨

124 લધ્ધી ચં તેણ મુતેગ ૧
અજ્ઞાનં વિપદા સર્વા ૨
" " " ૩
દીવી પાતી પયંધસ્સ પરિસી તારીસ્સ બંધવ ૪

125 કિં પાદ કંજણાં ચેવ ૧
જહાએ કિંપાક પહા મણોરમા રસોન પીણોન કાણુંજમાણા ૨
કે ભુત્તએ પુવીદૂ પરચયાણા ૩
કિંપાક ભજણાં ચેવ ૪
અણાણાણસ્સ નિદેસાણં ૫

## પ્રવચન- ૧૦૬ (continue)

126 અજ્ઞાન વિષય સર્વા (૧)

અજ્ઞાનં મરણં મતં (૨)

128 " " " (૧)

એષા વર્જેતિ પાસેહિ વિહંગા વન્ન -- (૧)

129 મરછા ગલેહિ શાસંતિ (૧)

" " " અગરગાડાં સુમહાપયં (૨)

131 અતત્ત્વ દર્શન નિબંધનોહિ રાગ ! (૧)

સાહે દર્શન જો નિર્વતતો એષ (૨)

અજ્ઞાનં મરણં મતં (૩)

## પ્રવચન- ૧૦૭ [Pg 133]

133 અજ્ઞાન મરણં મતં (૧)

136 સતા નવાધ્યારા સત્વમુત્તમા સુરસત્યા ... -- (૧)

પ્રકાર પરાપરા સ્થાયા (૨)

137 ત્વયિ લોક તત્ર મુગ્ધ સતત (૧)

વર્તતી માત્ર સુરલોક જન્મજન્મ (૨)

138 અજ્ઞાનં મરણં મતં (૧)

દ્વિપદી બંધ મોઆય (૧) નિર્મતિ ચમતીચ

મમેતિ બધ્યતે જંતુ નિર્મમેતિ વિમુચ્યતે (૩)

139 સર્વ સાવિધ્યનાશ સન્યાસ (૧)

" " " (૨)

દુઃખ ગુરુ ભોગી (૩)

140 " " " (૧)

" " " (૨)

" " " (૩)

141 " " " (૧)

" " " (૨)

" " " (૩)

142 તત્ત્વાનં સા શ્રુતી વેઠિત્ત સંધુના પરમાત્મને (૧)

(P.T.O)

प्रवचन- १०७ - [continue]

Date ____
Page ____

143 पुण्यपाप रहितस्य यदुपश्यानु चिंतने (१)
शरीर रूप लावण्य. वप्र छत्र ध्वज -- (२)
वप्र छत्र ध्वज चिपि (३)
144 वल्लीर्धै वितरागस्य वास्तीनो लवंनि (१)
व्यवहार स्तुति संयं वितराग आत्म वस्तिना (२)
ज्ञानदिनां गुणानां नु वर्णना निश्चयस्तुते (३)
हृदयगत्री थलोयाण सामरादि विलुनया (४)
माया विस्थलि द्वैप्यन्ते नातस नमसि (५)
नरतसमवि नो महाण (६)
145 पुरालि वरागाद्र राम स्तुतस्या रूप यारन (१)
तन्वसा सौ यैगालीर्य धैर्यादि गुण वर्णन (२)
146 अज्ञानं मरणं मनं (१)

प्रवचन- १०८ (पृ १५७)

147 अज्ञानं मरणं मनं (१)
नत्तो विशिष्ट तओ जओ (२)
अविकल्पेन नहकारो (३)
148 (रघुवंशानी अंदर [Not clear) (१)
149 सारीणो वनगुरुणो नो -- (१)
आ चिंत परिव्वहं नै ईरछसी लर्जिं (२)
प्रादेव सानन्यास काट हत मिने -- (३)
152 मुख्य उपचार धर्माणा अविभागेन वास्तता (१)
नता चित्त प्रसाहाय कवित्वं नु -- (२)
153 अन्यथा वि निवेशेन प्रत्युनापन कारण (१)
154 मने यथास्यह चिह विप्र लाभ औपस्हवो योनि, विचार (१)
सिद्धसेन स्तुतयो महार्घा (२) अशिशितालात --
मने यथास्यह चिह विप्र लाभ औपस्तवो योनि विचार (३)
155 मेऽन्या स्वतंत्र पु नथापि निस्वंद लेयाव कासो उपपाद (१)
आसीपि कं न गिर जाड़ नव्य विस्तीरणता कपयति -- (२)

## પ્રવચન ૧૦૮- [continue]

157 અજ્ઞાનં મરણં મતં - (૧)
158 ક્રિયા શૂન્યં ચ યચ્ચ જ્ઞાનં જ્ઞાન શૂન્યા ચ -- (૧)
જ્ઞાન શૂન્યં ચ યા ક્રિયા (૨) } સાધુ
અનયોરન્તરં જ્ઞેયં ભાનુ ખદ્યોત -- (૩) } કરશો.
162 સ્વપિ કિંચિન જાતિ (૧)
163 ન ભાવ શૂન્યં જગગુરુ ~~[illegible]~~ મનસ્વી (૧)
" " " " " (૨)
164 દેવો લુન્યા દેવેષુ (૧)
165 અજ્ઞાનં મરણં મતં (૧)

## પ્રવચન- ૧૦૯ (Page 166)

43:54

166 ન રસ્સ-[illegible] ભુંજિજ્જા [illegible] --- (૧)
167 [illegible] બુદ્ધિ ભેદ --- (૧)
168 " " " (૨)
169 આઉટ્ટિકુલીણ તમ [illegible] સિમ્ધરસ (૧)
175 ના ખલુ ગામતવા બાહૌતિ (૧)
અંગાર સપદી (૨)
ન જગુ વી કંપતી (૩)
176 અસદભાવે ચદુરહવા પરાની ભુન્યા વિચિકિત્સા (૧)
એ ભાવનમસ્યન્તિ મુનીન્દ્ર ચન્દ્રા નોયા મહી સાંપદ (૨)
178 નાસ્ત્યાત્મ મહાન પ્રજ્ઞા સોમાહાણ શાસ્ત્ર વિસ્તર (૧)
શિષ્યા પ્રમાણ મીત્યેવં (૨)
180 ન બુદ્ધિભેદં જનયે અજ્ઞાનં મોહ ધર્મણા (૧)
અજ્ઞાનં મરણં મતં (૨)
ગુરવો ભવંતિ (૩)
184 અજ્ઞાનં મરણં મતં (૧)
186 [illegible] શીલ્પિન મનસા ગોસમોન [illegible] (૧)
એસામપી જ્ઞેય મીતિ (૨)
187 [illegible] દશાની (૧)
કિંમપ [illegible] (૨)

(P.T.O)

Date
Page

# व्याख्यान - ११०

196 अप्पाणं मरणं मंत ①

" " मंत ②

199 जं नाणं नं करणं जं करणं तम बुद्धाई नाणं ①

200 सीसो सयाधि मणो जोगं सहावा तेम ①

201 विना गुरुसंबंधं ध्यानस्यादि भाग ①

202 उवाओ सामओ निचओग संतयाओ अणगाहा ①

205 तं निसग्गं अधिगमा ①

206 अप्पाणं मरणं मंत ②

**શ્રી વર્ધમાન પારવાર**
૧, કૃષ્ણ ભુવન, સાઈનાથ રોડ,
ટેલીફોન એક્સચેંજ ની બાજુમા,
મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪
ફે. નં. ૨૮૮૧૧૧૭૩
(M) 9825158138 — [illegible]

॥ નમો તિત્થસ્સ ॥

# દિવાળી કલ્પના મંત્રો

(૧) આસો સુદ ૧૪ ને દિવસે રાત્રે ૧૦ માળા ઉત્તર સન્મુખ મુખ રાખીને બેસવું. આચંબિલ કરવું.

મંત્ર

**ૐ નમો ભગવઓ ગોયમસામિસ્સ, સિદ્ધસ્સ બુદ્ધસ્સ,**
**અકખીણ મહાણસસ્સ ભગવન્, ભાસ્કરી શ્રિયં આનય,**
**આનય પૂરય પૂરય સ્વાહા ।**

(૨) આસો વદ ૧૪ સંધ્યા સમયે (ગોધુલી) વર્ષમાં એક વખત નીચે પ્રમાણેના મંત્રનો ૧૦૮ વખત કરવાથી સમગ્ર વર્ષ દરમ્યાન કોઈપણ વિઘ્ન નડતું નથી.

મંત્ર

**ૐ હ્રીં શ્રી ઘંટાકર્ણ મહાવીરાય નમોડસ્તુતે ઠઃ ઠઃ ઠઃ સ્વાહા**

(૩) દિવાળીને દિવસે સંધ્યા સમય પછી પૂજ્ય ગુરૂભગવંતને વંદન કરીને તેમની પાસેથી નીચેનો મંત્ર વિધિપૂર્વક લેવો.

મૂળ બીજ મંત્ર. ૐ ઐં નમઃ (ઐં અનુકૂળતા મુજબ લંબાવીને બોલવાથી અનેરો આનંદ આવશે)

**મૂળ મંત્ર ૐ હ્રીં ક્લીં બ્લીં શ્રીં હસ્ફ્લ્હ્રીં ઐં નમઃ**

આ મંત્ર આસો મહિનાની ઓળીના પ્રથમ ત્રણ દિવસમાં મૂળ નક્ષત્ર પછી શરૂ કરવો અને શ્રવણ નક્ષત્રમાં પૂર્ણ કરવો. (ત્રણ દિવસમાં ૧૨૫ માળા ગણવી) એમ કિંવદંતિ છે કે સરસ્વતી માતા આ ત્રણ દિવસોમાં અમૃતનું કુંભ લઈને એક વ્યક્તિ ઉપર અમૃતનો છંટકાવ કરે છે.

(૪) દિવાળીને દિવસે ઉપવાસ કરીને ચંદનની થાળીમાં મંત્ર લખી તેના ઉપર ૧૦૦૦ અખંડ અક્ષતથી જાપ કરવો. એટલે કે અક્ષત હાથમાં લઈને મંત્ર ગણીને થાળીમાં મંત્ર ઉપર આ અક્ષત મુકતા જવું. બેસતા વર્ષે તે જ ચોખાની એક વર્ણી (આખા શરીર એક કલર હોય તેવી ગાય) ગાયના દૂધમાં ખીર બનાવી ખાવી. સંપૂર્ણ વર્ષ સુધી મહાલાભને કરનારૂ બને છે.

મંત્ર
**ૐ નમો ભગવઓ ગોયમસ્સ, સિદ્ધસ્સ બુદ્ધસ્સ, અકખીણ મહાણસસ્સ હ્રીં અવતર અવતર અકખીણ મહાણસ્સી સ્વાહા ।** (૧૦૦૦ વાર મંત્ર ગણવો)

પ્રણામ સહ મંગલ કામના!